શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી અંતગડ સૂત્ર

ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ

પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

वेराइं कुव्वइ वेरी तओ वेरेहि रज्जई
पावोवगा य आरंभा दुक्खफासा य अन्तसो ॥
सूयगडांग-श्रु.१ अ.८ गा.७

વૈરી વેર કરે છે અને પાછો બીજાઓ સાથે વેરનો ભાગી થાય છે એ રીતે વેરથી વેર આગળ વધતું જાય છે - પાપ ઉત્પન્ન કરનાર આરંભ અંતમાં દુઃખકારક થાય છે -

संबुज्झह किं न बुज्झह संबोही खलु पेच्च दुल्लहा
नो हूवणमन्ति राइओ नो सुलभं पुणरावि जीवियं ॥
सूय-श्रु.१ अ.२ गा.१

સમજો ! (પ્રતિબોધ પામો -!) તમે કેમ સમજતા નથી ? મનુષ્યભવ વીતી ગયા પછી સંબોધિ (સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થવું) નિશ્ચય દુર્લભ છે. વીતી ગયેલી રાત (રાત્રી-દિન) ફરીને આવતી નથી અને મનુષ્યજીવન પણ વારંવાર સુલભ થતું નથી -



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

ગણધર રચિત આઠમું અંગ

# શ્રી અંતગડ સૂત્ર

(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)

**: પાવન નિશ્રા :**

ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**

વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**

ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**

મંગલમૂર્તિ પૂજ્યવરા

પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**

પૂ. શ્રી ભારતીબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**

અપૂર્વ શ્રુત આરાધક

પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**

ઉત્સાહધરા

પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**

ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.

તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :

શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

**ગુરુ પ્રાણ પ્રકાશન**

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

# અર્પણ

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

## સમર્પણ

ઓ ગુરુ પ્રાણ ! અમ જીવન કેડીના
ઉજાગર ભાણ,
તુજ મન–વાણી–કર્મે વહેતી'તી
અમૃતની લહાણ,
તુજ 'ચરણે' 'કરણે' હતી સદા
પ્રભુની આણ,
અનેક ઘડ–અણઘડ પાત્રના બન્યા'તા
સાચા ત્રાણ,
અનંતની અંતરયાત્રાના ગાયા'તા
નિશદિન ગાણ,
એવા ગુરુમહના ભાવામ્બુજે,
શ્રદ્ધાથી નમે મમ પ્રાણ,
સમર્પિત કરું છું અંતગડ સૂત્ર,
શિરે ધરી જિન આણ,
સ્વીકારજો સ્નેહે, કૃતાર્થ કરો
કૃપાળુ ગુરુવર પ્રાણ.

- પૂ. મુક્ત - લીલમ સુશિષ્યા
સાધ્વી ભારતી

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

## ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

અર્હં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વર્ધયતિ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહાકાર્યં પૂજ્ય -
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કોઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ્-
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે -
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પયતિ -

આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

પ્રધાન સંપાદિકા ભાવયોગિની
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
સહસંપાદિકા
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

સાંનિધ્ય
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પન્નાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી હીરાગૌરીબેન હરિલાલ વાલજી દોશી
## ધર્મવત્સલા પૂર્ણિમાબેન નરેન્દ્રભાઈ દોશી

વૃક્ષ પોતાની મીઠાશ ફળને અર્પિત કરે છે અને ફળ – બીજ તે જ મીઠાશને નૂતન વૃક્ષમાં આરોપિત કરે છે, તેમ દાદા શ્રી વાલજી દેવજીભાઈના સુસંસ્કારો સુપુત્ર હરિલાલભાઈમાં ઉતરી આવ્યા અને તે જ સંસ્કાર વારસો તેઓએ સુપુત્ર નરેન્દ્રભાઈને અર્પિત કર્યો.

નાની વયમાં પણ ગંભીરતા, પીઢતા અને દુ:ખને હસતાં – હસતાં સ્વીકારી લેવાની કળા નરેન્દ્રભાઈએ હસ્તગત કરી છે.

૩૩ વર્ષની યુવાવય અને સહધર્મચારિણી પૂર્ણિમાબેનનું શરીર રોગથી આકાંત બન્યું. પૂ. ગુરુદેવ **શ્રી નમ્રમુનિ મ. સા.** ના સાંનિધ્યે અને સદુપદેશે દર્દનો સ્વીકાર કરી અને હસતાં મુખે દર્દને સહન કરી સાચા અર્થમાં મૃત્યુને પરાજિત બનાવી, ૫ વર્ષની મેધાવી અને ૩ વર્ષની દેશનાને પિતાની ગોદમાં છોડી પૂર્ણિમાબેને આ દેહના બંધન છોડી દીધા.

દુ:ખ અને શોકથી ઘેરાયેલા નરેન્દ્રભાઈને પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ. સા. ના વચનો શીતળતા અર્પવા લાગ્યા. દુ:ખીયાના ભેરુ ગુરુ બન્યા. ગુરુ પ્રત્યેનો ડીવાઈન લવ, જીવન જીવવાનું પ્રેરકબળ બની ગયું. પૂ. પિયુષમુનિ મ. સા. ની દીક્ષામાં ઉત્સાહપૂર્વક તન, મન, ધનથી સાથ આપી આગામી વર્ષમાં તેવા ફળ મળે તેવી શક્તિ મેળવી લીધી. પૂ. ગુરુદેવ પ્રેરિત શ્રી ઉવસગ્ગહરં સાધના ભવન–ધર્મસ્થાનક રાજકોટના બાંધકામથી લઈને આજ સુધી સેવા આપી રહ્યા છે. પૂ. ગુરુદેવ જ શ્વાસ, પૂ. ગુરુદેવ જ પ્રાણ છે તેવા નરેન્દ્રભાઈ અને સૌ. મીનાબેને (પૂર્ણિમાબેન) પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ના ૩૯ મા જન્મદિને ગુરુ ઋણને સ્મૃતિ પટ પર લાવી આગમના શ્રુતાધાર તરીકે લાભ લઈ તેઓએ અપૂર્વ શ્રુત ભક્તિના દર્શન કરાવ્યા છે. આપની ગુરુભક્તિ – શ્રુતભક્તિને અનેકશ: ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા. નું જીવન દર્શન | 11 | અનીયસ પાણિગ્રહણ, સંયમ, સિદ્ધિ | ૨૮ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.નું જીવન દર્શન | 13 | **વર્ગ ૩, અધ્ય. - ૭** | |
| પૂ. શ્રી રતિલાલજી મ. સા. નું જીવન દર્શન | 15 | સારણકુમાર | ૩૧ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 17 | **વર્ગ ૩, અધ્ય. - ૮** | |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 19 | ગજસુકુમાલ અધ્યયન પ્રારંભ | ૩૨ |
| અભિગમ | 21 | છ મુનિઓનું ભિક્ષાર્થે દેવકીને ત્યાં ગમન | ૩૬ |
| સંપાદકીય | 23 | માતા દેવકીના શંકા-સમાધાન | ૩૮ |
| સંપાદન અનુભવો | 28 | દેવકી માતાની પુત્રાભિલાષા | ૪૩ |
| અનુવાદિકાની કલમે | 30 | શ્રી કૃષ્ણની માતૃભક્તિ, | ૪૫ |
| ૩૨ અસ્વાધ્યાય | 46 | દેવ આરાધના | ૪૬ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | ગજસુકુમાલનો જન્મ | ૪૯ |
| પ્રારંભિક | ૧ | ગજસુકુમાલની પત્ની રૂપે | |
| જંબૂસ્વમીની વિનય પ્રતિપત્તિ | ૩ | સોમાનો અંતઃપુરમાં પ્રવેશ | ૫૧ |
| પ્રભુ મહાવીરની સ્તુતિ | ૪ | અરિષ્ઠનેમિના દર્શન, ગજસુકુમાલ વૈરાગ્ય | ૫૨ |
| **વર્ગ ૧, અધ્ય. - ૧** | | માતા દેવકીના પ્રત્યાઘાત | ૫૫ |
| ગૌતમકુમાર | ૬ | ગજસુકુમાલનો દીક્ષા મહોત્સવ | ૬૫ |
| શ્રીકૃષ્ણની રાજસંપદા | ૮ | બારમી ભિક્ષુ પ્રતિમા | ૭૬ |
| ગૌતમ પાણિગ્રહણ, અભિનિષ્ક્રમણ | ૧૦ | મારણાંતિક ઉપસર્ગ | ૭૭ |
| ગૌતમ અણગાર | ૧૨ | ગજસુકુમાલની સિદ્ધિ | ૭૯ |
| ગૌતમનું સિદ્ધિગમન | ૧૪ | સોમિલનું મૃત્યુ | ૮૪ |
| **વર્ગ ૧, અધ્ય. - ૨ થી ૧૦** | | **વર્ગ ૩, અધ્ય. - ૯** | |
| સમુદ્રાદિ નવ કુમારો | ૧૮ | સુમુખકુમાર | ૯૨ |
| **વર્ગ ૨, અધ્ય. - ૧ થી ૮** | | **વર્ગ ૩, અધ્ય. - ૧૦ થી ૧૩** | |
| અક્ષોભાદિ આઠ કુમારો | ૧૯ | દુર્મુખાદિ ચાર કુમારો | ૯૩ |
| **વર્ગ ૩, અધ્ય. - ૧ થી ૬** | | **વર્ગ ૪, અધ્ય. - ૧ થી ૧૦** | |
| નાગગાથાપતિના અનીયસાદિ પુત્રો | ૨૨ | જાલિ આદિ દસ કુમારો | ૯૪ |
| પુરુષોની ૭૨ કળા | ૨૩ | **વર્ગ ૫, અધ્ય. - ૧** | |

| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| શ્રી કૃષ્ણની પટ્ટરાણી પદ્માવતી | ૯૬ |
| દ્વારિકા વિનાશના ત્રણ કારણો | ૯૭ |
| ભાવીના ભગવાન શ્રી કૃષ્ણ | ૧૦૧ |
| શ્રી કૃષ્ણની ધર્મ દલાલી | ૧૦૩ |
| પદ્માવતીને વૈરાગ્ય, દીક્ષા, નિર્વાણ | ૧૦૪ |
| **વર્ગ ૫, અધ્ય. - ૨ થી ૮** | |
| કૃષ્ણની ગૌરી આદિ સાત મહારાણીઓ | ૧૦૮ |
| **વર્ગ ૫, અધ્ય. - ૯,૧૦** | |
| શ્રી કૃષ્ણની મૂલ શ્રી મૂલદત્તા પુત્રવધુ | ૧૦૯ |
| **વર્ગ ૬, અધ્ય. - ૧,૨** | |
| મકાઈ–કિંકમ ગાથાપતિ | ૧૧૩ |
| **વર્ગ ૬, અધ્ય. - ૩** | |
| અર્જુન માલાકાર | ૧૧૬ |
| લલિતા ટોળીનો અત્યાચાર | ૧૧૯ |
| અર્જુનમાળી ના શરીરમાં યક્ષનો પ્રવેશ | ૧૨૦ |
| સુદર્શન ચાલ્યા સુદર્શન કરવા | ૧૨૬ |
| સુદર્શનની આધ્યાત્મિક તાકાતનો વિજય | ૧૨૮ |
| અર્જુનમાળી થયા અર્જુન અણગાર | ૧૩૧ |
| અર્જુનમાળીની સિદ્ધિ | ૧૩૨ |
| **વર્ગ ૬, અધ્ય. - ૪ થી ૧૪** | |
| કાશ્યપાદિ આઠ ગાથાપતિઓ | ૧૩૮ |
| **વર્ગ ૬, અધ્ય. - ૧૫** | |
| અતિમુક્તકુમાર | ૧૪૧ |
| અતિમુક્ત અને ગૌતમ સ્વામી વચ્ચે વાર્તાલાપ | ૧૪૨ |
| અતિમુક્તને વૈરાગ્ય, દીક્ષા, સિદ્ધિ | ૧૪૪ |
| **વર્ગ ૬, અધ્ય. - ૧૬** | |
| અલક્ષરાજા | ૧૫૨ |
| **વર્ગ ૭, અધ્ય. - ૧ થી ૧૩** | |
| શ્રેણિક રાજાની નંદાદિક તેર રાણીઓ | ૧૫૩ |

| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| **વર્ગ ૮, અધ્ય. - ૧ થી ૧૦ક્રમશઃ** | |
| કાલી રાણી | ૧૫૬ |
| સુકાલી રાણી | ૧૬૬ |
| મહાકાલી રાણી | ૧૬૮ |
| કૃષ્ણા રાણી | ૧૭૧ |
| સુકૃષ્ણા રાણી | ૧૭૨ |
| મહાકૃષ્ણા રાણી | ૧૭૭ |
| વીરકૃષ્ણા રાણી | ૧૮૦ |
| રામકૃષ્ણા રાણી | ૧૮૪ |
| પિતૃસેન કૃષ્ણા રાણી | ૧૮૭ |
| મહાસેન કૃષ્ણા રાણી | ૧૯૦ |
| નિક્ષેપ–પરિશેષ | ૧૯૩ |
| **પરિશિષ્ટ** | |
| ૧. સંપૂર્ણ અંતગડસૂત્રનું કોષ્ટક | ૧૯૮ |
| ૨.આઠમા વર્ગનો વિશેષ ચાર્ટ | ૨૦૨ |
| ૩. આઠ દ્વાર | ૨૦૩ |
| ૪. આગમમાં વર્ણિત વિશેષનામ | ૨૦૫ |
| ૫. વિશિષ્ટ વ્યક્તિ/ભૌગોલિક પરિચય | ૨૧૦ |
| ૬. વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૨૨૩ |
| **યંત્ર સૂચી** | |
| ગુણસંવત્સર તપ | ૧૬ |
| રત્નાવલી તપ | ૧૬૫ |
| કનકાવલી તપ | ૧૬૭ |
| લઘુસિંહનિષ્ક્રીડિત તપ | ૧૭૦ |
| મહાસિંહનિષ્ક્રીડિત તપ | ૧૭૧ |
| ભિક્ષુપ્રતિમાઆ | ૧૭૫ |
| લઘુસર્વતોભદ્ર તપ | ૧૭૯ |
| મહાસર્વતોભદ્ર તપ | ૧૮૩ |
| ભદ્રોતરપ્રતિભા | ૧૮૬ |
| મુક્તાવલી તપ | ૧૮૯ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ<br>પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર.<br>તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

## તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું

# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

જૈનાગમોની ભાષાની સરળતા તે જ તેનું સાચું આભૂષણ છે. દ્રવ્યાનુયોગ આદિ ચાર વિભાગોમાં જૈનાગમો વિભાજિત થયેલા છે જૈન તત્ત્વજ્ઞોમાં તે વાત સુપ્રસિદ્ધ છે. ચાર અનુયોગમાં કથાનુયોગ જૈન આગમનો સ્વતઃ ઈતિહાસ બની ગયો છે. આ કથાનુયોગથી તે સમયની સામાજિક વ્યવસ્થા, રાજાઓનો વૈભવ, સામાન્ય જનજીવન અને ભૌગોલિક પરિસ્થિતિ, વનાચલની સંપત્તિ, બાગ બગીચા તેમજ ગોપાલનનું વિસ્તૃત વર્ણન મળે છે. જૈનાગમની સુપ્રસિદ્ધ જેટલી કથાઓ છે તે સર્વ વૈભવોથી ભરેલી છે પરંતુ તે સર્વ કથાઓની પરિપાટી એક જ દેખાય છે. પછી તે કોઈ રાજકુમાર હોય કે કોઈ શ્રેષ્ઠીપુત્ર હોય કે રાજદરબારની મહિલાઓ હોય, તેઓ ભોગમાં લિપ્ત હતા પરંતુ ત્યાગી શ્રમણ કે શ્રમણીઓના પરિચયમાં આવતા જ તેઓને તરત જ વૈરાગ્યનો રંગ લાગી જતો અને તેઓ વૈભવો, ભોગોના પ્રયોગને છોડીને ત્યાગી બની જતા હતા.

જૈનાગમમાં કોઈ ત્યાગી એવા સ્થાનની સ્પર્શના કરી લેતા કે જ્યાં તેઓ અધ્યાત્મ શ્રેણી ઉપર આરૂઢ થઈ આત્મોન્નતિની ચરમ સીમાને પાર કરી જતા. તેને જૈનાગમમાં અરિહંત કહે છે. આ અરિહંતોમાં કોઈ એક અરિહંત એવા થયા છે કે જે અરિહંત પદ પર આરૂઢ થતા જ દેહ ત્યાગ કરી મુક્ત થઈ જતા હતા. જૈનાગમમાં આવા મુક્તાત્માને અંતકૃત કેવળી કહે છે. અંતકૃત માટે માગધી ભાષામાં અંતગડ શબ્દ મળે છે અર્થાત્ અંત સમયે જેઓએ જીવનની સાધના પૂર્ણ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યુ અને તે જ સમયે મોક્ષ પ્રાપ્ત કર્યો છે.

ગણધરોએ, જૈન સાહિત્યકારોએ અંતગડ આત્માઓનું એક સ્વતંત્ર શાસ્ત્ર ગુંથન કર્યુ છે. તેનુ અંતગડ સૂત્ર એવું નામ છે. આ પવિત્ર શાસ્ત્રની ગણના જૈનાગમના અગ્રશાસ્ત્રોની કડીમાં આઠમા નંબરના સ્થાને રાખેલ છે. સાધુ સંતોએ આ શાસ્ત્રને ઘણું મહત્વનું સ્થાન આપી મહાનપર્વ પર્યુષણમાં તેની વાચના કરવાની પરિપાટી કરી છે.

અંતગડ શાસ્ત્રમાં જે મહાત્માઓનું, જે સ્ત્રીઓનું નામાંકન થયું છે તેના ત્યાગ, તપનો તો ઘણો મહિમા છે. કોઈ દ્વારકા નગરીના રાજાની રાણીઓ હતી, તો કોઈ મગધદેશની મહારાણી હતી. જેઓએ આવું ઉગ્ર તપ કર્યુ છે અને સાધુ જીવનનો સ્વીકાર કરીને મોક્ષગામી બની ગયા છે. તેઓનું વર્ણન વાંચતાની સાથે રોમાંચ થઈ જાય છે. આવા કઠિનતમ તપનું મહત્વ શું છે ? જૈનશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનું અંતરંગ જોતા ખ્યાલ આવે છે કે જે કોઈ ઊપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે તેના મૂળમાં તપશ્ચર્યા જ કારણ છે, કોઈ લોકો તપશ્ચર્યાનું મહત્ત્વ માનતા નથી. તેઓને ખબર નથી કે તેમને જે આ બુદ્ધિ કે જ્ઞાન પ્રાપ્ત થયેલ છે તે કોઈ જન્મની તપશ્ચર્યાથી જ પ્રાપ્ત થયું છે.

કોઈ કહે છે કે, ભગવાન બુદ્ધે ઘોર તપશ્ચર્યા કર્યા પછી તપશ્ચર્યાનો નિષેધ કર્યો અને તેઓએ 'બોધિજ્ઞાન'પ્રાપ્ત કર્યુ પરંતુ ભગવાન બુદ્ધે એ ભૂલવું ન જોઈએ કે તપશ્ચર્યા પછી જ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. ખેતરના સારા પાકનું કારણ ખેડૂતની ઉત્તમ ખેતી જ કારણ છે. તપશ્ચર્યા એ જીવનનું કૃષિકાર્ય છે. ત્યાર પછી જ જ્ઞાનની, મુક્તિની ફસલ ઉત્પન્ન થાય છે. અંતગડના વિષયમાં અમારે ઘણું કહેવાનું છે પરંતુ અહીં અમો આટલું જ સંક્ષેપમાં લખીને સંતોષ માનીએ છીએ. લેખ પૂર્ણ કરતાં પહેલાં એટલું જ કહેવા ઈચ્છીએ છીએ કે આપ સર્વ અંતગઢ અવશ્ય વાંચો. અંતગડમાં ભગવાન શ્રીકૃષ્ણ, તેઓની દ્વારિકા નગરી તેમજ યદુવંશ અને યદુવંશમાં જન્મેલા શ્રેષ્ઠ પુરુષોનું અત્યંત રસમય વર્ણન છે. જે વાંચવાથી ભગવાન કૃષ્ણનું જૈનધર્મ પ્રત્યેનું અનુપમ આકર્ષણ જોવા મળે છે. જગતમાં પરમાત્મા અને પરમ પુરુષનું જે સ્થાન છે તે સ્થાન રામ અને કૃષ્ણને જૈનાગમમાં પ્રાપ્ત થયું છે.

**જયંત મુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

પ્રિય પાઠક ! દેવાણુપ્રિય !

તારા કર કમળમાં આ અંતગડસૂત્ર મૂકતા અત્યંત આહ્લાદ અનુભવું છું. આ છે આઠમું અંગ જિનેશ્વર પ્રણીત, ગણધર રચિત. આઠ કર્મક્ષય કરવા શરીરના આઠે ય અંગમાં જિનાજ્ઞા ધારણ કરી આનંદ રસની આંગી રચી, રોમરોમમાં રત્નત્રયને રમાડી, શાંતરસમય બનાવી ત્રણ યોગના એકત્વનું અનુસંધાન કરી, ઉત્કૃષ્ટ વીતરાગ ભાવનું રસાયણ બનાવી, સ્વરૂપમાં સમાઈ જવાની સત્ક્રિયા કરાવનારું જે છે તે અંતગડ સૂત્ર.

અંતગડ સૂત્ર એટલે અંતઃકરણની યાત્રા. આધ્યાત્મિક જીવન જોવાનું ચિત્રમય જીવન–કવન ધર્મકથાનુયોગના રૂપમાં આવે પરંતુ સ્વરૂપની પોતાની જ વાત કહી જતું હોય તેવું દર્પણ છે.

પૂરા અંતગડ સૂત્રમાં બે શાસનપતિ સૂર્ય જેવા પ્રકાશે છે. તેના પ્રકાશથી નેવું આત્મા તરી જાય છે. એ બે સહસ્રરશ્મિ ભાનુ છે, પ્રભુ નેમનાથ અને ભગવાન મહાવીર.

એક બાજુ કર્મક્ષેત્રે પદવીધર બળદેવ અને વાસુદેવ પ્રકાશે છે જ્યારે બીજી બાજુ સમ્રાટ શ્રેણિક અને અભયકુમાર ચમકે છે. બંનેએ અહિંસા ધર્મનો ઝંડો ફરકાવી તીર્થંકર નામ ગોત્ર ઉપાર્જન કર્યું છે. નેમનાથ પ્રભુ જ્યારે જ્યારે દ્વારકામાં પધાર્યા ત્યારે ત્યારે કૃષ્ણ વાસુદેવે અદ્ભુત કાર્યનું સર્જન કર્યું. ધાર્મિક ક્ષેત્રે કૃષ્ણે જોરદાર દલાલી કરી હતી. કૃષ્ણ વાસુદેવના ગુણોનું વર્ણન અંતગડસૂત્રમાં સુવર્ણ રેખાથી અંકિત થયું છે. જ્યાં જે જે યોગ્ય હોય ત્યાં તે તે આચરણ કરી કાર્યનિષ્ઠ રહી સેવા બજાવી. તેમની વ્યવહારકુશળતાની દક્ષતા દાદ માંગી જાય છે. તેમજ શ્રીકૃષ્ણે માતૃભક્તિ, સાધર્મિક ભક્તિ હૃદયના ભાવ ભરી ભરીને કરી હતી. તેમજ શ્રેણિક મહારાજ પ્રભુ મહાવીર પ્રત્યેની અવિહડ ભક્તિથી કેદનાં દુઃખો સહી શક્યા હતા.

આ અંતગડનું નામ કેટલું સોહામણું સુંદર તથા શાશ્વત, ધ્રુવ અને નિત્ય છે. આ નામમાં જ નિજ સ્વરૂપ પ્રાપ્ત કરવાની માસ્ટર કી–મુખ્ય ચાવી છે. પેલી ચાવી છે અંત અને બીજી ચાવી ગડ અર્થાત્ કૃત = કરેલુ. જે તમારું નથી, ઊછીનું લાવી આત્માંગણમાં ભર્યું છે તેનો અંત કરો, સાફ કરો. અંત કરશો તો અનંત પ્રગટ થશે અને જે પ્રગટ થશે તે જ તમે છો.

ચાલો જોઈએ શું શું ભર્યું છે આપણા ઘરમાં. દ્રવ્યરૂપી પુદ્‌ગલ પરમાણુ કર્મના રૂપમાં, ક્ષેત્રથી આખાલોકના એક એક આકાશ પ્રદેશમાં અધ્યવસાય દ્વારા વાસનાથી વાસિત કરી છે. કાળથી સમયે સમયે સાત–આઠ શુભાશુભ કર્મ ગ્રહણ કરી, ભાવથી કષાય, લેશ્યા વડે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દ, સંસ્થાનના રૂપમાં ગ્રહણ કરી આત્મવીર્યને વેર્યું છે. આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ગ્રહણ કરેલા તે બધા પુદ્‌ગલ પરમાણુના અનંત અનંત કર્મસ્કંધો આત્માના અસંખ્યાત પ્રદેશો ઉપર આવરણ કરીને ગોઠવાઈ ગયા છે. તેઓના ફળસ્વરૂપ ભોગવવાનો અવસર આવે ત્યારે તેને જ્ઞાન ઉપયોગ દ્વારા જાણે અને દર્શન ઉપયોગ દ્વારા જોયા કરે. કોઈ પ્રતિકાર કર્યા વિના જ સહન કરતો જ રહે તો પ્રકૃતિ સ્થિતિ આદિથી બંધાયેલા અંતસ્વભાવી કર્મ સ્કંધો આત્મપ્રદેશોને છોડી પાછા પુદ્‌ગલ રૂપે બની જાય છે અર્થાત્ આત્માનો પીછો છોડી દે છે. ત્યારે અંતક્રિયામાંથી જ અનંત પ્રગટ થાય છે. જેમ કે દ્રવ્યાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્મા, ઉપયોગાત્મામય બને છે અને કષાય અને યોગમાંથી આત્મા અલગ થઈ જાય છે.

અજ્ઞાનરૂપ અંધકવિષ્ણુ પિતાના મોહરૂપ કામભોગથી મિથ્યાત્વરૂપ ધારિણી દેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલ અઢાર પાપસ્થાનરૂપ પુત્રો, આઠ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંછા, દુર્ભાવના વાસનારૂપ પત્ની સાથે સુરતા ખેલતા હતા. આમ એક એક કરતા નેવું આત્માઓ પ્રભુ નેમના તથા પ્રભુ મહાવીરના દર્શન તથા વાણી શ્રવણ થતાં જ, નિજનું ભાન પ્રાપ્ત કરતાં જ તીક્ષ્ણ સંબંધના બંધન તોડી સંયમની ઢાલ, તપની તલવાર પકડી ચાલી નીકળ્યા. છેલ્લા શ્વાસોશ્વાસ સુધી કર્મ સંગ્રામ ખેલી, કર્મ શત્રુનો અંત કરી અનંતને પામી ગયા, ગૌતમમાંથી પુરુષોતમ, રૌદ્રમાંથી જ્ઞાનસમુદ્ર, તૃષ્ણાની ગાગરમાંથી જ્ઞાનસાગર, ભીરુમાંથી જ્ઞાનગંભીર, વિષયોની વિસ્મિતમાંથી સ્તિમિત, ચલાયમાન ભોગોમાંથી અચલ, ક્ષણભંગુર ક્ષોભમાંથી અક્ષોભ, પ્રસન્નતાના પ્રસેનજિત, સહિષ્ણુતાના વિષ્ણુ, અનંતજ્ઞાન દર્શન ધારક, પૂર્ણ વીતરાગ, આત્માના સન્મુખ ચંદ્ર

જેવા શીતળ થઈ ગયા.

અનીયસમાંથી શ્રેયસ થયા. અંતમાંથી નીકળી અનંતસેન થયા, પરાભવ પામતા હતા તેમાંથી અનિહત થયા, અવિદ્યામાંથી નીકળી વિદ્વતકુમાર થયા, અપયશમાંથી નીકળી દેવયશ થયા, શત્રુતાના સ્કંદ વેઠી ઈશ્વર થવા સેન બાદશાહ બની ગયા. કર્મના કારણનો અંત કરી સંસારના સારણ બન્યા, પોતાના તારણ બન્યા. જેમ ગજ રણસંગ્રામે ચઢી માલિકને વિજય પ્રાપ્ત કરાવે તેમ સમતાગજની અંબાડી ઉપર આરૂઢ થઈ, સુકુમાલ બની ગજબની ક્ષમાધારણા કરી સોમિલ સૂરાની સગડીના અંગારાનો આંગિરસ ઘોળી, શાંતરસમાં ઝૂલી અનંતને પામવા સુમુખ બની, દુર્મુખતાને હઠાવી, જ્ઞાનરૂપમાં ડૂબી રાગદ્વેષના દારુકને દબાવી, સંસારની ક્રિયાના અનાદષ્ટિ બન્યા.

કર્મની જાળી તોડી, આત્મમયાલિ ઉવયાલિ બની પુરુષાર્થ પુરિસસેણે જગાવી, કષાયવારિનો નાશ કરી આત્માને પ્રદ્યુમન પ્રકાશિત કરી સમતા સંબલ સાથે રાખી પૂર્વ સંયોગના ભાવોને નિરૂદ્ધ કરતા સત્ય અને દ્રઢતાની નેમિ ઝાલી સ્થિર થયા. પદ્માવતી રૂપ, ગોરી–ગંધારીરૂપ ત્રણ ગુપ્તિમાં લીન બની, મોક્ષના લક્ષે મન રોકી, કર્મોની સુસીમા બાંધી, જ્ઞાન રસના જામ પીતા, સત્યની ભાવના ભરી શિવરૂપ રુક્મણિનો લાલ બનવા મૂળભૂત કેવળશ્રીને વરવા અસંખ્યાત આત્મપ્રદેશ મૂળ દત્તાની ધરામાં સમાઈ જઈને ક્ષપકશ્રેણીએ ચઢ્યાં.

મમતાની મકાઈ મારી, કિંકર્તવ્ય મૂઢતાનો નાશ કરી, અપૂર્વ ઉલ્લાસ સાથે ક્રોધ, માન, કામ, લોભ, રાગ, દ્વેષ રૂપ છ પુરુષોની લલિત ટોળકીનો નાશ કરી, માયારૂપ સ્ત્રીનો વિનાશ કરતા મોહરૂપ યક્ષનો પરાજય કરવા, અર્જુન(શુદ્ધ થવા) આત્માએ સુદર્શનરૂપ ચક્ર ફેરવી મહાવીરના શ્રી ચરણોમાં જઈ સંયમ ક્ષમાનું કવચ ધારણ કર્યું અને આત્માના કાશ્યપ, ક્ષેમક, ધૃતિધર, કૈલાશ, હરિચંદ, વારત્તક બની આત્માનું સુદર્શન કરતા, પૂર્ણભદ્ર પરિણામી, સુમન બની, આત્મામાં પ્રતિષ્ઠિત થઈ જ્ઞાનમેઘની ધારાએ ચારિત્રમાં સ્થિત થતાં તેર કાઠિયાનો નાશ કરી સંયોગ વિયોગનું વિસર્જન કરી અતિમુક્ત બનવા માટે જગતથી અલક્ષ થયા.

મોક્ષ લક્ષ કરી નંદાદિક તેર સત્ક્રિયામાં મગ્ન બની, સર્વ કર્મક્ષય કાલિકાદિરૂપ કૃષ્ણાએ તૃષ્ણાનો વિનાશ કરી શુક્લપક્ષની આત્મિક જ્યોત્સના જગાડવા કનકાવલિ

આદિ તપાગ્નિથી ત્રિવિધતાપને તપાવી બાળી નાંખ્યા. ક્ષીણ મોહ ગુણસ્થાનમાં પ્રવેશ કરી પરમ મુક્ત બનતાં છેલ્લા શ્વાસોશ્વાસમાં સંપૂર્ણ દેહરૂપ નાવને સંસાર સાગરથી તારી, આઠકર્મોનો અંત કરી, જયધ્વજ લહેરાવી અનંત સાદિ ભાંગે સિદ્ધદશાને પ્રાપ્ત કરી અનંતગુણના ધારક આત્માને શુદ્ધ, બુદ્ધ, શાંત નિર્વાણપદ પ્રાપ્ત કરવા બુદ્ધ પુત્ર બની ગયા અને જન્મમરણનો અંત કરી ગયા, અનંતમાં મળી ગયા. આવું પ્રયોગસિદ્ધ આ શાસ્ત્ર છે.

તો હાટકના તાળા ખોલવાની ચારિત્રરૂપ ચાવી લઈને તમારી પાસે હાજર થાય છે. લ્યો, ત્યારે ચાવી ! ખોલો તમારા તાળા, ખજાનો મજાનો છે, તેને વાપરી મસ્તી માણો, સુસ્તી ટાળો, માનવ શરીરની કિંમત સસ્તી ન કરો. અમૂલ્ય માનવભવથી આત્મભાવમાં વસી જાઓ એવું કહેતું આ સિદ્ધાંત આવી રહ્યું છે. આ સૂત્રના અનુવાદિકા છે મારા સુશિષ્યા સુસ્વરકંઠી સાધ્વી ભારતીશ્રી. તેઓના સહયોગી શિષ્યા છે સુધાશ્રી. ભારતી સુધા ! અખિલ ભારતમાં જ્ઞાનસુધા વરસાવો અને તમે જ્ઞાનસુધાથી આત્મપ્રદેશો ભીંજવી જાઓ અને કર્મનો અંત કરી કૃતકૃતાર્થ બની જાઓ તેવી શુભેચ્છા.

આ ભગીરથ કાર્ય પરમકૃપાળુ ગુરુ પ્રાણ પ્રસાદે તપસ્વીરાજના અનુગ્રહે તેમજ વર્તમાન ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક પ. પૂ. જયંતીલાલજી મહારાજ સાહેબની શુભ નેશ્રાએ, માર્ગદર્શક પરમકૃપાળુ ગુરુદેવ શ્રી વાણીભૂષણ ગિરીશમુનિ મ. સા.ના સહયોગે તથા પરમ ઉપકારે જ્ઞાન પ્રભાવના કરવા સાથે પધારેલા નિષ્કારણ કરુણાશીલ, આગમનું અવલોકન કરવામાં નિષ્કામ યોગી આગમ મનીષી પ. પૂ. ત્રિલોકમુનિશ્રી જેઓ આગમનું આભરણ બનાવવા રાતદિન મનન ચિંતન તીવ્રબુદ્ધિ દ્વારા ભરચક પ્રયત્ન કરી રહ્યા છે. તેઓશ્રીનો પુરુષાર્થ ખૂબ ખૂબ વંદનીય અભિનંદનીય છે. તેઓશ્રીના ચરણોમાં મારી કોટી કોટી વંદના તેમજ મારી સહકારી સાધ્વી વૃંદોને સાધુવાદ. તેમજ આ આગમનું અવગાહન કરાવવામાં શ્રી ચંદુલાલભાઈ શાહનો અથાગ સહયોગ છે તેમજ પ્રકાશન સમિતિના આગમ પ્રકાશન કરવાના ભેખધારી ઉત્સાહી નરબંકા યુવાન વિજયાબેન માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, રોયલપાર્ક, સ્થા. જૈન મોટાસંઘના પ્રમુખ ચંદ્રકાંતભાઈ વગેરે કાર્યકરોને અનેકશઃ ધન્યવાદ. પ્રકાશક, મુદ્રક નેહલભાઈ વગેરે પ્રુફ સુધારનાર પ્રોફેસર શ્રમણોપાસક ધર્મનિષ્ઠ શ્રી મુકુંદભાઈ વગેરે સહયોગ કાર્યકર્તાઓના પુરુષાર્થને સાધુવાદ.

જાણતા અજાણતા આગમ અવગાહનમાં ત્રૂટી રહેવા પામી હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં..

બોધિબીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત–લીલમ"તણા તારક થયા,
એવા ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાતા" ને વંદન કરું ભાવ ભર્યા;
વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગુ પુનઃ ક્ષમાપના,
મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું વિજ્ઞાપના.

**–આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

અંતગડ સૂત્ર ધર્મકથાનુયોગમાં સમાવિષ્ટ થાય છે. તેમાં ધર્મકથા – ૯૦ આત્માઓના જીવન ચરિત્રના માધ્યમે કર્મ નિર્જરા, કર્મ સંવરના કારણ રૂપ તપશ્ચર્યા અને તપશ્ચર્યાના કાર્યરૂપ સંપૂર્ણ કર્મના ક્ષયથી પ્રાપ્ત થતાં મોક્ષતત્ત્વનું નિરૂપણ છે. ધર્મકથા, દૃષ્ટાંત અને જીવન ચરિત્રના માધ્યમે તત્ત્વ સુપાચ્ય બની જાય છે.

આ અંતગડ–અંતકૃતદશાંગ સૂત્રના આઠ વર્ગ છે. अट्ठ वग्गा अट्ठसु चेव दिवसेसु उद्दिस्सिज्जंति । આઠ દિવસમાં આ સૂત્રની વાંચના થાય છે. આઠ વર્ગ અને આઠ દિવસમાં વાંચન થવાના કથનથી પર્યુષણ મહાપર્વના આઠ દિવસ સાથે આ શાસ્ત્રનો સંયોગ થઈ ગયો હોય, તેમ લાગે છે. વર્તમાનમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વમાં આ સૂત્રનું વાંચન કરવાની પ્રથા ચાલુ છે. લોકો શ્રદ્ધાપૂર્વક આ શાસ્ત્રનું વાંચન અને શ્રવણ કરે છે.

આ આખું આગમ તપશ્ચર્યા અને તેમાં રાખેલી સમતા, ક્ષમા, સહનશીલતા આદિ ગુણોનું દ્યોતક છે. આત્માને અંતરાભિમુખ બનાવવા પર્યુષણ પર્વ છે અને અંતિમ સંવત્સરીનો દિવસ વેરનો વિરામ કરી ક્ષમાના આદાન – પ્રદાનનો દિવસ છે. સંવત્સરીના આ મહાધ્યેયના સાક્ષાત્કાર કરવામાં આ જીવનચરિત્રો મહા ઉપકારક અને દિશાસૂચક બની રહે છે.

આ આગમ કથિત બધાં જ આત્માઓએ કોઈ પણ વિશિષ્ટ પ્રકારની તપ આરાધના કરી શરીરને કશ કર્યું છે અને તેની સાથે પોતાના વિભાવ ભાવોને કૃશ કરી અંતે કર્મક્ષય કર્યા. તેઓ સમતા, તિતિક્ષા અને સહનશીલતાની સાક્ષાત પ્રતિમા રૂપ હતાં. ગજસુકુમારમુનિ મસ્તક ઉપર અંગારા મૂકાવા છતાં સમતાભાવે સહન કરી, પૂર્વકૃત કર્મક્ષય કરી નિર્વાણને પ્રાપ્ત થયા. અર્જુનમાળી અણગાર છઠના પારણે છઠની આરાધના કરતાં લોકોના માર, અપમાન, તિરસ્કારમાં સમતા રાખી નિર્વાણને પ્રાપ્ત થયા. સમતા એ જ સામાયિક છે અને

આવી સામાયિકમાં ૪૮ મિનિટ સ્થિર થઈ જવાય તો ઘાતિકર્મોનો ક્ષય થયા વિના રહે નહીં.

અંતગડ સૂત્રની પ્રાયઃ પ્રતોમાં ગજસુકુમારના વૈરાગ્યથી દીક્ષા વર્ણનના પાઠને 'जहा मेहो' કહી સંક્ષિપ્ત કરેલ છે. પ્રસ્તુતમાં અન્ય આગમોના આધારે સંપૂર્ણ પાઠ આપ્યો છે અને સંક્ષિપ્ત સંસ્કરણ માટે સ્પષ્ટીકરણ (પેજ-૫૪ ૫૨) આપેલ છે.

અંતિમ સૂત્રમાં પ્રથમ – દ્વિતીય વર્ગના દસ-દસ અધ્યયન કહ્યાં છે. तत्थ पढमबिइय वग्गे दस दस (अट्ठ) उद्देसगा । માં બીજા વર્ગના આઠ ઉદ્દેશક છે. લિપિદોષ કે વાચના ભેદના કારણે દસ ઉદ્દેશક લખાયા હોવાની સંભાવનાને લઈ કૌંસમાં (अट्ठ) રાખેલ છે.

ગૌતમકુમાર અણગારના ગુણસંવત્સર તપ, કાલી રાણી આદિએ સંયમ સ્વીકાર કર્યા પછી કરેલા રત્નાવલી, કનકાવલી આદિ તપસાધનાને યંત્ર દ્વારા સ્પષ્ટ કર્યાછે.

અમ શ્રધ્ધાના કેન્દ્રસમ અનંત ઉપકારી તપસમ્રાટ પૂ. ગુરુદેવની અસીમ કૃપાએ, આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા. યથોચિત માર્ગદર્શને, ગુરુણી પૂ. શ્રી લીલમબાઈ મ.ના પાવન સાંનિધ્યે તથા ગુરુકુલવાસી સહુના સહિયારા પુરુષાર્થે આગમ પ્રકાશન કાર્ય પરિપૂર્ણ થયું છે.

પ્રાંતે આ અંતગડદશાંગ સૂત્રના જીવન ચરિત્રો આપણા માટે અરિસો બની રહે અને તેમાં નિજ ચરિત્રને નિહાળી કષાય કાલિમાને દૂર કરીએ તેવી શુભ ભાવના...

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સુસ્વરકંઠી સાધ્વી શ્રી ભારતીબાઈ મ.

## અંતકૃદ્દશા : એક અધ્યયન :–

અતીત ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠોનું પરિશીલન કરતાં સ્પષ્ટ પરિજ્ઞાન થાય છે કે પ્રાગૈતિહાસિક કાળથી જ ભારતીય તત્ત્વચિંતનની બે ધારાઓ ચાલી છે. જેને આપણે બ્રાહ્મણ સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિના નામથી જાણીએ છીએ. બંને સંસ્કૃતિની ગંગોત્રી તો ભારતની ભવ્ય ભૂમિ જ રહી છે. કાળક્રમે સમયાનુસાર બંને સંસ્કૃતિ ફાલીફૂલી છે. બંને સંસ્કૃતિ એક સાથે જ પ્રવાહિત હોવાથી એક બીજાનો પરસ્પર એકબીજા ઉપર પ્રભાવ પડવો તે સ્વાભાવિક જ છે. બંનેની મૌલિક વિચારધારાઓમાં અનેક સામ્યતાઓ હોવા છતાં બંને, પોત–પોતાના સ્થાને ભિન્ન ભિન્ન અને સ્વતંત્ર છે. બ્રાહ્મણ સંસ્કૃતિનાં મૂળભૂત ચિંતનનો સ્રોત 'વેદ' છે. જૈન પરંપરાના ચિંતનનો આદ્ય સ્રોત 'આગમ' છે. વેદ અને શ્રુત શબ્દમાં અર્થની દષ્ટિએ અત્યધિક સામ્ય છે. બંનેનો સંબંધ "શ્રવણ"થી છે. જે સાંભળવામાં આવ્યું તે શ્રુત છે. કહ્યું છે કે–

**श्रूयते स्मेति श्रुतम्(तत्त्वार्थ राजवार्तिक) ।**

**श्रूयते आत्मना तदिति श्रुतं शब्दः । (विशेषावश्यकभाष्य मलधारीयावृत्ति)**

અને આ જ ભાવવાચક શ્રવણ શ્રુતિ છે. માત્ર શબ્દો સાંભળવા જ શ્રુતિ કે શ્રુતનો અભીષ્ટ(ઈચ્છિત) અર્થ નથી. એનો તાત્પર્યાર્થ છે– જે વાસ્તવિક હોય, પ્રમાણભૂત હોય, જન–જનના મંગલની ઉદાત્ત વિચારધારાથી યુક્ત હોય, જે આપ્તપુરુષો કે સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ મહાપુરુષો દ્વારા કથિત હોય તે આગમ છે, શ્રુત છે, શ્રુતિ છે. સાધારણ(સામાન્ય) વ્યક્તિ જે રાગદ્વેષથી સંત્રસ્ત છે તેના વચનો શ્રુત કે શ્રુતિની કોટિમાં

ગણાતા નથી. આચાર્ય વાદિદેવે આગમની પરિભાષા કરતા લખ્યું છે–

**आप्तवचनादाविर्भूतमर्थसंवेदनमागमः (प्रमाणनय तत्त्वालोक ४/१-२)**

આપ્ત વચનોથી આવિર્ભૂત થનારા અર્થસંવેદનને જ "આગમ" કહે છે. આગમોને 'શાસ્ત્ર' પણ કહેવાય છે. તેની શાબ્દિક પરિભાષા છે– "શાસન કરનાર" માનવને અનુશાસિત કરનાર, ગ્રંથને શાસ્ત્ર કહે છે. શાસ્ત્રો વ્યવહારમાં અનેક પ્રકારના છે. જેમ કે– સંગીતશાસ્ત્ર, પાકશાસ્ત્ર, નીતિશાસ્ત્ર પરંતુ અહીં લક્ષિત છે ધર્મશાસ્ત્ર. જે માનવને ભૌતિક પ્રપંચથી પાછા વાળી કર્તવ્યપરાયણ, આત્માભિમુખી, વિશ્વહિતૈષી તથા પરમાત્મપદ સુધી પહોંચવાની પ્રેરણા તથા માર્ગદર્શન આપે છે. તેને જ ધર્મશાસ્ત્ર કહે છે. આવા શાસ્ત્રોના શ્રવણને જ શ્રુત અથવા શ્રુતિ કહે છે. આ કારણે જ શ્રુતિધર્મને દુર્લભ કહ્યો છે. **'सुई धम्मस्स दुल्लहा'** (ઉત્તરાધ્યયન).

જૈન પરંપરામાં અર્હત્ દ્વારા કથિત હોય અને ગણધર, ૧૪ પૂર્વી, પ્રત્યેકબુદ્ધ, સ્થવિર કે અભિન્ન દશપૂર્વી દ્વારા ગ્રથિત વાઙ્મયને પ્રમાણભૂત માન્યું છે.

આગમ સાહિત્યના બે પ્રકાર છે. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. અંગપ્રવિષ્ટ આગમોના ઉદ્ગાતા સ્વયં તીર્થંકર ભગવાન મહાવીર જ છે અને સૂત્રરૂપે રચયિતા તેમના શિષ્ય ગણધર ભગવંતો છે. અંગબાહ્ય સાહિત્યની રચનાનો પણ મૂળાધાર તો સ્વયં તીર્થંકર જ છે. રચનાની દૃષ્ટિએ કેટલાક આગમો સ્થવિરો દ્વારા ગ્રથિત છે અને કેટલાક દ્વાદશાંગોમાંથી નિર્યૂઢ એટલે કે ઉદ્ધૃત છે.

વર્તમાનમાં ઉપલબ્ધ અંગસાહિત્ય ગણધર સુધર્મા સ્વામીની રચના છે. જે ભગવાન મહાવીર સ્વામીના સમકાલીન છે. તેથી વર્તમાન અંગસાહિત્યનો રચનાકાળ ઈ.સ. પૂર્વે છઠ્ઠી શતાબ્દી સિદ્ધ થાય છે. અંગબાહ્ય સાહિત્યની રચના એક વ્યક્તિની નથી, તેથી તે બધાનો કાળ એક ન કહી શકાય. દશવૈકાલિક સૂત્રની રચના આચાર્ય શય્યંભવે કરી છે. તો પ્રજ્ઞાપના સૂત્રની રચના શ્યામાચાર્યની છે. છેદ સૂત્રોના રચયિતા

ચતુર્દશપૂર્વી ભદ્રબાહુ સ્વામી છે તો નંદીજીના દેવવાચક છે. આધુનિક કેટલાક પાશ્ચાત્ય ચિંતકોએ જૈનાગમોનો રચનાકાળ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણનો કાળ માન્યો છે. જેનો સમય મહાવીર નિર્વાણ પછી ૯૮૦ અથવા ૯૯૩માં વર્ષનો છે. પરંતુ આ માન્યતા ઉપયુક્ત નથી. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તો આગમો લિપિબદ્ધ કર્યા હતા. આગમો તો તેનાથી પ્રાચીન જ છે. પાશ્ચાત્ય તત્ત્વવિદો આગમોનાં લેખની(લિપિબદ્ધ) કાળને જ રચનાકાળ માની બેઠા છે. વાસ્તવમાં બંને કાળ જુદા છે.

પ્રાચીનકાળમાં આગમો લિપિબદ્ધ ન હતા. ગુરુશિષ્ય પરંપરાએ શ્રુત કંઠસ્થ કરી અવધારતા. આગમ સાહિત્ય ચિરકાળ સુધી કંઠસ્થ રહ્યું; જેથી કર્ણોપકર્ણ શ્રુતવચનોમાં ક્યાંક પરિવર્તન થવું સ્વાભાવિક છે. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તીવ્રગતિથી હ્રાસ તરફ વહેતા પ્રભુની શ્રુતગંગાના શ્રોતને પુસ્તકારૂઢ કરી રોકી રાખ્યો. એક પ્રાચીન ગાથા આ સંબંધમાં છે– ઈ. સ. ૪૫૩ કે ૪૬૬ની આ ગાથા છે.

**वलहिपुरम्मि णयरे, देवड्डिपमुहेण समणसंघेण ।**
**पुत्थइ आगमुलिहिओ, णवसय असीआओ वीराओ ॥**

વર્તમાન આગમ સાહિત્ય જે ઉપલબ્ધ છે તેના સંરક્ષણનું શ્રેય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને છે. કેટલાક અપવાદોને છોડી શ્રુતસાહિત્યમાં પરિવર્તન નથી થયું. સાધિકાર એટલું તો ચોક્કસ કહી શકાય કે ઉપલબ્ધ વર્તમાન આગમોની મૌલિકતા અસંદિગ્ધ છે. કોઈક સ્થાને ભલે પાઠ પ્રક્ષિપ્ત કે પરિવર્તિત થયા હોય પરંતુ તેનાથી આગમોની પ્રમાણિકતા અને સચ્ચાઈમાં કોઈ ફરક પડતો નથી.

જેનો(આગમોનો) પાવન સ્પર્શમાત્ર અનેક સાધકાત્માઓના સંસાર અને બંધનોનો અંત કરી, તેઓને અનંત સિદ્ધાત્માઓની પરમાર્થ જ્યોતિમાં જ્યોતિર્મય બનાવવા માટે મુક્તિનું અમર વરદાન બની ગયું. એવા જીવનને પાવન કરનારા નેવું મુક્તિવીરોની પ્રેરણામય યશોગાથાથી ગૂંથાયેલું આ અંતગડ સૂત્ર દ્વાદશાંગીનું આઠમું અંગ છે.

**નામકરણ :-**

નામ છે અંતકૃદ્દશાંગ સૂત્ર. જેનો સંધિ વિચ્છેદ થાય છે– અન્તકૃત્ + દશા + અંગ + સૂત્ર = અન્તકૃદ્દશાંગ સૂત્ર. જેઓએ સંયમ સાધના એવં તપ સાધના દ્વારા આઠ પ્રકારના કર્મો ઉપર વિજય પ્રાપ્ત કરી, ચૌર્યાસી લાખ જીવાયોનિમાં આવાગમન રૂપ જન્મ–મરણના ચક્રનો અંત કરી જીવનની અંતિમ ક્ષણોમાં મોક્ષપદની પ્રાપ્તિ કરી; અથવા જેઓ તે જ ભવમાં આઠે ય કર્મો તથા જન્મ મરણનો અંત કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા એવા ચરમશરીરી નેવું આત્માઓના જીવનચરિત્ર પ્રધાનરૂપે વર્ણિત હોવાથી આ શાસ્ત્રના નામની શરૂઆતમાં "અન્તકૃત્" શબ્દ મૂક્યો છે.

**દશા :–** દશા શબ્દના અહીં બે અર્થ રૂઢ છે–

૧. જીવનની ભોગાવસ્થાથી યોગાવસ્થા તરફના ગમનને 'દશા' કહે છે. બીજા શબ્દોમાં શુદ્ધ અવસ્થા તરફ થતી નિરંતર પ્રગતિને "દશા" કહે છે.

૨. આ આગમના પ્રત્યેક સૂત્રમાં અંતકૃત્ સાધક નિરંતર શુદ્ધાવસ્થા તરફ ગમન કરે છે. તેથી આ ગ્રંથમાં અંતકૃત્ સાધકોની દશાના વર્ણનની જ પ્રધાનતા હોવાથી તેને "અંતકૃત્દશા" કહ્યું છે.

આ આગમમાં આઠ વર્ગ છે. તેમાંથી પ્રથમ(આદિ) વર્ગમાં ચોથા અને પાંચમા(મધ્યમ) વર્ગમાં તથા આઠમા(અંતિમ) વર્ગમાં દશ–દશ અધ્યયન હોવાથી પણ આ સૂત્રને "અંતકૃત્દશા" કહ્યું છે. દશાનો અર્થ અહીં દસ(સંખ્યા) કરવામાં આવ્યો છે. તેને આગમની ભાષામાં અંતગડદસા કહેવાય છે અને વ્યવહારમાં અંતકૃતદશાંગ સૂત્ર પણ કહેવાય છે.

આમ મોક્ષગામી પુરુષોની વાત અન્ય શાસ્ત્રોમાં પણ આવે છે પરંતુ આ આગમમાં તો તે જ સાધુ–સાધ્વીજીનો જીવન પરિચય છે જેઓ તે જ ભવે મોક્ષે ગયા. અંતગડ–સદા માટે સંસારનો અંત કરનારા જીવોની સાધકદશાનું વર્ણન હોવાથી અંતગડદસા નામ ચરિતાર્થ છે.

આ આગમથી ભવ્યજીવોને અંતક્રિયાની પ્રેરણા મળે છે. તેથી તે પરમ કલ્યાણકારી ગ્રંથ છે. સિદ્ધગતિ પ્રાપ્ત જીવોનું જ વર્ણન હોવાથી પરમ મંગલમય છે. આ આગમના બધા જ 'અંતકૃતકેવળી' હતા. આયુષ્યકર્મ શેષ બાકી ન હોવાથી કેવળ જ્ઞાન–કેવળદર્શનથી જાણેલા પદાર્થોને પ્રદર્શિત ન કરી શક્યા અર્થાત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પશ્ચાત તુરત જ ચાર અઘાતીકર્મો ખપાવી જન્મ–મરણ–આયુકર્મનો અંત કરી સિદ્ધગતિને પામ્યા.

## પરિચય :–

સમવાયાંગ સૂત્ર–૯૬ માં અંતગડના દશ અધ્યયન અને સાત વર્ગ કહ્યા છે. આચાર્ય દેવવાચકે નંદીસૂત્ર–૮૮ માં 'અટ્ઠવગ્ગા' આઠ વર્ગનો ઉલ્લેખ કર્યો છે, પણ દશ અધ્યયનનો ઉલ્લેખ નથી. આચાર્ય અભયદેવે સમવાયાંગ વૃત્તિમાં બંને આગમોના કથનનો સમન્વય કરતા લખ્યું છે કે પ્રથમવર્ગના દશ અધ્યયન છે અને અન્ય વર્ગોની દષ્ટિથી સાત વર્ગ કહ્યા છે. નંદી સૂત્રમાં માત્ર વર્ગ બતાવ્યા છે.(સમવાયાંગ વૃત્તિપત્ર–૧૧૨) પરંતુ આ સમન્વય પણ બહુ લાંબો નથી ચાલતો કારણ કે સમવાયાંગમાં અંતગડ સૂત્રનો શિક્ષાકાળ દશ કહ્યો છે જ્યારે નંદી સૂત્રમાં તેની સંખ્યા આઠ બતાવી છે. સમવાયાંગની વૃત્તિમાં આચાર્ય અભયદેવે કબૂલ કર્યું છે કે ઉદ્દેશન કાળનાં અંતરનો અભિપ્રાય અમને જ્ઞાત નથી.

આચાર્ય જિનદાસગણી મહત્તરે નંદીચૂર્ણિમાં(પૃ.૬૮) અને આચાર્ય હરિભદ્રે નંદીવૃત્તિ પૃ.૮૩માં કહ્યું છે કે પ્રથમ વર્ગના દશ અધ્યયન હોવાથી આ આગમનું નામ અંતગડદસાઓ છે. ચૂર્ણિકારે દશાનો અર્થ અવસ્થા પણ કર્યો છે. સમવાયાંગમાં દશ અધ્યયનોનો નિર્દેશ તો છે પરંતુ તેના નામનો નિર્દેશ નથી. ઠાણાંગ સૂત્રમાં નામ છે, જેમ કે– નમિ, માતંગ, સોમિલ, રામગુપ્ત, સુદર્શન, જમાલિ, ભગાલી, કિંકષ, ચિલ્લક અને ફાલ અંબડપુત્ર. – *(ઠાણાંગ ૧૦/૧૧૩)*.

તત્ત્વાર્થ સૂત્રના રાજવાર્તિકમાં(૧/૨૦ પૃ.૭૩) એવં **अंगपण्णत्ति** માં થોડા પાઠભેદની સાથે દશ નામ પ્રાપ્ત થાય છે. જેમ કે– નમિ, માતુંગ, સોમિલ, રામગુપ્ત,

સુદર્શન, યમલોક, વલીક, કંબલ, પાલ અને અંબષ્ઠપુત્ર. અને એમાં લખ્યું છે કે આ આગમમાં પ્રત્યેક તીર્થંકરોના સમયમાં થનારા દશ–દશ અંતકૃત્ કેવળીઓનું વર્ણન છે.

જયધવલામાં પણ આ વાતનું સમર્થન કર્યું છે. સમવાયાંગ તથા તત્ત્વાર્થ રાજવાર્તિકમાં જે નામોનો ઉલ્લેખ છે તે અંતકૃદ્દશાંગમાં નથી. વર્તમાને અંતકૃદ્દશાંગમાં આઠ વર્ગ છે અને પ્રથમ વર્ગના દશ અધ્યયન છે. તેના નામ આ પ્રમાણે છે–

ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેનજિત અને વિષ્ણુ. સ્થાનાંગવૃત્તિમાં આચાર્ય અભયદેવે આને વાચનાંતર લખ્યું છે.(સ્થા.વૃત્તિ પત્ર ૪૮૩) આનાથી સ્પષ્ટ થાય છે કે સમવાયાંગમાં વર્ણિત વાચના પૃથક્ છે.

આ આગમમાં એક શ્રુતસ્કંધ, આઠવર્ગ, નેવું અધ્યયન, ૮ ઉદ્દેશનકાળ(વાચના પ્રદાન કાળ), સમુદ્દેશનકાળ(પુનરાવર્તન અને સ્થિરિકરણ કાળ)અને પરિમિત વાચનાઓ છે. આમાં અનુયોગદ્વાર, વેઢા, શ્લોક, નિર્યુક્તિઓ, સંગ્રહણીઓ, પ્રતિપત્તિઓ, સંખ્યાત–સંખ્યાત છે. આમાં પદ સંખ્યાત અને અક્ષર સંખ્યાત હજાર બતાવવામાં આવ્યા છે. વર્તમાનમાં પ્રસ્તુત અંગ ૯૦૦(નવસો) શ્લોક પ્રમાણ છે.

આઠ વર્ગનો એક જ શ્રુતસ્કંધ છે. તેના પૃથક્ પૃથક્ અધ્યયન છે. જેમ કે– પહેલામાં દશ, બીજામાં આઠ(દશ), ત્રીજાના–તેર, ચોથાના દશ, પાંચમાના દશ, છઠ્ઠાના સોળ, સાતમા વર્ગમાં તેર અને આઠમા વર્ગમાં દશ અધ્યયન છે. પ્રભુ મહાવીરની આ સાક્ષાત્ વાણી છે. ઉપોદ્‌ઘાતમાં કોઈ કોઈ જગ્યાએ બતાવ્યું છે, ભગવાને આ પ્રમાણે વર્ણન કર્યું વગેરે. પ્રભુની વાણી હોવાથી આ શાસ્ત્ર સર્વજ્ઞ પ્રણીત છે અને તેથી તે સર્વમાન્ય છે. દ્વાદશાંગીવાણી શબ્દથી પૌરુષેય છે અને અર્થથી અપૌરુષેય છે.

કાળદોષે વર્તમાને આ શાસ્ત્રની શ્લોક સંખ્યા તથા પદ સંખ્યા અલ્પ જ બચી છે પણ જેટલી છે તેટલી ઉત્તમ અને પથદર્શક છે. વિધિપૂર્વકનું આગમ અધ્યયન સાધકને અવશ્ય નિર્વાણપથનું માર્ગદર્શન વર્તમાને પૂરું પાડે છે. આ સત્ય હકીકત છે.

એકથી પાંચ વર્ગ સુધીમાં શ્રીકૃષ્ણ વાસુદેવનું વિસ્તૃત વર્ણન આવ્યું છે. શ્રીકૃષ્ણ વાસુદેવ જૈન, બુદ્ધ અને વૈદિક આ તત્કાલીન ત્રણે ય ધારાઓમાં ખૂબ જ પ્રસિદ્ધ થયા છે. વૈદિક પરંપરાના મહાભારત– શાંતિપર્વ, અનુશાસનપર્વ, વનપર્વ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, શતપથબ્રાહ્મણ, તૈત્તિરીયારણ્યક, પદ્મપુરાણ, વાયુપુરાણ, વામનપુરાણ, કૂર્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, હરિવંશપુરાણ, છાન્દોગ્ય ઉપનિષદ, શ્રીમદ્‌ભાગવત દશમ સ્કંધ આદિ સર્વ ગ્રંથોમાં શ્રી કૃષ્ણને અનેક નામોથી બિરદાવ્યા છે. વાસુદેવ, વિષ્ણુ, નારાયણ, ગોવિંદ, જનાર્દન, સર્વગુણ સંપન્ન, દિવ્ય અને ભવ્ય માનવીય સ્વરૂપ સંપન્ન, દેવકીપુત્ર, પરમબ્રહ્મ આદિ. છાન્દોગ્ય ઉપનિષદમાં તેમને ઘોર આંગિરસ ઋષિની સમીપે અધ્યયન કરતા બતાવ્યા છે. શ્રીકૃષ્ણ જ્ઞાન, શાંતિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ આ છ ગુણોમાં વિશિષ્ટ હતા. વૈદિક આચાર્યોએ પોત પોતાની દૃષ્ટિથી તેમના ચરિત્રને ચિત્રિત કર્યું છે. જયદેવ વિદ્યાપતિએ પ્રેમભક્તિ તો સૂરદાસ આદિ અષ્ટછાપના કવિઓએ બાલ–લીલા અને યૌવનલીલાનું વિસ્તારથી વર્ણન કર્યું છે. રીતિકાળના કવિઓના આરાધ્યદેવ શ્રીકૃષ્ણ રહ્યા અને તેઓએ શ્રીકૃષ્ણ સંબંધી અનેક ગીતિકાઓ, મુક્તકોનું સર્જન કર્યું. પ્રિય પ્રવાસ, કૃષ્ણાવતાર આદિ અનેક ગ્રંથો લખ્યા છે.

બૌદ્ધ સાહિત્યમાં ઘટજાતક કથાઓમાં શ્રીકૃષ્ણનું વર્ણન આવ્યું છે. જોકે ઘટનાક્રમમાં, નામોમાં ઘણું અંતર છે, તેમ છતાં શ્રીકૃષ્ણકથાનો હાર્દ એક સદશ છે.

જૈન પરંપરામાં શ્રી કૃષ્ણને સર્વગુણ સંપન્ન, શ્રેષ્ઠ, ચારિત્રનિષ્ઠ, અત્યંત દયાળુ, શરણાગતવત્સલ, ધીર, વિનયી, માતૃભક્ત, મહાનવીર, ધર્માત્મા, કર્તવ્યપરાયણ, બુદ્ધિમાન, નીતિમાન અને તેજસ્વી વ્યક્તિત્વના ધણી વાસુદેવ બતાવ્યા છે. સમવાયાંગ ૧૫૮માં તેઓના તેજસ્વી વ્યક્તિત્વનું અદ્‌ભુત ચિત્રણ છે. તેઓ ત્રિખંડાધિપતિ અર્ધચક્રી છે. તેમના શરીર પર એકસો આઠ પ્રશસ્ત ચિહ્ન હતા. તેઓ નરવૃષભ અને દેવરાજ ઈન્દ્ર સમાન હતા. મહાન યોદ્ધા હતા. તેઓએ પોતાના જીવનમાં ત્રણસો સાઠ યુદ્ધ કર્યા તેમાં એક પણ વાર પરાજિત થયા નથી. તેમનામાં વીસ લાખ અષ્ટાપદોની શક્તિ હતી. (આવશ્યક નિર્યુક્તિ–૪૧૫). આટલી શક્તિ હોવા છતાં

ક્યારે ય શક્તિનો દુરુપયોગ તેઓએ કર્યો નથી. વૈદિક પરંપરાની જેમ જૈન પરંપરામાં તેમને ઈશ્વરના અંશ કે અવતાર રૂપ નથી માન્યા. તે યુગના તેઓ સર્વશ્રેષ્ઠ અધિનાયક–શાસક હતા. નિદાનકૃત હોવાથી આધ્યાત્મિક વિકાસ ચાર ગુણસ્થાનથી આગળ કરી શક્યા નથી પરંતુ તીર્થંકર અરિષ્ટનેમિના પરમભક્ત હતા. વયની દૃષ્ટિથી કૃષ્ણ જ્યેષ્ઠ હતા અને આધ્યાત્મિક દૃષ્ટિથી અરિષ્ટનેમિ જ્યેષ્ઠ હતા. એક કર્મવીર હતા તો એક ધર્મવીર હતા. એક પ્રવૃત્તિપ્રધાન હતા તો એક નિવૃત્તિપ્રધાન હતા. અન્તકૃદ્દશા, સમવાયાંગ, જ્ઞાતાધર્મકથા, સ્થાનાંગ, નિરયાવલિકા, પ્રશ્નવ્યાકરણ, ઉત્તરાધ્યયન આદિ આગમો તથા તેની નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય અને ટીકા ગ્રંથોમાં તેમના જીવનથી સંબંધિત અનેક ઘટનાઓ છે. શ્વેતાંબર અને દિગંબર બંને પરંપરાઓના મૂર્ધન્ય મનીષીઓએ કૃષ્ણના જીવન પ્રસંગોને લઈને શતાધિક ગ્રંથોની રચના કરી છે. ભાષાની દૃષ્ટિએ તે રચનાઓ પ્રાકૃત, અપભ્રંશ, સંસ્કૃત, પ્રાચીન ગુજરાતી, રાજસ્થાની તથા હિન્દીમાં છે.

આ આગમમાં શ્રીકૃષ્ણનું ઈન્દ્રધનુષી વ્યક્તિત્વ જોઈ શકાય છે. તેઓ ખુદ ત્રિખંડાધિપતિ હોવા છતાં એક તરફ માતા પિતા પ્રત્યેની પરમભક્તિથી પ્રેરાઈને માતાની અભિલાષા પૂર્તિ માટે દેવ આરાધના, બીજી તરફ ભાઈ પ્રત્યેનો અત્યધિક સ્નેહ, ભગવાન અરિષ્ટનેમિ પ્રતિ અત્યંત શ્રદ્ધા તથા નિષ્ઠાનું દર્શન થાય છે. રણક્ષેત્રમાં અસાધારણ વિક્રમ દેખાડતા વજ્રથી પણ કઠોર પ્રતીત થાય છે તો વૃદ્ધ વ્યક્તિને જોઈને ફૂલ જેવું કોમળ હૃદય અનુકંપાથી દ્રવિત થઈ જાય છે અને એના સહયોગ માટે સ્વયં ઢગલામાંથી ઈંટ ઉઠાવે છે. દ્વારકા વિનાશની વાત સાંભળી બીજાને પ્રવ્રજ્યા લેવાની પ્રેરણા કરે છે, દીક્ષિતોના પરિવાર, વ્યવહારની વ્યવસ્થા કરવાનું વચન આપે છે, ત્યારે પોતાના પુત્ર, પુત્રી, પૌત્ર, પટ્ટરાણીઓને સંયમ ગ્રહણની સહર્ષ અનુમતિ પણ આપે છે. આવશ્યક નિર્યુક્તિમાં વર્ણન છે કે તેઓ પૂર્ણરૂપથી ગુણાનુરાગી હતા. કૂતરાના સડેલા શરીરમાં ખદબદતા કીડા તરફ નજર ન નાખતા કળીબદ્ધ દંતપંક્તિઓની પ્રશંસા કરે છે.

અરિષ્ટનેમિ ભગવાનનો ઉલ્લેખ જૈનેત્તર વૈદિક પરંપરાઓમાં અનેકવાર થયો છે. ઋગ્વેદમાં અરિષ્ટનેમિ શબ્દ ચાર વાર આવે છે. **''स्वस्ति नस्ताक्ष्यों**

**अरिष्टनेमिः, तार्क्ष्य अरिष्टनेमि''** આ રીતના વાક્યો યજુર્વેદ અને સામવેદમાં પણ અરિષ્ટનેમિ માટે વપરાયા છે. મહાભારતમાં પણ "तार्क्ष्य" શબ્દપ્રયોગ થયો છે, જે ભગવાન અરિષ્ટનેમિનું અપર નામ હોવું જોઈએ. તેઓએ રાજા સગરને મોક્ષ–માર્ગનો જે ઉપદેશ આપ્યો છે, તે જૈન ધર્મના મોક્ષ–મંતવ્યોથી અધિક મિલતો–ઝુલતો છે. ઐતિહાસિક દષ્ટિથી આ સ્પષ્ટ થાય છે કે રાજા સગરના સમયમાં વૈદિક લોકો મોક્ષમાં વિશ્વાસ કરતા ન હતા. તેથી આ ઉપદેશ કોઈપણ શ્રમણ સંસ્કૃતિના ઋષિઓનો જ હોવો જોઈએ.

યજુર્વેદમાં એક સ્થાન પર અરિષ્ટનેમિનું વર્ણન આ પ્રમાણે છે. અધ્યાત્મ યજ્ઞને પ્રગટ કરનારા, સંસારના સમસ્ત ભવ્ય જીવોને યથાર્થ ઉપદેશ દેનારા, જેના ઉપદેશથી જીવોનો આત્મા બલવાન બને છે એવા તે સર્વજ્ઞ નેમનાથને માટે આહુતિ સમર્પિત કરું છું. **(वाजसनेयिः माध्यंदिन शुक्लयजुर्वेद, अध्याय-९, मंत्र-२५, सातवलेकर संस्करण-विक्रम-१९८४) ।**

આ આગમમાં ગજસુકુમાલનો કથાપ્રસંગ પણ અત્યંત રોચક છે. પૂર્વકૃત કર્મોદયે સોમિલની ક્રોધાગ્નિ ભભૂકી ઊઠે છે. ક્રોધની આંધીએ તેના વિવેક દીપકને બુઝવી નાંખ્યો. પરિણામ સ્વરૂપ નવદીક્ષિત મુનિરાજના મુંડિત મસ્તક પર ધગધગતા ખેરના અંગારા, માટીની પાળ બાંધી રાખી દીધા. સપ્ત ધાતુમય શરીરના જ્વલનથી ઉપજેલ મહાભયંકર વેદનામાં પણ જરામાત્ર વૈર–બદલાની આછેરી રેખા પણ મુનિરાજમાં જાગતી નથી, રોષ ઉપર તોષ, દાનવતા પર માનવતાનો અમર જયઘોષ ગુંજવતા, એક જ દિવસની ચારિત્ર પર્યાય દ્વારા મોક્ષ પ્રાપ્ત કરી લીધો.

અંતગડ સૂત્રના ચાર વર્ગમાં ૪૧ યાદવવંશીય રાજકુમારો કૃષ્ણવાસુદેવના વિરાટ વૈભવને છોડી, અરિષ્ટનેમિ પાસે કઠોર ત્યાગમય જીવન દ્વારા કૈવલ્યજ્ઞાન સાથે મોક્ષ પામ્યાના ઘટના–પ્રસંગો છે.

પાંચમા વર્ગમાં ભવિતવ્યતાની અટલતાનું... કૃષ્ણના તથા દ્વારકાના

ભાવિકથનના વર્ણનના અનુસંધાને આઠ પટ્ટરાણીઓ તથા બે પુત્રવધૂઓના અનુપમ ત્યાગ તથા મોક્ષ ગમનનું વર્ણન છે. નારી ફૂલ સમાન જેટલી કોમળ છે તેટલી જ તપસાધનામાં સિંહણ સમાન શૂરવીર પણ છે.

આ પ્રમાણે નેમનાથ ભગવાનના શાસનના ૫૧ જીવોનું વર્ણન, ભય–દુર્બલતા, વાસના–લાલસા અને ભોગેષણાના ગહન અંધકારમાં પણ અભય, આત્મવિશ્વાસ અને વીતરાગનો દિવ્ય પ્રકાશ ફેલાવી, આધ્યાત્મિક માર્ગદર્શન પૂરું પાડે છે.

છટ્ઠા, સાતમા અને આઠમા વર્ગમાં ભગવાન મહાવીરના શાસનકાળના ૩૯ ઉગ્ર તપસ્વી, ક્ષમામૂર્તિ અને સરલાત્માઓની સાધનાઓનું જીવંત ચિત્ર છે.

પાંચ મહિના, તેર દિવસમાં ૧૧૪૧ માનવોની દિલધડક હત્યા કરનારો અર્જુનમાળી જેવો હત્યારો પણ નિર્ગ્રંથધર્મ સ્વીકારી, પોતાના જીવનનું આમૂલચૂલ પરિવર્તન કરી, અદ્‌ભુત ક્ષમા–તિતિક્ષા દ્વારા છ માસમાં અષ્ટકર્મનો ક્ષય કરી, મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

બાળ મુનિરાજ અતિમુક્તકુમાર પ્રભુ મહાવીરના શાસનમાં સૌથી લઘુવયમાં સંયમ અંગીકાર કરનારા એક જ અણગાર છે. સંયમ ગ્રહણનો નિર્ણય આંતરિક પાત્રતા–યોગ્યતા ઉપર નિર્ભર છે. નિર્મળ હૃદયનો પશ્ચાત્તાપ આત્માને પરમાત્મતત્ત્વ સુધી પહોંચાડી દે છે એનું જીવંત પ્રતિક છે અતિમુક્તકુમાર. આ અધ્યયન દ્વારા સ્થવિર સાધુઓને ભગવાન સુંદર હિતશિક્ષા આપે છે. નિંદા, હીલના, ગર્હા અન્યની ન કરો. અતિમુક્તની વય ભલે લઘુ હોય પણ એમનો આત્મા હિમગિરિ સમ ઉન્નત છે.

સાતમા, આઠમા વર્ગમાં શ્રેણિકની રાણીઓ નંદાદિ–૧૩ + કાલિ આદિ ૧૦ કુલ ૨૩ રાણીઓનાં જ્ઞાનાભ્યાસ, તપ આરાધનાઓનું કલ્પનાતીત વર્ણન છે. રાણીઓના તપ અને દરેક તપની ચાર–ચાર પરિપાટીમાં "ઉચ્છૂઢ શરીર" દેહાધ્યાસ ત્યાગની સર્વોત્કૃષ્ટ ઝલક છે. તપ રસાયણ દ્વારા કૈવલ્યપામી અંતે નિર્વાણપદ પામે છે.

આ પ્રમાણે આઠમા અંગ અંતકૃદશાના આઠ વર્ગમાં, અષ્ટકર્મોનો

આત્યાંતિક ક્ષય કરી, અષ્ટ આત્મગુણોપેત સિદ્ધિને વરનારા ૯૦ સાધકોનું ઉચ્ચતમ પવિત્ર ચરિત્ર છે.

## પ્રસ્તુત આગમની ભાષા :–

મગધદેશની માગધી ભાષા બોલચાલમાં હતી. તેને સાહિત્યિક રૂપ આપવા માટે તેમાં કેટલાક વિશેષ શબ્દોનું એવં પ્રાંતીય બોલીઓનું મિશ્રણ પણ થયું છે. તેથી આગમભાષા મિશ્ર માગધી હોવાને કારણે "અર્ધમાગધી" કહેવાય છે. આગમકાર કહે છે કે અર્ધમાગધી ભાષા તીર્થંકરો, ગણધરો એવં દેવોની પ્રિય ભાષા છે અને હોય જ. કારણ કે લોકભાષાની સર્વપ્રિયતા સર્વમાન્ય જ છે. લોકભાષા વ્યક્તિની પોતાની બોલી હોવાથી સહજ અને સરળતાથી હૃદય સુધી પહોંચી શકે છે. લોકોપકાર માટે પણ લોકભાષાનો પ્રયોગ અનિવાર્ય છે. આ આગમની ભાષા(મૂળપાઠ) અર્ધમાગધી છે.

## શૈલી : કથન પદ્ધતિ :–

આ આગમની રચના કથાત્મક શૈલીમાં છે. પ્રાચીન પારિભાષિક શબ્દાવલીમાં આ શૈલીને "કથાનુયોગ" પણ કહેવાય છે. **तेणं कालेणं तेणं समएणं** થી કથાનો પ્રારંભ થાય છે. આગમોમાં શ્રી જ્ઞાતાધર્મકથા, ઉપાશકદશાંગ, અનુત્તરોપપાતિક, વિપાક અને અંતકૃદ્દશાંગ સૂત્ર આ શૈલીમાં નિર્માણ થયેલા છે.

અર્ધમાગધી ભાષામાં કોઈ કોઈ શબ્દોના બે રૂપ ઉપલબ્ધ થાય છે– **परिवसति–परिवसइ, रायवण्णतो–रायवण्णओ, एगवीसाते–एगवीसाए ।** આ આગમમાં પ્રાયઃ "સ્વરાન્તરૂપ" ગ્રહણ કરવાની શૈલી અપનાવી છે.

પર્યુષણાકલ્પ વગેરેમાં સ્વાધ્યાયીની સુગમતાને લક્ષ્યમાં રાખી આ આગમમાં 'જાવ' શબ્દનો પ્રયોગ અલ્પ માત્રામાં જ કર્યો છે. મહાનતપને વ્યવસ્થિત અને સરળતાથી સમજી શકાય એટલા માટે વિશિષ્ટ તપોના સ્થાપના યંત્રો પણ સુંદર, કલાત્મક અને આકર્ષકરૂપે જિજ્ઞાસુ સાધક સમક્ષ મૂકવાનો પ્રયાસ કર્યો છે.

આ આગમની વર્ણનશૈલી અત્યંત વ્યવસ્થિત છે. પ્રત્યેક સાધકના નામ, નગર, ઉદ્યાન, યક્ષાયતન, રાજા, માતા, પિતા, ધર્માચાર્ય, ધર્મકથા, ઈહલૌકિક તથા પારલૌકિક ઋદ્ધિ, પાણિગ્રહણ, પ્રીતિદાન, ભોગોનો પરિત્યાગ, પ્રવ્રજ્યા, દીક્ષાકાળ, શ્રુતગ્રહણ, તપોપધાન, સંલેખના, સંલેખના ભૂમિ, સંલેખના દિન તથા અંતક્રિયા કરી સિદ્ધિગમનનો ક્રમિક ઉલ્લેખ કર્યો છે.

અંતગડદશામાં વયની દૃષ્ટિએ અતિમુક્ત જેવા બાળમુનિ અને ગજસુકુમાલ જેવા રાજપ્રાસાદના સૌના દુલારા ગણાતા કુમાર પણ સાધનાના ક્ષેત્રમાં ઊતરીને સિદ્ધગતિને પામ્યા તો જાતિની અપેક્ષાએ રાજાઓ, રાજકુમારો, રાજરાણીઓ, શ્રેષ્ઠીઓ, ગાથાપતિઓ સાધના માર્ગે ચરણ માંડીને અંતે પરમાત્મદશાને પામ્યા તો બીજી તરફ ઉપેક્ષિત વર્ગવાળા ક્ષુદ્રજાતિય પણ સસન્માન સાધના ક્ષેત્રમાં સમાનરૂપથી આગળ વધી સિદ્ધિને વર્યા છે. સાધના અને સિદ્ધિ કોઈની વંશ વારસાગત વસ્તુ નથી. જે સાધક અપૂર્વ ઉત્સાહ અને અડીખમ પગ રાખી પોતાને સાધના માર્ગે ઝુકાવે છે, માર્ગમાં જે ડરતો નથી... થાકતો નથી, થોભતો નથી, થોથવાતો નથી, હારતો નથી, ઉતાવળો થતો નથી, આવેશયુક્ત થતો નથી, ક્ષમા, ધૈર્ય, તિતિક્ષાને છોડતો નથી તે સાધક સિદ્ધિને પામી જાય છે.

આ આગમમાં પ્રાયઃ સાધકોએ યાવત્‌જીવન છઠ્ઠથી લઈ ઉગ્રમાં ઉગ્ર તપસાધના દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી છે. તો ગજસુકુમાલ જેવા સાધકે ધ્યાન દ્વારા, તો અર્જુનમાળીએ ક્ષમા–સહનશક્તિ, ધૈર્યતા દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

## કોની પાસેથી શું શું લેશો ? (શીખશો ?) :–

૧. પ્રભુ અરિષ્ટનેમિ તથા પ્રભુ મહાવીર જેવી સ્યાદ્વાદ કથનપદ્ધતિ તથા અર્હદ્દશા.

૨. કૃષ્ણ વાસુદેવ જેવી ધર્મશ્રદ્ધા, દયા, ધર્મદલાલી, માતૃ–પિતૃભક્તિ, ગુણગ્રહણ દૃષ્ટિ.

૩. કૃષ્ણ વાસુદેવની આઠ અગ્રમહિષિઓનો અપૂર્વ ત્યાગ તથા સંયમની ઉત્કંઠા.

૪. માતા દેવકી જેવી ગુરુભક્તિ તથા પ્રભુભક્તિ.

૫. ગજસુકુમાલ જેવું ધૈર્ય, સાધનાની અડગતા, અવૈરવૃત્તિ.

૬. અર્જુનમાળી જેવી અપાર તિતિક્ષા, અતૂટ સહનશક્તિ, અજોડ પ્રાયશ્ચિત.

૭. સુદર્શન શ્રમણોપાસક જેવી નીડરતા, પ્રભુભક્તિ, આત્મતેજ.

૮. મહારાજા શ્રેણિકની કાલી આદિ દશ રાણીઓ જેવું ઘોર..ઉગ્ર તપ.

૯. અતિમુક્તકુમાર જેવી પ્રશ્નોત્તરી, જિજ્ઞાસા અને નિષ્કપટ ભાવના, ઋજુતા.

૧૦. શેષ તમામ સાધકો જેવી ભોગમાંથી યોગ તરફની ગતિ તથા પ્રીતિ અને જ્ઞાનારાધના.

## હિંદી ગુજરાતી સંસ્કરણો :-

આગમોનું પૂર્ણતઃ હિંદી અનુવાદનું પ્રકાશન સર્વ પ્રથમ આગમના વિદ્વાન આદરણીય મુનિશ્રી અમુલખઋષિએ કરાવ્યું છે. ત્યારની પરિસ્થિતિ પ્રમાણે તેઓશ્રીનું કાર્ય અત્યંત મહત્ત્વપૂર્ણ હતું. ત્યાર પછી શાસ્ત્રાચાર્ય શ્રી ૫. પૂ. ઘાસીલાલજી મ. એ સ્વરચિત સંસ્કૃત ટીકા સાથે હિંદી અને ગુજરાતી ભાષામાં ૩૨ આગમોનું પ્રકાશન કરાવ્યું તેમજ જૈન શ્રમણ સંઘના પ્રથમ આચાર્ય પૂ. આત્મારામજી મ. સા. એ કેટલાક આગમોની સંસ્કૃત છાયા વ્યાખ્યા સહ હિંદી અનુવાદનું મહાન કાર્ય કર્યું, જે ખરેખર અત્યંત ઉપયોગી છે. આ સિવાય જૈન શ્વેતાંબર તેરાપંથ મુનિજનોનું આગમ પ્રકાશનનું કાર્ય ગતિશીલ છે. મૂળપાઠ વિસ્તૃત વિવેચન અને ટિપ્પણ સહિતના આગમો પ્રકાશિત થઈ રહ્યા છે. શ્રમણ સંઘના યુવાચાર્ય પૂ. શ્રી મધુકરમુનિ મ. સા. એ અત્યંત સંક્ષિપ્ત નહીં અને અત્યંત વિસ્તૃત પણ નહીં, હિંદી વિવેચન સહ આગમ બત્રીસીને સમાજ સમક્ષ પ્રગટ કરીને મહાન શ્રુત સેવાનું કાર્ય કર્યું છે. જે સ્થાનકવાસી સમાજની નહીં સમસ્ત શ્વેતાંબર જૈન સમાજની અમૂલ્યનિધિ છે.

ઘાટકોપર મુકામે શ્રમણી વિદ્યાપીઠમાં આગમ અભ્યાસાર્થે પૂ. તપસમ્રાટ ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ની આજ્ઞાથી અમે ૨૫ મહાસતીજીઓએ અને ૨૫ વૈરાગી બહેનોએ સૌરાષ્ટ્રથી વિહાર કરીને પાંચ વર્ષ વિદ્યાપીઠમાં સ્થિરતા કરી. ત્યાં પંડિત

ભારિલ્લજી, પંડિત રોશનલાલજી, પંડિત નરેન્દ્ર ઝા અને પ્રિન્સીપાલ આચાર્યા યશોદાબેન પટેલ દ્વારા માગધી, પ્રાકૃત, સંસ્કૃત, હિંદી, ન્યાય, ઈંગ્લીશ વગેરે અભ્યાસ કર્યો. તે સમયે અમે પ્રાણ પરિવારના સાધ્વીજીઓએ ૧૫ થી ૧૭ આગમોનું મૂળપાઠ અને ગુજરાતીમાં ભાવાર્થ રૂપે પ્રકાશન કરાવેલ. તેમાં મેં સૂત્રકૃતાંગ સૂત્રનું લેખન કર્યું હતું.

આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિએ બત્રીસ શાસ્ત્રોનું મંથન કરી હિંદીમાં સારાંશ પ્રકાશિત કરાવ્યો છે જે જૈનાગમ નવનીત નામથી પ્રસિદ્ધ છે તે સામાન્ય, પ્રૌઢ અને વૃદ્ધજનોને ઉપયોગી થાય એમ છે તેનું ગુજરાતી ભાષાંતર નજીકના ભવિષ્યમાં પ્રકાશિત થશે.

શ્રમણસંઘીય આગમજ્ઞાતા પં. ર. શ્રી કન્હૈયાલાલજી મ. સા. 'કમલ'એ આગમોનું વિષયવાર વિભાજન કરી ચાર અનુયોગના નામે સાત ભાગોમાં બત્રીસ સૂત્રોના સંપૂર્ણ મૂળ પાઠ અને અર્થને સમાવિષ્ટ કરનારા વિશાળ ગ્રંથો પ્રકાશિત કરાવ્યા છે. તે દરેક ગ્રંથ આગમ વિષયોના અન્વેષણકર્તાઓ માટે ઘણાં જ ઉપયોગી છે.

આ રીતે અનેક શાસ્ત્રરસિકોએ યથામતિ–યથાશક્તિ શાસ્ત્રોનાં તલસ્પર્શી અભ્યાસથી એ સાગરમાંથી અમૂલ્ય રત્નો વીણી વીણીને જનતા સમક્ષ ભવ્યાત્માઓને માટે રજુ કરેલ છે. આજ પર્યંત અનેક શ્રુતજ્ઞાનીઓએ પોતપોતાના અનુભવોનું દોહન જૈન સમાજને પીરસેલ છે, એ એમનો પરમ ઉપકાર છે. આગમોની આરાધના સંસારને તરવાનું કારણ છે. આગમ એ આત્માની અનંત શક્તિના પ્રાકટ્યની ચાવી છે. જ્ઞાન એ આત્માને આનંદ પમાડનારું ઉત્તમોત્તમ સાધન છે.

વિખૂટાં પડી ગયેલાં બાળકનો ભેટો થતાં માતૃહૃદયને, અખૂટ ધનરાશિ પ્રાપ્ત થતાં કંજૂસને, મીઠા મધુરા સંગીતનું શ્રવણ કરતાં હરણને, મોરલીના નાદથી સર્પને, મેઘગર્જનાથી મયૂરને, સૂર્યના ઉદયથી ચક્રવાક યુગલને જે આનંદ થાય છે; તેના કરતાં અનેકગણો અધિક આનંદ જીવને અવરાયેલા નિજજ્ઞાન ગુણના વાસ્તવિક સ્વરૂપનો બોધ પ્રાપ્ત થતાં થાય છે.

## પ્રસ્તુત સંસ્કરણ :-

જૈનાગમ ભારતીય ઈતિહાસની અણમોલ સંપદા છે, જેના પર જિનશાસનનો ભવ્ય પ્રાસાદ અવલંબિત છે. આગમોના પ્રકાશન–સંપાદનમાં વિભિન્ન સ્થાનોથી પ્રયત્નો થયા છે પરંતુ પ્રસ્તુત સંસ્કરણ, સરળ ગુજરાતી ભાષામાં શબ્દાર્થ, ભાવાર્થ, ગૂઢાર્થ, વિવેચનની દષ્ટિએ સર્વપ્રથમ પ્રયાસ છે. ગુજરાતી આગમ અનુવાદ ગુજ્જુ જિજ્ઞાસુઓ માટે અત્યધિક આવશ્યક છે.

ગુરુપ્રાણ જન્મ શતાબ્દી તત્ત્વાવધાને ગુજરાતી આગમ બત્રીસીના અનુવાદનની વિચાર–ગંગોત્રી પૂ. ઉષાબાઈ મ. સ.ના ઉરે નેમનાથ પ્રભુની સાધના નિર્વાણભૂમિ જૂનાગઢ મુકામે થઈ. એ વિચારગંગોત્રીને મુમુક્ષુ જિજ્ઞાસુ સમક્ષ ગ્રંથાગમ રૂપે પ્રકાશિત કરવાના મહાયજ્ઞનો પ્રારંભ, શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટાસંઘ રાજાણાના આંગણે પૂ. તપોધની ગુરુદેવના સાન્નિધ્યે, સામુહિક ચાતુર્માસમાં થયો. મારા મહદ્ ભાગ્યોદયે મુજને દ્વાદશાંગી ગણિપિટીકાનું અણમોલું આગમરત્ન, અષ્ટકર્મોનો અંત કરાવી, અંતિમ પરમતત્ત્વ પ્રાપ્ત કરાવનારા એવા અષ્ટમ અંગ અંતકૃદશાની ગુજરાતી અનુવાદ–સંપાદન આદિ સ્વાધ્યાય સેવાનું સદ્કાર્ય સાંપડ્યું.

## ઋણસ્વીકાર :-

જોકે અનુવાદ–સંપાદન કાર્યમાં હું અસમર્થ હોવા છતાં, આજીવન મૌનવ્રતધારી, મુજ શ્રદ્ધાકેન્દ્ર, તપોધની પૂજ્યપાદ ગુરુદેવ રતિલાલજી મ. સા.ની સતત વરસતી વાત્સલ્ય વર્ષાએ, પરમદાર્શનિક–વાણીભૂષણ શ્રી જયંત–ગિરીશ ગુરુભગવંતના પુણ્ય પ્રસાદે, મુજ પ્રાણ ગુરુકુળના નીલમ–મુક્તા સમા પૂ. જનક–જગ–હસુ–ગજ–નમ્ર ગુરુ ભગવંતોના પ્રત્યક્ષ–પરોક્ષ માર્ગદર્શને, મુજ આસ્થાના મધ્યબિંદુ મંગલ– ભાવમૂર્તિ ભગિની બેલડી પૂ. શ્રી મુક્ત–લીલમ ગુરુણીમૈયાના અવિરત મળતા પ્રેરણાશિષ–બળે, જેમની મુજ ઉપર સદા મીઠી હિતરુચિ વહી છે એવા આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ. સા.ના અથાગ રુચિપૂર્ણ સંશોધને, ડો. સાધ્વી આરતી અને સુબોધિકાના ભાષા સંશોધને, જેમણે મારા સામાન્ય શબ્દ દેહમાં આગમના ભાવપ્રાણ

પૂર્યા છે એવા મારા મહદ્ ઉપકારી ગુરુમાતેશ્વરી...અપ્રમત્ત સંયમશીલા ભાવયોગિની પૂ. બા.બ્ર. શ્રી લીલમબાઈ મ. સ. ના અસ્ખલિત સુસંસ્કૃત સંશોધન શ્રમે પરમ પૂ. મધુકર મિશ્રીમલજી મ. સા., પરમ પૂજ્ય ઘાસીલાલજી મ. સા., પરમ પૂ. હસ્તિમલજી મ. સા., પરમ પૂજ્ય ઉમેશમુનિજી મ. સા."અણુ" એવં અન્ય પ્રકાશિત અંતગડસૂત્રની શ્રુત સહાયે, મમ સુશિષ્યા સાધ્વી સુધાના લેખન સહારે, સંયમયાત્રાના સહકારી સુશિષ્યા ત્રય સાધ્વી પ્રિયદર્શના, સાધ્વી બિન્દુ તથા સાધ્વી રૂપલના સાનુકૂળ સહયોગે આ ભાગિરથી શ્રુતગંગામાંથી ચુલ્લુભર વારિનું આચમન કરવા–કરાવવા સમર્થ બની છું. વામનમાં વિરાટતા, અસમર્થમાં સામર્થ્ય, અપાત્રમાં પાત્રતા, અપૂર્ણમાં પૂર્ણતાની પ્રાણ–પ્રતિષ્ઠા કરાવનાર વિશ્વવ્યાપી "કૃપાબળનું" આ પરિણામ છે.

મારા આ આગમને પ્રકાશમાં લાવનાર શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન પ્રકાશન સમિતિના માનદ સભ્યોશ્રી તથા સર્વ પ્રકાશન કાર્યને પ્રમુખરૂપે વહન કરનાર શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઈ માણેકચંદ શેઠનો પણ આભાર માનું છું. પ્રુફ સંશોધનમાં નિઃસ્વાર્થભાવે સહયોગી થનાર સુશ્રાવકશ્રી મુકુંદભાઈનો તથા મુદ્રણ કરનાર શ્રી નેહલભાઈનો પણ આભાર માનું છું.

"ઋણ સ્વીકાર" ની આ ઉજળી તકે વિનમ્રભાવે સાદર, સર્વ નામી અનામી ઉપકારી મહોદધિના ચરણયુગ્મમાં કરબદ્ધ, નતમસ્તકે અંતરની અમૃતમયી ત્રિયોગ સહ ત્રિકાળ વંદના અર્જ કરું છું.

પ્રાન્તે પ્રાર્થું એટલું જ કે....

**વરસો વરસો અહોનિશ, ખાંડાધારે ઈશ–ગુરુકૃપા,**
**હોય જેના શિરે કૃપા, એની અધૂરી શું રહે કોઈ તૃષા ?**
**દૈવી હો કે આધ્યાત્મિક, કષાયના કલ્મશો થાય સર્વથા કૃશા;**
**બનું હું આત્મમાં, નિજ–આત્મમય આનંદઘન તદ્દ્રૂપા.**

પરમ પાવની શ્રુતગંગા, શ્રુતદેવતા કે શ્રુતધરોની પ્રમાદ, અજ્ઞાનતા કે છદ્મસ્થ બુદ્ધિવશ કોઈપણ ત્રુટી કે અશાતના મારાથી થઈ હોય તો ત્રિવિધે–ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

**ગુરુપાદ પદ્મરેણુ**
**સાધ્વી ભારતી.**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી અંતગડ સૂત્ર

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

પૂ. શ્રી ભારતીબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ વર્ગ

## અધ્યયન – ૧ : ગૌતમકુમાર

**સૂત્ર પ્રારંભ :–**

**१ तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी । पुण्णभद्दे चेइए– वण्णओ । तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मे समोसरिए । परिसा णिग्गया । धम्मो कहिओ । परिसा जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया । तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अंतेवासी अज्ज जंबू णामं अणगारे कासवगोत्तेणं सत्तुस्सेहे समचउरंस संठाणसंठिए वज्जरिसहणारायसंघयणे कणयपुलयणिहसपम्हगोरे उग्गतवे दित्ततवे तत्ततवे महातवे ओराले घोरे घोरगुणे घोरतवस्सी घोरबंभचेरवासी उच्छूढ सरीरे संखित्तविउलतेयलेस्से अज्ज सुहम्मस्स थेरस्स अदूरसामंते उड्ढंजाणू अहोसिरे झाणकोट्ठोवगए संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ચંપા નામની નગરી હતી. આ નગરીની બહાર પૂર્ણભદ્ર નામના યક્ષનું યક્ષાયતન(મંદિર) હતું. તેનું વર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું. તે કાલે, તે સમયે આર્ય સુધર્મા સ્વામી પોતાના શિષ્ય પરિવાર સાથે વિચરતાં વિચરતાં ચંપા નગરીના પૂર્ણભદ્ર ઉદ્યાનમાં પધાર્યા. ધર્મદેશના સાંભળવા પરિષદ નગરીથી નીકળી, આવેલી પરિષદને આર્ય સુધર્માસ્વામીએ ધર્મોપદેશ આપ્યો. ધર્મોપદેશ સાંભળી પરિષદ જે દિશાથી આવી હતી તે દિશામાં પાછી ફરી. તે કાલે, તે સમયે આર્ય સુધર્મા સ્વામીના અંતેવાસી અણગાર કાશ્યપ ગોત્રીય આર્ય જંબૂસ્વામી હતા. જેઓ સાત હાથ ઊંચા, સમચોરસ સંસ્થાનથી સંસ્થિત, વજ્રઋષભ નારાચ સંઘયણી, કસોટીએ ચઢાવેલ સુવર્ણરેખા તથા કમળ કેસર સમાન ગૌરવર્ણ વાળા, ઉગ્ર તપસ્વી, દીપ્ત તપસ્વી, તપ્ત તપસ્વી, મહાતપસ્વી, ઉદાર, કર્મશત્રુઓ માટે ઘોર, ઘોર ગુણી, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચર્યનું પાલન કરનારા, શરીર સંસ્કાર(વિભૂષા) તથા મમતાના ત્યાગી, સંક્ષિપ્ત કરેલી વિપુલ તેજોલેશ્યાના ધારક હતા. તેઓ આર્ય સુધર્માસ્વામીથી ન અતિ દૂર, ન અતિ નજીક, બન્ને ગોઠણો ઊભા કરી અને મસ્તક નીચે નમાવી, ધ્યાનરૂપી કોઠામાં સ્થિરચિત્ત થઈ સંયમ તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**વિવેચન :–**

આ પ્રથમ સૂત્રમાં મુખ્ય પાંચ વિષયનું વર્ણન કર્યું છે. (૧) તે કાળની પરિસ્થિતિ (૨) ક્ષેત્રનું

વર્ણન (૩) સૂત્રકર્તા (૪) સૂત્રકર્તાની યોગ્યતા (૫) પ્રશ્નકર્તા.

**(૧) तेणं कालेणं तेणं समएणं :–** આ શબ્દો દ્વારા આગમ રચનાના સમય તરફ સંકેત કર્યો છે. આમ તો કાળ અને સમય બંને સમાન અર્થના વાચક છે. બંને પર્યાયવાચી શબ્દો હોવા છતાં શબ્દભેદે અર્થભેદના ન્યાયે બંનેના ભિન્ન–ભિન્ન અર્થ છે. "કાળ" શબ્દ સમુચ્ચય કાળચક્રનો બોધક છે. જ્યારે "સમય" એક નિશ્ચિત સમયનો બોધક છે. અહીં "કાળ" નો અર્થ અવસર્પિણીકાળનો ચોથો આરો છે. માત્ર આટલા કથનથી આગમ વાચનાનો કાળ સ્પષ્ટ થતો નથી. કારણ કે અવસર્પિણીકાળનો ચોથો આરો ૪૨૦૦૦ વર્ષ ન્યૂન (ઓછો) ૧ ક્રોડાક્રોડી (૧ ક્રોડ × ૧ ક્રોડ ) સાગરોપમનો છે. આટલા મોટા આરામાં વર્તમાન આ આગમ વાચના ક્યારે આપવામાં આવી તે નક્કી થતું નથી. તેનો નિશ્ચિત સમય બતાવવા માટે અહીં "સમય" શબ્દનો સૂત્રકારે પ્રયોગ કર્યો છે. જેનો અર્થ થાય કે જે સમયે આર્ય સુધર્મા સ્વામી વિચરણ કરતાં કરતાં ચંપા નગરીમાં પધાર્યા, તે સમયે તેઓએ આર્ય જંબૂસ્વામીને આ આગમની વાચના આપી અર્થાત્ આ આગમવાચના ભગવાન મહાવીરના નિર્વાણ પછીના સમયની છે.

**(૨) वण्णओ :–** વાચનાક્ષેત્ર ચંપા નગરીનું પૂર્ણભદ્ર ચૈત્ય છે. સૂત્રકારે નગર, ચૈત્ય, રાજા, પરિષદ આદિના વિશેષ વર્ણન માટે **वण्णओ** શબ્દ આપી, ઔપપાતિક આદિ આગમો તરફ સંકેત કર્યો છે અર્થાત્ તેનું વિસ્તૃત વર્ણન તે તે સૂત્રોમાંથી જિજ્ઞાસુએ જાણી લેવું.

અહીં પ્રશ્ન ઊઠે કે અંતગડ સૂત્ર અંગ છે જ્યારે ઔપપાતિક ઉપાંગ સૂત્ર છે. અંગસૂત્રો પૂર્વરચિત છે અને ઉપાંગોની પાછળથી રચના થઈ છે, તો પૂર્વરચિત અંતગડદશામાં પાછળથી રચાયેલા ઔપપાતિક સૂત્રનો સંદર્ભ શા માટે આપ્યો ?

વર્તમાને આપણી પાસે જે પણ આગમો છે, તે લિપિબદ્ધકાળનું સંકલન છે. ઉપાંગોની રચનાનો મૂળાધાર અંગસૂત્રો જ છે, એ સત્ય હકીકત છે. તેમ છતાં લિપિબદ્ધ કાળમાં એટલે કે શ્રી દેવર્ધિગણિના સમયે સંકલનકર્તા પૂર્વધર આચાર્યોએ વિષયવસ્તુને વ્યવસ્થિત કરી, જે જે આગમોમાં જેના જેના વર્ણનની જરૂર હોય તેને તે તે આગમોમાં વિસ્તૃતરૂપે રાખી બાકીના બીજા આગમોમાં તેનો સંદર્ભ આપ્યો, જેથી વિસ્તાર અને વિષયવસ્તુની પુનરુક્તિ ન થાય. આમ લિપિબદ્ધ કાળના સંકલન સમયે અંગસૂત્ર અંતગડ દશામાં ઉપાંગ સૂત્ર ઔપપાતિક સૂત્રનો સંદર્ભ અપાયો છે.

**(૩) अज्ज सुहम्मे थेरे :–** આ આગમના પ્રતિપાદક આર્ય સુધર્મા સ્વામી છે. જેમનો જન્મ, વાણિજ્યગ્રામ નગરના કોલ્લાગ સન્નિવેશમાં ધમ્મિલ બ્રાહ્મણ તથા માતા ભદ્દિલાને ત્યાં, વીર નિર્વાણ પૂર્વે ૮૦ વર્ષે થયો હતો. મધ્ય પાવાપુરીના મહાસેન ઉદ્યાનમાં ૫૦ વર્ષની ઉંમરે દીક્ષા ગ્રહી, વીર નિર્વાણ પછી ૧૨ વર્ષ છદ્મસ્થ રહી, આઠ વર્ષની કેવળી પર્યાય પાળી કુલ ૧૦૦ વર્ષની ઉંમરે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

આર્ય સુધર્મા સ્વામીની શરીર સંપદાથી લઈ, આત્મિક યોગ્યતા સુધીનું વર્ણન જ્ઞાતાસૂત્રમાંથી જાણી લેવું. અહીં બે વિશેષણો આપ્યા છે. **अज्ज, थेरे** આર્ય અને સ્થવિર. આર્ય શબ્દપ્રયોગ ઉત્તમ આચાર સંપન્ન, નિરવદ્ય જીવી, નિષ્પાપ જીવનવાળા સંતો તથા સજ્જનો માટે થાય છે. ઉત્તમ કુળ, શીલ,

વ્યવહાર, વ્યાપાર સંપન્ન સદ્‌ગૃહસ્થોને પણ આર્ય કહેવાય છે. સુધર્મા સ્વામી ઉત્તમ જાતિ, કુળાદિઆર્યની સાથે સાથે જ્ઞાનાર્ય, દર્શનાર્ય, ચારિત્રાર્ય પણ હતા. બીજું વિશેષણ છે **थेरे**= સ્થવિર. સ્થવિર એટલે વૃદ્ધ અનુભવી સાધુ. જે પંચાચારમાં સ્વયં સ્થિર છે અને ચતુર્વિધ સંઘને પંચાચારમાં સ્થિર કરવા જે સમર્થ પુરુષ છે તેને સ્થવિર કહેવાય છે. સ્થાનાંગ સૂત્રમાં ત્રણ પ્રકારના સ્થવિર કહ્યા છે– વય સ્થવિર, સૂત્ર સ્થવિર અને પ્રવ્રજ્યા સ્થવિર. સાંઠ (૬૦) વર્ષની ઉંમરવાળાને 'વય સ્થવિર' કહે છે. સ્થાનાંગ, સમવાયાંગ આદિ અંગ સૂત્રોના જ્ઞાતાને 'સૂત્ર સ્થવિર' કહે છે. ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળા સાધુને 'પ્રવ્રજ્યા સ્થવિર' કહે છે. આ ત્રણે અપેક્ષાએ સુધર્મા સ્વામી સ્થવિર હતા.

**अज्ज जंबू** :–આ આગમના પ્રશ્નકર્તા પંચમ ગણધર સુધર્મા સ્વામીના શિષ્ય આર્ય જંબૂસ્વામી હતા.

શંકા (જિજ્ઞાસા) :– અંગ સૂત્રોના કર્તા ગણધર હોય છે તો અંગસૂત્રમાં તે ગણધર સુધર્મા કે જંબૂસ્વામીનું નામ અને વિશેષણો સૂત્ર પ્રારંભમાં કેમ ?

સમાધાનઃ– વર્તમાનમાં ઉપલબ્ધ સૂત્રો દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે થયેલ અંતિમ વાચના રૂપે સંપાદિત થયેલ છે તેના કારણે તે નામો અને તેના બધા વિશેષણો ઉત્થાનિકા સાથે ઉપલબ્ધ થાય છે.

**झाणकोट्ठोवगए** :– આ શબ્દની પૂર્વે ઉત્કુટુક આસનનો સંકેત કરેલ છે. તેથી આ શબ્દનો ભાવાર્થ છે કે ધ્યાનના કોઠામાં રહેલા. તાત્પર્ય એ છે કે સૂત્રોક્ત આસને એકાગ્ર ચિત્તે ચિંતનમાં રહેલા જંબૂસ્વામીને નવા સૂત્રની વાચના પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

## જંબૂસ્વામીની વિનયપ્રતિપત્તિ :–

**२ तए णं से अज्ज जंबू णामं अणगारे जायसड्ढे जायसंसए जायकोउहल्ले, संजायसड्ढे संजायसंसए संजायकोउहल्ले, उप्पण्णसड्ढे उप्पण्णसंसए उप्पण्ण-कोउहल्ले, समुप्पण्णसड्ढे समुप्पण्णसंसए समुप्पण्णकोउहल्ले उट्ठाए उट्ठेइ, उट्ठाए उट्ठित्ता जेणामेव अज्जसुहम्मे थेरे तेणामेव उवागच्छइ, उवागच्छित्ता अज्ज सुहम्मे थेरे तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता अज्जसुहम्मस्स थेरस्स णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहं पंजलिउडे विणएणं पज्जुवासमाणे एवं वयासी–**

**ભાવાર્થ** :– ત્યાર પછી આર્ય જંબૂસ્વામીને તત્ત્વ વિષયક શ્રદ્ધા જિજ્ઞાસા જાગૃત થઈ, સંશય થયો, કુતૂહલ જાગ્યું. વિશેષરૂપથી શ્રદ્ધા થઈ, સંશય થયો, કુતૂહલ જાગ્યું. શ્રદ્ધા–સંસય–કુતૂહલ ઉત્પન્ન થયું, વિશેષરૂપથી શ્રદ્ધા–સંશય અને કુતૂહલ ઉત્પન્ન થયું. ત્યારે તેઓ ઉત્થાન કરી(ઉત્સાહથી) ઊભા થયા. ઊભા થઈને જ્યાં આર્ય સુધર્માસ્વામી હતા ત્યાં આવ્યા. આવીને આર્ય સુધર્મા સ્થવિરને જમણી બાજુથી પ્રારંભીને ત્રણવાર પ્રદક્ષિણા(આવર્તન) કરી વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને સ્થવિર આર્ય

સુધર્મા સ્વામીથી ન અતિ નજીક, ન અતિ દૂર ઉચિત આસન પર સ્થિત થઈને, તેમની સન્મુખ બે હાથ જોડી, વિનયપૂર્વક પર્યુપાસના કરતાં સાંભળવાની ઈચ્છાથી આ પ્રમાણે બોલ્યા–

## વિવેચન :-

અહીં જંબૂસ્વામીના આંતરિક ઉહાપોહને ૧૨ શબ્દોમાં ક્રમશઃ બતાવ્યો છે. ચાર પ્રકારની શ્રદ્ધા, ચાર પ્રકારનો સંશય, ચાર પ્રકારનું કુતૂહલ. આ બધી જ્ઞાનાવરણીય તથા મોહનીય કર્મના ક્ષયોપશમ અને ઉદયની ક્રમિક અવસ્થાઓ છે.

**जाय सड्ढे** :– પૂર્વે સાંભળેલા આગમોના તત્ત્વપ્રતિ શ્રદ્ધા થઈ તથા પ્રભુ હવે જે તત્ત્વ વિષયક ભાવ ફરમાવશે, તે સત્ય જ હશે એવી ભગવાન અને ભગવદ્‌વચન પ્રત્યેની શ્રદ્ધા જાગૃત થઈ. **जाय संसए**– "આઠમા અંગના શું શું ભાવો હશે ? કોનું કોનું વર્ણન હશે ?" આદિ વિષયક જિજ્ઞાસારૂપ સંશય થયો. **जाय कोउहल्ले**– "આર્ય સુધર્મા સ્વામી અંતગડના ભાવો કઈ રીતે કહેશે કે સમજાવશે ? " એવું કુતૂહલ થયું.

**जाय, संजाय, उप्पण्ण, समुप्पण्ण** :– આ ચાર શબ્દોમાં પરસ્પર કાર્યકારણ ભાવ છે અને એનો બીજો અર્થ પ્રવૃતિ પણ થાય છે.પ્રથમ અર્થ પ્રમાણે **उप्पण, समुप्पण्ण** કારણ છે અને **जाय, उप्पण्ण, संजाय, समुप्पण्ण** આ ચારે ય શબ્દો ક્રમશઃ અવગ્રહ, ઈહા, અવાય, ધારણારૂપ પ્રવૃત્તિ વિશેષ છે.

## પ્રભુ મહાવીરની સ્તુતિ :-

**३** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं आइगरेणं, तित्थगरेणं, सयं संबुद्धेणं, पुरिसुत्तमेणं, पुरिससीहेणं, पुरिसवरपुंडरीएणं, पुरिसवर- गंधहत्थिणा, लोगुत्तमेणं लोगणाहेणं, लोगहिएणं, लोगपईवेणं, लोगपज्जोयगरेणं, अभयदएणं, चक्खुदएणं मग्गदएणं, सरणदएणं, जीवदएणं, बोहिदएणं, धम्मदएणं, धम्मदेसएणं, धम्मणायगेणं, धम्मसारहिणा, धम्म वर-चाउरंत-चक्कवट्टिणा, दीवोताणं-सरण-गइ-पइट्ठाणेणं, अपडियहय- वर-णाण-दंसण-धरेणं, वियट्टछउमेणं, जिणेणं, जावएणं, तिण्णेणं, तारएणं, बुद्धेणं, बोहएणं मुत्तेणं, मोयगेणं, सव्वण्णेणं सव्वदरिसिणा, सिव- मयल- मरुय- मणंत-मक्खय-मव्वाबाह मपुणरावत्तयं सिद्धि गइ-णाम धेयं ठाणं संपत्तेणं, सत्तमस्स अंगस्स उवासगदसाणं अयमट्ठे पण्णत्ते, अट्ठमस्स णं भंते ! अंगस्स अंतगडदसाणं समणेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते? एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अट्ठ वग्गा पण्णत्ता ।**

**ભાવાર્થ** :– હે ભંતે ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ જે આદિકર–સર્વજ્ઞતા પ્રાપ્ત થયા પછી

શ્રુતધર્મની આદિ કરનારા, ચાર તીર્થની સ્થાપના કરનાર, સ્વયંબોધને પામેલા, પુરુષોમાં શ્રેષ્ઠ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ કમલ સમાન, પુરુષોમાં શ્રેષ્ઠ ગંધ હસ્તી સમાન, લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકનું હિત કરનાર, લોકમાં દીપક સમાન, લોકમાં પ્રદ્યોત કરનાર, જીવોને અભયદાન દેનારા, જ્ઞાનરૂપી નેત્રના દાતા, મોક્ષમાર્ગના દાતા, શરણદાતા, સંયમરૂપી જીવનદાતા, બોધિબીજ–સમ્યક્ત્વ લાભના દાતા, ધર્મના દાતા, ધર્મના ઉપદેશક, ધર્મના નાયક, ધર્મના સારથી, ચાર ગતિનો અંત કરવામાં શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી, દ્વીપ સમાન રક્ષક, શરણભૂત, ગતિરૂપ અને આધારભૂત, અપ્રતિહત–બાધારહિત, શ્રેષ્ઠ કેવળજ્ઞાન–કેવળ દર્શનના ધારક, છદ્મસ્થ અવસ્થાથી રહિત, રાગદ્વેષના વિજેતા, અન્યને જીતાવનારા, સંસાર સાગરથી તીર્ણ, અન્યને તારનારા, સ્વયં બોધને પામેલા, અન્યને બોધ પમાડનારા, કર્મોથી મુક્ત, અન્યને મુક્ત કરાવનાર, સર્વજ્ઞ, સર્વદર્શી, કલ્યાણ સ્વરૂપ, સ્થિર, રોગરહિત, અંતરહિત, ક્ષયરહિત, બાધારહિત, પુનરાગમનરહિત એવી સિદ્ધ ગતિ નામક સ્થાનને પ્રાપ્ત થયેલા તે પ્રભુએ સાતમા અંગ ઉપાસકદશાંગનો જે અર્થ કહ્યો છે, તે મેં સાંભળ્યો છે. તો પછી આઠમા અંગ અંતગડદશાનો ભગવાને શું અર્થ પ્રરૂપ્યો(કહ્યો) છે ? ત્યારે આર્ય સુધર્મા સ્વામીએ ફરમાવ્યું–જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશા સૂત્રના આઠ વર્ગ કહ્યા છે.

## વિવેચન :–

**વગ્ગા** :– વર્ગ એટલે શાસ્ત્રનો એક વિભાગ, પ્રકરણ અથવા અધ્યયનોનો સમૂહ.

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના **आइगरेणं** થી લઈ **संपत्तेणं** સુધીના બધા જ વિશેષણો જ્ઞાતા ધર્મકથાના પ્રથમ શ્રુત સ્કંધના, પ્રથમ અધ્યયનના પ્રારંભિક સૂત્રોમાંથી પૂર્ણ કરેલ છે. ફરક માત્ર **संपत्तेणं** ની જગ્યાએ ત્યાં **ठाणमुवगएणं** શબ્દ છે. અંતગડના અન્ય સંસ્કરણોમાં અહીં સંક્ષિપ્ત પાઠ ઉપલબ્ધ છે.

## પ્રથમવર્ગના ચરિત્રનાયકો :–

**૪** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अट्ठ वग्गा पण्णत्ता, पढमस्स णं भंते ! वग्गस्स अंतगडदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं कइ अज्झयणा पण्णत्ता ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**गोयम–समुद्द–सागर, गंभीरे चेव होइ थिमिए य ।**
**अयले कंपिल्ले खलु, अक्खोभ–पसेणइ–विण्हू ॥**

**ભાવાર્થ** :– હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ***યાવત્*** મોક્ષને પ્રાપ્ત પ્રભુએ આઠમા અંગ

અંતગડદશાના આઠ વર્ગ પ્રરૂપ્યા છે, તો હે ભગવન્ ! અંતગડદશાના પ્રથમ વર્ગના કેટલા અધ્યયન ફરમાવ્યા છે ?

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાના પ્રથમ વર્ગના દશ અધ્યયન કહ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) ગૌતમ (૨) સમુદ્ર (૩) સાગર (૪) ગંભીર (૫) સ્તિમિત (૬) અચલ (૭) કામ્પિલ્ય (૮) અક્ષોભ (૯) પ્રસેનજિત (૧૦) વિષ્ણુકુમાર.

## વિવેચન :–

**अज्झयणा :–** સૂત્રના અવાંતર વિભાગને અથવા ગ્રંથના એક અંશને અધ્યયન કહે છે. અધ્યયન શબ્દની વ્યાખ્યા એક શ્લોકમાં આ પ્રમાણે છે–

**अज्झापरसायणं कम्माणं, अवचओ उवचियाणं ।**
**अणुवचओ च णवाणं, तम्हा अज्झयणमिच्छंति ॥**

જેનાથી હૃદયને અધ્યાત્મિક શુભ ધ્યાનમાં સ્થિત કરાય છે, જેના દ્વારા પૂર્વસંચિત કર્મો નાશ થાય છે અને નવા કર્મોનો બંધ રોકાય છે, તેને અધ્યયન કહે છે.

## ગૌતમકુમાર :–

**५ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता । पढमस्स णं भंते ! अज्झयणस्स अंतगडदसाणं समणेणं भगवया महावीरेणं जाव संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं बारवई णामं णयरी होत्था । दुवालसजोयणायामा, णव–जोयण–वित्थिण्णा, धणवइ–मइ–णिम्माया, चामीकर–पागारा, णाणामणि पंचवण्ण–कविसीसगमंडिया, सुरम्मा, अलकापुरी–संकासा, पमुदिय–पक्कीलिया पच्चक्खं देवलोगभूया पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**तीसेणं बारवईए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं रेवयए णामं पव्वए होत्था । तत्थणं रेवयए पव्वए णंदणवणे णामं उज्जाणे होत्था । वण्णओ । सुरप्पिए णामं जक्खायतणे होत्था, पोराणे, से णं एगेणं वणसंडेणं सव्वओ समंता संपरिक्खित्ते, असोगवरपायवे ।**

**ભાવાર્થ :–** હે ભંતે ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડદશાના પ્રથમ વર્ગના દસ અધ્યયન ફરમાવ્યા છે. તો પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો ભગવાને શું ભાવ (અર્થ) ફરમાવ્યો છે ?

જંબૂ ! તે કાલે, તે સમયે દ્વારકા નામની નગરી હતી. તે બાર યોજન લાંબી, ૯ યોજન પહોળી, ધનપતિ વૈશ્રમણ દેવ કુબેરની બુદ્ધિ કૌશલ્યથી નિર્મિત(બનાવાયેલી), સુવર્ણ કોટથી યુક્ત, પંચવર્ણા અનેકવિધ મણિઓ જડિત, કાંગરાઓથી સુશોભિત હતી અને કુબેરની નગરી અલકાપુરી જેવી, આમોદ, પ્રમોદ અને ક્રીડાના સ્થાનરૂપ, સાક્ષાત્ દેવલોક સમાન ચિત્તને પ્રસન્ન કરનારી, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતી.

તે દ્વારકા નગરીની બહાર ઉત્તરપૂર્વ (ઈશાન) ખૂણામાં રૈવતક નામનો પર્વત હતો. તે પર્વત પર નંદનવન નામનું ઉદ્યાન હતું. તેનું વર્ણન ઔપપાતિક સૂત્રવત્ જાણવું. તે ઉદ્યાન અનેકવિધ વૃક્ષોના સમુદાયથી યુક્ત હતું. જેની મધ્યમાં એક સુંદર અશોકવૃક્ષ હતું, આ પ્રકારના વનખંડથી ઘેરાયેલું, અતિ પ્રાચીન સૂરપ્રિય નામના યક્ષનું યક્ષાયતન હતું.

## વિવેચન :–

પ્રથમના ચાર સૂત્રો ભૂમિકારૂપે હતા. હવે પાંચમાં સૂત્રથી અંતગડ સૂત્રના કથાવિષયનો પ્રારંભ થાય છે. સૌ પ્રથમ અંતગડ સૂત્રના ચરિત્રનાયક ગૌતમકુમાર છે.

અહીં દ્વારકા નગરી માટે **बारवई** સંસ્કૃત રૂપ **द्वारवती** શબ્દનો પ્રયોગ થયો છે. બારવઈ– દ્વારવતી કે દ્વારકા ત્રણે એક જ નગરીના બોધક છે.

**बारवई**– આ નગરીના દરવાજા અતિશય મોટા–વિશાળ હોવાના કારણે તેનું નામ 'બારવઈ' રાખવામાં આવ્યું તથા બારવઈ એટલે જે નગરીના બાર પતિ હતા. (દશ દશાર્હ તથા બળદેવ અને કૃષ્ણ વાસુદેવ). તેથી પણ તેનું નામ બારવઈ પડ્યું. સમય જતા તે જ બારવઈ "દ્વારકા"ના નામે પ્રસિદ્ધ થઈ.

**दुवालसजोयणायामा**– દ્વારકા નગરી બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી હતી. અહીં યોજનનું માપ "આત્માંગુલથી" સમજવું. દરેક કાળના મનુષ્યોના પોતાના અંગુલને "આત્માંગુલ" કહે છે. અંગુલનું વર્ણન અનુયોગદ્વાર સૂત્રથી સમજવું. ૯૬ અંગુલનો એક ધનુષ થાય. બે હજાર ધનુષનો એક ગાઉ અને ચાર ગાઉનો એક યોજન થાય. ૧૨ યોજન = ૪૮ ગાઉ (૧૪૪ કિ.મી.) લાંબી તથા ૯ યોજન = ૩૬ ગાઉ (૧૦૮ કિ.મી.) પહોળી થાય.

**धणवइ–मइ–णिम्माया :–** દેવ દ્વારા નગરીનું નિર્માણ– જૈન દર્શનમાં ૨૩ ઉત્તમ પદવીમાં બે પદવી પ્રતિવાસુદેવ અને વાસુદેવની પણ છે... તે સમયે જરાસંધ પ્રતિવાસુદેવ હતા અને કૃષ્ણ મહારાજ વાસુદેવ હતા. જરાસંધને નિમિત્તક દ્વારા ખબર પડી કે પોતાનું મૃત્યુ કૃષ્ણના હાથે છે ત્યારે મૃત્યુની મહાસત્તાને જીતવા ત્રિખંડાધિપતિ જરાસંધે કૃષ્ણને મારી નાખવા તથા સમસ્ત યાદવ વંશનો નાશ કરવા સત્તાના અનેક

ક્રૂર ચક્રો ગતિમાન કર્યા. જરાસંધના આવા ક્રૂર આતંકથી સમસ્ત યાદવો ત્રાસી ગયા. કૃષ્ણની "વાસુદેવ" તરીકેની કાળલબ્ધિ ક્ષેત્ર કે સમયથી હજુ પરિપક્વ થઈ ન હતી. તેથી કૌષ્ટુકી નિમિત્તકના નિમિત્તજ્ઞાનના આધારે યાદવો શૌર્યપુર નગર છોડીને સૌરાષ્ટ્રના સમુદ્રતટે પહોંચ્યા, જ્યાં સત્યભામાએ જોડકા પુત્રોને જન્મ આપ્યો. નિમિત્તજ્ઞાન પ્રમાણે તે સમુદ્રતટને નગરી યોગ્ય સુરક્ષિત સ્થાન જાણી, કૃષ્ણ મહારાજે અટ્ઠમતપ આરાધી વૈશ્રમણ કુબેરદેવને પ્રસન્ન કર્યા. કૃષ્ણ મહારાજે નવી નગરી વસાવવાનું નિવેદન કર્યું. ત્યારે ધનપતિ કુબેરે આભિયોગિક દેવોની મદદથી અત્યંત શીઘ્રતાપૂર્વક દિવ્ય દેવબુદ્ધિ દ્વારા(દેવ યોજનાનુસાર) નૂતન નગરીનું નિર્માણ કર્યું.

આ દ્વારકા નગરીને સૂત્રકારે **अलकापुरी संकासा** અર્થાત્ અલકાપુરી સમાન કહી છે. "અલકાપુરી" વૈશ્રમણ કુબેરની નગરીનું નામ છે. તે દેવ નગરી હોવાથી અત્યંત અદ્વિતીય સૌંદર્યયુક્ત છે. કુબેરે પોતાની નગરીની તમામ વિશેષતાઓ દ્વારકા નગરીમાં ઉતારી હતી. એની બનાવટ–સજાવટમાં ક્યાંય ખામી રાખી નહોતી. તેથી જ દ્વારકાને કુબેરની નગરી સાથે સરખાવી કે ઉપમિત કરી છે તે ઉચિત જ છે. **पासाइया** આદિ ચાર વિશેષણોનો અર્થ આ પ્રમાણે કર્યો છે.

(૧) **पासादीया**– હૃદયમાં આનંદ–પ્રમોદ–પ્રસન્નતા ઉત્પન્ન કરે એવી નગરી. (૨) **दरिसणिज्जा**– જે નગરીને જોયા પછી આંખો થાકે નહીં તથા જેને નિરંતર જોવાની ઈચ્છા થયા કરે એવી નગરી. (૩) **अभिरूवा**– જે નગરીની દીવાલો ઉપર રાજહંસ, ચક્રવાક, સારસ, હાથી, મહિષ, મૃગાદિ તથા જળમાં વિચરતાં મગરમચ્છાદિ જલીય પ્રાણીઓના સુંદર ચિત્રો ચિત્રિત કર્યા હોય એવી નગરી. (૪) **पडिरूवा**– જે નગરીને જ્યારે જ્યારે જુઓ ત્યારે તેમાં જોનારને કંઈકને કંઈક નવીનતા પ્રતિભાસિત થાય એવી નગરી.

### શ્રી કૃષ્ણ વાસુદેવની રાજસંપદા :–

**૬ तत्थ णं बारवईए णयरीए कण्हे णामं वासुदेवे राया परिवसइ । रायवण्णओ।**

**से णं तत्थ समुद्दविजयपामोक्खाणं दसण्हं दसाराणं बलदेवपामोक्खाणं पंचण्हं महावीराणं, पज्जुण्णपामोक्खाणं अद्धुट्ठाणं कुमारकोडीणं, संबपामोक्खाणं सट्ठीए दुद्दंतसाहस्सीणं, महासेणपामोक्खाणं छप्पण्णाए बलवग्गसाहस्सीणं वीरसेणपामोक्खाणं एगवीसाए वीरसाहस्सीणं । उग्गसेणपामोक्खाणं सोलसण्हं रायसाहस्सीणं, रुप्पिणी पामोक्खाणं सोलसण्हं देविसाहस्सीणं अणंगसेणा– पामोक्खाणं अणेगाणं गणिया साहस्सीणं, अण्णेसिं च बहूणं, ईसर तलवर माडंबिय– कोडुंबिय इब्भ–सेट्ठिसेणावइ सत्थवाहाणं बारवईए णयरीए अद्धभरहस्स य समंतस्स आहेवच्चं पोरेवच्चं**

**भट्टित्तं सामित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणे पालेमाणे महयाऽऽहय-णट्ट-गीय-वाइयतंती-तल-तालतुडिय-घण-मुयंग-पडुप्पवाइयरवेणं विउलाइं भोगभोगाइं भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે દ્વારકા નગરીમાં કૃષ્ણ નામના વાસુદેવ રાજા રાજ્ય કરતા હતા. રાજવર્ણન ઉવવાઈ સૂત્રાનુસાર જાણવું. તેઓ(કૃષ્ણ મહારાજ)સમુદ્રવિજય પ્રમુખ દશ પૂજ્યજનો, બળદેવ પ્રમુખ પાંચ મહાવીર, પ્રદ્યુમ્નકુમાર પ્રમુખ સાડા ત્રણ કરોડ રાજકુમારો, શાંબકુમાર પ્રમુખ ૬૦ હજાર દુર્દાન્તકુમારો, મહાસેન પ્રમુખ ૫૬ હજાર સેનાપતિઓ, વીરસેન પ્રમુખ એકવીસ હજાર વીરો, ઉગ્રસેન પ્રમુખ ૧૬ હજાર રાજા, રુક્મિણી પ્રમુખા ૧૬ હજાર રાણીઓ, અનંગસેના પ્રમુખા હજારો ગણિકાઓ તથા બીજા અનેક ઐશ્વર્યશાળી તલવર, માડમ્બિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ સાર્થવાહો સહિત દ્વારકા તથા અડધા ભારત વર્ષ પર આધિપત્ય કરતાં આગેવાની, ભર્તૃત્વ, સ્વામિત્વ, મહત્તરત્વ(મોટાઈ) અને આજ્ઞાકારક સેનાપતિત્વ કરતા, પાલન કરતા, કથાનૃત્ય, ગીતનાટ્ય, વાદ્ય, વીણા, કરતાલ, તૂર્ય, મૃદુંગને કુશળ પુરુષો દ્વારા વગાડવામાં આવતી મહાધ્વનિ સહિત વિપુલ ભોગોને માણતા–અનુભવતા વિચરતા હતા.

## વિવેચન :–

આ સૂત્રમાં સૂત્રકારે કૃષ્ણ મહારાજની ત્રણે ખંડની બાહ્ય આભ્યંતર રાજ સંપદાઓનું વર્ણન કર્યું છે. રાજાની સાચી સંપત્તિ તો ઉત્તમ, ગુણવાન, શૌર્યવંતી, ખમીરવંતી તેની પ્રજા જ છે.

**दसण्हं दसाराणं :–** કૃષ્ણ મહારાજ સ્વયં જેમનું માન–સન્માન જાળવતા એવા દશ દશાર્હ (પૂજ્યજનો) તેમની સંપદા હતી. જેના નામ આ પ્રમાણે છે– વૃત્તિકાર અભયદેવ સૂરિના શબ્દોમાં –

**समुद्रविजयोऽक्षोभ्यस्तिमितः सागरस्तथा ।**
**हिमवानचलश्चैव, धरणः पूरणस्तथा ॥१॥**
**अभिचंद्रश्च नवमो वसुदेवश्च वीर्यवान् ।**
**वसुदेवानुजे कन्ये, कुंती मद्री च विश्रुते ॥२॥**
**दश च तेऽर्हश्चि पूज्याः इति दशार्हाः ।**

કૃષ્ણ મહારાજના પિતા વસુદેવ દસ ભાઈઓ હતા. (૧) સમુદ્રવિજય (૨) અક્ષોભ્ય (૩) સ્તિમિત (૪) સાગર (૫) હિમવાન્ (૬) અચલ (૭) ધરણ (૮) પૂરણ (૯) અભિચંદ્ર (૧૦) વસુદેવ. સૌથી મોટા સમુદ્રવિજય અને સૌથી નાના વસુદેવ અને બે બહેનો કુંતી અને માદ્રી હતા.

**પારિવારિક સંપદા :–** ૧૬ હજાર રુક્મિણી આદિ રાણીઓ, કૃષ્ણ મહારાજની પારિવારિક સંપદા હતી.

**બળસંપદા :–** સાડા ત્રણ કરોડ પ્રદ્યુમ્નાદિ કુમારો, ૬૦ હજાર શાંબાદિ દુર્દાન્ત કુમારો, બળદેવાદિ પાંચ મહાવીર, મહાસેનાદિ ૫૬ હજાર સેનાપતિઓ, ઉગ્રસેનાદિ ૧૬ હજાર મુગટબંધી રાજાઓ, વીરસેન પ્રમુખ

૨૧ હજાર વીર પુરુષો આ કૃષ્ણ મહારાજની શૌર્ય (બળ) સંપદા હતી. વીર, મહાવીર, દુર્દાન્ત વગેરે શૌર્ય પ્રદર્શિત કરનારા શબ્દો છે. જેવી રીતે આજે સૈનિકોને વીરચક્ર, મહાવીર ચક્ર, પરમવીર ચક્ર વગેરે ઈલ્કાબ આપવામાં આવે છે. **बलवग्ग** બળ એટલે સૈનિકો અને **वग्ग** એટલે સમૂહ, સૈનિકોના સમૂહને, સૈનિકોની ટૂકડીઓ (રેજિમેન્ટ્સ)ને **बलवग्ग** કહે છે. **बलवग्गसाहस्सीणं** એટલે સૈન્યદળના ઉપરી અર્થાત્ સેનાપતિ.

**નગરસંપદા :–** ઋદ્ધિ ઐશ્વર્ય સંપન્ન અનેક તલવર, સાર્થવાહ આદિ ગરવી પ્રજા, અનંગસેના પ્રમુખા હજારો ગણિકાઓ કૃષ્ણ મહારાજની નગર સંપદા હતી. તદુપરાંત અર્ધભરત ક્ષેત્રની તમામ ઊંચ–નીચ મધ્યમ જનતા પણ નગર સંપદા જ ગણાય.

લવણ સમુદ્રથી ચુલ્લ હિમવંત પર્વત સુધી છ ખંડમાં વિભાજીત અર્ધચંદ્રાકારે ભરતક્ષેત્ર છે. તેની મધ્યમાં વૈતાઢ્ય પર્વત છે. જેના કારણે ભરતક્ષેત્રના બે ભાગ થાય ઉત્તર અને દક્ષિણ. ચુલ્લ હિમવંત પર્વતના પદ્મદ્રહમાંથી નીકળતી ગંગા–સિંધુ નદીના કારણે તેના છ વિભાગ થાય છે. જેને છ ખંડ કહેવાય છે. ચક્રવર્તી ષટ્ખંડાધિપતિ અને વાસુદેવ ત્રિખંડાધિપતિ કહેવાય છે. આમ કૃષ્ણ મહારાજ લવણ સમુદ્રથી વૈતાઢ્ય પર્વત પર્યંતના ત્રણ ખંડનું (૧–૨–૬ ખંડ) આધિપત્ય ભોગવતાં વિચરતા હતા.

આ સમસ્ત બાહ્ય આભ્યંતર સંપદા માત્ર દ્વારકામાં જ નહીં પરંતુ ત્રણે ખંડમાં નિવાસ કરતી હતી. આ સંપદા એક દ્વારકામાં સમાઈ પણ ન શકે.

## ગૌતમકુમારનું પાણિગ્રહણ :–

**૭ तत्थ णं बारवईए णयरीए अंधगवण्ही णामं राया परिवसइ, वण्णओ । तस्स णं अंधगवण्हिस्स रण्णो धारिणी णामं देवी होत्था, वण्णओ । तए णं सा धारिणी देवी अण्णया कयाइं तंसि तारिसगंसि सयणिज्जंसि एवं जहा महब्बले–**

**सुमिणदंसण–कहणा, जम्मं बालत्तणं कलाओ य ।**
**जोव्वण–पाणिग्गहणं, कण्णा वासा य भोगा य ॥**

**णवरं गोयमो णामेणं । अट्ठण्हं रायवरकण्णाणं एगदिवसेणं पाणिं गेण्हावेंति । अट्ठट्ठओ दाओ ।**

**ભાવાર્થ :–** તે દ્વારકા નગરીમાં યાદવોના જ્યેષ્ઠ સ્થાનીય અંધકવૃષ્ણિ રાજા નિવાસ કરતા હતા. તેમનું વર્ણન પૂર્વ સૂત્રવત્ સમજવું. તે અંધકવૃષ્ણિ રાજાને ધારિણી નામની રાણી હતી. તેમનું વર્ણન અન્ય સૂત્રથી જાણવું. રાણી ધારિણીદેવી એકદા ઉત્તમ શય્યામાં સૂતાં હતાં. જેવી રીતે જ્ઞાતાસૂત્રમાં સ્વપ્નદર્શન, કથન, પુત્રજન્મ, તેની બાળલીલા, કળાજ્ઞાન, યૌવન, પાણિગ્રહણ(લગ્ન), રમ્ય પ્રાસાદ એવમ્ ભોગાદિનું વર્ણન મહાબલ કુમારનું છે, તેવી જ રીતે અહીં પણ સમજવું. ફરક માત્ર કુમારનું નામ ગૌતમ પાડવામાં આવ્યું. યોગ્ય વયે તેનું એક જ દિવસે આઠ રાજકન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું અને દહેજમાં આઠ–આઠ પ્રકારની વસ્તુઓ આપી.

## વિવેચન :-

આ સૂત્રમાં ગૌતમકુમારના ગર્ભ આગમનથી વિવાહ તથા વિષય ઉપભોગ સુધીનું સંક્ષિપ્ત વર્ણન છે. વિસ્તૃત વર્ણન માટે મહાબલ કુમારના વર્ણનથી જાણવાની ભલામણ છે. જે અધિકાર ભગવતી સૂત્ર શતક.૧૧, ઉદ્દે.૧૧માં છે.

## ગૌતમકુમારનું અભિનિષ્ક્રમણ :-

**૮ तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठणेमी आइगरे** *जाव* **संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ, चउव्विहा देवा आगया । कण्हे वि णिग्गए । तएणं तस्स गोयम कुमारस्स** *जाव* **जहा मेहे तहा णिग्गए । धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे** *जाव* **जं णवरं देवाणुप्पिया! अम्मापियरो आपुच्छामि तओ पच्छा देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता आगाराओ अणगारियं पव्वयामि । एवं जहा मेहे** *जाव* **तहा गोयमे वि सयमेव पंचमुट्ठियं लोयं करेइ । करित्ता जेणामेव समणे भगवं अरिट्ठणेमी तेणामेव उवागच्छइ । उवागच्छित्ता समणं भगवं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ करित्ता वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**आलित्ते णं भंते! लोए, पलित्ते णं भंते! लोए, आलित्तपलित्ते णं भंते! लोए जराए मरणेण य । से जहा णामए केई गाहावई आगारंसि झियायमाणंसि जे तत्थ भंडे भवइ अप्पभारे मोल्लगुरुए तं गहाय आयाए एगंतं अवक्कमइ, ए स मे णित्थारिए समाणे पच्छा पुरा हियाए सुहाए खमाए णिस्सेसाए आणुगामियत्ताए भविस्सइ । एवामेव मम वि एगे आया भंडे इट्ठे कंते पिए मणुण्णे मणामे, एस मे णित्थारिए समाणे संसारवोच्छेयकरे भविस्सइ । तं इच्छामि णं देवाणुप्पियाहिं सयमेव पव्वावियं, सयमेव मुंडावियं, सेहावियं, सिक्खावियं, सयमेव आयार– गोयर–विणय–वेणइय–चरण–करण–जाया–मायावत्तियं धम्ममाइक्खियं ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ધર્મના પ્રવર્તક અર્હંત અરિષ્ટનેમિ ભગવાન સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરણ કરી રહ્યા હતા. દ્વારકાનગરીના સમવસરણમાં ચાર પ્રકારના દેવો ઉપસ્થિત થયા. કૃષ્ણ વાસુદેવ પણ ત્યાં આવ્યા. ત્યારે ગૌતમકુમાર પણ મેઘકુમારની જેમ દર્શન કરવા નીકળ્યા. ભગવાન અરિષ્ટનેમિના દર્શનાર્થે આવેલા ગૌતમકુમારે પણ ધર્મશ્રવણ કર્યું.

દેશના સાંભળ્યા બાદ ગૌતમકુમાર બોલ્યા, "હે દેવાનુપ્રિય ! હું મારા માતાપિતાની આજ્ઞા પ્રાપ્ત

કરી આપની પાસે દીક્ષા ગ્રહણ કરીશ."

જે પ્રકારે ભગવાન મહાવીર સ્વામી પાસે મેઘકુમાર દીક્ષિત થયા હતા તે જ પ્રકારે ગૌતમકુમાર પણ લોચ કરીને જ્યાં અરિષ્ટનેમિ ભગવાન હતા ત્યાં આવ્યા અને શ્રમણ ભગવાન અરિષ્ટનેમિને ત્રણવાર વિધિપૂર્વક વંદના–નમસ્કાર કર્યા અને બોલ્યા–

ભગવંત ! આ સંસાર જરા મૃત્યુ રૂપ અગ્નિથી આદીપ્ત છે, પ્રદીપ્ત છે. જેમ કોઈ ગાથાપતિના ઘરમાં અચાનક આગ લાગતાં ઘરનો સ્વામી અલ્પ વજનવાળી અને બહુમૂલ્યવાળી વસ્તુઓને ગ્રહણ કરીને પોતે એક બાજુ ચાલ્યા જાય છે. તે વિચારે છે કે– "આગમાંથી બચાવેલી વસ્તુ મારા માટે આગળ, પાછળ હિતકારી, સુખકારી કે સામર્થ્યકારી તેમજ કલ્યાણકારી થશે અને ભવિષ્યમાં ઉપભોગમાં ઉપયોગી થશે. તેમ જરા મરણની અગ્નિમાં માનવ જીવન ભસ્મ થાય તે પહેલા હું મારા આત્માને તેમાંથી બચાવી લઉં, કારણ કે મારો આત્મા મને ઈષ્ટ છે, કાંત છે, પ્રિય છે, મનોજ્ઞ અને અતિશય મનોહર છે. જેના દ્વારા જન્મ મરણ રૂપ સંસારનો ઉચ્છેદ કરી શકું." તેથી જ હું એમ ઈચ્છું છું કે દેવાનુપ્રિય ! આપ સ્વયં જ મને પ્રવ્રજ્યા આપો. મુનિવેશ મને પ્રદાન કરો. આપ સ્વયં જ મને મુંડિત કરી, મારો લોચ કરો, સ્વયં જ પ્રતિલેખન આદિ શીખવો, આપ સ્વયં જ સૂત્ર અને અર્થ પ્રદાન કરીને શિક્ષા આપો, આપ સ્વયં જ જ્ઞાનાદિક આચાર, ગોચર, વિનય, વૈનયિક, ચરણ સત્તરી, કરણસત્તરી, સંયમયાત્રા અને માત્રાદિરૂપ ધર્મનું પ્રરૂપણ કરો.

**ગૌતમ અણગાર :–**

**९ तए णं समणे भगवं अरिट्ठणेमी सयमेव पव्वावेइ** *जाव* **धम्ममाइक्खइ एवं देवाणुप्पिया ! गंतव्वं चिट्ठियव्वं णिसीयव्वं तुयट्टियव्वं भुंजियव्वं भासियव्वं, एवं उट्ठाए उट्ठाय पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमेणं संजमियव्वं, अस्सिं च णं अट्ठे णो पमाएयव्वं ।**

**तए णं से गोयमेकुमारे समणस्स भगवओ अरिट्ठणेमिस्स अंतिए इमं एयारूवं धम्मियं उवएसं सोच्चा णिसम्म सम्मं पडिवज्जइ । तमाणाए तह गच्छइ, तह चिट्ठइ, तह णिसीयइ, तह तुयट्टइ, तह भुंजइ, तह भासइ, तह उट्ठाए उट्ठाय पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमइ तए णं से गोयमे अणगारे जाए– इरियासमिए** *जाव* **इणमेव णिग्गंथं पावयणं पुरओ काउं विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન અરિષ્ટનેમિએ ગૌતમકુમારને સ્વયં જ પ્રવ્રજ્યા આપી અને સ્વયં જ આચાર ગોચર આદિ ધર્મની શિક્ષા આપીને કહ્યું કે હે દેવાનુપ્રિય ! આ પ્રમાણે પૃથ્વી પર યુગ્મ માત્ર દૃષ્ટિ રાખીને ચાલવું જોઈએ. આ પ્રમાણે–નિર્જીવ ભૂમિ પર ઊભા રહેવું. ભૂમિને પ્રમાર્જન કરીને

બેસવું જોઈએ. શરીરની પ્રમાર્જના કરી, શયન કરવું જોઈએ.

નિર્દોષ આહાર કરવો, હિત–મિત અને મધુર બોલવું જોઈએ. આ પ્રમાણે અપ્રમત્ત અને સાવધાન બનીને પ્રાણી(વિકલેન્દ્રિય), ભૂત(વનસ્પતિકાય), જીવ(પંચેન્દ્રિય)અને સત્ત્વ(શેષ ચાર એકેન્દ્રિય)ની રક્ષા કરીને સંયમનું પાલન કરવું જોઈએ. આ વિષયમાં લેશમાત્ર પણ પ્રમાદ કરવો ન જોઈએ.

ત્યાર પછી ગૌતમકુમાર મુનિએ ભગવાન અરિષ્ટનેમિની સમીપે આ પ્રમાણેનો ધર્મોપદેશ સાંભળી, હૃદયમાં ધારણ કરી સમ્યક્ પ્રકારે અંગીકાર કર્યો. તેઓ ભગવાનની આજ્ઞાનુસાર ગમન કરતા, ઊભા રહેતા, બેસતા, શયન કરતા, આહાર કરતા એવં મધુર ભાષણ કરતા, પ્રમાદ અને નિદ્રાનો ત્યાગ કરી, પ્રાણી–ભૂત–જીવ–સત્ત્વની રક્ષા કરતાં સંયમની આરાધના કરવા લાગ્યા. આમ અણગાર બન્યા પછી ગૌતમકુમાર મુનિ નિર્ગ્રંથ પ્રવચનને સન્મુખ રાખીને ભગવાનની આજ્ઞાનું પાલન કરતાં વિચરણ કરવા લાગ્યા.

## તપ સંયમ પૂર્વક વિચરણ :–

**१० तए णं से गोयमे अण्णया कयाइं अरहओ अरिट्ठणेमिस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइ अहिज्जइ अहिज्जित्ता बहूहिं चउत्थ छट्ठट्ठम–दसम–दुवालसेहिं मासद्धमासखमणेहिं विविहेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे विहरइ । तए णं अरहा अरिट्ठणेमी अण्णया कयाइं बारवईओ णयरीओ णंदणवणाओ पडिणिक्खमइ, बहिया जणवयविहारं विहरइ ।**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથ પ્રવચનને સર્વસ્વ સમર્પિત ગૌતમ અણગારે અન્યદા કોઈ સમયે અર્હત્ અરિષ્ટનેમિ પ્રભુના તથારૂપ સ્થવિર ભગવંત પાસે સામાયિક આદિ અગિયાર અંગોનો વિનયપૂર્વક અભ્યાસ કર્યો. જ્ઞાનાભ્યાસ સાથે ઉપવાસ, છઠ, અઠ્ઠમ, ચોલા, પંચોલા, માસખમણ, અર્ધમાસખમણાદિ અનેકવિધ તપસાધનાથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી અર્હત્ અરિષ્ટનેમિ કોઈ એક સમયે દ્વારિકા નગરીના નંદનવનથી વિહાર કરી બાહ્ય જનપદોમાં વિચરવા લાગ્યા.

## વિવેચન :–

ધર્મકથાનુયોગમાં વર્ણિત જીવન ચરિત્રોમાં પ્રત્યેક સાધકના બે મહત્વપૂર્ણ પાસાઓ તરફ સૂત્રકારે સંકેત કર્યો છે. (૧) સાધકનો અભ્યાસ (૨) સાધકની તપસાધના. તેથી પ્રાચીન કાલીન શ્રમણ સંસ્કૃતિની આચારસંહિતાનું સુંદર દર્શન થાય છે કે સાધક જીવનના મુખ્ય બે જ લક્ષ હતા અને હોવા જોઈએ. તે છે જ્ઞાન–ધ્યાન અને તપ–ત્યાગ.

આ સૂત્રમાં ગૌતમ અણગારની બાહ્ય, આભ્યંતર આરાધનાનું વર્ણન કરવામાં આવ્યું છે.

આભ્યંતર તપસાધનામાં સ્વાધ્યાય અને ધ્યાનનું વિશિષ્ટ સ્થાન છે. ગૌતમ અણગારે તથારૂપ સ્થવિર ભગવંતના સાંનિધ્યે વિનયપૂર્વક પાયાનું જ્ઞાન સામાયિકથી લઈ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ચિંતન અને મનન દ્વારા સમસ્ત જ્ઞાનને ધારણામાં ઢાળી દીધું અને બાહ્ય તપસાધનામાં ઉપવાસથી લઈ માસખમણ, અર્ધમાસખમણાદિ અનેકવિધ તપ દ્વારા આત્માના અણુએ અણુને રંગી દીધા.

**सामाइयमाइयाइं :–** અહીં સામાયિક શબ્દથી આવશ્યક સૂત્રનું પ્રથમ અધ્યયન લેવાનું છે અર્થાત્ ગૌતમ અણગારે આવશ્યક સૂત્રથી ૧૧ મા અંગ વિપાક સૂત્ર સુધીના અંગસૂત્રોનું અધ્યયન કર્યું.

પ્રશ્ન :– અહીં પ્રશ્ન થાય કે ગૌતમ અણગારે જે અગિયાર અંગોનો અભ્યાસ કર્યો, તેમાં આઠમા અંગ અંતગડ સૂત્રનો અભ્યાસ પણ કર્યો. અંતગડ સૂત્રનું પહેલું અધ્યયન ગૌતમકુમારનું છે. તો શું તેઓએ પોતાની જ જીવન સાધનાનો અભ્યાસ કર્યો ?

સમાધાન :– આ અંતગડ સૂત્ર પ્રભુ મહાવીર સ્વામીની વાચનાનું આઠમું અંગ છે અને ગૌતમ અણગારે જે અંતગડનો અભ્યાસ કર્યો તે તત્કાલિન અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની વાચનાના અંતગડ સૂત્રનો અભ્યાસ કર્યો હતો. વસ્તુતઃ પ્રત્યેક તીર્થંકરના શાસનમાં અનેક વાચનાઓ થાય છે. તેમાં દરેક વાચનામાં શિક્ષારૂપ પ્રયોજન, કથન કરવાયોગ્ય ભાવો એક સમાન જ હોય છે. માત્ર જીવનના (ચારિત્રના)નાયક ભિન્ન ભિન્ન હોય છે.

## ગૌતમકુમારનું સિદ્ધિગમન :–

**૧૧ तए णं से गोयमे अणगारे अण्णया कयाइ जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे मासियं भिक्खुपडिमं उवसंपज्जित्ताणं विहरित्तए । एवं जहा खंदओ तहा बारस भिक्खुपडिमाओ फासेइ । गुणरयणं पि तवोकम्मं तहेव फासेइ णिरवसेसं । जहा खंदओ तहा चिंतेइ, तहा आपुच्छइ, तहा थेरेहिं सद्धिं सेत्तुंजं दुरूहइ, बारस वरिसाइं परियाए मासियाए संलेहणाए अप्पाणं झोसेइ, झोसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेइ, छेदित्ता जस्सट्ठाए कीरइ णग्गभावे मुंडभावे, केसलोए, बंभचेरवासे, अण्हाणगं, अदंतवणयं अच्छत्तयं, अणुवाहणयं, भूमिसेज्जाओ, फलगसेज्जाओ, कट्ठ सेज्जाओ परघरप्पवेसे, लद्धावलद्धाइं माणावमाणाइं, परेसिं हीलणाओ, णिंदणाओ, खिंसणाओ, तालणाओ, गरहणाओ, उच्चावया**

**विरूवरूवा गामकंटगा बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति, तमट्ठं आराहेइ, चरिमेहिं उस्सास णिस्सासेहिं सिद्धे बुद्धे मुत्ते परिणिव्वुडे सव्वदुक्खपहीणे ।**

**ભાવાર્થ :–** અન્યદા એક સમયે ગૌતમ અણગાર અરિહંત અરિષ્ટનેમિ પ્રભુ સમીપે પધાર્યા. અરિષ્ટનેમિ પ્રભુને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરી વિનયપૂર્વક આ પ્રમાણે બોલ્યા– હે પ્રભો ! હું આપની અનુજ્ઞા હોય તો પ્રથમ માસિકી ભિક્ષુપ્રતિમા અંગીકાર કરવા ઈચ્છું છું. ભગવાનની અનુજ્ઞા પામીને ખંધક અણગારની જેમ બાર ભિક્ષુ પ્રતિમાઓનું પાલન કરી, "ગુણરત્ન સંવત્સર" તપનું આરાધન કર્યું. શેષ ખંધક અણગારની જેમ ચિંતન, મનન કરી, અરિષ્ટનેમિ પ્રભુ સમીપે પૃચ્છા કરી, તથારૂપ સ્થવિર મુનિઓ સાથે શત્રુંજય પર્વત પર આરોહણ કર્યું. પૃથ્વી શિલાપટ્ટકની પ્રતિલેખના પ્રમાર્જના કરી વિધિપૂર્વક સંલેખના વ્રત અંગીકાર કર્યું. બાર વર્ષની સંયમ પર્યાય પાળી, આહારની અભિલાષાથી સર્વથા રહિત થઈ એક માસની સંલેખના દ્વારા આત્માને આરાધિત કર્યો, કરીને સાંઠ(૬૦)ભક્ત(ભોજન)નો પરિત્યાગ કર્યો, કરીને જે અર્થ–પ્રયોજન માટે નગ્નભાવ–સાધુવૃત્તિ–મુંડભાવ–દ્રવ્યથી શિરમુંડન અને ભાવથી પરિગ્રહત્યાગ, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, અસ્નાનભાવ, અછત્રક–છત્રનો પ્રયોગ ન કરવો, ઉપાનહ–જૂતા–ચપ્પલનો ત્યાગ, ભૂમિશયન, ફલક (પાટીયું)શયન, પરઘર પ્રવેશ–ગોચરી અર્થે બીજાના ઘરોમાં જવું, લાભાલાભ, માનાપમાન, હીલના, નિંદા, ખિંસના–ગુપ્ત રહસ્ય પ્રગટ કરવું, તાડના, ગર્હા, ઊંચ–નીચ અનેક પ્રકારના ૨૨ પરીષહો, ઈન્દ્રિયોના દુઃખદાયક ઉપસર્ગોને સહન કરતા હતા, તે અર્થ–પ્રયોજનને સિદ્ધ કર્યું અને અંતિમ શ્વાસોચ્છ્વાસ દ્વારા આઠે કર્મોનો ક્ષય કરી ગૌતમ અણગાર સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિર્વાણ એટલે કે સર્વ સંતાપોથી રહિત થઈ અને સર્વ દુઃખોનો અંત કરી સિદ્ધગતિને પામ્યા.

## વિવેચન :–

આ સૂત્રમાં ગૌતમ અણગારના સંયમી જીવનની ઉચ્ચતમ વિશિષ્ટ તપ સાધનાનું અને તેમની અંતિમ સાધના સંલેખનાનું તથા સિદ્ધ ગતિને પામ્યાનું વર્ણન છે.

**मासियं भिक्खु पडिमं :–** ગૌતમ અણગારે માસિકી આદિ બાર ભિક્ષુ પ્રતિમાઓનું વહન કર્યું. સાધુના અભિગ્રહ વિશેષને ભિક્ષુ પ્રતિમા કહે છે. શારીરિક સંસ્કાર અને દેહ મમત્વનો ત્યાગ કરી, પ્રતિમાધારી સાધક, દેવ–મનુષ્ય–તિર્યંચ સંબંધી ઉપસર્ગોને સહન કરતાં અભિગ્રહ વિશેષનું પાલન કરે છે. પ્રથમની સાત ભિક્ષુ પ્રતિમા એક એક મહિનાની છે.

પ્રથમ ભિક્ષુ પ્રતિમામાં એક દત્તિ આહાર અને એક દત્તિ પાણીની આમ ક્રમશઃ એક એક દત્તિ આહાર–પાણીની વધારતાં સાતમી પ્રતિમામાં સાત દત્તિ આહારની અને સાત દત્તિ પાણીની ગ્રહણ કરવામાં આવે છે. દાતા દ્વારા દેવાતી અતૂટ ધારાને દત્તિ કહે છે. સાત પ્રતિમાના સાત મહિના થાય. આઠમી, નવમી, દશમી આ ત્રણ પ્રતિમા ૭–૭ અહોરાત્રની એટલે કુલ ૨૧ અહોરાત્રની છે. તેમાં

ઉપવાસના પારણે ઉપવાસ કરવો જરૂરી હોય છે. અગિયારમી ભિક્ષુ પ્રતિમા એક અહોરાત્રની છઠ તપ સાથે તથા બારમી ભિક્ષુ પ્રતિમા માત્ર એક રાત્રિની અઠ્ઠમ તપ સાથે વહન કરવામાં આવે છે. ભિક્ષુ પ્રતિમાઓનું વિસ્તૃત વર્ણન ભગવતી સૂત્રમાં ખંધક અણગારના અધ્યયનમાં અથવા દશાશ્રુતસ્કંધની ૭મી દશા પ્રમાણે સમજી લેવું.

**गुण रयणंपि तवोकम्मं**– આ તપ સોળ મહિનાનું છે. (૧ વર્ષ ૪ મહિના). પ્રથમ મહિનામાં એકાંતર ઉપવાસ, બીજામાં છઠના પારણે છઠ, ત્રીજા મહિનામાં અઠ્ઠમના પારણે અઠ્ઠમ આમ પ્રત્યેક મહિને એક એક ઉપવાસ ક્રમશઃ વધતા સોળમાં મહિને ૧૬ ઉપવાસના પારણે સોળ ઉપવાસની ઉત્કૃષ્ટ સાધનાને "ગુણરત્ન સંવત્સર તપ" કહે છે. ગૌતમ અણગારે ખંધક અણગારની જેમ આ તપની આરાધના કરી– જેનું યંત્ર આ પ્રમાણે છે–

## ગુણરત્નસંવત્સર તપનું યંત્ર

| તપ દિન | | પારણા દિન |
|---|---|---|
| ૩૨ | ૧૬ ૧૬ | ૨ |
| ૩૦ | ૧૫ ૧૫ | ૨ |
| ૨૮ | ૧૪ ૧૪ | ૨ |
| ૨૬ | ૧૩ ૧૩ | ૨ |
| ૨૪ | ૧૨ ૧૨ | ૨ |
| ૩૩ | ૧૧ ૧૧ ૧૧ | ૩ |
| ૩૦ | ૧૦ ૧૦ ૧૦ | ૩ |
| ૨૭ | ૯ ૯ ૯ | ૩ |
| ૨૪ | ૮ ૮ ૮ | ૩ |
| ૨૧ | ૭ ૭ ૭ | ૩ |
| ૨૪ | ૬ ૬ ૬ ૬ | ૪ |
| ૨૫ | ૫ ૫ ૫ ૫ ૫ | ૫ |
| ૨૪ | ૪ ૪ ૪ ૪ ૪ ૪ | ૬ |
| ૨૪ | ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ ૩ | ૮ |
| ૨૦ | ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ ૨ | ૧૦ |
| ૧૫ | ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ | ૧૫ |

**આ તપની વિશેષ જાણકારી શ્રી ભગવતી સૂત્રના શતક–૨, ઉદ્દેશા–૧ માં વર્ણિત ખંધક અણગારના**

અધિકારથી સમજી લેવી. ભિક્ષુ પડિમાનું સંપૂર્ણ વર્ણન દશાશ્રુત સ્કંધ સૂત્રથી સમજવું જોઈએ.

**અધ્યયન સમાપ્તિ :–**

**१३ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડદશાંગ સૂત્રના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો, આ અર્થ કહ્યો છે–પ્રરૂપ્યો છે.

**॥ વર્ગ–૧ : અધ્ય.–૧ સંપૂર્ણ ॥**

# પ્રથમ વર્ગ

## અધ્યયન–૨ થી ૧૦ : સમુદ્રાદિકુમારો

**પ્રથમવર્ગના શેષ અધ્યયનો :–**

**१** **एवं जहा गोयमे तहा सेसा । अंधग वण्ही पिया, धारिणी माया, समुद्दे, सागरे, गंभीरे, थिमिए, अयले, कंपिल्ले, अक्खोभे, पसेणई, विण्हुए, एए एगगमा ।**

**ભાવાર્થ :–** આર્ય સુધર્મા સ્વામીએ પોતાના શિષ્ય જંબૂસ્વામીને કહ્યું– જંબૂ ! મોક્ષ પ્રાપ્ત ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડ સૂત્રના પ્રથમ વર્ગમાં ગૌતમકુમારનો જે અર્થ (વર્ણન)કહ્યો છે, એવી જ રીતે શેષ નવ અધ્યયનનો અર્થ પણ સમજી લેવો. સર્વના માતા ધારિણી અને પિતા અંધકવૃષ્ણિરાજા હતા. તેઓનો જીવનકાળ, સંયમ પર્યાય, તપસાધના, અંતિમસાધના, સિદ્ધિગમન બધું જ પૂર્વવત્ સમજવું. અંતર માત્ર નામનું છે, તે નવ નામ આ પ્રમાણે–

(૧) સમુદ્ર (૨) સાગર (૩) ગંભીર (૪) સ્તિમિત (૫) અચલ (૬) કાંપિલ્ય (૭) અક્ષોભ (૮) પ્રસેનજિત (૯) વિષ્ણુ.

**॥ વર્ગ–૧ : અધ્ય.–૨ થી ૧૦ સંપૂર્ણ ॥**

# બીજો વર્ગ

## અધ્યયન – ૧ થી ૮ : અક્ષોભાદિ

**અક્ષોભ આદિ આઠ ભાઈઓની મુક્તિ :–**

**૧** जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! वग्गस्स अंतगडदसाणं समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं कइ अज्झयणा पण्णत्ता ?

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं दोच्चस्स वग्गस्स अट्ठ अज्झयणा पण्णत्ता ।

अक्खोभ सागर खलु, समुद्द हिमवंत अचल णामे य ।

धरणे य पूरणे वि य, अभिचंदे चेव अट्ठमए ॥

तेणं कालेणं तेणं समएणं बारवई णामं णयरी होत्था । वण्ही पिया । धारिणी माया । जहा पढमो वग्गो तहा सव्वे अट्ठ अज्झयणा । गुणरयणं तवोकम्मं। सोलसवासाइं परिआओ । सेत्तुंजे मासियाए संलेहणाए सिद्धा ।

**ભાવાર્થ :–** આર્ય જંબૂસ્વામીનો પ્રશ્ન– હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડસૂત્રના પ્રથમ વર્ગનો આ અર્થ કહ્યો છે, તો હે ભંતે ! અંતગડસૂત્રના બીજા વર્ગનો ભગવાને શું અર્થ ફરમાવ્યો છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડસૂત્રના બીજા વર્ગનાં આઠ અધ્યયન ફરમાવ્યા છે– (૧) અક્ષોભ (૨) સાગર (૩) સમુદ્ર (૪) હિમવંત (૫) અચલ (૬) ધરણ (૭) પૂરણ (૮) અભિચંદ્ર.

તે કાલે તે સમયે દ્વારકા નામની નગરી હતી. ત્યાં આઠે ય કુમારોના પિતા વૃષ્ણિ અને માતા ધારિણી હતાં. તે આઠે ય કુમારોનું વર્ણન પ્રથમ વર્ગ સમાન જ સમજવાનું છે. બાર ભિક્ષુ પ્રતિમાનું વહન, ગુણરત્ન સંવત્સર તપની આરાધના, ૧૧ અંગનો અભ્યાસ. તફાવત માત્ર ૧૬ વર્ષની સંયમ પર્યાય પાળી શત્રુંજય પર્વત પર એક માસની સંલેખના દ્વારા આઠે કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિને પામ્યા.

## વિવેચન :-

આઠે ય કુમારોના પિતા અંધકવૃષ્ણિ અને માતા ધારિણી હતા. અન્ય ગ્રંથોમાં આઠ કુમારોની માતાનું નામ સુભદ્રા આવે છે. તદનુસાર પ્રથમ અને દ્વિતીય વર્ગના ૧૮ કુમારોના પિતા એક જ હતા અને માતા બંને વર્ગના કુમારોના ભિન્ન હતા. બંને વર્ગમાં કેટલાક નામો સરખા જ આવે છે. સગાભાઈઓના નામ એક સરખા ન હોઈ શકે અથવા પ્રાચીન કાળમાં ભાઈઓના નામ એક સરખા રાખવામાં આવતા અને માત્ર પાછળથી અક્ષરો અલગ અલગ રહેતા. જેવી રીતે ધનપાલ, ધનદેવ, ધનરક્ષિત, ધનદત્ત વગેરે. કાળક્રમે લિપિબદ્ધ કાળમાં ગમે તે કારણોસર પાછળના અલગ પડતા શબ્દો લિપિબદ્ધ ન થયા હોય આ ઐતિહાસિક વિષય સંશોધનીય છે.

પહેલા વર્ગના મૂળપાઠમાં પિતાનું નામ અંધકવૃષ્ણિ છે તો બીજા વર્ગના મૂળપાઠમાં માત્ર 'વૃષ્ણિ' એટલું જ પિતાનું નામ છે. એ પણ વિચારણીય છે.

**॥ વર્ગ–ર : અધ્ય.–૧ થી ૮ સંપૂર્ણ ॥**

# ત્રીજો વર્ગ

## અધ્યયન – ૧ થી ૬ : અનીયસાદિકુમારો

**અધ્યયન પ્રારંભ :–**

**૧** तच्चस्स उक्खेवओ ।

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स तेरस अज्झयणा पण्णत्ता, तं जहा– अणीयसे, अणंतसेणे, अणिहय, विऊ, देवजसे, सत्तुसेणे, सारणे, गए , सुमुहे, दुम्मुहे, कूवए, दारुए, अणादिट्ठी ।**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स तेरस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** ત્રીજા વર્ગનો પ્રારંભ પૂર્વવત્ જાણવો.

હે જંબૂ ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડ સૂત્રના ત્રીજા વર્ગનાં તેર અધ્યયન પ્રરૂપ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) અનીયસકુમાર (૨) અનંતસેનકુમાર (૩) અનિહતકુમાર (૪) વિદ્વત્કુમાર (૫) દેવયશકુમાર(૬) શત્રુસેનકુમાર (૭) સારણકુમાર (૮) ગજસુકુમાર (૯) સુમુખકુમાર (૧૦) દુર્મુખકુમાર (૧૧) કૂપકકુમાર (૧૨) દારુકકુમાર (૧૩) અનાદષ્ટિકુમાર.

હે ભગવન્ ! પ્રભુએ અંતગડસૂત્રના ત્રીજા વર્ગના તેર અધ્યયન ફરમાવ્યા છે, તો પ્રથમ અધ્યયનનો શું અર્થ ફરમાવ્યો છે ?

**વિવેચન :–**

આ વર્ગમાં કૃષ્ણ મહારાજના દસ ભાઈ તથા ત્રણ ભત્રીજાનું વર્ણન છે. સુમુખ, દુમુખ તથા કૂપક કુમાર કૃષ્ણ મહારાજના ભત્રીજા થાય એ સિવાયના બધા ભાઈ હતા.

**નાગ ગાથાપતિના અનીયસાદિ પુત્રો :-**

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं भद्दिलपुरे णामं णयरे होत्था । वण्णओ । तस्स णं भद्दिलपुरस्स णयरस्स उत्तरपुरत्थिमे दिसिभाए सिरिवणे णामं उज्जाणे होत्था । वण्णओ । जियसत्तू राया । तत्थ णं भद्दिलपुरे णयरे णागे णामं गाहावई होत्था । अड्ढे दित्ते, वित्थिण्ण-विउल-भवण-सयणासण-जाण-वाहणाइण्णे, बहुधण-बहुजायरूव-रयए, आओगप्प-ओगसंपउत्ते विच्छिड्डिय-विउल-भत्तपाणे, बहुदासी-दास-गो-महिस-गवेलगप्पभूए बहुजणस्स अपरिभूए । तस्स णं णागस्स गाहावइस्स सुलसा णामं भारिया होत्था । सुकुमाल-पाणि-पाया, अहीण-पडिपुण्ण- पंचिंदिय-सरीरा लक्खणवंजण-गुणोववेआ माणुम्माणप्पमाण- पडिपुण्णसुजाय-सव्वंगसुंदरंगी ससि-सोमाकार-कंत-पिय-दंसणा सुरूवा ।**

**ભાવાર્થ :-** સુધર્મા સ્વામી બોલ્યા– હે જંબૂ ! તે કાલે, તે સમયે ભદ્દિલપુર નામનું નગર હતું. તે ભદ્દિલપુર નગરની ઉત્તરપૂર્વ દિશામાં(ઈશાનખૂણામાં) શ્રીવન નામનું ઉદ્યાન હતું. બંનેનું વર્ણન પૂર્વવત્ સમજવું. જિતશત્રુ રાજા હતા અને તે ભદ્દિલપુર નગરમાં નાગ નામના ગાથાપતિ રહેતા હતા. તે ગાથાપતિ ઋદ્ધિસંપન્ન–ધનવાન, તેજસ્વી, વિસ્તૃત(વિશાળ), વિપુલ ભવનો–શય્યાઓ, આસનો, યાન, વાહન આદિથી સંપન્ન હતા. સુવર્ણ રજત આદિ ધનની બહુલતા યુક્ત હતા, તેઓ અર્થલાભ માટે ધનના આદાન–પ્રદાન રૂપ પ્રયોગ કરતા હતા. ભોજન પશ્ચાત્ પણ તેમને ત્યાં વિપુલ પ્રમાણમાં ભોજન બચતું. અનેક દાસ, દાસીઓ તથા ગાય, ભેંસ, બકરી આદિ અનેક પશુધનથી સંપન્ન નાગગાથાપતિનું ઘર હતું. આમ કોઈનાથી પણ પરાભવ ન પામે એવા તેજસ્વી જીવનધનના સ્વામી હતા. તે નાગ ગાથાપતિને સુલસા નામના પત્ની હતાં. જેઓ સુકોમળ હાથપગ સંપન્ન, પાંચે ઈન્દ્રિયોથી પરિપૂર્ણ, લક્ષણ વ્યંજન યુક્ત શરીર સંપન્ન, ગુણવાન, માપ, ભાર(વજન), આકારથી પરિપૂર્ણ, સર્વાંગ સુંદર, ચંદ્રસમાન સૌમ્ય, કાન્ત, પ્રિય, દર્શનીય રૂપયુક્ત હતાં.

**વિવેચન :-**

કોઈ પણ વ્યક્તિના જીવન કથન દરમ્યાન તત્કાલીન નગર–ઉદ્યાન–માતા પિતાનું વર્ણન પ્રથમ કરવામાં આવે છે. આ એક પ્રાચીન કથનશૈલી છે. અહીં પણ અનીયસકુમારના વર્ણન પૂર્વે તેઓ જ્યાં મોટા થયા, દીક્ષિત થયા તે નગરી, ઉદ્યાન તથા માતા પિતાનો સવિસ્તૃત પરિચય સૂત્રકારે પ્રથમ આપ્યો છે. જે સૂત્ર અને ભાવાર્થથી સ્પષ્ટ છે. વિશેષ જાણકારી ઉવવાઈ સૂત્રમાંથી મેળવી લેવી.

**સુખદ બાલ્યાવસ્થા :-**

**३ तस्स णं णागस्स गाहावइस्स पुत्ते सुलसाए भारियाए अत्तए अणीयसे**

**णामं कुमारे होत्था । सुकुमाले** *जाव* **सुरूवे पंचधाईपरिक्खित्ते तंजहा– खीरधाईए, मंडणधाईए, मज्जणधाईए, अंकधाईए, कीलावणधाईए एवं जहा दढपइण्णे** *जाव* **गिरिकंदरमल्लीणे व चंपगपायवे सुहंसुहेणं परिवड्ढइ ।**

**ભાવાર્થ :–** તે નાગગાથાપતિના પુત્ર તથા સુલસાના આત્મજ અનીયસ નામના કુમાર હતા. તે સુકોમળ ***યાવત્*** સુંદર રૂપવાન હતા. **૧. ક્ષીરધાત્રી**–દૂધ પીવડાવનારી **૨. મંડનધાત્રી**–વસ્ત્રાભૂષણથી સજાવનારી ધાત્રી **૩. મજ્જનધાત્રી**–સ્નાન કરાવનારી ધાત્રી (ધાવમાતા) **૪. ક્રીડાપનધાત્રી**–રમાડનાર ધાત્રી **૫. અંકધાત્રી**–ખોળામાં બેસાડી લાડ કરાવનારી ધાત્રી. આમ, પાંચ ધાવમાતા દ્વારા લાલન–પાલન કરાતો અનીયસકુમાર, દઢ પ્રતિજ્ઞ કુમારની જેમ ગિરિગુફામાં સ્થિત ચંપકવૃક્ષ સમાન, સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો.

### પુરુષોની ૭૨ કળા :–

**૪ तए णं तं अणीयसं कुमारं सातिरेगअट्ठवासजायं [जाणित्ता]अम्मापियरो कलायरियस्स उवणेंति । तएणं से कलायरिए अणीयसं कुमारं लेहाइयाओ गणितप्पहाणाओ सउणिरुतपज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओ अ अत्थओ अ करणओ य सेहावेइ, सिक्खावेइ । तंजहा–**

**(१) लेहं (२) गणियं (३) रूवं (४) णट्टं (५) गीयं (६) वाइयं (७) सरगयं (८) पुक्खरगयं (९) समतालं (१०) जूयं (११) जणवायं (१२) पोरेकच्चं (१३) अट्ठावयं (१४) दगमट्टियं (१५) अण्णविही (१६) पाणविही (१७) वत्थविही (१८) सयणविही (१९) अज्जं (२०) पहेलीयं (२१) मागहियं (२२) गाहं (२३) सिलोगं (२४) गंधजुत्तिं (२५) मधुसित्थं (२६) आभरणविही (२७) तरुणीपडिकम्मं (२८) इत्थीलक्खणं (२९) पुरिसलक्खणं (३०) हयलक्खणं (३१) गयलक्खणं (३२) गोणलक्खणं (३३) कुक्कुडलक्खणं (३४) मिंढलक्खणं (३५) चक्कलक्खणं (३६) छत्तलक्खणं (३७) दंडलक्खणं (३८) असिलक्खणं (३९) मणिलक्खणं (४०) कागणिलक्खणं (४१) चम्मलक्खणं (४२) चंदचरियं (४३) सूरचरियं (४४) राहुचरियं (४५) गहचरियं (४६) सोभागकरं (४७) दोभागकरं (४८) विज्जागयं (४९) मंतगयं (५०) रहस्सगयं (५१) सभासं (५२) चारं (५३) पडिचारं (५४) बूहं (५५) पडिबूहं (५६) खंधावारमाणं (५७) णगरमाणं (५८) वत्थुमाणं (५९) खंधावारणिवेसं (६०) वत्थुणिवेसं (६१) णगरणिवेसं (६२) ईसत्थं (६३)**

छरुप्पवायं (६४) आससिक्खं (६५) हत्थिसिक्खं (६६) धणुव्वेयं (६७) हिरण्णपागं सुवण्णपागं मणिपागं धाउपागं (६८) बाहुजुद्धं मुट्ठिजुद्धं अट्ठिजुद्धं जुद्धं णिजुद्धं जुद्धाइजुद्धं (६९) सुत्तखेडं णालियाखेडं वट्टखेडं धम्मखेडं चम्मखेडं (७०) पत्तछेज्जं कडगच्छेज्जं (७१) सजीवं णिज्जीवं (७२) सउणिरुयं ।

तए णं से कलायरिए अणीयसं कुमारं लेहाइयाओ गणियप्पहाणाओ सउणिरुय पज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओ य अत्थओ य गंथओ य करणओ य, सेहावेत्ता सिक्खावेत्ता अम्मापिऊणं उवणेइ ।

तए णं अणीयसकुमारस्स अम्मापियरो तं कलायरियं मधुरेहिं वयणेहिं विपुलेणं असण-पाण-खाइम-साइमेणं वत्थ-गंध- मल्लालंकारेणं सक्कारेंति, सम्माणेंति, सक्कारित्ता सम्माणित्ता विपुलं जीवियारिहं पीइदाणं दलयंति, दलइत्ता पडिविसज्जेंति ।

तए णं से अणीयसकुमारे उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोवण- गमणुपत्ते बावत्तरिकलापंडिए णवंगसुत्तपडिबोहिए अट्ठारस- विहिप्पगारदेसी- भासाविसारए गीयरई गंधव्वणट्टकुसले *जाव* अलं भोगसमत्थे जाए यावि होत्था।

**ભાવાર્થ :–** ત્યાર પછી આઠ વર્ષથી અધિક ઉંમરનો જાણી માતા પિતાએ તેને કલાચાર્ય પાસે વિદ્યાભ્યાસ માટે મોકલ્યો. કલાચાર્યે અનીયસકુમારને લેખનપ્રધાન, ગણિતપ્રધાન, શકુનિરુત(પક્ષીઓના શબ્દ સુધીની)પર્યંત ૭૨ કળાઓ, સૂત્રથી, અર્થથી અને પ્રયોગથી સિદ્ધ કરાવી તથા શીખડાવી. તે બોત્તેર કલાઓ આ પ્રમાણે છે–

(૧) લેખનકલા :– લખવાની કલા, બ્રાહ્મી આદિ અઢાર પ્રકારની લિપિઓને લખવાની કલા.

(૨) ગણિત કલા : ગુણાકાર, ભાગાકાર, સરવાળો, બાદબાકી વગેરે કરવાની કલા.

(૩) રૂપકલા : વસ્ત્ર, દિવાલ, સોનું, ચાંદી, વગેરે ઉપર દોરવાની કલા.

(૪) નાટ્યકલા : નાચવાની અથવા અભિનય કરવાની કલા.

(૫) ગીતકલા : ગાવાની ચતુરાઈની કલા.

(૬) વાદ્યકલા : અનેક પ્રકારનાં વાદ્ય વગાડવાની કલા.

(૭) સ્વરગતકલા : અનેક પ્રકારના રાગ અને રાગણીઓના સ્વર કાઢવાની કલા.

(૮) પુષ્કરગતકલા : મૃદંગ વાદ્ય વિશેષના જ્ઞાનની કલા.

(૯) સમતાલ કલા : સમાનતાલ બજાવવાની કલા.
(૧૦) દ્યુતકલા : જુગાર રમવાની કલા.
(૧૧) જનવાદકલા : જનશ્રુતિ અને કિંવદંતિઓને જાણવાની કલા.
(૧૨) પુરઃ કાવ્યકલા : શીઘ્ર કવિતા રચવાની કલા.
(૧૩) અષ્ટાપદ કલા : શતરંજ, ચોપાટ વગેરે ખેલવાની કલા.
(૧૪) દકમૃતિકા કલા : માટી અને પાણીના મિશ્રણથી રમકડાં વગેરે બનાવવાની કલા.
(૧૫) અન્નવિધિ કલા : અનેક પ્રકારનાં ભોજનના પદાર્થો બનાવવાની કલા.
(૧૬) પાનવિધિ કલા : અનેક પ્રકારનાં પીણાં–પેય પદાર્થ બનાવવાની કલા.
(૧૭) વસ્ત્રવિધિ કલા : અનેક પ્રકારનાં વસ્ત્ર નિર્માણ કરવાની કલા.
(૧૮) શયનવિધિ : સૂવાની કલા.
(૧૯) આર્યાવિધિ : આર્યા છંદ બનાવવાની કલા.
(૨૦) પ્રહેલિકા : પ્રહેલિઓને જાણવાની કલા. ગૂઢ અર્થવાળી કવિતા કરવાની કલા.
(૨૧) માગધિકા : સ્તુતિ પાઠ કરવાવાળા ભાટ–ચારણો(કવિતા કરવા)ની કલા.
(૨૨) ગાથા કલાઃ પ્રાકૃત્ત આદિ ભાષાઓમાં ગાથા રચવાની કલા.
(૨૩) શ્લોક કલા : સંસ્કૃત ભાષામાં શ્લોક બનાવવાની કલા.
(૨૪) ગંધયુતિ : અનેક પ્રકારનાં ગંધો અને દ્રવ્યોને મેળવીને સુગંધિત પદાર્થ બનાવવાની કલા.
(૨૫) મધુસિક્થ : મીણના પ્રયોગની કલા.
(૨૬) આભરણ વિધિ : આભૂષણ (અલંકારો)બનાવવાની કલા.
(૨૭) તરુણી પ્રતિકર્મ : યુવતી સ્ત્રીઓને અનુરંજન(ખુશ) કરવાની કલા.
(૨૮) સ્ત્રી લક્ષણ : સ્ત્રીઓનાં શુભ–અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૨૯) પુરુષ લક્ષણ : પુરુષોનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૦) હય લક્ષણ : ઘોડાનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૧) ગજ લક્ષણ : હાથીનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૨) ગોણ લક્ષણ : બળદનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૩) કુકુટ લક્ષણ : કુકડાનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૪) મેઢ લક્ષણ : ઘેટા(બકરા)નાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૫) ચક્ર લક્ષણ : ચક્ર આયુધનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૬) છત્ર લક્ષણ : છત્રનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.
(૩૭) દંડ લક્ષણ : હાથમાં રાખવાનો દંડ–લાકડીના શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.

(૩૮) અસિ લક્ષણ : તલવાર, બરછી આદિનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.

(૩૯) મણિ લક્ષણ : મણિઓનાં શુભ અશુભ લક્ષણોને જાણવાની કલા.

(૪૦) કાકણી લક્ષણ : કાકણી નામના રત્નનાં શુભ અશુભ લક્ષણોને, ગુણોને જાણવાની કલા.

(૪૧) ચર્મ લક્ષણ : ચામડાની પરીક્ષા કરવાની કલા અથવા ચર્મરત્નના શુભ–અશુભ લક્ષણોને જાણવાની કલા.

(૪૨) ચંદ્રચર્યા : ચંદ્રનો ઉદય થાય ત્યારે સમકોણ, વક્રકોણ આદિ આકારવાળા ચંદ્રના નિમિત્તથી શુભ–અશુભ લક્ષણો જાણવાની કલા.

(૪૩) સૂર્યચર્યા : સૂર્ય સંચાર (ભ્રમણ)જનિત ઉપરાગોનાં શુભ અશુભ ફળને જાણવાની કલા.

(૪૪) રાહુચર્યા : રાહુની ગતિ અને તેનાથી ચંદ્ર ગ્રહણ વગેરે જાણવાની કલા.

(૪૫) ગ્રહચર્યા : ગ્રહોના સંચારથી શુભ અશુભ ફળોને જાણવાની કલા.

(૪૬) સૌભાગ્યકર : સૌભાગ્ય વધારવાના ઉપાયોને જાણવાની કલા.

(૪૭) દૌર્ભાગ્યકર : દુર્ભાગ્યકારી(કારણોને)જાણવાની કલા.

(૪૮) વિદ્યાગત : અનેક પ્રકારની વિદ્યાઓને જાણવાની કલા.

(૪૯) મંત્રગત : અનેક પ્રકારના મંત્રોને જાણવાની કલા.

(૫૦) રહસ્યગત : અનેક પ્રકારનાં ગુપ્ત રહસ્યોને જાણવાની કલા.

(૫૧) સભાસ : પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણવાની કલા.

(૫૨) ચાર કલા : ગુપ્તચર–જાસૂસીની કલા. જ્યોતિષ ચક્રના સંચરણને જાણવાની કલા.

(૫૩) પ્રતિચાર કલા : ગ્રહ આદિના સંચારનું જ્ઞાન, રોગીની સેવા–સુશ્રૂષાનું જ્ઞાન.

(૫૪) વ્યૂહ કલા : યુદ્ધમાં સેના દ્વારા ગરૂડ આદિ આકારની રચના કરવાની કલા.

(૫૫) પ્રતિવ્યૂહ કલા : શત્રુની સેનાના પ્રતિપક્ષ રૂપમાં સેનાની રચના કરવાની કલા.

(૫૬) સ્કંધાવારમાન : સેનાની શિબિર(છાવણી), પડાવ આદિના પ્રમાણને જાણવાની કલા.

(૫૭) નગરમાન : નગરના માન(ક્ષેત્રફળ, સીમા વગેરે) પ્રમાણને જાણવાની કલા.

(૫૮) વાસ્તુમાન : મકાનોનું માન – પ્રમાણને જાણવાની કલા.

(૫૯) સ્કંધાવાર નિવેશ : સેનાને યુદ્ધ યોગ્ય ઊભી રાખવાની અથવા પડાવ કરવાની કલા.

(૬૦) વસ્તુ(વાસ્તુ)નિવેશ : વસ્તુઓને યથોચિત સ્થાન પર રાખવાની કલા.

(૬૧) નગરનિવેશ : નગર નિર્માણની કલા.

(૬૨) ઈષુઅસ્ત્રકલા : દિવ્ય અસ્ત્ર સંબંધી કલા.

(૬૩) છરુપગતકલા : તલવારની મૂઠ આદિ બનાવવાની કલા. (ખડ્ગશાસ્ત્ર)

(૬૪) અશ્વ શિક્ષાઃ ઘોડાને વાહનમાં જોડવાની અને યુદ્ધમાં લડવાની શિક્ષા(તાલીમ) દેવાની કલા.

(૬૫) હસ્તિ શિક્ષા : હાથીઓને સંચાલન કરવાની શિક્ષા દેવાની કલા.

(૬૬) ધનુર્વેદ : શબ્દવેધી આદિ ધનુર્વિદ્યાનું વિશિષ્ટ જ્ઞાન હોવાની કલા.

(૬૭) હિરણ્યપાક : સુવર્ણપાક, ધાતુપાક, મણિપાક, ચાંદી, સોનું, મણિ અને લોખંડ આદિ ધાતુઓને ગાળવાનું, પકાવવાનું અને તેની ભસ્મ આદિ બનાવવાની કલા.

(૬૮) બાહુયુદ્ધ, દંડયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, લાકડીનું યુદ્ધ, સામાન્ય યુદ્ધ, નિયુદ્ધ, યુદ્ધાતિયુદ્ધ વગેરે વિવિધ પ્રકારના યુદ્ધને જાણવાની કલા.

(૬૯) સૂત્રખેડ, નાલિકા ખેડ, વર્ત્તખેડ, ધર્મખેડ, ચર્મખેડ આદિ અનેક પ્રકારની રમતોને જાણવાની, ખેલવાની કલા.

(૭૦) પત્રચ્છેદ્ય; કટક છેદ્ય : પત્રો અને લાકડાના છેદન ભેદનની કલા.

(૭૧) સજીવ–નિર્જીવ : સજીવને નિર્જીવ જેવું અને નિર્જીવને સજીવ જેવું બનાવવાની કલા.

(૭૨) શકુનિરુત : પક્ષીઓની બોલી જાણવાની કલા.

આ ૭૨ કળાઓ મૂળ, અર્થ અને ગ્રંથ તથા પ્રયોગ દ્વારા સિદ્ધ કરાવી અને શીખડાવી કલાચાર્ય અનીયસકુમારને તેના માતાપિતા પાસે લઈ આવ્યા.

ત્યારે અનીયસકુમારના માતાપિતાએ કલાચાર્યનું મધુર વચનોથી તથા વિપુલ આહારપાણી, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી સત્કાર સન્માન કર્યું, કરીને આજીવિકા યોગ્ય પ્રચુર પ્રીતિદાન આપ્યું અને વિદાય આપી.

ત્યાર પછી બાલભાવનો ત્યાગ કરી, વિજ્ઞાન પ્રાપ્ત થઈ, યૌવન અવસ્થાને પ્રાપ્ત અને બોત્તેર કળામાં પ્રવીણ થયેલા અનીયસ કુમારનાં નવ(૯) અંગ– બેકાન, બે નેત્ર, બે નાસિકા, જીભ, ત્વચા તથા મન બાલ્યાવસ્થાના કારણે સુસુપ્ત હતા તે જાગૃત થઈ ગયા. ૧૮ પ્રકારની દેશીય ભાષાઓમાં કુશળ થઈ ગયા. ગીતમાં પ્રીતિ રાખનાર, ગંધર્વ નૃત્યમાં કુશલ થઈ ગયા ***યાવત્*** ભોગ સામર્થ્યથી યુક્ત થયા અર્થાત્ યૌવનાવસ્થાને પ્રાપ્ત થયા.

## વિવેચન :–

સૂત્ર ૩ તથા ૪માં અનીયસકુમારના શૈશવ, શૈક્ષણિક જીવનનું વર્ણન કરવામાં આવ્યું છે. તેનું બચપણ અત્યંત લાડકોડમાં વ્યતીત થયું છે. અહીં એ માટે **गिरिकंदर मल्लीणे...परिवड्डइ** પદ આપ્યું છે અર્થાત્ ગિરિગુફામાં ચંપકવૃક્ષ સુખપૂર્વક વૃદ્ધિ પામે છે. ચંપકવૃક્ષ શીઘ્રવૃદ્ધિ પામનારું વૃક્ષ છે, એમાં પણ ગિરિગુફામાં સ્થિત હોવાથી બાહ્ય વાતાવરણનો કે પશુ પક્ષી વગેરેનો વ્યાઘાત ન આવે. આમ ચારે તરફથી સુરક્ષાના કારણે ચંપકવૃક્ષ એકદમ વૃદ્ધિ પામે છે. તેવી જ રીતે અનીયસકુમાર પાંચ ધાવમાતા, માતાપિતા, સુલસા એવં નાગ ગાથાપતિ તથા દાસ દાસીઓથી સતત રક્ષાયેલા હોવાથી કોઈ પણ પ્રતિકૂળતા વગર એકદમ સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યા. **सातिरेगअट्ठवास** બાળકના સંસ્કાર ઘડતરનો કાળ ગર્ભાવસ્થાથી

લઈ આઠ વર્ષ સુધીનો છે અને એ સંસ્કાર ઘડતરમાં ઘરનું વાતાવરણ, માતાપિતાની જાગૃતિ વધુ જવાબદાર બને છે. પ્રાયઃ આઠ વર્ષની ઉંમરના ઘરના સંસ્કારથી ઘડાયેલું બાળક બહારના વાતાવરણમાં જાય તોપણ તેનામાં પ્રાયઃ કુસંસ્કાર પ્રવેશી શકતા નથી. જ્યારે આજના યુગમાં બાળકને સતત માવતરના હૂંફની અને શિક્ષણની જરૂર છે, ત્યારે બે વરસની ઉંમરમાં પરિસ્થિતિવશાત્ પ્લેહાઉસ કે બેબીસીટરો પાસે મોકલી અપાય છે. જેથી માવતરના સંસ્કારના કૌટુંબિક વારસાથી બાળક વંચિત રહે છે. બાહ્ય વિદ્યાભ્યાસની યોગ્યતાનો પ્રારંભિકકાળ સાતિરેક આઠ વર્ષનો છે. સ્ત્રી યોગ્ય ૬૪ કળા છે અને પુરુષોચિત ૭૨ કળા છે. જેમાં ભૌતિક જગતના તમામ ક્ષેત્રોને સ્પર્શતું જ્ઞાન આવી જાય છે.

**અનીયસકુમારનું પાણિગ્રહણ :–**

**૫** **तए णं तं अणीयसं कुमारं उम्मुक्कबालभावं जाणित्ता अम्मापियरो सरिसियाणं सरिव्वयाणं सरित्तयाणं सरिसलावण्ण-रूव-जोव्वण-गुणोववेयाणं सरिसएहिंतो इब्भकुलेहिंतो आणिल्लियाणं बत्तीसाए इब्भवरकण्णगाणं एगदिवसेणं पाणिं गेण्हावेंति ।**

**तए णं से णागे गाहावई अणीयस्स कुमारस्स इमं एयारूवं पीइदाणं दलयइ, तंजहा- बत्तीसं हिरण्णकोडीओ, एवं जहा महाबलस्स** *जाव* **अण्णं वा सुबहुं हिरण्णं वा सुवण्णं वा कंसं वा दूसं वा विउलधण-कणग** *जाव* **संतसारसावएज्जं, अलाहि** *जाव* **आसत्तमाओ कुलवंसाओ पकामं दाउं, पकामं भोत्तुं, पकामं परिभाएउं ।**

**तए णं से अणीयसे कुमारे एगमेगाए भज्जाए एगमेगं हिरण्णकोडिं दलयइ, एगमेगं सुवण्णकोडिं दलयइ, एगमेगं मउडं मउडप्पवरं दलयइ, एवं तं चेव सव्वं** *जाव* **एगमेगं पेसणकारिं दलयइ, अण्णं वा सुबहुं हिरण्णं वा** *जाव* **परिभाएउं । तए णं से अणीयसकुमारे उप्पिं पासायवरगए फुट्टमाणेहिं मुइंगमत्थएहिं** *जाव* **पंचविहे माणुस्सए कामभोगे पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** માતા પિતાએ અનીયસકુમારને બાલ્યાવસ્થાથી મુક્ત અને યૌવનાવસ્થાને પ્રાપ્ત જાણી સમાનવય, સમાનત્વચા, રૂપ, લાવણ્ય, યૌવન, ગુણ તથા સમાન ઈભ્યકુળની ૩૨ (બત્રીસ) ઈભ્યકન્યાઓ સાથે એક દિવસે પાણિગ્રહણ (વિવાહ) કરાવ્યું.

વિવાહ અનંતર નાગ ગાથાપતિએ અનીયસકુમારને પ્રીતિદાનમાં બત્રીસ કરોડ સુવર્ણ–રજત (ચાંદી)ના સિક્કાથી લઈ તમામે તમામ ભોગોપભોગની સામગ્રી અને અન્ય પણ વિપુલ સોના, ચાંદી, વાસણ, વસ્ત્ર, વિપુલ ધન, હીરા, માણેક, પન્ના વગેરે બહુમૂલ્ય ૩૨–૩૨ વસ્તુઓ દેવામાં, ખાવામાં અને

ઉપભોગમાં સાત પેઢી સુધી ચાલે તેટલા પ્રમાણમાં મહાબલકુમારની જેમ આપી.

અનીયસકુમારે તે સર્વ બત્રીસ–બત્રીસ સોના, ચાંદી, મુગુટ વગેરે વસ્તુઓ બત્રીસ પત્નીઓમાં એક એક વિભાજીત કરી વહેંચી દીધી. આમ, ૩૨ કન્યાઓ સાથે અનીયસકુમાર ગગનચુંબી પ્રાસાદોમાં મૃદંગોના ઉત્તમ ધ્વનિ, નૃત્ય, ગીત આદિ વિવિધ આમોદ–પ્રમોદમાં મનુષ્ય સંબંધી પાંચ ઈન્દ્રિય સુખોપભોગોને માણતાં વિચરવા લાગ્યા.

## વિવેચન :–

આ સૂત્રમાં અનીયસકુમારના સુખોપભોગના વર્ણન સાથે તત્કાલીન સમાજ વ્યવસ્થાનું સુંદર ચિત્ર દોરવામાં આવ્યું છે. યોગ્ય સમાજરચના માટે યોગ્ય નાગરિક જોઈએ અને યોગ્ય નાગરિક માટે યોગ્ય સંસ્કારી માવતર જોઈએ. પ્રાચીન કાળની વ્યવસ્થા છે કે વિવાહ એ માત્ર વૈષયિક સુખભોગનું સાધન નથી પરંતુ સમાજને ઉત્તમ આદર્શ, સંસ્કારી નરપુંગવની ભેટ આપવાની સાધના છે. વિવાહ હંમેશાં સમાન કુળાચાર સંપન્ન સાથે જ કરવામાં આવે છે. અનીયસકુમારના વિવાહ પણ ઈભ્ય કુળની સમાન વય, રૂપ, ગુણ, સંસ્કારયુક્ત કન્યાઓ સાથે માતા પિતાએ કર્યા.

**पीइदाणं :–** પ્રીતિદાનનો અર્થ છે પ્રેમપૂર્વક દેવાતી ભેટ, ઉપહાર, પારિતોષિક. પ્રીતિદાનનો પ્રયોગ "કરિયાવર" અર્થમાં પ્રસિદ્ધ છે. વર્તમાને વિવાહ પ્રસંગે કન્યાપક્ષ તરફથી કરિયાવર દેવામાં આવે છે પરંતુ આ સૂત્રથી સૂચિત થાય છે કે પ્રીતિદાન કન્યાપક્ષ તરફથી નહિ વરપક્ષ તરફથી પુત્રને દેવામાં આવતું અને પુત્ર પોતાની પત્નીઓમાં સમાન ભાગે વહેંચી દેતા.

## અનીયસકુમારની સંયમસાધના તથા સિદ્ધિ :–

**६ तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठणेमी जेणेव भद्दिलपुर णयरे जेणेव सिरिवणे उज्जाणे तेणेव उवागच्छइ उवागच्छित्ता अहा पडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ । परिसा णिग्गया ।**

**तए णं तस्स अणीयसस्स कुमारस्स तं महाजणसद्दं च जणकलकलं च सुणेत्ता** *जाव* **जहा गोयमे तहा अणगारे जाए । णवरं सामाइयमाइयाइं चउद्दस पुव्वाइं अहिज्जइ । बीसं वासाइं परियाओ । सेसं तहेव** *जाव* **सेत्तुंजे पव्वए मासियाए संलेहणाए** *जाव* **सिद्धे ।**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ભદ્દિલપુર નગરીના શ્રીવન નામના ઉદ્યાનમાં ભગવાન અરિષ્ટનેમિ સમોસર્યા. યથાવિધ અવગ્રહની યાચના કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. પરિષદ ધર્મોપદેશ સાંભળવા ઉદ્યાનમાં આવી. અનીયસકુમાર જનસમૂહનો કોલાહલ સાંભળી ***યાવત્*** ભગવાન સમીપે આવ્યા. નિર્ગ્રંથ પ્રવચન સાંભળ્યું. પ્રવચન પ્રભાવથી હૃદયમાં વૈરાગ્ય જાગ્યો. ગૌતમકુમારની જેમ અરિષ્ટનેમિ પ્રભુના ચરણોમાં દીક્ષિત થઈ ગયા. ત્યાર બાદ અનીયસ અણગારે સામાયિકથી લઈ ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. વીસ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કરી, એક માસની સંલેખના દ્વારા સર્વ કર્મનો ક્ષય કરી શત્રુંજય પર્વત પર સિદ્ધગતિને પામ્યા.

સુધર્માસ્વામીએ કહ્યું– હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનનો આ અર્થ પ્રતિપાદિત કર્યો છે.

## વિવેચન :–

આ સૂત્રમાં અનીયસકુમારના વૈરાગ્ય–દીક્ષાગ્રહણ, સાધનાકાળ અને સિદ્ધિગમનનું વર્ણન કરવામાં આવ્યું છે. સમસ્ત કથન ગૌતમકુમારની સમાન જ છે. માત્ર સંયમ પર્યાય અને અધ્યયનગત ભિન્નતા છે. અનીયસકુમારે ૨૦ વર્ષની દીક્ષા પર્યાય પાળી અને ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું.

**પૂર્વજ્ઞાનનું ઉપમાથી પરિમાણ :–** અંબાડી સહિત ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળો હાથી ડૂબી જાય એટલી કોરી શાહીના ઢગલાથી એક પૂર્વ લખાય એવી રીતે ૧૬૩૮૩ હાથી ડૂબી જાય એટલી કોરી શાહીથી લખાતા જ્ઞાનને ૧૪ પૂર્વનું જ્ઞાન કહે છે. પૂર્વ જ્ઞાન કોઈ સ્વતંત્ર સૂત્ર નથી પરંતુ દૃષ્ટિવાદ અંગનો એક વિશાળતમ વિભાગ છે. માટે તે અંગની જગ્યાએ તેનું સૂચન કરવામાં આવે છે. તેથી પૂર્વજ્ઞાન કથનથી દૃષ્ટિવાદનું જ્ઞાન કર્યું, એમ સમજી લેવું જોઈએ.

## અનીયસકુમારના અન્ય પાંચ ભાઈ :–

**૭ एवं जहा अणीयसे, एवं सेसा वि अणंतसेणे *जाव* सत्तुसेणे छ अज्झयणा एक्कगमा । बत्तीसओ दाओ । वीसं बासाइं परियाओ, चउद्दस पुव्वाइं अहिज्जइ । सेत्तुंजे सिद्धा ।**

**ભાવાર્થ :–** આ રીતે અનંતસેનથી લઈ શત્રુસેન સુધીના અધ્યયનોનું વર્ણન પણ જાણી લેવું જોઈએ. બધાના ૩૨–૩૨ શ્રેષ્ઠ ઈભ્ય કન્યાઓ સાથે વિવાહ થયા. ૨૦ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન, ૧૪ પૂર્વોનું અધ્યયન. અંતે એક માસની સંલેખના દ્વારા શત્રુંજય પર્વત પર પાંચે ય આત્મા સિદ્ધ ગતિને પામ્યા.

**॥ વર્ગ–૩ : અધ્ય.–૧ થી ૬ સંપૂર્ણ ॥**

# ત્રીજો વર્ગ

## અધ્યયન – ૭ : સારણકુમાર

**૧** **तेणं कालेणं तेणं समएणं बारवईए णयरीए, जहा पढमे, णवरं–वसुदेवे राया । धारिणी देवी । सीहो सुमिणे । सारणे कुमारे । पण्णासओ दाओ । चउद्दस पुव्वा । वीसं वासा परियाओ । सेसं जहा गोयमस्स** *जाव* **सेतुंजे सिद्धे।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે દ્વારકા નગરી હતી. ત્યાં વસુદેવ રાજા હતા. તેમના ધારિણી નામના દેવી હતા. ગર્ભાધાન પશ્ચાત સિંહનું સ્વપ્ન જોયું. પુત્રનું નામ સારણકુમાર રાખ્યું. ૫૦ કન્યાઓ સાથે વિવાહ થયો. દહેજમાં ૫૦–૫૦ વસ્તુઓ માતા પિતાએ આપી. અરિહંત અરિષ્ઠનેમિ પાસે સંયમ અંગીકાર કરી ૧૪ પૂર્વોનો અભ્યાસ કર્યો. ૨૦ વર્ષની સંયમ પર્યાયનું પાલન કર્યું. શેષવર્ણન ગૌતમકુમારની જેમ યાવત્ ૧ મહિનાની સંલેખના કરી શત્રુંજય પર્વત પર સિદ્ધ થયા.

**॥ વર્ગ–૩ : અધ્ય.–૭ સંપૂર્ણ ॥**

# ત્રીજો વર્ગ

## અધ્યયન–૮ : ગજસુકુમાલકુમાર

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स सत्तमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, अट्ठमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं बारवईए णयरीए, जहा पढमे *जाव* अरहा अरिट्ठणेमी समोसढे ।**

**ભાવાર્થ :–** જંબૂસ્વામીએ આર્ય સુધર્માસ્વામીને નિવેદન કર્યું– હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમું અંગ અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના સાત અધ્યયનનો આ અર્થ પ્રરૂપ્યો છે. તો હે ભંતે ! આઠમા અધ્યયનનો શું અર્થ ફરમાવ્યો છે ?

સુધર્મા સ્વામીએ ફરમાવ્યું– હે જંબૂ ! તે કાલે અને તે સમયે દ્વારકા નગરી હતી ***યાવત્*** પ્રથમ અધ્યયનમાં કહેલા વર્ણાનુસાર અરિહંત અરિષ્ટનેમિ પ્રભુ સમોસર્યા.

**અનીયશકુમારાદિ છ અણગારોનો અભિગ્રહ :–**

**२ तेणं कालेणं तेणं समएणं अरहओ अरिट्ठणेमिस्स अंतेवासी छ अणगारा भायरो सहोदरा होत्था । सरिसया सरित्तया सरिव्वया णीलुप्पल-गवल-गुलिय-अयसिकुसुमप्पगासा सिरिवच्छंकियवच्छा कुसुमकुंडलभद्दलया णलकुबर समाणा ।**

**तए णं ते छ अणगारा जं चेव दिवसं मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइया, तं चेव दिवसं अरहं अरिट्ठणेमिं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**इच्छामो णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाया समाणा जावज्जीवाए छट्ठंछट्ठेणं**

**अणिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह । तए णं ते छ अणगारा अरहया अरिट्ठणेमिणा अब्भणुण्णाया समाणा जावज्जीवाए छट्ठंछट्ठेणं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ ભગવાનના છ અંતેવાસી અણગાર સહોદર ભાઈ હતા. તેઓ એક સમાન આકારવાળા, સમાન ત્વચાવાળા તથા સમવયસ્ક જણાતા હતા. તેઓનો વર્ણ નીલકમલ, ભેંસના શીંગડાના અંતર્વર્તી ભાગ, ગુલિકા(રંગ વિશેષ) અને અલસીના ફૂલ સમાન હતો. તેઓનું વક્ષસ્થળશ્રીવત્સના ચિહ્નથી અંકિત હતું. ફૂલ સમાન કોમળ અને કુંડળ સમાન વાંકડિયા વાળ–વાળા આ છએ મુનિરાજો નળકુબેર સમાન શોભી રહ્યા હતા.

તે છએ મુનિરાજો જે દિવસે મુંડિત થઈ આગાર ધર્મથી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા, તે જ દિવસે અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા– હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો અમે જીવનપર્યંત નિરંતર છઠના પારણે છઠ તપ દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરવા ઈચ્છીએ છીએ.

અરિહંત અરિષ્ટનેમિએ કહ્યું– દેવાનુપ્રિયો ! જેમ તમને સુખ ઉપજે તેમ કરો. શુભ કાર્યમાં વિલંબ ન કરો. ત્યારે ભગવાનની અનુજ્ઞા પામીને છએ મુનિ ભગવંતો જીવનપર્યંત છઠ–છઠની તપસ્યા કરતા ***યાવત્*** વિચરવા લાગ્યા.

## ભિક્ષાર્થ છ મુનિરાજોનું ગમન :–

**३ तए णं ते छ अणगारा अण्णया कयाई छट्ठक्खमणपारणयंसि पढमाए पोरिसीए सज्झायं करेंति, बीयाए पोरिसीए झाणं झियायंति, तइयाए पोरिसीए अतुरियमचवलमसंभंता मुहपोत्तियं पडिलेहंति, पडिलेहित्ता भायण–वत्थाइं पडिलेहंति, पडिलेहित्ता भायणाइं पमज्जंति, पमज्जित्ता भायणाइं उग्गाहेंति, उग्गाहित्ता जेणेव अरहा अरिट्ठणेमि तेणेव उवागच्छंति उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**इच्छामो णं भंते ! छट्ठक्खमणस्स पारणए तुब्भेहिं अब्भणुण्णाया समाणा तिहिं संघाडएहिं बारवईए णयरीए** *जाव* **अडित्तए । अहासुहं देवाणुपिया ! मा पडिबंधं करेह ।**

**तए णं ते छ अणगारा अरहया अरिट्ठणेमिणा अब्भणुण्णाया समाणा अरहं अरिट्ठणेमिं वंदंति णमंसंति, वंदित्ता, णमंसित्ता अरहओ अरिट्ठणेमिस्स**

**अंतियाओ सहसंबवणाओ पडिणिक्खमंति, पडिणिक्खमित्ता तिहिं संघाडए हिं अतुरियं** *जाव* **अडंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે છ અણગારોએ કોઈ સમયે છઠના પારણાના દિવસે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરી, બીજા પ્રહરમાં ધ્યાન કર્યું, ત્રીજા પ્રહરમાં કાયિક અને માનસિક ચપલતાથી રહિત થઈને મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કર્યું, પ્રતિલેખન કરીને પાત્ર તથા વસ્ત્રોનું પ્રતિલેખન કર્યું. પ્રતિલેખન કરીને પાત્રોનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરીને પાત્રાને ઝોળીમાં રાખ્યા, ઝોળીમાં રાખીને જ્યાં અરિષ્ઠનેમિ ભગવાન હતા ત્યાં આવ્યા, આવીને અરિષ્ટનેમિ ભગવાનને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને બોલ્યા– હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો અમે છઠના પારણા માટે બબ્બેના ત્રણ સંઘાડાએ દ્વારકા નગરીમાં ***યાવત્*** ભિક્ષા હેતુ ગમન કરવા ઈચ્છીએ છીએ.

ભગવાન બોલ્યા, દેવાનુપ્રિયા ! જેમ આપને સુખ ઉપજે તેમ પ્રતિબંધ વિના કરો.

ત્યારે છએ મુનિ અરિષ્ટનેમિ પ્રભુની અનુજ્ઞા પામી પ્રભુને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી પ્રભુ પાસેથી તથા સહસ્રામ્રવન ઉદ્યાનથી બહાર નીકળ્યા, બહાર નીકળીને ત્રણ સંઘાડામાં ચપળતા, ચંચળતા રહિત ***યાવત્*** દ્વારકા નગરીમાં ભિક્ષા માટે ફરવા લાગ્યા.

**વિવેચન :–**

આ સૂત્રમાં છ મુનિરાજોનું ભિક્ષાર્થ ગમન તથા ગોચરી માટે ક્યારે અને કેવી રીતે નીકળવું એનું સુંદર વર્ણન છે. તે સમયમાં સાધુ પ્રાયઃ ત્રીજા પહોરમાં ગોચરી જતા અને એક ટંક (સમય) ભોજન કરતા તેમાં પણ ચંચળતા, ઉતાવળ રહિત નિર્દોષ આહાર પાણીની ગવેષણા કરતા. છ મુનિઓની ગોચરી એક મુનિ પણ લાવી શકે છે. પરંતુ વિશિષ્ટ તપસાધના અને અભિગ્રહ ધારણ સ્વતંત્ર ગોચરી કરવામાં થઈ શકે છે. બે સંત સાથે જવામાં એક સંત ગોચરી અને બીજા પાણી ગ્રહણ કરી શકે. એક વિશિષ્ટ(દેવકીના) ઘરમાં અજ્ઞાતપણે ત્રણે સંઘાડા પહોંચી જવામાં સ્વતંત્ર ગોચરી અને તેઓની વિશિષ્ટ સમાચારી વ્યવસ્થાનો બોધ થાય છે. અધ્યયનકાલ પછી મુનિ વિશિષ્ટ તપ સાધના, સ્વતંત્ર ગોચરી, અભિગ્રહ આદિ દ્વારા વિશેષ કર્મ નિર્જરા કરી શકે છે. એવી આગમકાલીન વ્યવસ્થા જણાય છે.

**બે સંઘાડાનું દેવકીમાતાને ત્યાં આગમન :–**

**૪ तत्थ णं एगे संघाडए बारवईए णयरीए उच्च–णीय–मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे अडमाणे वसुदेवस्स रण्णो देवईए देवीए गेहे अणुप्पविट्ठे ।**

**तए णं सा देवई देवी ते अणगारे एज्जमाणे पासइ, पासित्ता हट्ठ** *जाव*

**हियया आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता सत्तट्ठ पयाइं अणुगच्छइ अणुगच्छित्ता, तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव भत्तघरए तेणेव उवागया सीहकेसराणं मोयगाणं थालं भरेइ, ते अणगारे पडिलाभेइ, वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता पडिविसज्जेइ ।**

**तयाणंतरं दोच्चे संघाडए** *जाव* **देवईए देवीए गेहे अणुप्पविट्ठे । तए णं सा देवई देवी ते अणगारे एज्जमाणे पासइ, पासित्ता हट्ठ** *जाव* **ते अणगारे पडिलाभेइ, वंदइ, णमंसइ, वंदित्ता, णमंसित्ता पडिविसज्जेइ ।**

**ભાવાર્થ :–** તે ત્રણ સંઘાડામાંથી એક સંઘાડો દ્વારકા નગરીના ઉચ્ચ–નિમ્ન–મધ્યમ (અમીર, ગરીબ, મધ્યમ)કુળોમાં એક ઘરથી બીજા ઘરે ગોચરી માટે ફરતાં–ફરતાં રાજા વસુદેવના મહારાણી દેવકીમાતાના પ્રાસાદમાં પ્રવિષ્ટ થયા.

તે સમયે દેવકી મહારાણીએ બે મુનિઓના એક સંઘાડા(ગ્રુપ)ને પોતાને ત્યાં આવતો જોઈને પ્રસન્નચિત્ત થયાં ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયે આસનથી ઊભાં થઈને સાત–આઠ પગલાં મુનિયુગલની સામે ગયાં, સામે આવીને આદક્ષિણા–પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી જ્યાં રસોઈઘર હતું ત્યાં આવ્યા, આવીને સિંહકેસર લાડવાઓનો થાળ ભરી મુનિઓને પ્રતિલાભિત કર્યા. પુનઃ વંદન નમસ્કાર કરી તેઓને વિદાય કર્યા.

પ્રથમ સંઘાડાના ગયા બાદ, બીજો સંઘાડો ***યાવત્*** મહારાણી દેવકીના પ્રાસાદમાં આવ્યો. ત્યારે તેને આવતો જોઈ દેવકી દેવી પ્રસન્નચિત થઈ ***યાવત્*** તે અણગારોને સિંહકેસર મોદકથી પ્રતિલાભિત કરી વંદન નમસ્કાર કર્યા અને વિદાય આપી.

## વિવેચન :–

આ સૂત્રમાં દાતાની દાનવિધિનું વર્ણન છે. શ્રાવકની આ વિનય પ્રતિપતિ છે કે સાધુને આવતા જુએ કે તરત જ આસનથી ઊભા થાય અને સાત–આઠ પગલાં સામે જાય. દેવકીમાતાએ ઉત્કૃષ્ટ ભાવનાથી વિધિસહિત ઉત્તમ દ્રવ્યોનું મુનિરાજોને દાન આપ્યું.

**પ્રશ્ન :–** દેવકીમાતાને ત્યાં ગોચરી લેવી એ તો રાજપિંડ છે, સાધુને રાજપિંડ વર્જ્ય ગણાયને ?

**સમાધાન :–** રાજપિંડ કલ્પ પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં સ્થિત કલ્પ છે અને વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનમાં રાજપિંડ અસ્થિત કલ્પ છે અર્થાત્ વચ્ચેના બાવીસ તીર્થંકરના શાસનવર્તી સાધુઓ "ઋજુપ્રાજ્ઞ" હોવાથી તેને રાજપિંડ સર્વથા નિષિદ્ધ હોતો નથી. પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનવર્તી સાધુઓ ઋજુ–જડ એવમ્ વંકજડ હોવાથી તેઓને રાજપિંડ સર્વથા વર્જ્ય છે.

**ત્રીજા સંઘાડાનું આગમન અને દેવકીમાતાની શંકા :–**

**५** **तयाणंतरं च णं तच्चे संघाडए** *जाव* **देवईए देवीए गेहे अणुप्पविट्ठे । तए णं सा देवई देवी ते अणगारे एज्जमाणे पासइ, पासित्ता हट्ठ** *जाव* **ते अणगारे पडिलाभेइ, पडिलाभेत्ता एवं वयासी–**

**किण्णं देवाणुप्पिया ! कण्हस्स वासुदेवस्स इमीसे बारवईए णयरीए दुवालस जोयणायामाए णवजोयण वित्थिण्णाए** *जाव* **पच्चक्खं देवलोगभूयाए समणा णिग्गंथा** *जाव* **अडमाणा भत्तपाणं णो लभंति, जण्णं ताइं चेव कुलाइं भत्तपाणाए भुज्जो–भुज्जो अणुप्पविसंति ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી મુનિઓનો ત્રીજો સંઘાડો ***યાવત્*** દેવકીમાતાના ઘરે આવ્યો. ત્યારે તેને આવતો જોઈને દેવકીદેવી પ્રસન્નચિત્ત થઈ ***યાવત્*** તે અણગારોને સિંહકેસર મોદકથી પ્રતિલાભિત કર્યા. ગોચરી વહોરાવ્યા પછી દેવકીમાતા આ પ્રમાણે બોલ્યાં– "દેવાનુપ્રિયો ! કૃષ્ણ વાસુદેવની આ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી ***યાવત્*** પ્રત્યક્ષ સ્વર્ગપુરી સમાન દ્વારકા નગરીમાં શ્રમણ નિર્ગ્રંથોને ગોચરી હેતુ ફરતાં શું આહાર, પાણી પ્રાપ્ત નથી થતા ? કે જે કુળોમાંથી એણે પહેલાં આહાર, પાણી લીધા છે તે જ કુળોમાં પુનઃ પુનઃ આવવું પડે છે ?"

**મુનિરાજ દ્વારા સમાધાન :–**

**६** **तए णं ते अणगारा देवइं देविं एवं वयासी– णो खलु देवाणुप्पिए ! कण्हस्स वासुदेवस्स इमीसे बारवईए णयरीए** *जाव* **देवलोगभूयाए समणा णिग्गंथा** *जाव* **अडमाणा भत्तपाणं णो लभंति णो चेव णं ताइं ताइं कुलाइं दोच्चंपि तच्चंपि भत्तपाणाए अणुप्पविसंति ।**

**एवं खलु देवाणुप्पिए ! अम्हे भद्दिलपुरे णयरे णागस्स गाहावइस्स पुत्ता सुलसाए भारियाए अत्तया छ भायरो सहोदरा सरिसया** *जाव* **णल–कुबरसमाणा अरहओ अरिट्ठणेमिस्स अंतिए धम्मं सोच्चा संसारभउव्विग्गा भीया जम्ममरणाणं मुंडा** *जाव* **पव्वइया । तए णं अम्हे जं चेव दिवसं पव्वइआ तं चेव दिवसं अरहं अरिट्ठणेमिं वंदामो णमंसामो, इमं एयारूवं अभिग्गहं ओगिण्हामो– इच्छामो णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाया समाणा जावज्जीवाए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरित्तए ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**तए णं अम्हे अरहया अरिट्ठणेमिणा अब्भणुण्णाया समाणा जावज्जीवाए छट्ठंछट्ठेणं** *जाव* **विहरामो । तं अम्हे अज्ज छट्ठक्खमणपारणयंसि पढमाए पोरिसीए सज्झायं करेत्ता बीयाए पोरिसीए झाणं झियाइत्ता** *जाव* **तिहिं संघाडए हिं बारवईए णयरीए** *जाव* **अडमाणा तव गेहं अणुप्पविट्ठा । तं णो खलु देवाणुप्पिए ! ते चेव णं अम्हे, अम्हे णं अण्णे । देवइं देविं एवं वदंति, वदित्ता जामेव दिसं पाउब्भूया तामेव दिसं पडिगया ।**

**ભાવાર્થ :–** ત્યારે (દેવકીદેવી દ્વારા આ પ્રમાણે કહેવા પર) તે મુનિરાજ આ પ્રમાણે બોલ્યા "હે દેવાનુપ્રિયે ! આપ કહો છો તેમ નથી. કૃષ્ણ વાસુદેવની સ્વર્ગસમાન આ દ્વારકા નગરીમાં શ્રમણ નિર્ગ્રંથોને ગોચરી હેતુ ફરતાં આહાર, પાણી નથી મળતા એવું નથી. તેમજ એકને એક ઘરોમાં આહારાર્થે તેમને બીજી–ત્રીજીવાર જવું પડે તેમ પણ નથી.

દેવાનુપ્રિયે ! વાસ્તવમાં અમે ભદ્દિલપુર નગરીના નાગગાથાપતિના પુત્ર અને સુલસાના આત્મજ છ સહોદર ભાઈઓ છીએ. એક સમાન આકૃતિવાળા ***યાવત્*** નળકુબેર સમાન અમે છએ ભાઈઓએ અરિહંત અરિષ્ટનેમિની પાસે ધર્મોપદેશ સાંભળી, સંસારભયથી ઉદ્વિગ્ન એવં જન્મ મરણથી ભયભીત બની મુંડિત થઈ શ્રમણ દીક્ષા ગ્રહણ કરી. જે દિવસથી અમે દીક્ષા ગ્રહણ કરી તે જ દિવસે અરિહંત અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી અભિગ્રહ ગ્રહણ કર્યો હતો કે– હે ભગવન્ ! આપની આજ્ઞા હોય તો અમે જીવનપર્યંત છઠના પારણે છઠની તપસ્યાથી આત્માને ભાવિત કરતાં વિચરવા ઈચ્છીએ છીએ. પ્રભુએ આજ્ઞા આપી કે દેવાનુપ્રિયો ! જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રમાદ ન કરો.

ત્યાર પછી ભગવાનની અનુજ્ઞા પ્રાપ્ત થવા પર અમે જીવનભર માટે નિરંતર છઠ–છઠની તપસ્યા કરતાં વિચરવા લાગ્યા. આમ આજે નિરંતર છઠનું પારણું હોવાથી પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરી, બીજા પ્રહરમાં ધ્યાન કરી ***યાવત્*** બબ્બેના ત્રણ સંઘાડામાં દ્વારિકા નગરીમાં ગોચરી કરતાં કરતાં ત્રણે ય સંઘાડા તમારા ઘરે આવ્યા હોય તેમ લાગે છે. તો હે દેવાનુપ્રિયે ! પહેલા બે સંઘાડામાં જે મુનિ તમારા ઘરે આવ્યા હતા તે અમે નથી. વસ્તુતઃ અમે બીજા છીએ. આ રીતે તે મુનિઓએ દેવકી દેવીની શંકાનું સમાધાન કરી જે દિશામાંથી આવ્યા હતા તે દિશા તરફ પાછા ફર્યા.

**વિવેચન :–**

આ સૂત્રમાં દેવકી દેવીની વિશાળતા અને વિવેકનું વર્ણન છે. એમને ત્યાં ત્રણ સંઘાડા ગોચરીએ આવ્યા. બધાને વિધિપૂર્વક ઉત્કૃષ્ટ ભાવથી થાળ ભરીને સિંહકેસર મોદક વહોરાવ્યા. સિંહકેસર મોદક અનેક મૂલ્યવાન મેવા કેસર, કસ્તુરી વગેરે પૌષ્ટિક મસાલાથીયુક્ત હોય છે, જેને ખાવાથી સિંહ જેવી શક્તિ આવે તેને સિંહકેસર લાડુ કહેવાય છે. તે વાસુદેવ કે ઉત્તમ સંહનનવાળા જ પચાવી શકે છે. ત્રણે ય

સંઘાડાને પ્રતિલાભિત કર્યા બાદ વિવેકપૂર્ણ ભાષામાં પૂછ્યું. સંતોએ તેનું સુંદર સમાધાન કર્યું. દેવકીમાતાની શંકાના સમાધાન માટે સંતોએ પોતાના પૂર્વાશ્રમનો પરિચય આપ્યો.

**ઉચ્ચ નિમ્ન મધ્યમ કુળ :–** અહીં મુનિરાજની ગોચરીના પ્રસંગે આ શબ્દોનો પ્રયોગ છે. સામુદાનિક ગોચરી કરવાની સૂચના દેનારા આ શબ્દો છે. આનું તાત્પર્ય એ છે કે મુનિએ અમીર, ગરીબ વગેરેનો ભેદ કર્યા વિના સૂત્રાનુસાર કલ્પનીય બધા ઘરોમાં ક્રમથી ગોચરી કરવી જોઈએ. અહીં આ શબ્દોથી સૂત્રકારે કોઈ પણ કુળને હીન કે ઉચ્ચ કહેલ નથી પરંતુ ઋદ્ધિ સંપન્નતાની દષ્ટિએ ઉચ્ચ, નિમ્ન, મધ્યમ બધા ઘરોમાં સમાન દષ્ટિ રાખતાં ગોચરી જવાની સૂચના કરી છે.

## પોતાના પુત્ર હોવાનો દેવકીમાતાનો ઉહાપોહ :–

**૭ तए णं तीसे देवईए देवीए अयमेवारूवे अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पण्णे–एवं खलु अहं पोलासपुरे णयरे अइमुत्तेणं कुमारसमणेणं बालत्तणे वागरिआ– तुमण्णं देवाणुप्पिए ! अट्ठ पुत्ते पयाइस्ससि सरिसए** *जाव* **णलकुबरसमाणे, णो चेव णं भरहे वासे अण्णाओ अम्मयाओ तारिसए पुत्ते पयाइस्संति । तं णं मिच्छा । इमं णं पच्चक्खमेव दिस्सइ–भरहे वासे अण्णाओ वि अम्मयाओ खलु एरिसए** *जाव* **पुत्ते पयायाओ । तं गच्छामि णं अरहं अरिट्ठणेमिं वंदामि णमंसामि, वंदित्ता णमंसित्ता इमं च णं एयारूवं वागरणं पुच्छिस्सामित्ति कट्टु एवं संपेहेइ, संपेहेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया! लहुकरण जुत्तजोइय समखुरवालिहाण–समालिहियसिंगेहिं, जंबूणयामय–कलावजुत्त परिविसिट्ठेहिं रययामयघंटा–सुत्तरज्जुयपवर कंचणत्थ पग्गहोग्गहियएहिं, णीलुप्पल–कयामेलएहिं, पवरगोणजुवाणएहिं णाणामणिरयणघंटियाजालपरिगयं, सुजायजुगजोत्त–रज्जुयजुग पसत्थ सुविरचियणिम्मियं, पवरलक्खणोववेयं धम्मियं जाणप्पवरं जुत्तामेव उवट्ठवेह, उवट्ठवेत्ता मम एयमाणत्तियं पच्चप्पिणह । तए णं ते कोडुंबियपुरिसा एवं वुत्ता समाणा हट्ठ** *जाव* **हियया, करयल परिगहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं तहत्तिआणाए विणएणं वयणे पडिसुणेंति पडिसुणेत्ता खिप्पामेव लहुकरणजुत्त** *जाव* **धम्मियं जाणप्पवरं जुत्तामेव उवट्ठवेत्ता तमाणत्तियं पच्चपिणेंति। जहा देवाणंदा** *जाव* **पज्जुवासइ ।**

**तए णं अरहा अरिट्ठणेमि देवइं देविं एवं वयासी– से णूणं तव देवई ! इमे छ अणगारे पासित्ता अयमेयारूवे अज्झत्थिए चिंतिए पत्थिए**

**मणोगए संकप्पे समुप्पण्णे एवं खलु अहं पोलासपुरे णयरे अइमुत्तेणं कुमार समणेणं बालत्तणे वागरिया तं चेव *जाव* तं णिग्गच्छसि, णिग्गच्छित्ता जेणेव मम अंतियं तेणेव हव्वमागया, से णूणं देवई ! अट्ठे समट्ठे ? हंता अत्थि ।**

**ભાવાર્થ :–** આ રીતે શ્રમણો વાત કરીને પાછા ફર્યા. ત્યાર પછી દેવકીના મનમાં આ પ્રમાણે આધ્યાત્મિક, ચિંતિત, પ્રાર્થિત, મનોગત, સંકલ્પ ઉત્પન્ન થયો કે, પોલાસપુર નગરમાં અતિમુક્ત અણગારે મને બચપણમાં આ પ્રમાણે કહ્યું હતું– "હે દેવાનુપ્રિય દેવકી ! તું એક સમાન રંગ, રૂપ, ત્વચા, આકૃતિવાળા નળકુબેર સમાન આઠ પુત્રોને જન્મ આપીશ. આખા ભરતક્ષેત્રમાં બીજી કોઈ માતા એવી નહીં હોય કે જે તારા જેવા શ્રેષ્ઠ, સમાન વર્ણાદિવાળા આઠ પુત્રોને જન્મ આપે. પરંતુ તે કથન મિથ્યા થયું. કારણ કે પ્રત્યક્ષ દષ્ટિગોચર થઈ રહ્યું છે કે આ ભરત ક્ષેત્રમાં અન્ય માતાઓએ પણ આવા સમાન પુત્રોને ***યાવત્*** જન્મ આપ્યો છે. તેથી હું અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની સેવામાં જાઉં, વંદન નમસ્કાર કરું અને વંદન નમસ્કાર કરી, આ પ્રત્યક્ષ મિથ્યા દેખાતા વિષયમાં પૂછું. આ રીતે નિર્ણય કર્યો. નિર્ણય કરીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે ઝડપી ચાલતા, પ્રશસ્ત એક સરખા રૂપવાળા, ખરી વાળા, પૂંછવાળા, સમાન ઊંચાઈના શિંગવાળા, જંબૂનદ, સુવર્ણ નિર્મિત કંઠાભરણોથી યુક્ત, વેગ આદિની શ્રેષ્ઠતાવાળા, ચાંદીની ઘંટડીઓથી યુક્ત, સૂતરની દોરીથી બનેલી અને શ્રેષ્ઠ સુવર્ણથી મંડિત નાથવાળા તથા તે નાથની બન્ને તરફ બાંધેલી લાંબી રસ્સીવાળા(રાશવાળા), નીલોત્પલથી જેમનું શિરોભૂષણ બનેલું છે એવા બે શ્રેષ્ઠ યુવાન બળદોથી જોડાયેલા શ્રેષ્ઠ રથને તૈયાર કરી લાવો. તે રથ વિવિધ પ્રકારના મણિ રત્નોની ઘંટડીઓથી યુક્ત, તેમાં ઉત્તમ બનાવેલા ચાબુક અને બળદોના બંને જોતરાંઓ સારી રીતે બનાવીને મૂકેલા હોય, જે ઉત્તમ લક્ષણવાળો હોય. જે ધાર્મિક કાર્યના નિમિત્તે ઉપયોગમાં લઈ શકાય તેવો હોય, આવા સુંદર રથને પૂર્વોક્ત વિશેષણોવાળા બળદો જોડીને ઉપસ્થિત કરો. આ પ્રમાણે કરીને મને સમાચાર આપો. દેવકી દેવીની આ પ્રમાણે આજ્ઞા થવા પર સેવકો પ્રસન્ન ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયવાળા થયા અને મસ્તક પર અંજલિ જોડી આ પ્રમાણે બોલ્યા– આપની આજ્ઞા અમોને માન્ય છે. એમ કહી વિનય પૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો અને આજ્ઞાનુસાર શીઘ્રગામી બળદથી યુક્ત ***યાવત્*** ધાર્મિક શ્રેષ્ઠ રથને જલ્દીથી લાવીને હાજર કર્યો. હાજર કરી દેવકી દેવીને સમાચાર આપ્યા કે આપની આજ્ઞાનુસાર રથ તૈયાર કરી, બહાર ઉપસ્થિત કર્યો છે. દેવાનંદા બ્રાહ્મણીની જેમ દેવકીદેવી પણ ***યાવત્*** અર્હંત અરિષ્ટનેમિ પ્રભુને વંદન નમસ્કાર કરી વિનયપૂર્વક ઉપાસના કરવા લાગી.

ત્યારે અરિહંત અરિષ્ટનેમિએ દેવકીદેવીને આ પ્રમાણે કહ્યું–દેવકી ! છ અણગારો આજ તારા ઘરે આવ્યા, એને જોઈને તારા મનમાં આ પ્રકારના અધ્યવસાય, ચિંતન, ચાહના તથા મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે બચપણમાં પોલાસપુર નગરમાં અતિમુક્તકુમાર શ્રમણે મને કહેલી તે વાત મિથ્યા કેમ થઈ ? આ શંકાનું સમાધાન કરવા તથા વંદન કરવા તું રાજમહેલથી નીકળીને શીઘ્ર મારી સમીપે આવી છો, શું આ વાત સત્ય છે ? હા પ્રભુ, આપનાથી શું અજ્ઞાત હોય ? આપે જે કહ્યું તે સત્ય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં દેવકી દેવીની મનોભૂમિનું વર્ણન છે. ભૂતકાળ અને વર્તમાનની તુલનામાં વિપરીતતા

જણાતા મનમાં ઉહાપોહ ઊઠયો, શું સાચું ? ભૂત કે વર્તમાન ? ઉહાપોહની માનસિક ક્રમિક અવસ્થાઓનો અહીં સંકેત કરવામાં આવ્યો છે.

(૧) **अज्झत्थिए समुप्पण्णे** = આત્મગત અધ્યવસાય, પરિણામ (૨) **चिंतिए** = હૃદયમાં ઊભરાતી અનેકવિધ કલ્પનાઓ (૩) **पत्थिए** = ચાહના,પુનઃ પુનઃ જિજ્ઞાસા થવી (૪) **मणोगए संकप्पे** = માનસિક સંકલ્પ વિકલ્પો.

**अइमुत्तेणं कुमारसमणेणं :–** અતિમુક્ત લઘુવયમાં સંયમ ગ્રહણ કરવાના કારણે અને સુકુમાર શરીર સંઠાણ હોવાના કારણે તે શ્રમણને "કુમાર શ્રમણ" કહ્યા છે. અતિમુક્ત, કંસના ભાઈ હતા. જે સમયે કંસની પત્ની જીવયશા દેવકીના વિવાહોત્સવ પ્રસંગે આનંદ પ્રમોદ કરી રહી હતી. તે સમયે કંસના નાના ભાઈ અતિમુક્ત અણગાર ગોચરી માટે પધાર્યા. રંગરાગમાં મસ્ત જીવયશાએ પોતાના દિયર મુનિને પોતાનું રૂપ દેખાડીને ઉપહાસ કરવાનો પ્રારંભ કર્યો. તે બોલી દિયર ! આવો તમે પણ મારી સાથે આનંદ પ્રમોદ કરો. આ પ્રમાણે બોલીને અભદ્ર ચેષ્ટા કરવા લાગી. ત્યારે અતિમુક્ત અણગારે જીવયશાને કહ્યું– તું જે દેવકીના વિવાહ પ્રસંગે ઉન્મત્ત થઈ રહી છો, એનું સાતમું સંતાન તને વૈધવ્ય દેશે અને એ જ સાતમું સંતાન અડધા ભારતવર્ષનો સમ્રાટ થશે. ત્યાર પછી દેવકીને કહ્યું હતું કે– હે દેવકી ! એક સમાન આઠ પુત્રોને જન્મ આપનારી માતા આખા ભારતવર્ષમાં એક તું જ થઈશ. (આ જ રીતે પોલાસપુર નગરમાં દેવકી દેવીને બચપણમાં કહ્યું હતું.)

## સુલસાના નહીં દેવકીના પુત્રો હોવાનું રહસ્યોદ્‌ઘાટન :–

**૮** **एवं खलु देवाणुप्पिए ! तेणं कालेणं तेणं समएणं भद्दिलपुरे णयरे णागे णामं गाहावई परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए । तस्स णं णागस्स गाहावइस्स सुलसा णामं भारिया होत्था । तए णं सा सुलसा बालत्तणे चेव णेमित्तिएण वागरिया– एस णं दारिया णिंदू भविस्सइ । तए णं सा सुलसा बालप्पभिइं चेव हरिणेगमेसीदेवभत्तया यावि होत्था । हरिणेगमेसिस्स पडिमं करेइ, करेत्ता कल्लाकल्लिं ण्हाया** *जाव* **उल्लपडसाडया महरिहं पुप्फच्चणं करेइ, करेत्ता जाणुपायपडिया पणामं करेइ, करेत्ता तओ पच्छा आहारेइ वा णीहारेइ वा चरइ वा ।**

**तए णं तीसे सुलसाए गाहावइणीए भत्तिबहुमाणसुस्सूसाए हरिणेगमेसी देवे आराहिए यावि होत्था । तए णं से हरिणेगमेसी देवे सुलसाए गाहावइणीए अणुकंपणट्ठयाए सुलसं गाहावइणिं तुमं च दो वि समउउयाओ करेइ । तए णं तुब्भे दो वि सममेव गब्भे गिण्हइ, सममेव गब्भे परिवहइ, सममेव दारए पयायइ। तए णं सा सुलसा गाहावइणी विणिहायमावण्णे दारए पयायइ ।**

**तए णं से हरिणेगमेसी देवे सुलसाए अणुकंपणट्ठयाए विणिहायमावण्णे दारए करयल-संपुडेणं गेण्हइ, गेण्हित्ता तव अंतियं साहरइ । तं समयं च णं तुमं पि णवण्हं मासाणं सुकुमालदारए पसवसि । जे वि य णं देवाणुप्पिए ! तव पुत्ता ते वि य तव अंतिआओ करयलसंपुडेणं गेण्हइ, गेण्हित्ता सुलसाए गाहावइणीए अंतिए साहरइ। तं तव चेव णं देवई ! एए पुत्ता । णो सुलसाए गाहावइणीए ।**

**ભાવાર્થ :–** અરિહંત અરિષ્ટનેમિએ કહ્યું– હે દેવકી ! તે કાલે, તે સમયે ભદ્દિલપુર નામના નગરમાં નાગ નામના ગાથાપતિ રહેતા હતા. તે ઋદ્ધિ સંપન્ન ***યાવત્*** અપરાભૂત હતા. તે નાગગાથાપતિને સુલસા નામના પત્ની હતી. તે સુલસા ગાથાપત્નીને બાલ્યાવસ્થામાં કોઈ નિમિત્તકે કહ્યું હતું કે આ બાલિકા નિંદૂ અર્થાત્ મૃતવત્સા થશે. ત્યારથી સુલસા પોતાના બાલ્યકાળથી જ હરિણગમેષી દેવની ભક્તિ કરવા લાગી હતી. તેણીએ હરિણગમેષી દેવની પ્રતિમા બનાવડાવી. પછી દરરોજ પ્રાતઃકાલે સ્નાન કરી ***યાવત્*** ભીની સાડી પહેરી તે પ્રતિમાની ઘણા પુષ્પોથી પૂજા–અર્ચના કરી ગોઠણ ટેકવીને પ્રણામ કર્યા પછી જ અન્ય આહાર–નિહાર, ગમનાગમન આદિ કાર્ય કરતી હતી.

ત્યાર પછી સુલસા ગાથા પત્નીની ભક્તિ, બહુમાન એવમ્ સેવા શુશ્રૂષાથી હરિણગમેષી દેવ પ્રસન્ન થયા. ત્યારે તે દેવ સુલસા ઉપરની અનુકંપાથી પ્રેરાઈને સુલસાને અને તને સાથે સાથે ઋતુમતિ કરતા હતા. તમે બંને સાથે જ ગર્ભધારણ કરતા, ગર્ભવહન તથા પ્રસવ પણ સાથે જ કરતા હતા. જ્યારે સુલસા ગાથાપત્ની મૃતબાળકને જન્મ દેતી ત્યારે હરિણગમેષી દેવ સુલસાની અનુકંપાને લીધે, મૃત બાળકને બંને હાથમાં ગ્રહણ કરતો અને ગ્રહણ કરીને તારી પાસે લઈ આવતો. ત્યારે તું પણ નવ મહિના વીતવા પર સુકુમાર સુંદર બાળકને જન્મ આપતી. હે દેવાનુપ્રિયે ! જે તારા પુત્રો થતા હતા તેને હરિણગમેષી દેવ તારા પાસેથી પોતાના બંને હાથમાં ગ્રહણ કરતો, ગ્રહણ કરીને સુલસા ગાથા પત્નીની પાસે લાવીને મૂકી દેતો. તેથી હે દેવકી ! આ છએ અણગારો તારા જ અંગજાત પુત્રો છે. સુલસા ગાથા પત્નીના નહીં.

## વિવેચન :–

સર્વજ્ઞ સર્વદર્શી અરિષ્ટનેમિ પ્રભુએ દેવકીના હૃદયનું ભૂતકાળ અને વર્તમાનનું ઘોળાતું રહસ્યમય કોકડું ઉકેલી, દેવકી દેવીને છ અણગારોની માતાનું સૌભાગ્ય આપ્યું. અતિમુક્ત કુમારના વચન જીવયશાએ કંસને કહ્યા તેથી કંસે પોતાના મિત્ર વસુદેવ પાસે તેના સાતે સંતાનો માંગી લીધા. જેમાંથી પ્રથમના અનીકસેન(અનીયસકુમાર)આદિ છ કુમારો ચરમ શરીરી આત્મા હતા અને કૃષ્ણ વાસુદેવ નિરૂપક્રમ આયુષ્યના ધણી હતા. દેવયોગે છ કુમારોનું સાહરણ થયું. સાતમાં પુત્રનું પુણ્ય યોગે સ્થાનાંતર થયું. આમ, ભાગ્ય યોગે "રામ રાખે તેને કોણ ચાખે ?" દેવકીના સાત પુણ્યશાળી દીકરા સુરક્ષિત રહી ગયા અને કંસે મરેલાને મારી સંતોષ અનુભવ્યો. દેવ દીકરા આપી ન દે પણ યોગ સંયોગ હોય તો આ રીતે સ્થાનાંતર કરી શકે છે. વ્યક્તિનું ઉપાદાન તૈયાર હોય તો દેવ નિમિત્ત બની શકે. કર્મની આ અત્યંત વિરલ ઘટના છે.

**णिंदू :**– મૃત વત્સા. જેને મૃત બાળકો જ જન્મે છે, તે સ્ત્રીને નિંદૂ કહેવાય છે. મૃત બાળક બે પ્રકારના છે. એક તો ગર્ભમાંથી મરેલાં જન્મે છે અને બીજા જન્મતાં જ મૃત્યુ પામે છે. અહીં પહેલો અર્થ ઉપયુક્ત છે.

**हरिणैगमेषी देव :**– હરિણગમેષીના ચાર અર્થ થાય છે– (૧) હરિ–ઈન્દ્રના, નૈગમ = આદેશની ઈચ્છા કરનારા દેવ (૨) હરિ–ઈન્દ્રના, નૈગમેષી = સંબંધીદેવ (૩) હરિણગમેષી સૌધર્મ દેવલોકના સ્વામી શક્રેન્દ્ર મહારાજના સેનાપતિ દેવ છે. ઈન્દ્રની આજ્ઞા મળવા પર પ્રભુ મહાવીરનું ગર્ભ પરિવર્તન કર્યું હતું. તેવી જ રીતે સુલસાની ભક્તિથી પ્રેરાઈને અનીકસેન આદિ છ કુમારોનું સાહરણ તથા આગળ ગજસુકુમાલના જન્મ પૃચ્છા વખતે પણ આ જ હરિણગમેષી દેવની વાત આવે છે. તેથી (૪) સંહરણના કાર્યની બહુલતાના કારણે પણ હરિણગમેષી નામ સમજી શકાય છે.

**उल्लपडसाडया :**– નો અર્થ છે– જેણે ભીનો પટ અને શાટિકા ધારણ કરેલી છે. ઉપર ઓઢવાના વસ્ત્રને પટ કહે છે અને નીચે પહેરવાના વસ્ત્રને ધોતી અથવા સાડીને શાટિકા કહે છે.

**आहारेइ वा णिहारेइ वा चरइ वा :– आहारेइ वा** એટલે આહાર (ભોજન) કરતી હતી. **णिहारेइ वा** એટલે શૌચાદિ ક્રિયાઓથી નિવૃત્ત થતી હતી. **चरइ वा** એટલે ગમનાગમન કરતી હતી.

સુલસા, હરિણગમેષી દેવની પ્રતિમાની પૂજા અર્ચના કર્યા વિના આહાર નિહારની ક્રિયા તો ન કરતી પણ એ ક્રિયાનો વિચાર સુદ્ધા પણ કરતી ન હતી. ભક્તિ, બહુમાન અને શુશ્રૂષા–કાર્ય સિદ્ધિના ત્રણ સોપાન છે.

(૧) **भक्ति**– કાર્ય પ્રતિ કે એ વ્યક્તિ પ્રતિ ભક્તિ –અનુરાગ હોવો. (૨) **બહુમાન**– કાર્ય કે વ્યક્તિ પ્રતિ અત્યંત આદર–બહુમાનનો ભાવ હોવો. (૩) **શુશ્રૂષા**– કાર્ય કે વ્યક્તિની સેવા–શુશ્રૂષા કરવી અર્થાત્ તદનુકૂલ પ્રવૃત્તિ કરવી. આ ત્રણ કાર્યસિદ્ધિ(દેવ સિદ્ધિના) સોપાન છે.

## દેવકીમાતાનું વાત્સલ્ય ઝરણું :–

**૧ तए णं सा देवई देवी अरहओ अरिट्ठणेमिस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **हियया अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव ते छ अणगारा तेणेव उवागच्छइ, उवागच्छित्ता ते छप्पि अणगारे वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता आगयपण्हुया, पप्फुयलोयणा, कंचुयपरिक्खित्तया, दरियवलय–बाहा, धाराहय–कलंब–पुप्फगं विव समूससिय–रोमकूवा ते छप्पि अणगारे अणिमिसाए दिट्ठीए पेहमाणी–पेहमाणी सुचिरं णिरिक्खइ, णिरिक्खित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव धम्मियं जाणप्पवरं दुरुहइ दुरुहित्ता**

**जेणेव बारवई णयरी तेणेव उवागच्छइ उवागच्छित्ता बारवइं णयरिं अणुप्पविसइ, अणुप्पविसित्ता जेणेव सए गिहे जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागया, धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणेव सए वासघरे जेणेव सए सयणिज्जे तेणेव उवागया सयंसि सयणिज्जंसि णिसीयइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ભગવાન અરિહંત અરિષ્ટનેમિ પાસેથી સમાધાન પ્રાપ્ત કરી દેવકીદેવી હર્ષિત એવમ્ સંતુષ્ટ થયાં ***યાવત્*** પ્રફુલ્લિત હૃદયવાળી થઈ ભગવાન અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરી જ્યાં તે છ અણગાર હતા ત્યાં આવ્યાં, આવીને તે મુનિઓને વંદન નમસ્કાર કર્યા. તે અણગારોને જોઈને પુત્ર સ્નેહે તેનું માતૃત્વ વહેવા લાગ્યું. હર્ષથી આંખો પ્રફુલ્લિત (વિકસિત) થઈ ગઈ. હર્ષાતિરેક અને સ્નેહના કારણે કંચુકીની કસો તૂટવા લાગી. ભુજબંધ અને કાંડાના અલંકારો તંગ થવા લાગ્યા. વરસાદની ધારથી કદંબવૃક્ષના ફૂલ વિકસિત થઈ જાય તેમ દેવકીમાતાના રોમેરોમ વાત્સલ્યના અતિરેકથી વિકસિત થઈ ગયા. અનિમેષ નયનોથી પોતાના છ પુત્ર મુનિઓને જોતી જોતી લાંબા સમય સુધી નીરખતી જ રહી. નીરખ્યા પછી વંદન નમસ્કાર કર્યા. ફરી વંદન નમસ્કાર કરીને જ્યાં અરિષ્ટનેમિ ભગવાન હતા ત્યાં આવીને અરિષ્ટનેમિ ભગવાનને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરીને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને પછી પોતાના ધાર્મિક રથમાં બેસી દ્વારકા નગરીની મધ્યમાં થઈને જ્યાં પોતાનો મહેલ હતો, જ્યાં બહારની ઉપસ્થાન શાળા હતી, ત્યાં આવ્યાં અને ધર્મરથથી નીચે ઉતર્યા. જ્યાં પોતાનું ભવન હતું અને જ્યાં પોતાની શય્યા હતી ત્યાં આવ્યાં, આવીને સુકોમળ શય્યા પર બેઠાં.

## વિવેચન :–

ભગવાન અરિષ્ટનેમિ પાસેથી છ મુનિવરોનું વૃત્તાંત સાંભળીને "આ મારા પુત્રો છે" આવી પ્રતીતિ થઈ જવા પર તે દેવકી દેવી છ મુનિવરોના દર્શન કરે છે. પુનઃ પુનઃ હર્ષોલ્લાસિત થાય છે. આ સ્થિતિમાં તેનું છુપાયેલું વાત્સલ્ય ઉજાગર થાય છે. સ્તનમાંથી દુગ્ધધારા છૂટે છે. ત્યાર પછી પોતાની સ્થિતિમાં સમાહિત થઈ તેઓ પોતાના ભવનમાં પાછા ફરે છે અને વિશેષ વિચારધારામાં ડૂબી જાય છે. આ સૂત્રમાં સૂત્રકારે તેની વિચારધારા અને પરિણામધારાઓનું દિગ્દર્શન કરાવ્યું છે.

## માતાદેવકીની પુત્રાભિલાષા :–

**૧૦ तए णं तीसे देवईए देवीए अयं अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पण्णे– एवं खलु अहं सरिसए** *जाव* **णलकुबरसमाणे सत्त पुत्ते पयाया, णो चेव णं मए एगस्स वि बालत्तणए समणुभूए । एस वि य णं कण्हे वासुदेवे छण्हं छण्हं मासाणं ममं अंतियं पायवंदए हव्वमागच्छइ । तं धण्णाओ णं ताओ अम्मयाओ, पुण्णाओ णं ताओ अम्मयाओ, कयपुण्णाओ णं ताओ**

**अम्मयाओ, कयलक्खणाओ णं ताओ अम्मयाओ, जासिं मण्णे णियग– कुच्छि– संभूयाइं थणदुद्ध–लुद्धयाइं महुर समुल्लावायाइं मम्मण–पजंपियाइं थण– मूलकक्खदेसभागं अभिसरमाणाइं मुद्धयाइं पुणो य कोमल–कमलोवमेहिं गिण्हिऊण उच्छंगे णिवेसियाइं देंति समुल्लावए सुमहुरे पुणो–पुणो मंजुलप्प– भणिए । अहं णं अधण्णा अपुण्णा अकयपुण्णा अकयलक्खणा एत्तो एक्कतरमवि ण पत्ता, ओहय मणसंकप्पा करयलपल्हत्थमुही अट्टज्झाणोवगया झियायइ ।**

**ભાવાર્થ :–** પોતાની શય્યા પર બેઠાં પછી દેવકી દેવીને આ પ્રમાણે અધ્યવસાય, ચિંતન અને અભિલાષાપૂર્ણ માનસિક સંકલ્પ ઉત્પન્ન થયો કે અહો ! મેં એક સમાન આકૃતિવાળા ***યાવત્*** નળકુબેર સમાન સાત–સાત પુત્રોને જન્મ આપ્યો પરંતુ એકની પણ બાળક્રીડાનો આનંદાનુભવ નથી કર્યો. આ કૃષ્ણ વાસુદેવ પણ મારી પાસે ચરણવંદન માટે છ છ મહિને આવે છે. વાસ્તવમાં તો તે માતાઓ ધન્ય છે, જેને પોતાના અંગજાત બાળકો દૂધ આદિ માટે પોતાની મનોહર તોતડી બોલીથી આકર્ષિત કરે છે અને "મમ્મણ" (અસ્પષ્ટ)શબ્દનું ઉચ્ચારણ કરી સ્તનના મૂળથી કાંખ સુધીના ભાગમાં અભિસરણ કરતા રહે છે. પછી તે બાળકોને પોતાની માતાઓ કમળ જેવા કોમળ હાથ વડે મસ્તકથી ઉપાડી પોતાના ખોળામાં બેસાડી, દૂધ પીવડાવાતા તે બાળકો પોતપોતાની મા સાથે તોતડા શબ્દોમાં વાતો કરે છે તથા મીઠી મધુર બોલી બોલે છે. તે માતાઓ પુણ્ય શાળી છે. કૃતપુણ્યા છે, કૃતલક્ષણા છે. હું તો અધન્યા, અપુણ્યા છું. અકૃતપુણ્યા, અકૃતલક્ષણા છું. તેથી મારા બાળકોની બાળક્રીડાનો આનંદ હું માણી શકી નથી. આ પ્રમાણે ઉદાસ થયેલા દેવકી દેવી ખિન્ન હૃદયથી હથેળી ઉપર મુખ રાખીને વિચારવા લાગ્યાં, શોકમુદ્રામાં આર્તધ્યાન કરવાં લાગ્યાં.

## વિવેચન :–

આ સૂત્રમાં દેવકીમાતાના હૃદયમાં અતૃપ્ત માતૃત્વ ઘૂંટાઈ રહ્યું છે તેના માર્મિક શબ્દો અહીં આપવામાં આવ્યા છે. દેવકી માતાને બાળકના લાલન પાલન બાળક્રીડા ન કર્યા–ન જોયાનો ખેદ છે, દુઃખ છે, તે ખિન્ન અવસ્થા વિશેષમાં ઊઠનારા સંકલ્પ વિકલ્પોનું હૃદયદ્રાવક ચિત્રણ પ્રસ્તુત કરેલ છે.

**શંકા–** તૃતીય વર્ગના પહેલા અધ્યયનમાં અનીકસેનાદિ છ ને નાગગાથાપતિ અને સુલસાના સંતાન બતાવ્યા છે અને અહીં સ્વયં ભગવાને દેવકીના સંતાન બતાવ્યા. તો બંને પરસ્પર વિરોધી ન ગણાય ? પ્રભુએ પહેલા અધ્યયનમાં જ સમાધાન કર્યું હોત તો ?

**સમાધાન–** લોકમાં છ એ અણગારની પ્રસિદ્ધિ નાગગાથાપતિ તથા સુલસાના સંતાન તરીકેની હતી કારણ કે જન્મથી જ સંયમ ગ્રહણ કર્યો ત્યાં સુધી એ ભદ્દિલપુર નગરીમાં જ હતા. ખુદ છ એ અણગારોને પણ ખબર ન હતી કે અમે છ ભાઈ નાગગાથાપતિ તથા સુલસાના પુત્ર નથી. આવા લોક સંમત સત્યની ઉપેક્ષા શાસ્ત્રકાર પણ કરી શકતા નથી અને દેવકી તો એની સગી જનેતા(જન્મદાત્રી) હતી જ, તેથી તેની

સામે રહસ્ય સ્પષ્ટ કરવામાં આવ્યું માટે બંને રીતે વિરોધી બાબત હોવા છતાં દોષ નથી.

## કૃષ્ણ મહારાજ તથા દેવકીમાતાનો સંવાદ :–

**११** **इमं च णं कण्हे वासुदेवे ण्हाए** *जाव* **विभूसिए देवईए देवीए पायवंदए हव्वमागच्छइ । तए णं से कण्हे वासुदेवे देवइं देविं पासइ, पासित्ता देवईए देवीए पायग्गहणं करेइ, करित्ता देवइं देविं एवं वयासी–**

**अण्णया णं अम्मो ! तुब्भे ममं पासित्ता हट्ठतुट्ठा** *जाव* **हियया भवह, किण्णं अम्मो ! अज्ज तुब्भे ओहयमणसंकप्पा** *जाव* **झियायह ?**

**तए णं सा देवई देवी कण्हं वासुदेवं एवं वयासी– एवं खलु अहं पुत्ता ! सरिसए** *जाव* **णलकुबरसमाणे सत्त पुत्ते पयाया, णो चेव णं मए एगस्स वि बालत्तणे अणुभूए । तुमं पि य णं पुत्ता ! छण्हं–छण्हं मासाणं ममं अंतियं पायवंदए हव्वमागच्छसि । तं धण्णाओ णं ताओ अम्मयाओ** *जाव* **झियामि ।**

**ભાવાર્થ :–** (દેવકીમાતા આ પ્રમાણે આર્તધ્યાન કરી રહ્યાં હતાં) ત્યારે કૃષ્ણ વાસુદેવ સ્નાન કરી ***યાવત્*** તમામ અલંકારોથી વિભૂષિત થઈ દેવકીમાતાના ચરણ વંદન માટે શીઘ્ર આવ્યા. ત્યારે કૃષ્ણ વાસુદેવે શોકમુદ્રામાં દેવકી દેવીને જોયા. જોઈને દેવકી દેવીના ચરણ કમળમાં નમસ્કાર કર્યા. ચરણસ્પર્શ(વંદન) કરીને માતા દેવકી દેવીને ઉદ્દેશીને આ પ્રમાણે બોલ્યા–

હે માતા ! જ્યારે હું પહેલાં આપને ચરણવંદન કરવા આવતો ત્યારે મને જોઈને તમારું હૃદય આનંદિત–હર્ષિત–તુષ્ટિત થઈ જતું પરંતુ આજે તમે ઉદાસ, ચિંતિત ***યાવત્*** આર્તધ્યાનમાં નિમગ્ન કેમ છો ?

ત્યાર પછી દેવકી દેવીએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું– હે પુત્ર, મેં સમાન રૂપ, લાવણ્યયુક્ત આકૃતિવાળા ***યાવત્*** નળકુબેર સમાન સાત સાત પુત્રોને જન્મ આપ્યો પણ એકેયના શૈશવકાળની ક્રીડાનો અનુભવ કર્યો જ નથી. (તે છ તો મુનિ બની ગયા) અને તું પણ ચરણવંદન માટે મારી પાસે છ છ મહિને આવે છે. તે માતાઓ ધન્ય છે, કૃતપુણ્ય છે જેણે પોતાના બાળકની બાળક્રીડાનો અનુભવ કર્યો છે ***યાવત્*** હું આવા વિચારથી ઉદાસીન થઈને બેઠી છું.

## શ્રી કૃષ્ણની માતૃભક્તિ : દેવ આરાધના :–

**१२** **तए णं से कण्हे वासुदेवे देवइं देविं एवं वयासी– मा णं तुब्भे अम्मो ! ओहयमणसंकप्पा** *जाव* **झियायह । अहण्णं तहा जइस्सामि जहा णं ममं**

**सहोदरे कणीयसे भाउए भविस्सइ त्ति कट्टु देवइं देविं ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहिं मणामाहिं वग्गूहिं समासासेइ समासासित्ता तओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव पोसहसाला तेणेव उवागच्छइ, उवागच्छित्ता पोसहसालं पमज्जइ पमज्जित्ता उच्चारपासवणभूमिं पडिलेहेइ पडिलेहित्ता दब्भसंथारगं पडिलेहेइ पडिलेहित्ता दब्भसंथारगं संथरइ संथरित्ता दब्भसंथारगं दुरुहइ दुरुहित्ता हरिणेगमेसिस्स अट्ठमभत्तं पगिण्हइ, अट्ठमभत्तं पगिण्हित्ता पोसहसालाए पोसहिए इव बंभचारी हरिणेगमेसिं देवं मणसि करेमाणे करेमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ :–** દેવકીમાતાની વાત સાંભળી ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે દેવકી દેવીને આ પ્રમાણે કહ્યું– હે માતા ! આપ આર્તધ્યાન કરો નહીં. હું એવો પ્રયત્ન કરીશ કે જેનાથી મને લઘુભ્રાતા પ્રાપ્ત થાય. આમ ઈષ્ટ, પ્રિય, કાંત, અભિલષિત, મનોરથાનુકૂળ વચનોથી દેવકીમાતાને ધીરજ અને વિશ્વાસ આપ્યો. આશ્વાસન આપી તેમની પાસેથી નીકળ્યા, નીકળી જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યાં, આવીને પોષધ–શાળાનું પ્રમાર્જન કર્યું, પ્રમાર્જન કરી મળમૂત્ર પરઠવાની ભૂમિની પ્રતિલેખના કરી, પછી ઘાસના સંથારાની પ્રતિલેખના કરી, તેને પાથરીને તેના ઉપર બેઠા, બેસીને હરિણગમેષી દેવને ઉદ્દેશી અટ્ઠમભત્ત ગ્રહણ કર્યું, ગ્રહણ કરીને પોષધશાળામાં પોષધની જેમ બ્રહ્મચર્ય યુક્ત થઈ મનમાં હરિણગમેષી દેવનું ચિંતન કરતા તેની આરાધના કરવા લાગ્યા.

### હરિણગમેષી દેવનું આગમન :–

**१३ तए णं तस्स कण्हस्स वासुदेवस्स अट्ठमभत्ते परिणममाणे हरिणेगमेसिस्स देवस्स आसणं चलइ *जाव* अहं इहं हव्वमागए । संदिसाहि णं देवाणुप्पिया । किं करेमि ? किं दलामि ? किं पयच्छामि ? किं वा ते हियइच्छियं ।**

**तए णं से कण्हे वासुदेवे तं हरिणेगमेसिं देवं अंतिलिक्खपडिवण्णं पासइ, पासित्ता हट्ठतुट्ठे पोसहं पारेइ, पारित्ता करयलपरिग्गहियं अंजलिं कट्टु एवं वयासी– इच्छामि णं देवाणुप्पिया ! सहोयरं कणीयसं भाउयं विदिण्णं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવનો અટ્ઠમ પૂર્ણ થવા આવ્યો ત્યારે હરિણગમેષી દેવનું આસાન ચલાયમાન થયું ***યાવત્*** (જ્ઞાતાસૂત્ર પ્રમાણે વર્ણન જાણવું.) હું અહીં શીઘ્ર આવ્યો છું. હે દેવાનુપ્રિય ! કહો આપનું શું ઈષ્ટ કાર્ય કરું ? તમારા સંબંધીઓ માટે શું આપું ? તમારું મનોવાંછિત શું છે ?

અર્થાત્ હરિણગમેષી દેવ પ્રસન્ન થયા અને કહ્યું કે મને યાદ કરવાનું પ્રયોજન શું છે ? ત્યારે કૃષ્ણ

આકાશમાં રહેલા દેવને જોઈને પરમ હર્ષિત અને સંતુષ્ટ થયા. પૌષધ પાળી આદર સત્કારથી બંને હાથ જોડી આ પ્રમાણે કહ્યું– મારે એક સહોદર નાનોભાઈ થાય એવી મારી ઈચ્છા છે.

## હરિણગમેષી દેવનું આશ્વાસન :–

**૧૪ तए णं से हरिणेगमेसी कण्हं वासुदेवं एवं वयासी– होहिइ णं देवाणुप्पिया ! तव देवलोयचुए सहोयरे कणीयसे भाउए । से णं उम्मुक्क–बालभावे विण्णयपरिणयमेत्ते जोव्वणगमणुपत्ते अरहओ अरिट्ठणेमिस्स अंतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्सइ । कण्हं वासुदेवं दोच्चं पि तच्चं पि एवं वयइ, वइत्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**तए णं से कण्हे वासुदेवे पोसहसालाओ पडिणिवत्तइ, पडिणिवत्तित्ता जेणेव देवई देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता देवईए देवीए पायग्गहणं करेइ, करेत्ता एवं वयासी–**

**होहिइ णं अम्मो ! मम सहोयरे कणीयसे भाउए त्ति कट्टु देवइं देविं ताहिं इट्ठाहिं** *जाव* **मणामाहिं वग्गूहिं आसासेइ, आसासित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે હરિણગમેષી દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી શ્રીકૃષ્ણ મહારાજને કહ્યું– હે દેવાનુપ્રિયે ! દેવલોકથી એક દેવતા આયુષ્ય પૂર્ણ કરી, ચ્યવીને તમારો સહોદર લઘુભ્રાતા અવશ્ય થશે પરંતુ તે બાલ્યાવસ્થા વીતી જવા પર વિજ્ઞાનથી પરિણત થઈ યુવાવસ્થા પ્રાપ્ત થતાં જ અર્હત્ અરિષ્ટનેમિ સમીપે મુંડિત થઈ, ઘરનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરશે. આમ કૃષ્ણ વાસુદેવને બે, ત્રણવાર કહીને તે દેવ જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

દેવના ગયા બાદ શ્રીકૃષ્ણ વાસુદેવ પૌષધશાળામાંથી નીકળી દેવકી માતા હતા તેમની પાસે આવ્યા. આવીને તેમના ચરણોમાં વંદન નમસ્કાર કર્યા, નમસ્કાર કરી મધુર શબ્દોમાં કહ્યું–

હે માતા ! મારે એક નાનો ભાઈ થશે. તમે હવે ચિંતા ન કરો. તમારા મનોરથ હવે પૂર્ણ થશે. આમ ઈષ્ટ શબ્દોથી ***યાવત્*** મનોજ્ઞ શબ્દોથી દેવકી માતાને આશ્વાસન આપ્યું, આશ્વાસન આપી જે દિશામાંથી આવ્યા હતા તે દિશાએ ચાલ્યા ગયા.

## વિવેચન :–

સૂત્ર ૧૨ થી ૧૫ માં આર્ય સંસ્કૃતિના આદર્શોનું સુંદર ચિત્ર બતાવવામાં આવ્યું છે. કૃષ્ણ મહારાજ ત્રિખંડાધિપતિ હોવા છતાં ૩૨૦૦૦ રાણીઓનું અંતઃપુર હોવા છતાં, માતા પ્રત્યેની અપૂર્વ ભક્તિથી,

માતાની ભાવનાને પૂર્ણ કરવા, ત્યાંથી સીધા પૌષધશાળામાં ગયા હતા. અઠ્ઠમતપથી દેવને પ્રસન્ન કર્યા, વિવેકપૂર્ણ વચનોથી માતાને આશ્વાસન આપ્યું, આ સર્વ પ્રસંગનું સૂત્રકારે સુંદર વર્ણન કર્યું છે.

पोसहिए इव – સમ્યગ્દષ્ટિ જીવ સંસારભાવે પૌષધગ્રહણ કરે ત્યારે તે અગિયારમાં પૌષધ વ્રત રૂપ ન ગણાય. તે માટે શાસ્ત્રકારે पोसहिए इव શબ્દનો પ્રયોગ કર્યો છે. પૌષધની સર્વ વિધિનું તે પાલન કરે છે, તેમ છતાં સંસાર ભાવોના કારણે તે વ્રત રૂપ થતો નથી. જ્ઞાતાસૂત્રમાં પ્રથમ તથા તેરમાં અધ્યયન કથિત અભયકુમાર તથા નંદમણિયારે આ પ્રકારના પૌષ છ વ્રતની આરાધના કરી હતી.

## શિક્ષા પ્રેરણા :–

(૧) સુખ અને દુઃખનો આધાર પોતાના જ સંકલ્પ અને વિકલ્પ બને છે.

(૨) મોહ પણ વધારવાથી વધે છે અને ઘટાડવાથી ઘટે છે. તેની મુખ્ય આધારશિલા પણ સ્વયંના જ્ઞાન–અજ્ઞાન, વિવેક–અવિવેક, વૈરાગ્ય અને આસક્તિ પર નિર્ભર છે.

(૩) માતા અને પુત્રનો સંબંધ બંનેનો છે તેમ છતાં, છએ ભાઈઓ વિરક્ત રહ્યાં અને દેવકીએ મોહ ભાવોની વૃદ્ધિ કરી.

(૪) દેવકીની ઉંમર ઓછી ન હતી. એક હજાર વર્ષની આસપાસની વયમાં પણ તેણે પુત્રની પ્રાપ્તિ કરી અને તેના બાળપણની તીવ્ર અભિલાષા પૂર્ણ કરી તે તેના મોહભાવનો અતિરેક હતો.

(૫) પુત્રની માતૃભક્તિ હોય તો એક પુત્ર પણ સમય આવ્યે વિપત્તિ અને મનોવેદના દૂર કરી શકે છે. શ્રી કૃષ્ણે પોતાના બધાં જ રાજકીય કાર્યો અને સુખ વૈભવને ગૌણ કરી માતાની સંવેદનાને દૂર કરવાના હેતુથી તે જ ક્ષણે ત્રણ દિવસની નિરાહાર પૌષધ સાધના પ્રારંભ કરી અને માતાની ચિંતાને સંપૂર્ણપણે દૂર કરીને પછી પોતાના કાર્યની શરૂઆત કરી.

(૬) મુનિઓનું સ્વતંત્રપણે ગોચરી માટે અલગ–અલગ સંઘાડામાં જવું, એક જ વિશિષ્ટ પ્રખ્યાત ઘરમાં અજ્ઞાતવશ(અજાણતાં) ત્રણે ય સંઘાડાઓનું પહોંચવું, ઈત્યાદિ વર્ણન વિશેષ મનનીય છે. આ વર્ણનથી તે સમયના મુનિઓનું અને તેમની વિશિષ્ટ ભિક્ષાચરીનું અનુમાન કરી શકાય છે.

(૭) દેવકી રાણીનું સ્વયં પોતાના હાથે, ભક્તિ પૂર્વક, કોઈપણ તર્ક વિતર્ક વગર અને આદેશ પ્રત્યાદેશ વગર ત્રણે સંઘાડાઓને વહોરાવવાનું કાર્ય, તેની વિશિષ્ટ ધાર્મિકતાને પ્રગટ કરે છે. આવી ધર્મ પરાયણતાને કારણે તેણે ત્રણે ય સંઘાડાઓને પ્રતિલાભિત કર્યા. એનાથી સ્પષ્ટ થાય છે કે બીજા બીજા મુનિઓનું બીજી વખત કે ત્રીજી વખત આવવું દોષપ્રદ ન હતું અને અકલ્પનીય પણ ન હતું. કારણ કે એવું હોય તો તે(દેવકી) બીજા સંઘાડાને ગોચરી વહોરાવતાં પહેલાં જ જણાવી દેત(કે પહેલાં મુનિઓ પધારી ગયાં છે) પરંતુ તેણે ત્રણે ય સંઘાડાઓને હર્ષભાવથી દાન આપ્યું પછી જ પ્રશ્ન કર્યો. એથી એ સ્પષ્ટ થાય છે કે મુનિ પર તેને આસક્તિની શંકા થઈ હશે. એથી જ તેણે પ્રશ્ન રૂપે નિવેદન કર્યું અને ચૌદ પૂર્વધારી મુનિએ પણ પોતાની

અનાસક્તિ અને ઉત્કૃષ્ટ વૈરાગ્યનો બોધ કરાવે એવો જ જવાબ આપ્યો.

(૮) સુલસા શેઠાણીએ વર્ષો સુધી પાણી, ફૂલ, અગ્નિ વગેરેના આરંભ–સમારંભ કરી ભક્તિ કરી અને હરિણગમેષી દેવની આરાધના કરી અને પોતાનાં મનોરથો પૂર્ણ કર્યા અને શ્રી કૃષ્ણ વાસુદેવે નિરવદ્ય નિરાહાર ત્રણ દિવસના પૌષધથી તે જ હરિણેગમેષી દેવથી પોતાની મનોકામના પૂર્ણ કરી. દેવ કોઈને પુત્રો આપતાં નથી પરંતુ ભવિતવ્યતા હોય તો સંયોગો મેળવી શકે છે અથવા જાણકારી આપી શકે છે કે પુત્ર થશે.

### ગજસુકુમાલનો જન્મ :–

**૧૫ तए णं सा देवई देवी अण्णया कयाइं तंसि तारिसगंसि** *जाव* **सीहं सुमिणे पासित्ता णं पडिबुद्धा समाणी हट्ठतुट्ठ** *जाव* **हरिसवसविसप्पमाण हियया एवं जहा महब्बले** *जाव* **तं गब्भं सुहंसुहेणं परिवहइ ।**

**तए णं सा देवई देवी णवण्हं मासाणं बहुपडिपुण्णाणं जासुमण– रत्तबंधु– जीवय– लक्खारस सरसपारिजातक–तरुणदिवायर–समप्पभं सव्वणयणकंतं– सुकुमाल पाणिपायं** *जाव* **सुरूवं गयतालुसमाणं दारयं पयाया । जम्मणं जहा मेहकुमारे** *जाव* **जम्हा णं इमे दारगे गयतालुसमाणे तं होउ णं अम्ह एयस्स दारगस्स णामधेज्जे गयसुकुमाले । तए णं तस्स दारगस्स अम्मापियरे णामं करेइ गयसुकुमालोत्ति सेसं जहा मेहे** *जाव* **अलं भोगसमत्थे जाए यावि होत्था ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ પુણ્યશાળી જ જેનો ઉપભોગ કરી શકે એવી ***યાવત્*** કોમળ શય્યામાં સૂતેલા દેવકી માતાએ સિંહનું સ્વપ્ન જોયું. સ્વપ્ન જોઈને દેવકીદેવી જાગૃત થતાં હર્ષિત્ એવમ્ સંતુષ્ટ થયાં ***યાવત્*** આનંદથી પ્રફુલ્લિત હૃદયવાળા થયા, આ રીતે ભગવતી સૂત્ર શ. ૧૧માં મહાબલના વર્ણનની જેમ સ્વપ્ન પાઠક વગેરેનું સંપૂર્ણ વર્ણન જાણવું ***યાવત્*** દેવકીદેવી અત્યંત સુખપૂર્વક ગર્ભનું પરિવહન કરવા લાગ્યાં.

નવ માસ ગર્ભકાળના પૂર્ણ થવા પર દેવકીદેવીએ જપાકુસુમ, બંધુકપુષ્પ, લાક્ષારસ તથા પારિજાતના પુષ્પ સમાન, ઊગતા સૂર્યની પ્રભા સમાન વર્ણયુક્ત સર્વ જન નયનાભિરામ, સુકુમાર હાથપગવાળા ***યાવત્*** સુરૂપ, સુંદર, હાથીના તાળવા સમાન સુકોમળ બાળકને જન્મ આપ્યો. મેઘકુમારના જન્મ મહોત્સવની જેમ માતાપિતાએ આ બાળકનો પણ જન્મ મહોત્સવ ઉજવ્યો ***યાવત્*** સ્વજન પરિજનોની સમક્ષ કહ્યું કે અમારો આ બાળક હાથીના તાળવા સમાન અત્યંત સુકોમળ હોવાથી (માતાપિતાએ વિચાર્યું કે) એનું નામ 'ગજસુકુમાલ' રાખીએ. (સહુની સમ્મતિ પ્રાપ્ત કરી) ત્યાર પછી માતાપિતાએ બાળકનું નામ ગજસુકુમાલ પાડ્યું. ગજસુકુમાલનો બાલ્યાવસ્થાથી યુવાવસ્થા સુધીનો સમસ્ત વૃતાંત મેઘકુમારની જેમ જાણવો ***યાવત્*** ગજસુકુમાલ ભોગને યોગ્ય–સમર્થ થઈ ગયા.

## વિવેચન :-

આ સૂત્રમાં માતા દેવકી દ્વારા સ્વપ્નમાં સિંહ જોવો, જોઈને જાગ્યા પછી પતિદેવને પોતાના સ્વપ્નની વાત કરવી, સ્વપ્ન પાઠકોને બોલાવવા, તેના દ્વારા ફલશ્રુતિ જાણવી, ગર્ભ સંરક્ષણ કરવું, પુત્રનો જન્મ થવો, નામકરણ કરવું, યથાસમયે રાજકુમાર ગજસુકુમાલ યુવાવસ્થામાં પ્રવેશ કરવા સુધીનું વર્ણન છે.

**सीहं सुमिणे :–** કોઈ પુણ્યશાળી જીવ કે ચરમ શરીરી જીવ જ્યારે ગર્ભમાં આવે ત્યારે માતાને શુભ સૂચક સિંહ વગેરેનું સ્વપ્ન આવે છે. ગજસુકુમાલ પણ ચરમ શરીરી હતા. તેથી માતા દેવકીએ સિંહનું સ્વપ્ન જોયું.

**जासुमणा... समप्पभं :–** જપાકુસુમ. જેને જાસુદ, જાસુ, અડહુલ પણ કહે છે. આ પુષ્પ રક્તવર્ણી (લાલ) હોય છે.

**रत्तबंधुजीवग :–** આચાર્ય અભયદેવ સૂરિ જણાવે છે કે વર્ષાઋતુમાં ઉત્પન્ન થતાં ગોકળગાય, દેવગાય, ઈન્દ્રગાય નામનું લાલરંગનું જીવડું થાય છે જે મખમલ જેવું નરમ હોય છે તેને **रत्तबंधुजीवग** કહે છે.

**लक्खारस :–** લાક્ષારસ–લાખમાંથી બનતા રંગનું નામ છે. તે લાલ હોય છે. સ્ત્રીઓ જેને પગ પર લગાડે છે.

**सरस–पारिजातक :–** સરસ એટલે વિકસેલું. પારિજાતકના વિવિધ અર્થો છે– (૧) વિશેષ પ્રકારનું પુષ્પ છે. (૨) ફરહદનું ફૂલ જે લાલ રંગનું હોય છે અને અત્યંત શોભાયમાન હોય છે. (૩) દેવવૃક્ષનું ફૂલ. (૪) કલ્પતરુનું ફૂલ.

**तरूण दिवायर :–** આચાર્ય અભયદેવ સૂરિએ 'ઊગતો સૂર્ય' એવો અર્થ કહ્યો છે.

**गय तालुय समाणं :–** હાથીના મોઢાની અંદરનું તાળવું જેને ગજતાલુ કહે છે. તે ઘણું જ કોમળ અને લાલરંગનું હોય છે.

જાસુદ, રક્તબંધુજીવક, લાક્ષારસ, સરસ–પારિજાતક અને તરુણ દિવાકર તથા ગજતાલુ જેવી જેની પ્રભા છે, કાંતિ છે, ચમક છે, રંગ છે એવા ગજસુકુમાલ સુંદર હતા.

## સોમિલ બ્રાહ્મણની પુત્રી સોમા :-

**१६ तत्थ णं बारवईए णयरीए सोमिले णाम माहणे परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए । रिउव्वेद यजुव्वेद–सामवेद–अहव्वणवेद–इतिहासपंचमाणं, णिघंटु– छट्ठाणं, चउण्हं वेदाणं संगोवंगाणं–सरहस्साणं सारए, वारए, धारए, पारए, सडंगवी, सट्ठितंतविसारए, संखाणे, सिक्खाकप्पे, वागरणे, छंदे,**

**णिरुत्ते, जोइसामयणे, अण्णेसु य बहूसु बंभणएसु परिवायएसु णयेसु सुपरिणिट्ठिए यावि होत्था । तस्स सोमिल माहणस्स सोमसिरी णामं माहणी होत्था, वण्णओ । तस्स णं सोमिलस्स धूया सोमसिरीए माहणीए अत्तया सोमा णामं दारिया होत्था । सुकुमालपाणिपाया** *जाव* **सुरूवा । रूवेणं जोव्वणेणं लावण्णेणं उक्किट्ठा उक्किट्ठसरीरा यावि होत्था ।**

**तए णं सा सोमा दारिया अण्णया कयाइ ण्हाया** *जाव* **विभूसिया, बहूहिं खुज्जाहिं** *जाव* **महत्तरविंद परिक्खित्ता सयाओ गिहाओ पडिणिक्खमइ पडिणिक्ख– मित्ता जेणेव रायमग्गे तेणेव उवागच्छइ, उवागच्छित्ता रायमग्गंसि कणगतिंदूसएणं कीलमाणी चिट्ठइ ।**

**ભાવાર્થ :–** તે દ્વારકા નગરીમાં સોમિલ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે ઋદ્ધિસંપન્ન ***યાવત્*** અપરિભૂત હતો. ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ તેમજ પાંચમો ઈતિહાસ (મહાભારત) તથા છઠ્ઠું નિઘંટુ ગ્રંથનો જાણકાર હતો. ચાર વેદના અંગોપાંગ સહિત રહસ્યનો જ્ઞાતા હતો. વેદાદિ શાસ્ત્રને કંઠસ્થ કરાવનાર તે સારક 'સ્મારક' હતો. અશુદ્ધ ઉચ્ચારણ કરનારાઓને શુદ્ધ ઉચ્ચારણ શીખવનાર 'વારક' હતો. તે વેદાદિને ધારણ કરનાર 'ધારક' હતો, વેદાદિમાં પારંગત હતો, છએ અંગોનો જ્ઞાતા હતો, ષષ્ઠિતંત્ર–કાપિલીય શાસ્ત્રમાં વિશારદ હતો, ગણિતશાસ્ત્ર, શિક્ષાશાસ્ત્ર, આચારશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, બ્રાહ્મણ (વિભાગ) અને પારિવ્રાજકને લગતા શાસ્ત્રોમાં પણ ઘણો જ નિપુણ હતો.

તે સોમિલ બ્રાહ્મણને સોમશ્રી નામની પત્ની હતી. તેનું વર્ણન ઉવવાઈ સૂત્રથી જાણવું. તે સોમિલ બ્રાહ્મણની પુત્રી સોમશ્રી બ્રાહ્મણીની આત્મજા સોમા નામની કન્યા હતી. તે સોમા સુકુમાલ હાથપગાદિ અંગોપાંગવાળી ***યાવત્*** સુરુપ હતી. તે રૂપથી, યૌવનથી અને લાવણ્યથી ઉત્તમ અને સર્વોત્કૃષ્ટ હતી.

તે સોમા કન્યા કોઈ દિવસે સ્નાન કરી ***યાવત્*** સુંદર વસ્ત્રાલંકારથી સજ્જ થઈ, તે ઘણી કુબ્જા ***યાવત્*** મહત્તરિકા દાસી સમૂહથી વીંટળાયેલી ઘર બહાર નીકળી, નીકળીને જ્યાં રાજમાર્ગ હતો ત્યાં રાજમાર્ગ પર આવી. આવીને સુંદર સોનાના દડાથી રમવા લાગી.

## સોમાનો અંતઃપુરમાં પ્રવેશ :–

**૧૭ तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठणेमि समोसढे । परिसा णिग्गया । तए णं से कण्हे वासुदेवे इमीसे कहाए लद्धट्ठे समाणे ण्हाए** *जाव* **विभूसिए गयसुकुमालेणं कुमारेणं सद्धिं हत्थिखंधवरगए सकोरंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं उद्धुव्वमाणीहिं बारवईए**

**णयरीए मज्झंमज्झेणं अरहओ अरिट्ठणेमिस्स पायवंदए णिग्गच्छमाणे सोमं दारियं पासइ, पासित्ता सोमाए दारियाए रूवेण य जोव्वणेण य लावण्णेण य जायविम्हए कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सोमिलं माहणं जायित्ता सोमं दारियं गेण्हइ, गेण्हित्ता कण्णंतेउरंसि पक्खिवह । तए णं एसा गयसुकुमालस्स कुमारस्स भारिया भविस्सइ । तए णं कोडुंबिय पुरिसा सोमं दारियं गेण्हित्ता कण्णंतेउरंसि पक्खिवंति** *जाव* **पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ ભગવાન દ્વારિકા નગરીમાં પધાર્યા. ધર્મકથા સાંભળવા પરિષદ નીકળી. શ્રીકૃષ્ણ મહારાજ પણ પ્રભુ પધાર્યાના સમાચાર જાણી, સ્નાન કરી ***યાવત્*** સર્વાલંકારોથી વિભૂષિત થઈ નાનાભાઈ ગજસુકુમાલની સાથે હાથી ઉપર બેઠા. કોરંટ ફૂલની માળાથી યુક્ત છત્રથી સુશોભિત તથા શ્રેષ્ઠ શ્વેત ચામરોથી વીંજાતા વીંજાતા કૃષ્ણ મહારાજ દ્વારિકા નગરીની મધ્યમાંથી થઈ અર્હત્ અરિષ્ટનેમિને વંદન કરવા નીકળતા, રાજમાર્ગ પર રમતી સોમા કન્યાને જોઈ. તે સોમાનું રૂપ, લાવણ્ય, યૌવન જોઈને કૃષ્ણ વાસુદેવ આશ્ચર્યચકિત થઈ ગયા અને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! તમે સોમિલ બ્રાહ્મણની પાસે જઈ તેમની આ કન્યારત્ન સોમાની યાચના કરીને તેને પ્રાપ્ત કરો, પ્રાપ્ત કરીને તેને કન્યાઓના અંતઃપુરમાં પહોંચાડો. યથાસમય આ ગજસુકુમારની ભાર્યા બનશે. કૃષ્ણ મહારાજના આદેશાનુસાર તે કૌટુંબિક સેવક પુરુષોએ તેમ કર્યું. સોમિલ બ્રાહ્મણે પ્રસન્નતા પૂર્વક કન્યારત્ન આપ્યું. કૌટુંબિક પુરુષોએ કન્યાને વાસુદેવના કન્યાના અંતઃપુરમાં રાખી દીધી અને કૃષ્ણ વાસુદેવને આજ્ઞા પાછી સોંપી.

**વિવેચન :–**

આ સૂત્રમાં સોમિલ બ્રાહ્મણની કન્યાની જે ગજસુકુમાલ માટે કૃષ્ણ વાસુદેવે યાચના કરી તેનું વર્ણન છે અને તે કન્યાને **'कण्णंतेउरंसि'** કન્યાઓના અંતઃપુરમાં રાખી. આ શબ્દથી એમ જણાય છે કે તે સમયે ગજસુકુમાલના વિવાહ માટે અનેક કુમારીઓને એકત્રિત કરી હતી. કન્યા = કુંવારી, અવિવાહિત કન્યા. અંતઃપુર એટલે સ્ત્રીઓના રહેવાનો રાજકીય આવાસ.

**सकोरंटमल्लदामेणं :–** એટલે કરેણના ફૂલની માળા. કરેણના ફૂલમાં સૌંદર્ય નથી હોતું તેમ છતાં અશુભ નજરના નિવારણ માટે રાજા મહારાજાઓના છત્રપર કરેણની માળા નાંખવામાં આવતી હતી.

## અર્હત્ અરિષ્ટનેમિના દર્શન તથા ગજસુકુમાલને વૈરાગ્ય :–

**१८ तए णं से कण्हे वासुदेवे बारवईए णयरीए मज्झंमज्झेणं णिगच्छइ, णिग्गच्छित्ता जेणेव सहसंबवणे उज्जाणे जेणेव अरहा अरिट्ठणेमि तेणेव उवागच्छइ उवागच्छित्ता अरहओ अरिट्ठणेमिस्स छत्तातिछत्तं पडागातिपडागं**

विज्जाहरचारणे जंभए य देवे ओवयमाणे उप्पयमाणे पासइ, पासित्ता अरहं अरिट्ठणेमिं पंचविहेणं अभिगमेणं अभिगच्छइ । तंजहा– सचित्ताणं दव्वाणं विउसरणयाए, अचित्ताणं दव्वाणं विउसरणयाए, एगसाडियं उत्तरासंगकरणेणं, चक्खुप्फासे अंजलिपग्गहेणं, मणसो एगत्तीकरणेणं । जेणामेव अरहा अरिट्ठणेमि तेणामेव उवागच्छइ, विणएणं पज्जुवासइ । तए णं अरहा अरिट्ठणेमि कण्हस्स वासुदेवस्स गयसुकुमालस्स कुमारस्स तीसे य महइ महालियाए परिसाए धम्मं कहेइ, कण्हे पडिगए ।

तए णं से गयसुकुमाले अरहओ अरिट्ठणेमिस्स अंतियं धम्मं सोच्चा, णिसम्म हट्ठतुट्ठे अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते! णिग्गंथं पावयणं, पतियामि णं भंते ! णिग्गंथं पावयणं, रोएमि णं भंते ! णिग्गंथं पावयणं, अब्भुट्ठेमि णं भंते ! णिग्गंथं पावयणं । एवमेयं भंते ! तहमेयं भंते ! अवितहमेयं भंते! इच्छियमेयं भंते! पडिच्छियमेयं भंते! इच्छिय-पडिच्छियमेयं भंते ! से जहेयं तुब्भे वयह ! णवरं देवाणुप्पिया ! अम्मापियरो आपुच्छामि । तओ पच्छा मुंडे भवित्ता णं अगाराओ अणगारियं पव्वइस्सामि ।

अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।

तए णं से गयसुकुमाले अरहं अरिट्ठणेमिं वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता जेणामेव हत्थिरयणे तेणामेव उवागच्छइ, उवागच्छित्ता हत्थिखंधवरगए, महयाभड– चडगर पहकरेणं बारवईए णयरीए मज्झंमज्झेणं जेणामेव सए भवणे तेणामेव उवागच्छइ, उवागच्छित्ता हत्थिखंधाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणामेव अम्मापियरो तेणामेव उवागच्छइ, उवागच्छित्ता अम्मापिऊणं पायवडणं करेइ, करित्ता एवं वयासी– एवं खलु अम्मयाओ ! मए अरहओ अरिट्ठणेमिस्स अंतिए धम्मे णिसंते, से वि य मे धम्मे इच्छिए पडिच्छिए अभिरुइए ।

**ભાવાર્થ :–** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ દ્વારિકા નગરીની મધ્યમાં થઈ નીકળ્યા, નીકળીને જે બાજુ સહસ્રામ્રવન ઉદ્યાનમાં અર્હત્ અરિષ્ટનેમિ ભગવાન બિરાજમાન હતા ત્યાં આવ્યા; આવીને અરિહંત અરિષ્ટનેમિ સ્વામીના છત્ર ઉપર છત્ર, પતાકા ઉપર પતાકા આદિ અતિશયોને જોયા તથા વિદ્યાધરો, ચારણ મુનિઓ અને જૃંભક દેવોને નીચે ઊતરતા તથા ઉપર જતા જોયા; જોઈને પાંચ પ્રકારના અભિગમ કરીને અરિહંત અરિષ્ટનેમિસ્વામીની સન્મુખ ચાલ્યા. તે પાંચ અભિગમ આ પ્રમાણે છે. (૧) સચિત્ત

પદાર્થનો ત્યાગ (૨) અચિત્ત પદાર્થનો ત્યાગ (વિવેક) (૩) ઉત્તરાસંગ (દુપટ્ટા)થી જતના (૪) દષ્ટિ પડતાં જ બંને હાથ જોડવા (૫) મનને એકાગ્ર કરવું. આ પાંચ અભિગમ કરીને ભગવાન અરિષ્ટનેમિ સન્મુખ જઈ ***યાવત્*** વિનય પૂર્વક ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યા. તે સમયે અરિષ્ટનેમિ પ્રભુએ કૃષ્ણ વાસુદેવ, ગજસુકુમાલ તથા ઉપસ્થિત વિશાળ ધર્મસભાને ધર્મોપદેશ આપ્યો. ધર્મકથા સાંભળી કૃષ્ણ વાસુદેવ પોતાના આવાસે પાછા ફર્યા.

ત્યાર પછી ગજસુકુમાલે અરિહંત અરિષ્ટનેમિ સમીપે ધર્મશ્રવણ કરી, તેને હૃદયમાં ધારણ કરી, હૃષ્ટતુષ્ટ થઈ અર્હત્ અરિષ્ટનેમિને ત્રણવાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી; વંદન નમસ્કાર કર્યા; વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું, હું તેના ઉપર પ્રતીતિ કરું છું અને મને નિર્ગ્રંથ પ્રવચન રુચે છે, ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચન અંગીકાર કરવા ઈચ્છું છું. આ આમ જ છે,(જેવું આપે કહ્યું છે) આ તેમજ છે, યથાર્થ સત્ય છે. હું ઈચ્છું છું, પુનઃ પુનઃ ઈચ્છું છું. ભગવન્ ! મને નિર્ગ્રંથ પ્રવચન ઈચ્છિત એવં પુનઃ પુનઃ ઈચ્છિત છે. આ તેમજ છે જેવું આપે ફરમાવ્યું છે. વિશેષતા એ કે હે દેવાનુપ્રિય ! હું મારા માતા પિતાની આજ્ઞા પ્રાપ્ત કરી, મુંડિત થઈ અગારથી અણગાર બનીશ.

ભગવાને કહ્યું– દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો પરંતુ ધર્મકાર્યમાં વિલંબ ન કરો.

ત્યાર પછી ગજસુકુમાલ કુમારે અરિહંત અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી, જ્યાં હસ્તિરત્ન હતું ત્યાં ગયા, જઈને હસ્તિસ્કંધ પર આરૂઢ થઈને મહાન સુભટો અને વિપુલ સમૂહ વાળા પરિવારની સાથે દ્વારકા નગરીની મધ્યમાં થઈ પોતાના ભવને આવ્યા, આવીને હસ્તિસ્કંધથી નીચે ઊતર્યા, ઊતરીને જ્યાં માતા પિતા હતા ત્યાં ગયા, જઈને માતા પિતાના ચરણોમાં પ્રણામ કર્યા, કરીને આ પ્રમાણે બોલ્યા– હે માતા પિતા ! મેં ભગવાન અરિષ્ટનેમિ સમીપે ધર્મ સાંભળ્યો અને મેં તે પ્રાપ્ત કરવાની ઈચ્છા કરી છે, વારંવાર ઈચ્છા કરી છે. ધર્મ મને રુચ્યો છે.

## વિવેચન :–

આ સૂત્રમાં અરિષ્ટનેમિ પ્રભુના ઉપદેશથી ગજસુકુમાલના વૈરાગ્ય ભાવનું, બોધ પ્રાપ્તિનું તથા માતા પિતા સમક્ષ સંયમ આજ્ઞાની રજૂઆતનું વર્ણન છે.

આ સૂત્રમાં મેઘકુમારની જેમ માતાપિતાને પૂછીને દીક્ષા લીધા સુધીનો વિશેષતા સાથે સંક્ષિપ્ત પાઠ છે પરંતુ પ્રસ્તુતમાં દીક્ષા સંવાદનો સંપૂર્ણ પાઠ અન્ય સૂત્રના આધારે રાખ્યો છે.

**અન્ય સંસ્કરણોમાં ઉપલબ્ધ સંક્ષિપ્ત પાઠ સંબંધી સ્પષ્ટીકરણ :–** વિવાહ કર્યા પછી અને વંશવૃદ્ધિ પછી તું સંયમ લેજે. અહીં વિવાહ અને વંશ માટે શબ્દ પ્રયુક્ત થયા છે **महेलिया वज्जं** તથા **वड्डियकुले महेलिया वज्जं** આ પદના બે અર્થ કરવામાં આવ્યા છે. મહિલારહિત અને અવિવાહિત. જેના લગ્ન ન થયા હોય તે મહિલા વર્જ્ય છે. સૂત્રકારે ગજસુકુમાલના જીવનને **जहा मेहो** મેઘકુમાર સમાન બતાવ્યું છે. મેઘકુમાર વિવાહિત હતા, જ્યારે ગજસુકુમાલ અવિવાહિત હતા. આ ફરક બતાવવા માટે **महेलिया**

**वज्जं** તથા વંશવૃદ્ધિનું વર્જન કરવા માટે શબ્દ પ્રયુક્ત થયો છે.

**પાંચ અભિગમ :–** (૧) સચિત્ત ત્યાગ– ફૂલ, ફળ આદિ કોઈપણ સચિત્ત વસ્તુ હોય તેને મૂકી દેવી. (૨) અચિત્ત ત્યાગ– સામાનનો થેલો, ઉપાનહ–ચંપલ, જોડાં, ખાદ્યસામગ્રી, વસ્ત્ર, વાસણ અથવા અન્ય કોઈપણ સામાન હાથમાં, માથા ઉપર, પગમાં અથવા ખભા પર હોય, તેને નીચે મૂકી દેવો. (૩) મુખ ઉપર દુપટ્ટો રાખવો અથવા રૂમાલ, મુહપત્તી બાંધવી. (૪) હાથ જોડવા. (૫) મનની સ્થિરતા કરવી.

### માતા દેવકી સાથે દીક્ષા માટે માતા સાથે વાર્તાલાપ :–

**१९ तए णं तस्स गयसुकुमालस्स अम्मापियरो एवं वयासी धण्णोसि तुमं जाया ! संपुण्णोसि तुमं जाया ! कयत्थोसि तुमं जाया ! कयलक्खणोसि तुमं जाया ! जण्णं तुमे अरहओ अरिट्ठणेमिस्स अंतिए धम्मे णिसंते से वि य ते धम्मे इच्छिए पडिच्छिए अभिरुइए ।**

**तए णं से गयसुकुमाले अम्मापियरो दोच्चं पि एवं वयासी** *जाव* **अभिरुइए । तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे भवित्ता णं अगाराओ अणगारियं पव्वइत्तए ।**

**तए णं सा देवई देवी तं अणिट्ठं अकंतं अप्पियं अमण्णुणं अमणामं अस्सुयपुव्वं फरुसं गिरं सोच्चा णिसम्म इमेणं एयारूवेणं मणोमाणसिएणं महया पुत्तदुक्खेणं अभिभूया समाणी सेयागय–रोमकूवपगलंत–चिलिणगाया सोयभर– पवेवियंगी णित्तेया दीण–विमण–वयणा–करयलमलियव्व कमलमाला तक्खणओलुग्ग दुब्बलसरीर–लावण्णसुण्ण–णिच्छाय–गयसिरीया पसिढिलभूसण–पडंतखुम्मिय संचुण्णियधवलवलय–पब्भट्ठ–उत्तरिज्जा सूमालवि–किण्ण–केसहत्था मुच्छावसणट्ठ–चेय–गरुई परसुणियत्त व्व चंपगलया णिव्वत्त–महेव्व इंदलट्ठी विमुक्क संधि–बंधणा कोट्टिमतलंसि सव्वंगेहिं धसत्ति पडिया ।**

**तए णं सा देवई देवी ससंभमोवत्तियाए तुरियं कंचणभिंगारमुहविणिग्गय –सीयल–जलविमल–धाराए परिसिंचमाणणिव्वावियगायलट्ठी उक्खेवय–तालविंट वीयणग–जणियवाएणं सफुसिएणं अंतेउरपरिजणेणं आसासिया समाणी मुत्तावलि–सण्णिगास–पवडंत–अंसुधाराहिं सिंचमाणी पओहरे, कलुण–विमण–दीणा रोयमाणी कंदमाणी तिप्पमाणी सोयमाणी विलवमाणी गयसुकुमालं कुमारं एवं वयासी–**

**तुमं सि णं जाया ! अम्हं एगे पुत्ते इट्ठे कंते पिए मणुण्णे मणामे धेज्जे वेसासिए सम्मए बहुमए अणुमए भंडकरंडगसमाणे रयणे रयणभूए जीविय-ऊसासिए हियय-णंदि-जणणे उंबरपुप्फंव दुल्लहे सवणयाए, किमंग पुण पासणयाए ? णो खलु जाया! अम्हे इच्छामो खणमवि विप्पओगं सहित्तए । तं भुंजाहि ताव जाया विपुले माणुस्सए कामभोगे जाव ताव वयं जीवामो ! तओ पच्छा अम्हेहिं कालगएहिं परिणयवए वड्ढिय-कुलवंसतंतु-कज्जम्मि णिरावयक्खे अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्ससि ।**

**ભાવાર્થ :–** ગજસુકુમાલ પાસેથી ધર્મ રુચ્યાની વાત સાંભળી માતાપિતા આ પ્રમાણે બોલ્યા– હે પુત્ર ! તું ધન્ય છો, પુત્ર ! તું પુણ્યવાન છો, હે પુત્ર ! તું કૃતાર્થ છો કે તેં ભગવાન અરિષ્ટનેમિ સમીપે ધર્મનું શ્રવણ કર્યું છે અને તે ધર્મ પણ તને ઈષ્ટ, પુનઃ પુનઃ ઈષ્ટ તથા રુચિકર લાગ્યો છે.

ત્યારે ગજસુકુમાલકુમારે માતાપિતાને બેવાર–ત્રણવાર આ જ પ્રમાણે વાત કહી ***યાવત્*** ધર્મ મને રુચ્યો છે. તેથી હે માતાપિતા ! હું આપની આજ્ઞા હોય તો ભગવાન અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈને, ગૃહવાસ છોડી અણગાર બનવા ઈચ્છું છું.

ત્યાર પછીગજસુકુમાલના મુખેથી અનિષ્ટ(અનિચ્છિત), અપ્રિય, અમનોજ્ઞ અને અમનામ (અરુચિકર) પહેલાં ક્યારે ય ન સાંભળી હોય એવી કઠોર વાણી સાંભળી, હૃદયમાં ધારણ કરી, દેવકી દેવી પોતાના મહાન પુત્ર વિયોગના દુઃખથી પીડિત થયાં. તેના રોમેરોમમાં પરસેવો વ્યાપી ગયો. આખું શરીર પરસેવાથી ભીંજાઈ ગયું. શોકાધિકતાના કારણે તેના અંગ કાંપવા લાગ્યાં, નિસ્તેજ થઈ ગયા, દીન, વિમનસ્ક થઈ ગયાં. હથેળીમાં મસળેલી કમળ માળાની જેમ મુરઝાઈ ગયા. શબ્દ સાંભળતા તત્ક્ષણ દુઃખી અને દુર્બલ થઈ ગયાં. લાવણ્યરહિત, કાંતિહીન, શ્રીવિહીન થઈ ગયા. શરીર દુર્બળ થવાના કારણે પહેરેલા અલંકારો અત્યંત ઢીલા થઈ ગયા. હાથના ઉત્તમ વલય સરકીને જમીન પર પડી ચૂરેચૂરા થઈ ગયા. તેનું ઉત્તરીય વસ્ત્ર સરકી ગયું. સુકુમાર કેશકલાપ વિખરાઈ ગયો. મૂર્છાવશ શરીર ભારે થઈ ગયું. કુહાડીથી કાપેલી ચંપકલતા સમાન તથા મહોત્સવ સંપન્ન થયા પછી ઈન્દ્રધ્વજ શોભારહિત થઈ જાય તેમ શરીરના સાંધા અર્થાત્ ગાત્રો ઢીલા થઈ ગયાં. આવા દેવકી દેવી સર્વ અંગોથી "ધડામ" કરતાં ધરણી પર ઢળી પડ્યાં અર્થાત્ બેભાન થઈ ગયા.

ત્યાર પછી દેવકી દેવી પાસે ગભરાયેલા દાસ, દાસી, સ્વજન, પરિજન શીઘ્રતાથી દોડી આવ્યા અને ઝટપટ તેમના શરીર ઉપર સુવર્ણ કળશના મુખથી નીકળેલી શીતળ નિર્મળ જળની ધારાથી સિંચિત કરવા લાગ્યાં તેમજ વાંસના પંખાથી, તાડના પાંદડાના પંખાથી અને વીંજણાથી વીંઝતા ઉત્પન્ન થયેલા જલકણોથી યુક્ત વાયુથી અંતઃપુરના પરિજનો આશ્વાસન આપી શાંત કરવા લાગ્યા. તોપણ દેવકી દેવી મોતીઓની માળાની જેમ અશ્રૂધારાથી પોતાના સ્તનોને ભીંજવવા લાગ્યાં. રુદન કરવા લાગ્યાં. તેઓ

દયનીય, ઉદાસ અને દીન થઈ ગયાં, રુદન કરતાં, ક્રંદન કરતાં, પરસેવાથી ભીંજાતા, હૃદયમાં શોક કરતાં અને વિલાપ કરતાં ગજસુકુમાલને આ પ્રમાણે કહેવા લાગ્યાં.

હે પુત્ર ! તું અમારો એકનો એક પુત્ર છો, તું અમને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, પ્યારો છો, તથા ધૈર્ય અને વિશ્વાસનું સ્થાન છો. કાર્ય કરવામાં સમ્મત છો, ઘણા કાર્યોમાં ઘણો સંમત છો, કાર્ય કર્યા પછી પણ અનુમત છો(અર્થાત્ પૂછવા લાયક, માનવા લાયક, વિશ્વસનીય છો). આભૂષણોની પેટી સમાન છો. મનુષ્ય જાતિમાં ઉત્તમ હોવાના કારણે રત્ન સમાન છો. જીવનના ઉચ્છ્વાસ સમાન છો. અમારા હૃદયમાં આનંદ ઉત્પન્ન કરનાર છો, ઉંબરાના ફૂલ સમાન તારું નામ સાંભળવું પણ દુર્લભ છે. તો પછી દર્શનની તો વાત જ શું કરવાની ? હે પુત્ર ! અમે ક્ષણભર પણ તારો વિયોગ સહન કરવા ઈચ્છતાં નથી. માટે હે પુત્ર ! પ્રથમ તો અમે જ્યાં સુધી જીવિત છીએ, ત્યાં સુધી મનુષ્ય સંબંધી વિપુલ કામભોગોનો ઉપભોગ કર. પછી જ્યારે અમે મૃત્યુ પામી જઈએ અને તારી યુવાવસ્થા પૂર્ણ થઈ જાય, કુલ વંશ રૂપ તંતુનું કાર્ય વૃદ્ધિંગત થાય, જ્યારે સાંસારિક કાર્યની અપેક્ષા ન રહે, તે સમયે તું ભગવાન અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈ દીક્ષા ગ્રહણ કરજે.

## રાગપૂર્ણ પ્રલોભનનો વૈરાગ્યપૂર્ણ પ્રત્યુત્તર :–

**૨૦** **तए णं से गयसुकुमाले अम्मापिऊहिं एवं वुत्ते समाणे अम्मापियरो एवं वयासी– तहेव णं तं अम्मो ! जहेव णं तुब्भे ममं एवं वयह– तुमं सि णं जाया ! अम्हं एगे पुत्ते इट्ठे कंते** *जाव* **पव्वइस्ससि । एवं खलु अम्मयाओ माणुस्सए भवे अधुवे अणितिए असासए वसणसओवद्दवाभिभूते विज्जुलयाचंचले अणिच्चे जलबुब्बुयसमाणे कुसग्गजलबिंदुसण्णिभे संझब्भरागसरिसे सुविणदंसणोवमे सडण– पडण–विद्धंसण–धम्मे पच्छा पुरं च णं अवस्सविप्पजहणिज्जे । से के णं जाणइ अम्मयाओ ! के पुव्विं गमणाए के पच्छा गमणाए ? तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे** *जाव* **पव्वइत्तए ।**

**तए णं तं गयसुकुमाल कुमारं अम्मापियरो एवं वयासी– इमे य ते जाया ! अज्जय–पज्जय–पिउपज्जयागए सुबहुं हिरण्णे य सुवण्णे य कंसे य दूसे य मणिमोत्तिय–संख–सिल–प्पवाल–रत्तरयण–संतसार–सावएज्जे य अलाहि जाव आसत्तमाओ कुलवंसाओ पगामं दाउं पगामं भोत्तुं पगामं परिभाएउं । तं अणुहोही ताव जाया ! विपुलं माणुस्सगं इड्ढिसक्कारसमुदयं । तओ पच्छा अणुभूयकल्लाणे** *जाव* **अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्ससि।**

**तए णं से गयसुकुमाले अम्मापियरं एवं वयासी– तहेव णं तं अम्मयाओ! जं णं तुब्भे ममं एवं वयह– इमे ते जाया ! अज्जग–पज्जग–पिउपज्जयागए** *जाव* **पव्वइस्ससि । एवं खलु अम्मयाओ ! हिरण्णे य** *जाव* **सावएज्जे य अग्गिसाहिए चोरसाहिए रायसाहिए दाइयसाहिए मच्चुसाहिए, अग्गिसामण्णे चोरसामण्णे रायसामण्णे दाइयसामण्णे मच्चुसामण्णे सडण–पडण–विद्धंसणधम्मे पच्छा पुरं च णं अवस्स विप्पजहणिज्जे । से के णं जाणइ अम्मयाओ ! किं पुव्विं गमणाए ? के पच्छा गमणाए ? तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे** *जाव* **पव्वइत्तए ।**

**तए णं तस्स गयसुकुमालस्स कुमारस्स अम्मापियरो जाहे णो संचाएंति गयसुकुमालं कुमारं बहूहिं विसयाणुलोमाहिं आघवणाहि य पण्णवण्णाहि य सण्णवणाहि य विण्णवणाहि य आघवित्तए वा पण्णवित्तए वा सण्णवित्तए वा विण्णवित्तए वा ताहे विसयपडिकूलाहिं संजमभउव्वेयकारियाहिं पण्णवणाहिं पण्णवेमाणा एवं वयासी–**

**ભાવાર્થ :–** ત્યાર પછી માતાપિતા દ્વારા આ પ્રમાણે કહેવા પર ગજસુકુમાલે માતાપિતાને આ પ્રમાણે કહ્યું– હે માતાપિતા ! આપ મને જે કહો છો કે હે પુત્ર ! તું અમારો એકનો એક પુત્ર છે. ઈષ્ટ, કાંત ***યાવત્*** પછી દીક્ષા ગ્રહણ કરજે. તે ઠીક છે, પરંતુ હે માતાપિતા ! આ મનુષ્યભવ અધ્રુવ, અનિયત, અશાશ્વત, વિનશ્વર છે, સેંકડો સંકટો એવં ઉપદ્રવોથી વ્યાપ્ત છે; વિજળીના ચમકારા જેવો ચંચળ છે; અનિત્ય છે; પાણીના પરપોટા સમાન છે; કુશાગ્રે લાગેલા(લટકેલા) જલબિંદુ સમાન છે; સંધ્યાના રંગ સમાન છે; સ્વપ્ન દર્શન સમાન છે; હમણા છે અને હમણા નથી. કુષ્ઠ આદિ રોગોથી સડવા યોગ્ય, તલવારથી ટૂકડા થવા યોગ્ય અને ક્ષીણ સ્વભાવી છે. આગળ અથવા પાછળ અવશ્ય ત્યાગવા યોગ્ય છે. હે માતાપિતા ! કોણ જાણી શકે છે કે કોણ પહેલા મૃત્યુ પામશે અને કોણ પછી જશે ? તેથી હે માતાપિતા ! હું આપની આજ્ઞા હોય તો ***યાવત્*** પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.

તત્પશ્ચાત્ માતાપિતાએ ગજસુકુમાલને આ પ્રમાણે કહ્યું– હે પુત્ર ! તારા પિતામહ, તારા પિતાના પિતામહ અને પિતાના પ્રપિતામહ પાસેથી આવેલું પ્રચુર સોનું, ચાંદી, કાંસુ, દૂષ્ય–વસ્ત્ર, મણિ, મોતી, શંખ, સિલા, પ્રવાલ, લાલરત્ન આદિ સારભૂત ધન–દ્રવ્ય વિદ્યમાન છે અને એ એટલું પ્રચુરમાત્રામાં છે કે સાત પેઢી સુધી ખૂટે તેમ નથી. એમાંથી તું (એનું) ખૂબ દાન કર, સ્વયં ભોગવ અને અન્યને વહેંચી દે. હે પુત્ર ! આ જેટલો મનુષ્ય સંબંધી ૠદ્ધિ–સત્કારનો સમુદાય છે તે બધું જ તું ઉપભોગમાં લે. ત્યાર પછી અનુભૂત–કલ્યાણ થઈ, અરિષ્ટનેમિ ભગવાન સમીપે દીક્ષા ગ્રહણ કરજે.

ત્યારે ગજસુકુમાલે માતાપિતાને કહ્યું– હે માતાપિતા ! આપ જે કહો છો તે ઠીક છે કે– હે પુત્ર !

આ દાદા, પડદાદા અને પિતાના પડદાદાથી આવેલું ***યાવત્*** તેને ભોગવ્યા પછી દીક્ષા લેજે. પરંતુ હે માતાપિતા! આ સોનું, ચાંદી ***યાવત્*** સ્વાપતેય(દ્રવ્ય)બધું અગ્નિસાધ્ય છે અર્થાત્ અગ્નિ તેને ભસ્મ કરી શકે છે, ચોર ચોરી કરી શકે છે, રાજા અપહરણ કરી શકે છે, ભાગીદાર ભાગ પડાવી શકે છે અને મૃત્યુ બાદ આ પોતાનું રહેતું નથી. અર્થાત્ ધન જેમ તેના માલિકનું છે એવી જ રીતે અગ્નિનું પણ છે, ચોર, રાજા અને ભાગીદારનું પણ છે તથા મૃત્યુને માટે પણ સામાન્ય છે. આ દ્રવ્ય સડન, પડન, વિધ્વંસન સ્વભાવી છે. મૃત્યુ પહેલા કે પછી અવશ્ય છોડવા યોગ્ય હેય છે. હે માતાપિતા ! પહેલા કોણ જશે અને પછી કોણ જશે એ કોણ જાણે છે ? તેથી હે માતાપિતા ! હું આપની આજ્ઞા હોય તો ***યાવત્*** દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું.

ગજસુકુમાલના માતા પિતા જ્યારે ગજસુકુમાલને અનુકૂળ આખ્યાપનાથી, પ્રજ્ઞાપનાથી, સંજ્ઞાપનાથી કે વિજ્ઞાપનાથી સમજાવવા, મનાવવામાં, સંબોધન કરવા તથા અનુનય (વિનવણી) કરવામાં સમર્થ ન થયા ત્યારે પ્રતિકૂળ તથા સંયમ પ્રતિ ભય, ઉદ્વેગ ઉત્પન્ન કરનારી પ્રજ્ઞાપનાથી આ પ્રમાણે બોલ્યાં–

### સંયમની દુષ્કરતાનો સટીક સચોટ પ્રત્યુત્તર :-

**૨૧ एस णं जाया ! णिग्गंथे पावयणे सच्चे अणुत्तरे केवलिए पडिपुण्णे णेयाउए संसुद्धे सल्लकत्तणे सिद्धिमग्गे मुत्तिमग्गे णिज्जाणमग्गे णिव्वाणमग्गे सव्वदुक्खपहीणमग्गे, अहीव एगंतदिट्ठीए, खुरो इव एगंतधाराए, लोहमया इव जवा चावेयव्वा, वालुयाकवले इव णिस्साए, गंगा इव महाणई पडिसोयगमणाए, महासमुद्दो इव भुयाहिं दुत्तरे, तिक्खं कमियव्वं, गरुअं लंबेयव्वं, असिधारव्वयं चरियव्वं ।**

**णो खलु कप्पइ जाया ! समणाणं णिग्गंथाणं आहाकम्मिए वा उद्देसिए वा कीयगडे वा ठविए वा रइए वा दुब्भिक्खभत्ते वा कंतारभत्ते वा बद्दलियाभत्ते वा गिलाणभत्ते वा मूलभोयणे वा कंदभोयणे वा फलभोयणे वा बीयभोयणे वा हरियभोयणे वा भोत्तए वा पायए वा ।**

**तुमं च णं जाया ! सुहसमुचिए णो चेव णं दुहसमुचिए, णालं सीयं णालं उण्हं णालं खुहं णालं पिवासं णालं वाइय-पित्तिय-सिंभिय-सण्णिवाइए विविहे रोगायंके, उच्चावए गामकंटए, बावीसं परीसहोवसग्गे उदिण्णे सम्मं अहिया - सित्तए । तं भुंजाहि ताव जाया ! माणुस्सए कामभोगे ! तओ पच्छा भुत्तभोगी** *जाव* **पव्वइस्ससि ।**

**तए णं से गयसुकुमाले कुमारे अम्मापिऊहिं एवं वुत्ते समाणे अम्मापियरं एवं वयासी- तहेव णं तं अम्मयाओ ! जं णं तुब्भे ममं एवं वयह- एस णं**

**जाया ! णिग्गंथे पावयणे सच्चे अणुत्तरे पुणरवि तं चेव** *जाव* **तओ पच्छा भुत्तभोगी अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइस्ससि। एवं खलु अम्मयाओ ! णिग्गंथे पावयणे कीवाणं कायराणं कापुरिसाणं इहलोग पडिबद्धाणं परलोगणिप्पिवासाणं दुरणुचरे पाययजणस्स, णो चेव णं धीरस्स । णिच्छियववसियस्स एत्थ किं दुक्करं करणायाए ? तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे** *जाव* **पव्वइत्तए ।**

**ભાવાર્થ :–** માતા દેવકી સંયમ માર્ગની કઠિનાઈ પ્રદર્શિત કરતાં બોલ્યાં– હે પુત્ર ! આ નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે, અનુત્તર (સર્વોત્તમ) છે, કેવળી–સર્વજ્ઞ કથિત છે, પ્રતિપૂર્ણ છે, ન્યાયયુક્ત, સંશુદ્ધ, શલ્યકર્તન, સિદ્ધિ માર્ગ, મુક્તિનો માર્ગ, નિર્યાણનો માર્ગ અને સમસ્ત દુઃખોનો પૂર્ણરૂપથી નાશ કરનારો માર્ગ છે. જેમ સાપ પોતાના ભક્ષ્યને ગ્રહણ કરવામાં નિશ્ચલ દષ્ટિ રાખે છે, એવી જ રીતે આ પ્રવચનમાં દષ્ટિ નિશ્ચલ રાખવી પડે છે. નિર્ગ્રંથ પ્રવચન છરી સમાન એકધારયુક્ત હોય છે, લોઢાના જવ ચાવવા સમાન છે, રેતીના કોળીયા સમાન સ્વાદહીન છે, ગંગા મહાનદીના પૂરમાં પ્રતિસ્રોતગમન(સામે તરવા) સમાન કઠિન છે, ભુજાઓથી સમુદ્ર પાર કરવા સમાન દુસ્તર છે, તીક્ષ્ણ તલવાર પર આક્રમણ કરવા સમાન છે, મહાશિલા સમ ભારે વસ્તુને ગળામાં બાંધવા સમાન છે, તલવારની ધાર પર ચાલવા બરાબર છે.

વળી હે પુત્ર ! નિર્ગ્રંથ શ્રમણોને આધાકર્મી, (સાધુ માટે પકાવેલો)ઔદ્દેશિક, ક્રીતકૃત(ખરીદેલો), સ્થાપિત(સાધુ માટે રાખેલો), રચિત(સાધુ માટે કોઈપણ રૂપમાં તૈયાર કરેલો) દુર્ભિક્ષ(દુર્ભિક્ષ સમયે બનાવેલો), કાન્તાર ભક્ત(અરણ્યમાં બનાવેલો), ગ્લાન ભક્ત(રોગીઓને દેવા માટે બનાવેલો), મૂલભોજન, કંદભોજન, ફલભોજન, બીજભોજન અથવા હરિતભોજન આવો દૂષિત આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી.

આ સિવાય હે પુત્ર ! તું સુખ ભોગવવા યોગ્ય છે, દુઃખ સહન કરવા યોગ્ય નહીં. તું ઠંડી, ગરમી, ભૂખ, તરસ, વાત, પિત, કફ અને સન્નિપાતથી થનારા વિવિધ કોઢ આદિ રોગો તથા અચાનક મૃત્યુ કરનારા શૂલાદિ આતંકોને ઊંચા–નીચા–ઈન્દ્રિય પ્રતિકૂળ વચનોને, બાવીસ પરીષહો તથા ઉપસર્ગોને સમ્યક્ પ્રકારે સહન કરવામાં સમર્થ (યોગ્ય) નથી.તેથી હે પુત્ર ! હે લાલ ! તું મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવ. ભુક્તભોગી બન્યા પછી ***યાવત્*** પ્રવ્રજ્યા અંગીકાર કરજે.

દુષ્કર સંયમ જીવનની વાત સાંભળી ગજસુકુમાલે માતાપિતાને સટીક–સચોટ જવાબ આપ્યો– હે માતાપિતા ! આપ મને જે કહો છો તે ઠીક છે કે ભુક્તભોગી બન્યા પછી દીક્ષા લેજે. પરંતુ હે માતાપિતા! આ પ્રમાણે નિર્ગ્રંથ પ્રવચન કલીબ(નપુંસક, હીન સંઘયણી), કાયર(ચિત્તની સ્થિરતા રહિત), કાપુરુષ (કુત્સિત), આ લોક સંબંધી વિષય સુખની અભિલાષાવાળા અને પરલોકના સુખની ઈચ્છા રહિત, સામાન્ય જન માટે જ દુષ્કર છે પરંતુ ધીર એવં દઢ સંકલ્પવાળા પુરુષને માટે સંયમનું પાલન કઠિન–દુષ્કર નથી.

આનું પાલન કરવામાં કઠિનતા શું છે ? તેથી હે માતાપિતા ! આપની આજ્ઞાથી હું દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું.

## વિવેચન :–

આ સૂત્રોમાં મોહવશ થયેલી માતા દેવકીની, પરિસ્થિતિ, પુત્રને અનુકૂળ–પ્રતિકૂળ, રાગાત્મક પ્રલોભનો, સંયમ માર્ગની કઠિનાઈઓ આદિ અનેક પ્રકારે, ગજસુકુમાલને યોગથી ભોગ તરફ વાળવાની યુક્તિઓ, ઉક્તિઓથી સમજાવટ, તે તમામનો સચોટ વૈરાગ્યપૂર્ણ પ્રત્યુત્તર સાથેના માતાપુત્રના વાર્તાલાપનું અત્યધિક સુંદર વર્ણન છે. માતા દેવકી બે પ્રલોભન આપે છે. અમારા મૃત્યુ પછી સાંસારિક કાર્યોથી નિવૃત્ત થયા બાદ અને વિપુલ ભોગસામગ્રી ભોગવ્યા પછી ભુક્તભોગી બન્યા પછી દીક્ષા લેજે– આ બંનેનો ગજસુકુમાલે એક જ ઉત્તર આપ્યો છે કે હે માતા ! સાંસારિક સંબંધો તથા સાંસારિક ભોગસામગ્રી આ બંને અધ્રુવ છે; સૂર્યોદય સમાન નિયમિત નથી; ક્ષણભંગુર છે, ચંચળ છે, આજે છે અને કાલે નથી. હે માતાપિતા ! પુત્ર કે પ્રચુર ધન ભોગ્ય સામગ્રી કોણ કોને પહેલા છોડશે તે કહેવું અશક્ય છે. એ છોડે તે પહેલાં જો આપ મને આજ્ઞા આપો તો હું સંયમ ગ્રહણ કરી લઉ અને માતાએ સંયમની દુષ્કરતા બતાવી ત્યારે ગજસુકુમાલે સુંદર જવાબ આપ્યો કે અનુકૂળતા ઈચ્છવી એ નપુંસકતા, કાયરતા, અપુરુષતા છે. દુષ્કરતા સામે અડીખમ થઈ ઊભા રહેવાનું સૌભાગ્ય ધીર દઢસંકલ્પી મનુષ્ય જ મેળવી શકે છે.

સૂત્ર–૨૧ માં ચાર શબ્દ આવે છે. આખ્યાપના = સામાન્ય રૂપે પ્રતિપાદન કરનારી વાણી, પ્રજ્ઞાપના = વિશેષરૂપથી પ્રતિપાદન કરનારી વાણી, સંજ્ઞાપના = સંબોધન કરનારી વાણી, વિજ્ઞાપના = અનુનય વિનય કરનારી વાણી. સૂત્ર–૨૨ માં નિર્ગ્રંથ પ્રવચનના વિશેષણો છે. સત્ય = હિતકારી, અનુત્તર = સર્વોત્તમ, કેવલિયં–સર્વજ્ઞ કથિત, અદ્વિતીય, પ્રતિપૂર્ણ = પરિપૂર્ણ, નૈયાયિક = ન્યાય યુક્ત અથવા મોક્ષ તરફ લઈ જનાર, સંશુદ્ધ = સર્વથા નિર્દોષ, શલ્યકર્તન = માયા આદિ ત્રણ શલ્યોનો નાશ કરનાર, નિર્યાણ = સિદ્ધિ ક્ષેત્રનો, શાંતિનો માર્ગ છે.

## કૃષ્ણ મહારાજ દ્વારા વૈરાગ્ય કસોટી :–

**૨૨ तए णं से कण्हे वासुदेवे इमीसे कहाए लद्धट्ठे समाणे जेणेव गयसुकुमाले तेणेव उवागच्छइ, उवागच्छित्ता गयसुकुमालं आलिंगइ, आलिंगित्ता उच्छंगे णिवेसेइ, णिवेसेत्ता एवं वयासी– तुमं ममं सहोयरे कणीयसे भाया । तं मा णं तुमं देवाणुप्पिया ! इयाणिं अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे** *जाव* **पव्वयाहि । अहण्णं तुमे बारवईए णयरीए महया–महया रायाभिसेएणं अभिसिंचिस्सामि । तए णं से गयसुकुमाले कण्हेणं वासुदेवेणं एवं वुत्ते समाणे तुसिणीए संचिट्ठइ । तए णं से गयसुकुमाले कण्हं वासुदेवं अम्मापियरो य दोच्चं पि तच्चंपि एवं वयासी–**

**एवं खलु देवाणुप्पिया ! माणुस्सया कामा भोगा असुई वंतासवा**

**पित्तासवा खेलासवा सुक्कासवा सोणियासवा दुरूय-उस्सास-णीसासा दुरूय-मुत्त पुरीस-पूय-बहुपडिपुण्णा उच्चार-पासवण-खेल-सिंघाणग-वंत-पित्त-सुक्क सोणियसंभवा अधुवा अणितिया असासया सडण-पडण-विद्धंसणधम्मा पच्छा पुरं च णं अवस्स विप्पजहियव्वा भविस्संति, तं इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे** *जाव* **पव्वइत्तए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ ગજસુકુમાલની વિરક્ત થવાની વાત સાંભળી ગજસુકુમાલ પાસે આવ્યા અને આવીને ગજસુકુમાલને લઘુભ્રાતા તરીકે આલિંગન કર્યું, આલિંગન કરીને ખોળામાં બેસાડી આ પ્રમાણે બોલ્યા–

હે દેવાનુપ્રિય ! તું મારો સહોદર નાનો ભાઈ છે તેથી કહું છું કે અત્યારે ભગવાન અરિષ્ટનેમિ પાસે મુંડિત થઈ ***યાવત્*** દીક્ષા ગ્રહણ કરીશ નહીં. દ્વારકા નગરીમાં ભવ્ય મોટા સમારોહ સાથે હું તારો રાજ્યાભિષેક કરીશ. ત્યારે કૃષ્ણ વાસુદેવના આ પ્રમાણે કહેવા પર ગજસુકુમાલ મૌન રહ્યા. થોડીવારના મૌન બાદ તેઓએ પોતાના મોટાભાઈ કૃષ્ણ વાસુદેવને એવં માતાપિતાને વારંવાર (બેવાર–ત્રણવાર) પણ આ પ્રમાણે કહ્યું–

હે દેવાનુપ્રિયો ! હકીકતે માનવીય દેહ તથા કામભોગો અશાશ્વત, ક્ષણવિધ્વંસી અને મળ, મૂત્ર, રસી(પરુ), કફ, નાસિકામેલ, વમન, પિત્ત, શુક્ર અને શોણિત આ નવ અશુચિના ભંડારરૂપ છે. ખરાબ ઉચ્છ્વાસ, નિચ્છ્વાસ યુક્ત છે. આ મનુષ્ય શરીર તથા કામભોગ અસ્થિર, અનિત્ય, સડન, પડન,(ગલન), વિધ્વંસન સ્વભાવી હોવાથી વહેલા કે મોડા નષ્ટ થનાર છે. માટે હે દેવાનુપ્રિયો ! આપની આજ્ઞા મળવા પર હું પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું.

**२३ तए णं गयसुकुमालं कण्हे वासुदेवे अम्मापियरो य जाहे णो संचाएंति बहुयाहिं अणुलोमाहिं** *जाव* **आघवित्तए ताहे अकामाइं चेव गयसुकुमालं कुमारं एवं वयासी- तं इच्छामो णं ते जाया ! एगदिवसमवि रज्जसिरिं पासित्तए ।**

**तए णं गयसुकुमाले कुमारे कण्हं वासुदेवं अम्मापियरं च अणुवत्तमाणे तुसिणीए संचिट्ठइ । तए णं से गयसुकुमालस्स पिया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी- खिप्पामेव भो देवाणुप्पिया ! गयसुकुमालस्स कुमारस्स महत्थं, महग्घं, महरिहं विपुलं रायाभिसेयं उवट्ठवेह । तए णं ते कोडुंबियपुरिसा तहेव** *जाव* **पच्चप्पिणंति ।**

**तए णं तं गयसुकुमालं कुमारं अम्मा-पियरो सीहासणवरंसि पुरत्थाभिमुहं णिसीयावेंति जहा रायप्पसेणइज्जे** *जाव* **अट्ठसएणं सोवण्णियाणं कलसाणं सव्विड्ढीए**

*जाव* **महयारवेणं महया महया रायाभिसेएणं अभिसिंचंति अभिसिंचित्ता करयल** *जाव* **जएणं विजएणं वद्धावेंति, जएणं विजएणं वद्धावित्ता एवं वयासी– भण जाया ! किं देमो, किं पयच्छामो, किणा वा ते अट्ठो ?**

**तए णं से गयसुकुमाले कुमारे अम्मापियरो एवं वयासी– इच्छामि णं अम्मयाओ कुत्तियावणाओ रयहरणं च पडिग्गहं च आणिउं, कासवगं च सद्दाविउं ।**

**ભાવાર્થ :–** કૃષ્ણ વાસુદેવ તથા માતાપિતા અનેક પ્રકારની અનુકૂળ અને સ્નેહભરેલી યુક્તિ– પ્રયુક્તિઓથી ગજસુકુમાલને સમજાવવામાં સમર્થ ન થયા, ત્યારે નિરાશ થઈને શ્રી કૃષ્ણ એવં માતાપિતા આ પ્રમાણે બોલ્યા–

હે પુત્ર ! અમે એક દિવસની પણ તારી રાજ્યશ્રી(રાજવૈભવની શોભા) જોવા ઈચ્છીએ છીએ. ત્યારે ગજસુકુમાલ, કૃષ્ણવાસુદેવ તથા માતાપિતાનો અનુરોધ(ઈચ્છા) સાંભળી મૌન થઈ ગયા. ત્યાર પછી ગજસુકુમાલકુમારના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિયો ! તુરત જ ગજસુકુમાલકુમારના મહાર્થ, મહામૂલ્ય, મહાર્હ(મહાન પુરુષોને યોગ્ય) અને વિપુલ રાજ્યાભિષેકની તૈયારી કરો. કૌટુંબિક પુરુષોએ આજ્ઞાનુસાર કાર્ય કરીને ***યાવત્*** આજ્ઞા પાછી સોંપી.

ગજસુકુમાલના માતાપિતાએ તેને ઉત્તમ સિંહાસન પર પૂર્વાભિમુખે બેસાડ્યા. શ્રી રાજપ્રશ્નીય સૂત્રાનુસાર ***યાવત્*** એકસો આઠ–એકસો આઠ સુવર્ણ–ચાંદી–મણિ–માટી આદિના કળશોથી સર્વૠદ્ધિથી ***યાવત્*** મહાશબ્દો દ્વારા ગજસુકુમાલને રાજ્યાભિષેકથી અભિષિક્ત કર્યા. મહાન વિશાળ રાજ્યાભિષેક કરીને, હાથ જોડી જયવિજય શબ્દોથી વધાવ્યા, વધાવીને આ પ્રમાણે બોલ્યા– હે પુત્ર અમે તારું શું પ્રિય કાર્ય કરીએ ? અમે શું આપીએ ? તારું શું પ્રયોજન(ઈચ્છા) છે ? ત્યારે ગજસુકુમાલકુમારે માતાપિતાને આ પ્રમાણે કહ્યું– હે માતાપિતા ! કુત્રિકાપણમાંથી રજોહરણ અને પાત્રા મંગાવો તથા નાઈ(વાણંદ)ને બોલાવો એમ હું ઈચ્છું છું.

## વિવેચન :–

આ સૂત્રમાં ગજસુકુમાલના રાજ્યાભિષેક તથા તેમના દઢ વૈરાગ્યનું સૂત્રકારે વર્ણન કર્યું છે. અભિષેકનો અર્થ– સર્વ ઔષધિઓથી યુક્ત પવિત્ર જળ દ્વારા, મંત્રોચ્ચાર પૂર્વક પદવીનું આરોપણ કરવા મસ્તક પર કરાતી ધારાને અભિષેક ક્રિયા કહે છે.

ત્રણ ખંડના રાજવી બનવા છતાં ગજસુકુમાલે વૈરાગ્ય ભરેલા શબ્દોમાં આજ્ઞા કરી કે કુત્રિ– કાપણમાંથી ઓઘો–પાત્રા લાવો અને વાણંદને બોલાવો.

**कुत्रिकापण :–** 'કુ' એટલે પૃથ્વી, 'ત્રિ' એટલે ત્રણે ય લોકની વસ્તુ અને 'આપણ' એટલે દુકાન. જેમાં ત્રણ લોકની **A to Z** બધી જ વસ્તુઓ મળે તેવી દુકાનને કુત્રિકાપણ કહે છે. કુત્રિકાપણ, સાર્થવાહની જેમ

ચાલતો–ફરતો સ્ટોર છે જેને વર્તમાનમાં મોબાઈલ સ્ટોર પણ કહી શકાય. ફરક માત્ર એટલો કે કુત્રિકાપણનો માલિક એક શેઠ હોય છે કે જેણે દેવને આરાધી પોતાને અધિનસ્થ બનાવ્યો હોય. આવો દેવાધિષ્ઠિત શેઠ કુત્રિકાપણ ચલાવે છે. જ્યાં જ્યાં મોટા મોટા પ્રસંગ, વાર, તહેવાર હોય ત્યાં આ દેવાધિષ્ઠિત કુત્રિકાપણ લઈ જાય છે.

## ગજસુકુમાલરાજાની આજ્ઞાનું પાલન :–

**२४** **तए णं गयसुकुमालस्स कुमारस्स अम्मापियरो कोडंबियपुरिसे सद्दावेंति, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! सिरिघराओ तिण्णि सयसहस्साइं गहाय दोहिं सयसहस्सेहिं रयहरणं पडिग्गहं च उवणेह, सयसहस्सेण कासवगं सद्दावेह । तए णं ते कोडुंबियपुरिसा गयसुकुमालस्स कुमारस्स पिउणा एवं वुत्ता समाणा हट्ठतुट्ठ करयल** *जाव* **पडिसुणेत्ता खिप्पामेव सिरिघराओ तिण्णिसयसहस्साइं, तहेव** *जाव* **कासवगं सद्दावेंति । तए णं से कासवए गय सुकुमालस्स पिउणा कोडुंबियपुरिसेहिं सद्दाविए समाणे हट्ठतुट्ठे ण्हाए** *जाव* **विभूसिए** *जाव* **उवागच्छइ, उवागच्छित्ता करयल परिग्गहियं गयसुकुमालस्स कुमारस्स पियरं जएणं विजएणं वद्धावेइ, वद्धावित्ता एवं वयासी– संदिसंतु णं देवाणुप्पिया ! जं मए करणिज्जं ? तए णं से गयसुकुमालस्स पिया तं कासवगं एवं वयासी– तुमं देवाणुप्पिया ! गयसुकुमालस्स कुमारस्स परेणं जत्तेणं चउरंगुलवज्जे णिक्खमणपाओग्गे अग्गकेसे कप्पेहि । तए णं से कासवे एवं वुत्ते समाणे हट्ठतुट्ठकरयल** *जाव* **एवं सामी ! तहत्ति आणाए विणएणं वयणं पडिसुणेइ, पडिसुणित्ता सुरभिणा गंधोदएणं हत्थपाए पक्खालेइ, पक्खालित्ता सुद्धाए अट्ठपडलाए पोत्तीए मुहं बंधइ, मुहं बंधित्ता गयसुकुमालस्स कुमारस्स परेणं जत्तेणं चउरंगुलवज्जे णिक्खमणपाओग्गे अग्गकेसे कप्पेइ ।**

**तए णं सा गयसुकुमालस्स कुमारस्स माया देवई देवी हंसलक्खणेणं पडसाडएणं अग्गकेसे पडिच्छइ, अग्गकेसे पडिच्छित्ता सुरभिणा गंधोदएणं पक्खालेइ, सुरभिणा गंधोदएणं पक्खालित्ता अग्गेहिं वरेहिं गंधेहिं, मल्लेहिं अच्चेइ, अग्गेहिं वरेहिं, गंधेहिं, मल्लेहिं अच्चित्ता सुद्धे वत्थे बंधइ, सुद्धे वत्थे बंधित्ता रयणकरंडगंसि पक्खिवइ, पक्खिवित्ता हार–वारिधार–सिंदुवार–छिण्णमुत्तावलिप्पगासाइं सुयवियोग–दूसहाइं अंसूइं विणिम्मुयमाणी विणिम्मुयमाणी एवं वयासी– एस णं अम्हं गयसुकुमालस्स कुमारस्स बहुसु**

**तिहीसु य पव्वणीसु य उस्सवेसु य जण्णेसु य छणेसु य अपच्छिमे दरिसणे भविस्सइ त्ति कट्टु ऊसीसगमूले ठवेइ ।**

**ભાવાર્થ :–** ત્યારે ગજસુકુમાલના પિતાએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને કહ્યું– હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી રાજભંડારમાંથી ત્રણ લાખ સુવર્ણમુદ્રાઓ કાઢો, તેમાંથી બે લાખ સોનૈયા આપી કુત્રિકાપણમાંથી રજોહરણ અને પાત્રા મંગાવો અને એક લાખ સોનૈયા આપી નાયી(વાણંદ)ને બોલાવો. ત્યારે ગજસુકુમાલના પિતાની ઉપર્યુકત આજ્ઞા સાંભળી હર્ષિત અને સંતુષ્ટ થઈ સેવકોએ હાથ જોડી ***યાવત્*** પોતાના સ્વામીના વચનોનો સ્વીકાર કર્યો અને ભંડારમાંથી ત્રણ લાખ સુવર્ણમુદ્રાઓ કાઢી ***યાવત્*** કુત્રિકાપણમાંથી રજોહરણ અને પાત્રા લાવ્યા તથા નાયી(વાણંદ)ને બોલાવ્યો. ગજસુકુમાલના પિતા વસુદેવના સેવક પુરુષો દ્વારા બોલાવવા પર નાયી(વાણંદ) અત્યંત પ્રસન્ન થયો. તેણે સ્નાનાદિ કરી, પોતાના શરીરને અલંકૃત કર્યું પછી વસુદેવ પાસે આવ્યો, હાથ જોડીને જય–વિજય શબ્દોથી તેમને વધાવ્યા અને આ પ્રમાણે બોલ્યા– હે દેવાનુપ્રિય! મારે યોગ્ય કામ, સેવા ફરમાવો. ગજસુકુમાલ કુમારના પિતા વસુદેવે વાણંદને કહ્યું– દેવાનુપ્રિય ! ગજસુકુમાલ કુમારના અગ્રકેશને અત્યંત યતનાપૂર્વક ચાર આંગુલ છોડીને (પંચમુષ્ટિ માટે) નિષ્ક્રમણ યોગ્ય ઉતારો. વસુદેવજીની આજ્ઞા સાંભળી નાઈ અત્યંત પ્રસન્ન થયો. બે હાથ જોડીને બોલ્યો– સ્વામિન ! જેવી આપની આજ્ઞા. આ પ્રમાણે કહી વિનય પૂર્વક વસુદેવજીના વચનોનો સ્વીકાર કર્યો, પછી સુગંધિત ગંધોદકથી હાથપગ ધોયા અને શુદ્ધ આઠ પડવાળા વસ્ત્રથી મોઢું બાંધ્યું. એકદમ યતનાપૂર્વક ગજસુકુમાલ કુમારના નિષ્ક્રમણ યોગ્ય ચાર આંગુલના અગ્રકેશ છોડીને શેષ કેશ ઉતારી દીધા.

ત્યારે ગજસુકુમાલની માતાએ હંસ સમાન શ્વેત વસ્ત્રમાં તેના અગ્રકેશોને ગ્રહણ કર્યા. સુગંધિત ગંધોદકથી ધોયા. ઉત્તમ અને પ્રધાન ગંધમાળાથી તેનું અર્ચન કરી, શુદ્ધ વસ્ત્રમાં બાંધી રત્ન કરંડિયામાં રાખ્યા. ત્યાર પછી ગજસુકુમાલની માતા પુત્ર વિયોગથી રોતી, હાર–જલધારા–સિન્દુવારવૃક્ષના પુષ્પ તથા તૂટેલી મોતીઓની માળાના મોતી સમાન અશ્રૂ વહાવતા આ પ્રમાણે બોલ્યા– આ કેશ(વાળ) અમારા માટે ઘણી તિથિઓ, પર્વો, ઉત્સવો, નાગપૂજા આદિ યજ્ઞો અને મહોત્સવોમાં ગજસુકુમાલ કુમારના અંતિમ દર્શનરૂપ અથવા વારંવાર દર્શન કરવા થશે. આ વિચારથી દેવકી માતાએ કેશને પોતાના તકિયાની નીચે રાખી દીધા.

## ગજસુકુમાલનો દીક્ષા મહોત્સવ :–

**૨૫ तए णं तस्स गय–सुकुमालस्स अम्मापियरो दोच्चं पि उत्तरावक्कमणं सीहासणं रयावेंति, रयावित्ता गयसुकुमालस्स कुमारस्स सेयापीयएहिं कलसेहिं ण्हावेंति ण्हावित्ता पम्हलसुकुमालाए सुरभीए गंधकासाईए गायाइं लूहेंति, लूहित्ता सरसेणं गोसीसचंदणेणं गायाइं अणुलिंपंति अणुलिंपित्ता णासाणिस्सासवायवोज्झं, चक्खुहरं, वण्ण–फरिसजुत्तं, हयलालापेलवाऽइरेगं,**

**धवलं, कणगखचि- तंतकम्मं, महरिहं, हंसलक्खणपडसाडगं परिहिंति, परिहित्ता हारं पिणद्धेंति, पिणद्धित्ता अद्धहारं पिणद्धेंति, पिणद्धित्ता एवं जहा सूरियाभस्स अलंकारो तहेव** *जाव* **चित्तं रयण- संकडुक्कडं मउडं पिणद्धेंति; किं बहुणा ? गंथिम- वेढिम-पूरिम संघाइमेणं चउव्विहेणं मल्लेणं कप्परुक्खगं पिव अलंकिय- विभूसियं करेंति ।**

**ભાવાર્થ :–** નિષ્ક્રમણ યોગ્ય કેશ ઉતાર્યા પછી માતાપિતાએ ઉત્તર દિશા તરફ બીજું સિંહાસન રખાવ્યું. ગજસુકુમાલને સોના ચાંદીના કળશોથી સ્નાન કરાવી સુગંધિત ગંધકાષાયિત(લાલરંગના) વસ્ત્રથી અંગ પોછ્યું. ગોશીર્ષચંદન(ગોપીચંદનની એક પ્રકારની લેપન માટેની સુગંધી સામગ્રી)થી ગાત્રોનું વિલેપન કર્યું. તત્પશ્ચાત્ તેને નાકના નિઃશ્વાસના વાયરે ઊડે એવું હળવું, નયનરમ્ય, સુંદરવર્ણ તથા મુલાયમ કોમળ સ્પર્શયુક્ત (ઘોડાની લાળ કરતા પણ વધુ મુલાયમ), શ્વેત સોનાના તારજડિત કિનારવાળું, મહામૂલ્યવાન, હંસ ચિહ્નથી અંકિત પટશાટક(રેશમી વસ્ત્ર) પહેરાવ્યું. ત્યાર પછી અઢારસેર(લડી)નો હાર તથા અર્ધહાર પહેરાવ્યો. જેમ રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવના અલંકારોનું વર્ણન આવે છે, એવી જ રીતે તથા છેલ્લે અનેક પ્રકારના રત્નો મણિજડિત મુગટ પહેરાવ્યો. વધુ તો શું કહેવું ? ગ્રથિમ(ગૂંથેલી), વેષ્ટિત(વીંટેલી), પૂરિમ(અંદર કાંઈક લાખ–મીણ–મીણો આદિ ભરીને બનાવેલી) અને સંઘાતિમ(પરસ્પર જોડાયેલી) માળાઓથી કલ્પવૃક્ષ સમાન ગજસુકુમાલને અલંકૃત એવં વિભૂષિત કર્યા.

**વિવેચન :–**

આ સૂત્રમાં ગજસુકુમાલની અનાસક્તિ એવં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય તથા તેની ઈચ્છા અનુસાર દીક્ષા મહોત્સવની તૈયારીના ભાગરૂપે રજોહરણ, પાત્રા તથા વાણંદ દ્વારા નિષ્ક્રમણ યોગ્ય કેશકર્તન વિધિનું સુંદર વર્ણન સૂત્રકારે કર્યું છે. સૂત્રમાં સંસાર અવસ્થાના અંતિમ શૃંગારનું વર્ણન છે. જોકે વૈરાગ્યવાસિત આત્મા આવો શણગાર ન ઈચ્છે, પરંતુ માતાપિતા, આપ્તજનોના મનના સંતોષ ખાતર તેઓ સંસારનો અંતિમ શણગાર સજે છે.સંયમ પ્રભાવના પ્રયોજન લક્ષ્યે સંસારની તમામ સારભૂત ગણાતી ભોગસામગ્રીથી દેહ સૌંદર્ય વધે છે પરંતુ આત્મ સૌંદર્ય તો સંયમથી જ વધે છે.

**ભવ્ય શિબિકાનું નિર્માણ :–**

**२६ तए णं तस्स गय कुमालस्स पिया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी-खिप्पामेव भो देवाणुप्पिया ! अणेगखंभसयसण्णिविट्ठं, लीलट्ठिय- सालभंजियागं जहा रायप्पसेणइज्जे विमाणवण्णओ** *जाव* **मणिरयण- घंटियाजालपरिक्खित्तं पुरिससहस्सवाहिणिं सीयं उवट्ठवेह, उवट्ठवेत्ता मम ए यमाणत्तियं पच्चप्पिणह । तए णं ते कोडुंबियपुरिसा** *जाव* **पच्चप्पिणंति ।**

**तए णं से गयसुकुमाले कुमारे केसालंकारेणं, वत्थालंकारेणं, मल्लालं-**

कारेणं, आभरणालंकारेणं चउव्विहेणं अलंकारेणं अलंकारिए समाणे पडिपुण्णालंकारे सीहासणाओ अब्भुट्ठेइ सीहासणाओ अब्भुट्ठित्ता सीयं अणुप्पयाहिणीकरेमाणे सीयं दुरूहइ, दुरूहित्ता सीहासणवरंसि पुरत्थाऽभिमुहे सण्णिसण्णे ।

तए णं तस्स गयकुमारस्स माया ण्हाया *जाव* विभूसिय सरीरा हंसलक्खणे पडसाडगं गहाय सीयं अणुप्पयाहिणीकरेमाणी सीयं दुरूहइ, दुरूहित्ता गयसु- कुमालस्स कुमारस्स दाहिणे पासे भद्दासणवरंसि सण्णिसण्णा । तए णं तस्स गयसुकुमालस्स कुमारस्स अम्मधाई ण्हाया *जाव* विभूसिय सरीरा, रयहरणं पडिग्गहं च गहाय सीहं अणुप्पयाहिणीकरेमाणी सीयं दुरूहइ, दुरूहित्ता गयसु- कुमालस्स कुमारस्स वामे पासे भद्दासणवरंसि सण्णिसण्णा । तए णं तस्स गयसुकुमालस्स पिट्ठओ एगा वरतरुणी सिंगारागारचारुवेसा संगयगय *जाव* रूव-जोव्वण-विलासकलिया, हिम- रयय-कुमुद-कुंदेंदुप्पगासं सकोरंट- मल्लदामं धवलं आयवत्तं गहाय सलीलं उवरिं धारेमाणी धारेमाणी चिट्ठइ । तए णं तस्स गयसुकुमालस्स उभओ पासिं दुवे वरतरुणीओ सिंगारागारचारु *जाव* कलियाओ, णाणामणि-कणग-रयण-विमलमहरिहतवणिज्जुज्ज- लविचित्त-दंडाओ, चिल्लियाओ, संखंक-कुंदेंदुदगरय-अमयमहियफेण- पुंजसण्णिकासाओ धवलाओ चामराओ गहाय सलीलं वीयमाणीओ वीयमाणीओ चिट्ठंति । तए णं तस्स गयसुकुमालस्स उत्तरपुरत्थिमेणं एगा वरतरुणी सिंगारगार *जाव* कलिया सेयं रययामयं विमलसलिलपुण्णं मत्तगयमहामुहा- किइसमाणं भिंगारं गहाय चिट्ठइ । तए णं तस्स गयसुकुमालस्स दाहिणपुरत्थिमेणं एगा वरतरुणी सिंगारागार *जाव* कलिया चित्तकणगदंडं तालवेंटं गहाय चिट्ठइ ।

**भावार्थ :–** ત્યાર પછી ભવ્ય દીક્ષા શિબિકાનું નિર્માણ કરવા માટે ગજસુકુમાલના પિતા વસુદેવે કૌટુમ્બિક પુરુષોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું– હે દેવાનોપ્રિયો ! સેંકડો સ્તંભો તથા લીલા કરતી પુતળીઓ યુક્ત, ઈત્યાદિ રાજપ્રશ્નીય સૂત્રમાં વર્ણિત વિમાન સમાન, મણિરત્નોની ઘંટડીઓના સમૂહવાળી, હજારો પુરુષો દ્વારા વહન કરાય એવી ભવ્ય શિબિકા(પાલખી)ને શીઘ્રતાથી તૈયાર કરી મને નિવેદન કરો(જણાવો). કૌટુમ્બિક પુરુષોએ કાર્ય સંપન્ન કરી, સ્વામીને આજ્ઞા સુપ્રત કરી.

ત્યારે ગજસુકુમાલ કેશાલંકાર, વસ્ત્રાલંકાર, માળાલંકાર અને આભરણાલંકાર આ ચારે ય પ્રકારના અલંકારોથી અલંકૃત તથા વિભૂષિત થઈને સિંહાસન ઉપરથી ઉઠ્યા. ત્યાંથી ઉઠીને ત્રણ પ્રદક્ષિણા કરીને શિબિકા પર ચઢ્યા અને પૂર્વની તરફ મુખ કરીને શ્રેષ્ઠ સિંહાસન ઉપર બેઠા. દેવકીમાતા સ્નાનાદિ કરી,

શરીરને અલંકૃત કરી, હંસના ચિહ્નવાળું પટશાટક લઈ શિબિકાની પ્રદક્ષિણા કરી તેના ઉપર ચઢયાં. ગજસુકુમાલની જમણીબાજુ ઉત્તમ ભદ્રાસન પર બેઠાં. ગજસુકુમાલની ધાવમાતા સ્નાનાદિ કરી, અલંકૃત શરીરે રજોહરણ અને પાત્રા લઈ, શિબિકાની પ્રદક્ષિણા કરી તેના ઉપર ચઢયાં અને ગજસુકુમાલની ડાબી બાજુ ઉત્તમ ભદ્રાસન પર બેઠાં. ત્યાર પછી ગજસુકુમાલની પાછળ મનોહર આકૃતિ અને સુંદર વેષધારિણી, સુંદર ગતિ, સુંદર શરીર તથા સુંદર રૂપ–યૌવનના વિલાસથી યુક્ત એક યુવતી હિમ, રજત, કુમુદ, મોગરાના ફૂલ અને ચંદ્ર સમાન શ્વેત; કોરંટક પુષ્પની માળા યુક્ત છત્ર હાથમાં લઈ લીલાપૂર્વક(કળા કરતી) ઊભી રહી. શ્રૃંગારના આગાર(ખાણ) સમાન, મનોહર આકૃતિ તથા વેષધારિણી, બે ઉત્તમ યુવતિઓ ગજસુકુમાલની જમણી તથા ડાબી બંને બાજુ ચામર વીંઝતી(ઢોળતી) ઊભી રહી. તે ચામરો મણિ, કનક, રત્ન અને મહામૂલ્યવાન વિમલ તપનીય(લાલ)સુવર્ણથી બનેલા વિચિત્ર(વિવિધ રંગી)દંડવાળા હતા અને શંખ,અંકરત્ન, મોગરાના ફૂલ, ચંદ્ર, જલબિંદુ, મંથન કરેલા અમૃતના ફીણ સમાન શ્વેત(ધવલ) ચામર હતા. ગજસુકુમાલની ઉત્તરપૂર્વદિશા(ઈશાનકોણ)માં શ્રૃંગાર સહિત, ઉત્તમવેષધારિણી, એક ઉત્તમ સ્ત્રી શ્વેત રજતમય પવિત્ર પાણીથી ભરેલો, ઉન્મત્ત હાથીની મુખાકૃતિવાળો કળશ લઈ ઊભી રહી. દક્ષિણ પૂર્વ દિશા(આગ્નેય કોણ)માં શ્રૃંગાર સહિત, ઉત્તમ વેષધારિણી એક ઉત્તમ સ્ત્રી વિચિત્ર(વિવિધ રંગી) સોનાના દંડવાળો પંખો લઈને ઊભી રહી.

### શિબિકાવાહકોને વહનની આજ્ઞા :-

**૨૭ तए णं तस्स गयसुकुमाल-कुमारस्स पिया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी- खिप्पामेव भो देवाणुप्पिया ! सरिसयं, सरित्तयं, सरिव्वयं, सरिसलावण्ण-रूव-जोव्वण-गुणोववेयं, एगाभरण- वसणगहियणिज्जोयं कोडुंबिय वरतरुणसहस्सं सद्दावेइ ।तए णं ते कोडुंबियपुरिसा** *जाव* **पडिसुणित्ता खिप्पामेव सरिसयं सरित्तयं** *जाव* **सद्दावेंति । तए णं ते कोडुंबियपुरिसा हट्ठतुट्ठ ण्हाया** *जाव* **एगाभरण-वसण-गहिय- णिज्जोया जेणेव गयसुकुमालस्स पिया तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयल** *जाव* **वद्धावित्ता एवं वयासी- संदिसंतु णं देवाणुप्पिया ! जं अम्हेहिं करणिज्जं । तए णं से गयसुकुमालस्स पिया तं कोडुंबियवरतरुणसहस्सं पि एवं वयासी- तुब्भे णं देवाणुप्पिया ! ण्हाया** *जाव* **गहियणिज्जोआ गयसुकुमालस्स कुमारस्स सीयं परिवहेह । तए णं ते कोडुंबियपुरिसा गयसुकुमालस्स** *जाव* **पडिसुणित्ता ण्हाया** *जाव* **गहिय-णिज्जोआ गयसुकुमालस्स कुमारस्स पुरिससहस्स वाहिणिं सीयं परिवहंति ।**

**ભાવાર્થ :-** શિબિકા ઉપર બધા યથાસ્થાને આરૂઢ થઈ ગયા બાદ ગજસુકુમાલકુમારના પિતા વસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવીને આજ્ઞા કરી કે– હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી સમાન ત્વચાવાળા, સમાન વયસ્ક (ઉંમરવાળા), સમાન રૂપ–લાવણ્ય અને યૌવન ગુણોથી યુક્ત તથા એક સમાન આભૂષણ અને વસ્ત્ર

પહેરેલા એક હજાર ઉત્તમ યુવાનોને બોલાવો. સેવકોએ આજ્ઞાનો સ્વીકાર કરી, તુરત જ હજાર યુવાનોને બોલાવ્યા. તે હજાર યુવાનો હર્ષિત એવં સંતુષ્ટ થયા. સ્નાનાદિ કરી એક સમાન વસ્ત્રાલંકાર પહેરી પિતા વસુદેવ પાસે આવ્યા. હાથ જોડી જય શબ્દોથી વધાવી આ પ્રમાણે બોલ્યા– હે દેવાનુપ્રિય ! અમારે યોગ્ય કાર્ય ફરમાવો. ત્યારે વસુદેવજીએ કહ્યું– દેવાનુપ્રિયો ! તમે બધા સમાન વસ્ત્રાલંકાર પહેરી ગજસુકુમાલકુમારની શિબિકાનું વહન કરો. તે બધા યુવાનોએ વિશાળ શિબિકાને વહન કરી.

**૨૮ तए णं गयसुकुमालस्स कुमारस्स पुरिससहस्सवाहिणिं सीयं दुरूढस्स समाणस्स तप्पढमयाए इमे अट्ठट्ठमंगलगा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया; तं जहा– सोवत्थिय–सिरिवच्छ णंदियावत्त वद्धमाणग भद्दासण कलस मच्छ दप्पणा; तयाणंतरं च णं पुण्णकलसभिंगारं जहा उववाइए** *जाव* **गगणतलमणुलिहंती पुरओ अहाणुपुव्वीए संपट्ठिया;** *जाव* **आलोयं च करेमाणा जयजयसद्दं च पउंजमाणा पुरओ अहाणुपुव्वीए संपट्ठिया । तयाणंतरं च णं बहवे उग्गा भोगा जहा उववाइए** *जाव* **महापुरिसवग्गुरा– परिक्खित्ता, गयसुकुमालस्स कुमारस्स पुरओ य मग्गओ य पासओ य अहाणुपुव्वीए संपट्ठिया ।**

**तए णं से गयसुकुमालस्स कुमारस्स पिया ण्हाए** *जाव* **विभूसिए हत्थिखंध– वरगए सकोरंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं हय–गय–रह–पवरजोह–कलियाए चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडे, महयाभड चडगर** *जाव* **परिक्खित्ते गयसुकुमालस्स कुमारस्स पिट्ठओ अणुगच्छइ ।**

**तए णं तस्स गयसुकुमालस्स कुमारस्स पुरओ महं आसा आसवरा, उभओ पासिं णागा णागवरा, पिट्ठओ रहा रहसंगेल्ली । तए णं से गयसुकुमालकुमारे अब्भुग्गयभिंगारे, परिगहियतालियंटे, ऊसवियसेयछत्ते, पवीइयसेयचामरबालवीयणाए सव्विड्ढीए** *जाव* **णाइयरवेणं, तयाणंतरं च बहवे लट्ठिग्गाहा कुंतग्गाहा** *जाव* **सत्थवाह– प्पभिइओ पुरओ संपट्ठिया बारवईए णयरीए मज्झंमज्झेणं जेणेव अरहओ अरिट्ठणेमि तेणेव पहारेत्थ गमणाए ।**

**भावार्थ :–** જ્યારે ગજસુકુમાલકુમાર શિબિકા ઉપર આરૂઢ થયા ત્યારે (શોભાયાત્રામાં) સૌથી આગળ અષ્ટ મંગલ અનુક્રમથી ચાલ્યા. જેમ કે– (૧) સ્વસ્તિક (૨) શ્રી વત્સ (૩) નંદાવર્ત (૪) વર્ધમાનક (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મત્સ્યયુગલ (૮) દર્પણ. આ આઠ મંગલોની પાછળ પૂર્ણ કળશ ચાલ્યો. ઈત્યાદિ ઔપપાતિક(ઉવવાઈ) સૂત્રમાં કહ્યા અનુસાર એક એક વસ્તુ ક્રમશઃ ચાલતા છેલ્લે ગગનતળને

સ્પર્શ કરતી વૈજયંતી ધ્વજા ચાલી. લોકો જય જયકાર કરતા અનુક્રમથી આગળ ચાલ્યા. તેના પછી ઉગ્રકુળ, ભોગકુળોત્પન્ન પુરુષો તથા અન્ય ઘણા પુરુષોનો સમૂહ ગજસુકુમાલની આગળ–પાછળ અને આસપાસ ચાલવા લાગ્યો.

સ્નાન કરી ***યાવત્*** વિભૂષિત થઈ ગજસુકુમાલના પિતા વસુદેવ હાથીના ઉત્તમ સ્કંધ પર ચઢ્યા. કોરંટક પુષ્પની માળા યુક્ત છત્ર ધારણ કરી, બે શ્વેત ચામરો વિંઝાતા, ચતુરંગિણી સેના(હય, ગય, પાય, રથ) સહિત મહાસુભટોના સમૂહથી ઘેરાયેલા તેઓ ગજસુકુમાલની પાછળ ચાલ્યા.

ગજસુકુમાલની આગળ મહાન અને ઉત્તમ ઘોડા, બંને તરફ ઉત્તમ હાથી, પાછળ રથ અને રથનો સમૂહ ચાલ્યો. આ પ્રમાણે ઋદ્ધિ સહિત વાદ્યોના જયઘોષ શબ્દ યુક્ત ગજસુકુમાલ(આગળ) ચાલવા લાગ્યા. ત્યાર પછી કળશ અને તાલવૃન્ત(પંખા)લઈને પુરુષો ચાલ્યા. તેઓના મસ્તક પર શ્વેત છત્ર ધારણ કર્યું હતું. બંને તરફ શ્વેત ચામરો વિંઝાઈ રહ્યા હતા. તેની પાછળ ઘણા લાકડીવાળા, ભાલાવાળા, [પુસ્તકવાળા તથા વીણાવાળા પુરુષો ચાલ્યા. તેની પાછળ એકસો આઠ હાથી, એકસો આઠ ઘોડા તથા એકસો આઠ રથ ચાલ્યા. તેની પાછળ લાકડી, તલવાર, ભાલા લીધેલ પદાતિ પુરુષો ચાલ્યા. તેની પાછળ ઘણા યુવરાજો, ધનિકો, તલવર] ***યાવત્*** સાર્થવાહક આદિ ચાલ્યા. આ પ્રમાણે દ્વારકા નગરી મધ્યે ચાલતાં ચાલતાં નગર બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં અરિહંત અરિષ્ટનેમિ પ્રભુ સમીપે જવા લાગ્યા.

### નગરજનો દ્વારા ગગનભેદી જયનાદ :–

**૨૯ तए णं तस्स गयसुकुमाल–कुमारस्स बारवईए णयरीए मज्झंमज्झेणं णिग्गच्छ– माणस्स सिंघाडगतिय–चउक्क** *जाव* **पहेसु बहवे अत्थिया** *जाव* **उववाइए** *जाव* **अभिणंदंता य अभित्थुणंता य एवं वयासी– जय जय णंदा ! धम्मेणं, जय जय णंदा ! तवेणं, जय जय णंदा ! भद्दं ते अभग्गेहिं णाण–दंसण–चरित्तमुत्तमेहिं, अजियाइं जिणाहि इंदियाइं, जियं च पालेहि समणधम्मं; जियविग्घो वि य वसाहि तं देव ! सिद्धिमज्झे, णिहणाहि य राग–दोसमल्ले, तवेणं धिइधणियबद्धकच्छे, मद्दाहि य अट्ठ कम्मसत्तू झाणेणं उत्तमेणं सुक्केणं, अप्पमत्तो हराहि आराहणपडागं च धीर ! तेलोक्करंगमज्झे, पावय वितिमिरमणुत्तरं केवलं च णाणं, गच्छ य मोक्खं परं पदं जिणवरोवदिट्ठेणं सिद्धिमग्गेणं अकुडिलेणं, हंता परीसहचमुं, अभिभविय गामकंटकोवसग्गाणं, धम्मे ते अविग्घमत्थु, त्ति कट्टु अभिणंदंति य अभिथुणंति य ।**

**ભાવાર્થ :–** દ્વારકા નગરીની મધ્યે નીકળતા ગજસુકુમાલકુમારને શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્કાદિ રાજમાર્ગોમાં ઘણા ધનાર્થી, ભોગાર્થી અને કામાર્થી પુરુષો અભિનંદન એવં સ્તુતિ કરતા આ પ્રમાણે કહેવા

લાગ્યા– હે નંદ ! તમારું કલ્યાણ થાઓ. હે આનંદદાયક ! અખંડિત ઉત્તમ જ્ઞાન, દર્શન અને ચારિત્ર દ્વારા નહિ જીતાયેલી ઈન્દ્રિયોને જીતો અને શ્રમણધર્મનું પાલન કરો. ધૈર્યરૂપી મજબૂત કવચ પહેરી સર્વ વિઘ્નોને જીતો. ઈન્દ્રિયોને વશમાં કરી પરીષહ રૂપી સેના પર વિજય પ્રાપ્ત કરો. તપ દ્વારા રાગદ્વેષ રૂપી મલ્લો પર વિજય પ્રાપ્ત કરો અને ઉત્તમ શુક્લધ્યાન દ્વારા અષ્ટ કર્મરૂપી શત્રુઓનું મર્દન કરો. હે ધીર ! ત્રણ લોકરૂપી વિશ્વના માંડવડે આપ આરાધનારૂપી પતાકા લઈ અપ્રમત્તતા પૂર્વક વિચરણ કરો. નિર્મળ, વિશુદ્ધ, અનુત્તર કેવળજ્ઞાન પ્રાપ્ત કરો. જિનવરોપદિષ્ટ(જિનેશ્વરો દ્વારા બતાવેલા)સરળ સિદ્ધિમાર્ગ દ્વારા પરમપદ મોક્ષને પ્રાપ્ત કરો. આપનો ધર્મમાર્ગ નિર્વિઘ્ન હો. આ રીતે લોકો અભિનંદન અને સ્તુતિ કરવા લાગ્યા.

## શિષ્યરૂપ ભિક્ષાનું દાન :–

**૩૦ तए णं से गयसुकुमाले कुमारे बारवईए णयरीए मज्झं–मज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव सहस्संबवणे उज्जाणे तेणेव उवागच्छइ उवागच्छित्ता छत्ताईए तित्थगराइसेए पासइ, पासित्ता पुरिससहस्सवाहिणिं सीयं ठवेइ, पुरिससहस्स वाहिणीओ सीयाओ पच्चोरुहइ । तए णं तं गयसुकुमालं कुमारं अम्मापियरो पुरओ काउं जेणेव अरहा अरिट्ठणेमि तेणेव उवागच्छंति, उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो** *जाव* **णमंसित्ता एवं वयासी– एवं खलु भंते ! गयसुकुमाले कुमारे** *जाव* **अम्हं एगे पुत्ते इट्ठे कंते** *जाव* **किमंग ! पुण पासणयाए, से जहाणामए उप्पलेइ वा, पउमेइ वा** *जाव* **सहस्सपत्तेइ वा पंके जाए जले संवुड्ढे णोवलिप्पइ पंकरएणं, णोवलिप्पइ जलरएणं, एवामेव गयसु– कुमाल कुमारे कामेहिं जाए, भोगेहिं संवुड्ढे णोवलिप्पइ कामरएणं णोवलिप्पइ भोगरएणं णोवलिप्पइ मित्तणाइ णियग– सयण–संबंधि परिजणेणं । एस णं देवाणुप्पिया ! संसारभयुव्विग्गे भीए जम्मण–मरणेणं; देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वएइ; तं एयं णं देवाणुप्पियाणं अम्हे सीसभिक्खं दलयामो, पडिच्छंतु णं देवाणुप्पिया ! सीसभिक्खं ।**

**ભાવાર્થ :–** ત્યારે ગજસુકુમાલકુમાર દ્વારકા નગરીના મધ્યથી નીકળ્યા, નીકળીને નગરી બહાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં આવ્યા. તીર્થંકર ભગવંતના છત્ર આદિ અતિશયોને જોતા જ સહસ્ર પુરુષવાહિની શિબિકાથી નીચે ઊતર્યા.ત્યાર પછી માતાપિતા ગજસુકુમાલને આગળ કરીને અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની સેવામાં ઉપસ્થિત થયા. ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા કરી, આ પ્રમાણે બોલ્યા– હે ભગવન્! આ ગજસુકુમાલકુમાર અમારો પ્રિય અને ઈષ્ટ પુત્ર છે. એનું નામ સાંભળવું પણ દુર્લભ છે, તો દર્શનનું તો કહેવું જ શું ? જેવી રીતે કીચડમાં(કાદવમાં) ઉત્પન્ન અને પાણીમાં મોટું થવા છતાં કમળ, કાદવ

અને પાણીથી નિર્લિપ્ત રહે છે. એવી જ રીતે ગજસુકુમાલ પણ કામથી ઉત્પન્ન થયો છે અને ભોગથી મોટો થયો છે.(અર્થાત્ ભોગોમાં એનો ઉછેર થયો છે), પરંતુ કામભોગમાં જરામાત્ર પણ આસક્ત નથી. મિત્ર, જ્ઞાતિ, સ્વજન, સંબંધી અને પરિજનોથી અલિપ્ત છે. ભગવન્ ! ગજસુકુમાલ સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છે. જન્મ મરણના ભયથી ભયભીત થયો છે. તે આપની પાસે મુંડિત થઈને અણગાર ધર્મ સ્વીકાર કરવા ઈચ્છે છે. તેથી હે ભગવાન! અમે આપને શિષ્યરૂપી ભિક્ષા અર્પણ કરીએ છીએ. આપ તેનો સ્વીકાર કરો.

## વિવેચન :-

સૂત્રકારે સૂત્રમાં પિતા વસુદેવ દ્વારા ઉજવાતા મહાભિનિષ્ક્રમણ પ્રસંગથી લઈને પુત્રને પ્રભુના શરણે ભિક્ષારૂપે સમર્પિત કરવા સુધીનો, વિધિવત્ આબેહૂબ ભવ્ય ભાગવતી દીક્ષા સમારોહનો આદર્શ નમૂનો ક્રમશઃ પ્રસ્તુત કર્યો છે. સૂત્રમાં શિબિકાનું તથા શિબિકા વાહકોનું વર્ણન છે. એક હજાર સમાન ત્વચા, વસ્ત્રાલંકાર પહેરેલા સમવયસ્ક યુવાનો વહન કરી શકે એવી તથા ગજસુકુમાલ આદિની યથાસ્થાન– આસન સહિત બેસવાની ઉત્તમ વ્યવસ્થાવાળી શિબિકા કેટલી વિશાળ અને ભવ્ય લાગતી હશે ? સૂત્રમાં દીક્ષાર્થીની માનવ મહેરામણે ઉભરાયેલી શોભાયાત્રાનું વર્ણન છે. તેમાં પણ વિધિ છે કે કોણ કેવી રીતે અને ક્યાં ક્યાં ચાલે ? સૂત્રમાં લોકોની ભાવનાનું પ્રતિબિંબ નજરે પડે છે. સહુ સમસ્વરે દીક્ષાની અનુમોદના કરી સાચા અર્થમાં જયનાદ–અભિનંદન કરી વાતાવરણને ગુંજિત કરી દે છે અને અંતે ગજસુકુમાલની યોગ્યતાનું વર્ણન છે. આમ તો દરેક માવતરને પોતાના સંતાન ઈષ્ટ અને પ્રિય જ હોય છે. પરંતુ ગજસુકુમાલ માટે વિશેષતા એ છે કે કામભોગથી જ ઉત્પન્ન–પાલિત હોવા છતાં કામભોગો એને રમાડી શક્યા નહીં અને તેઓ કામભોગોથી લિપ્ત થયા નહીં અર્થાત્ કામભોગો વચ્ચે હોવા છતાં કામભોગોમાં સમભાવી = આગ્રહમુક્ત–યથાતથ્ય દૃષ્ટા બની ગયા. માત્ર સામગ્રી ત્યાગ જ નહીં પરંતુ વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ કરી લીધું છે. પાંચ ઈન્દ્રિયના વિષયોને કામભોગ કહે છે. આંખ કાનના વિષય– શબ્દ અને રૂપને કામ કહેવાય છે અને ઘ્રાણ–જીહ્વા–સ્પર્શના વિષય– ગંધ, રસ અને સ્પર્શને ભોગ કહ્યા છે.

## દેવકીમાતાના હૃદયોદ્ગાર :-

**૩૧ तए णं अरहा अरिट्ठणेमि गयसुकुमालं कुमारं एवं वयासी– अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं । तए णं से गयसुकुमाले कुमारे अरहया अरिट्ठणेमिणा एवं वुत्ते समाणे हट्ठतुट्ठे अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो** *जाव* **णमंसित्ता उत्तर–पुरत्थिमं दिसिभागं अवक्कमइ, अवक्कमित्ता सयमेव आभरणमल्लालंकारं ओमुयइ । तए णं सा गयसुकुमाल–कुमारस्स माया हंसलक्खणेणं पडसाडएणं आभरणमल्लालंकारं पडिच्छइ पडिच्छित्ता हार–वारि** *जाव* **विणिम्मुयमाणी विणिम्मुयमाणी गयसुकुमालं कुमारं एवं**

**वयासी– घडियव्वं जाया ! जइयव्वं जाया ! परिक्कमियव्वं जाया ! अस्सिं च णं अट्ठे, णो पमाएयव्वं ति कट्टु गयसुकुमालस्स कुमारस्स अम्मापियरो अरिट्ठणेमिं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता जामेव दिसं पाउब्भूया तामेव दिसं पडिगया ।**

**तए णं गयसुकुमाले कुमारे सयमेव पंचमुट्ठियं लोयं करेइ, करित्ता जेणेव अरिट्ठणेमि तेणेव उवागच्छइ, उवागच्छित्ता भगवं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता** *जाव* **णमंसित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** માતા પિતાએ પ્રભુના ચરણે સમર્પિત કર્યા ત્યારે અરિહંત અરિષ્ટનેમિ ભગવાને ગજસુકુમાલ કુમારને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઉપજે તેમ તમે કરો, પરંતુ વિલંબ ન કરો. ભગવાનના આ પ્રમાણે કહેવા પર ગજસુકુમાલ હર્ષિત એવં સંતુષ્ટ થયા. ભગવાનને ત્રણવાર પ્રદક્ષિણા કરી ***યાવત્*** વંદના નમસ્કાર કરી ઉત્તરપૂર્વ દિશા(ઈશાનકોણ)માં ગયા.તેણે સ્વયમેવ આભરણ, માળા અને અલંકારો ઊતાર્યા. તેમની માતાએ હંસ ચિહ્નવાળા પટશાટકમાં તે બધાને ગ્રહણ કર્યા. પછી હાર અને જલધારા સમાન આંસુ વહાવતાં પોતાના પુત્રને આ પ્રમાણે કહ્યું– હે પુત્ર ! સંયમમાં યત્ન કરજે, સંયમમાં પરાક્રમ કરજે, સંયમમાં જરા માત્ર પ્રમાદ ન કરજે. આ પ્રમાણે કહી દેવકીમાતા તથા વસુદેવ પિતા ભગવાનને વંદના નમસ્કાર કરી જે દિશાએથી આવ્યા હતાં તે દિશામાં પાછા ફર્યા.

તત્પશ્ચાત્ ગજસુકુમાલકુમારે સ્વયં જ પંચમુષ્ઠિ લોચ કર્યો અને લોચ કરી જ્યાં અરિહંત અરિષ્ટનેમિ પ્રભુ હતા ત્યાં આવ્યા, આવીને ભગવાનને ત્રણવાર જમણી બાજુથી આરંભીને પ્રદક્ષિણા કરી. વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

**વિવેચન :–**

આ સૂત્રમાં દેવકી માતાના હૃદયોદ્‌ગાર તથા લોચનું વર્ણન કરવામાં આવ્યું છે. એક વૈરાગી પુત્રને યોગ્ય શિક્ષા તથા આશીર્વાદમાં એક વીરમાતાને છાજે એવા શબ્દો કહ્યા કે બેટા ! પ્રમાદ કરતો નહીં, સંયમ માર્ગમાં યતના સાથે પરાક્રમ કરજે. યતના એ તો સંયમીની જનેતા છે. અધ્યાત્મિક સાધનામાં યતનાનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. યતના એ સાધનાનો પ્રાણ છે. યતના એટલે વિધિ નિષેધના ઉપયોગમાં વિવેક. યતનાનું વિધેયાત્મકરૂપ સમિતિ છે અને નિષેધાત્મક રૂપ ગુપ્તિ છે.

**અરિષ્ટનેમિ પ્રભુ દ્વારા દીક્ષામંત્રનું દાન :–**

**३२ आलित्ते णं भंते ! लोए, पलित्ते णं भंते ! लोए, आलित्त–पलित्ते णं भंते ! लोए जराए मरणेण य । से जहाणामए केई गाहावई अगारंसि**

**झियायमाणंसि, जे से तत्थ भंडे भवइ अप्पभारे मोल्लगुरुए, तं गहाय आयाए एगंतं अवक्कमइ एस मे णित्थारिए समाणे पच्छा पुरा य हियाए सुहाए खेमाए णिस्सेयसाए आणुगामियत्ताए भविस्सइ । एवामेव देवाणुप्पिया ! मज्झ वि एगे आया भंडे इट्ठे कंते पिए मणुण्णे मणामे धेज्जे वेस्सासिए संमए अणुमए बहुमए भंडकरंडगसमाणे, मा णं सीयं, मा णं उण्हं, मा णं खुहा, मा णं पिवासा, मा णं चोरा, माणं वाला, मा णं दंसा, माणं मसगा, मा णं वाइयपित्तिय- संभिय-सण्णिवाइया विविहा रोगायंका परीसहोवसग्गा फुसंतु त्ति कट्टु एस मे णित्थारिए समाणे परलोयस्स हियाए सुहाए खेमाए णीसेसाए आणुगामियत्ताए भविस्सइ । तं इच्छामि णं देवाणुप्पिया ! सयमेव पव्वावियं, सयमेव मुंडावियं, सयमेव सेहावियं, सयमेव सिक्खावियं, सयमेव आयार-गोयरं विणयवेणइय-चरण-करण-जाया-मायावत्तियं धम्ममाइक्खियं ।**

**तए णं अरिट्ठणेमी अरहा गयसुकुमालं कुमारं सयमेव पव्वावेइ** *जाव* **धम्ममाइक्खइ-एवं देवाणुप्पिया ! गंतव्वं, एवं चिट्ठियव्वं, एवं णिसीयव्वं, एवं तुयट्टियव्वं, एवं भुंजियव्वं, एवं भासियव्वं, एवं उट्ठाए उट्ठाय पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमेणं संजमियव्वं, अस्सिं च णं अट्ठे णो किंचि पि पमाइयव्वं। तए णं से गयसुकुमाले कुमारे अरहओ अरिट्ठणेमिस्स इमं एयारूवं धम्मियं उवएसं सम्मं संपडिवज्जइ, तमाणाए तहा गच्छइ, तह चिट्ठइ, तह णिसीयइ, तह तुयट्टइ, तह भुंजइ, तह भासइ, तह उट्ठाए उट्ठाय पाणेहिं भूएहिं जीवेहिं सत्तेहिं संजमेणं संजमेइ । तए णं से गयसुकुमाले अणगारे जाए ईरियासमिए भासासमिए एसणासमिए आयाणभंडमत्तणिक्खेवणासमिए उच्चार-पासवण-खेल-जल्ल सिंघाणपरिट्ठावणियासमिए मणसमिए वयसमिए कायसमिए मणगुत्ते वयगुत्ते कायगुत्ते गुत्तिंदिए गुत्तबंभयारी, इणमेव णिग्गंथं पावयणं पुरओ काउं विहरइ ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! આ સંસાર જન્મ–મરણ અગ્નિથી આદીપ્ત(ઉજ્જવલિત–પ્રજ્વલિત)છે. હે ભગવન્ ! આ સંસાર આદીપ્ત–પ્રદીપ્ત છે. જેમ કોઈ ગાથાપતિ ઘરમાં આગ લાગે ત્યારે ઘરમાંથી જે અલ્પ ભારવાળી અને બહુમૂલ્ય વસ્તુ હોય તેને ગ્રહણ કરી એકાંતમાં ચાલ્યો જાય છે. તે વિચારે છે કે– અગ્નિમાંથી બચાવેલો બહુમૂલ્ય પદાર્થ આગળ–પાછળ મારા હિત માટે, સુખ માટે, સામર્થ્ય માટે, કલ્યાણ માટે અને ભવિષ્ય માટે ઉપયોગી થશે. એવી જ રીતે મારો આત્મા પણ ભાંડ(વસ્તુ) છે, જે મને ઈષ્ટ છે, કાન્ત છે, પ્રિય છે, મનોજ્ઞ છે અને અતિશય મનોહર છે. ધૈર્યરૂપ, વિશ્વાસના સ્થાનરૂપ, સમ્મત–માનવા

યોગ્ય, વિશેષથી માનવા યોગ્ય, બધાથી માનવા યોગ્ય, આભૂષણોના કરંડિયા સમાન, રખે તાપ, ભૂખ, તરસ, સાપ ડંસ, ચોર, ડાંસ, મચ્છર કરડે, વાત, પિત્ત, કફ, સન્નિપાત થાય. વિવિધ પ્રકારના રોગ આતંક પીડા થાય, પરીષહ, ઉપસર્ગ સ્પર્શ કરે એમ વિચારીને મારા આ આત્માને જરા મરણની અગ્નિમાં ભસ્મ થવાથી હું બચાવી લઈશ. જેથી એ(ભવિષ્યમાં) સંસારનો ઉચ્છેદ કરનાર થશે. તેથી હું ચાહું છું કે આપ સ્વયં જ મને પ્રવ્રજિત કરો– મુનિવેષ પ્રદાન કરો. આપ સ્વયં મને મુંડિત કરો. મારો લોચ કરો, આપ સ્વયં પ્રતિલેખન આદિ શીખવો. સ્વયં જ સૂત્ર અને તેના અર્થ પ્રદાન કરી મને શિક્ષિત કરો. આપ સ્વયં જ જ્ઞાનાદિક, આચાર, ગોચર, વિનય, વૈનયિક(વિનયનું ફળ), ચરણસત્તરી, કરણસત્તરી, સંયમયાત્રા અને માત્રા(ભોજન પરિમાણ) આદિરૂપ ધર્મનું પ્રરૂપણ કરો.

તત્પશ્ચાત્ અરિહંત અરિષ્ટનેમિએ ગજસુકુમાલને સ્વયં જ પ્રવ્રજ્યા પ્રદાન કરી ***યાવત્*** આચાર–ગોચર આદિ ધર્મની શિક્ષા આપી કે હે દેવાનુપ્રિય ! પૃથ્વી પર યુગ માત્ર(ધૂંસર પ્રમાણ–સાડા ત્રણ હાથ) દષ્ટિ રાખીને ચાલવું જોઈએ. નિર્જીવ ભૂમિ ઉપર ઊભું રહેવું જોઈએ. ભૂમિનું પ્રમાર્જન કરી બેસવું જોઈએ. શરીરની પ્રમાર્જના કરી, શયન કરવું જોઈએ. ક્ષુધા–વેદના આદિ ઉત્પન્ન થવા પર નિર્દોષ આહાર ગ્રહણ કરવો જોઈએ. હિત–મિત–મધુર ભાષણ કરવું જોઈએ. આ પ્રમાણે અપ્રમત્ત એવં સાવધાન થઈને પ્રાણ(વિકલેંદ્રિય), ભૂત(વનસ્પતિકાય), જીવ(પંચેન્દ્રિય) અને સત્વ(શેષ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ચાર એકેન્દ્રિય)ની રક્ષા કરી સંયમનું પાલન કરવું જોઈએ. આ વિષયમાં જરા માત્ર પણ પ્રમાદ કરવો ન જોઈએ. તત્પશ્ચાત્ ગજસુકુમાલે અર્હત્ અરિષ્ટનેમિ સમીપે આ પ્રમાણેનો ધર્મ સંબંધી ઉપદેશ સાંભળી અને હૃદયમાં ધારણ કરી, સમ્યક્ પ્રકારે તેને અંગીકાર કર્યો. તેઓ ભગવાનની આજ્ઞાનુસાર ગમનાદિ અનુષ્ઠાનોમાં સાવધાન રહી અર્થાત્ પ્રમાદ–નિદ્રાનો ત્યાગ કરી, પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વની યતના કરતા સંયમની આરાધના કરવા લાગ્યા. ગજસુકુમાલ મુનિ ઈર્યા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન–ભણ્ડમાત્ર નિક્ષેપણ સમિતિ અને ઉચ્ચાર–વડીનીત, પ્રસ્રવણ–લઘુનીત, ખેલ– શ્લેષ્મ, જલ્લ–શરીરનો મેલ, સિંઘાડ–નાકનો મેલ, પરિસ્થાપનિકા સમિતિ એવં મન, વચન, કાય સમિતિ આદિ અષ્ટ પ્રવચન માતાનું સાવધાનીપૂર્વક પાલન કરતા મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી રહેવા લાગ્યા. ઈન્દ્રિયોને વશમાં રાખી ગુપ્ત બ્રહ્મચારી બનીને નિર્ગ્રંથ પ્રવચનને સન્મુખ રાખી (આજ્ઞાનુસાર) વિચરવા લાગ્યા.

## વિવેચન :–

આ સૂત્રમાં સૂત્રકારે નવદીક્ષિતની શિક્ષા–દીક્ષાનું સુંદરતમ વર્ણન કર્યું છે. ગુરુ શિષ્યનો સંબંધ કેવો આત્મીય અને વૈરાગ્યભાવ સંપન્ન હોવો જોઈએ તેની ઝલક આ સૂત્રમાં દષ્ટિગોચર થાય છે. એક બાજુ શિષ્યનું વિનમ્રભાવે સર્વસ્વનું સમર્પણ છે તો બીજી બાજુ ગુરુ સ્વ અસ્તિત્વદાનથી શિષ્યની ઝોળી ભરી દે છે. આમ દાતા–પાત્ર બંને ધન્ય બને છે. ધર્મગુરુ ભગવાન અરિષ્ટનેમિએ સ્વયં ગજસુકુમાલ અણગારને સમિતિ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાની શિક્ષા આપી. સાધક જીવનનું લક્ષ્ય છે ગુપ્તિ. યોગ છોડી ઉપયોગમાં સ્થિર બનવું એ ગુપ્તિનું કામ છે અને યોગમાં જવું જ પડે તેમ હોય ત્યારે સમિતિના

સહારે પ્રવૃત્તિમાં જોડાવું. સમ્યક્ પ્રવૃત્તિને સમિતિ કહે છે. ટૂંકમાં ઉપયોગ યુક્ત નિવૃત્તિ ગુપ્તિ છે, તો ઉપયોગ યુક્ત પ્રવૃત્તિ સમિતિ છે.

ગજસુકુમાલ મુનિ પ્રભુના શ્રીમુખેથી શિક્ષા પામી, ગુપ્ત બ્રહ્મચારી, જિતેન્દ્રિય બની આત્મભાવમાં વિચરવા લાગ્યા.

**બારમી ભિક્ષુ મહાપ્રતિમાનું આરાધન :–**

**૩૩ तए णं से गयसुकुमाले जं चेव दिवसं पव्वइए तस्सेव दिवसस्स पुव्वावरण्हकालसमयंसि जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे महाकालंसि सुसाणंसि एगराइयं महापडिमं उवसंपज्जित्ताणं विहरित्तए ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**तए णं से गयसुकुमाले अणगारे अरहया अरिट्ठणेमिणा अब्भणुण्णाए समाणे अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता अरहओ अरिट्ठणेमिस्स अंतिए सहसंबवणाओ उज्जाणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव महाकाले सुसाणे तेणेव उवागए, उवागच्छित्ता थंडिल्लं पडिलेहेइ, पडिलेहेत्ता उच्चारपासवणभूमिं पडिलेहेइ, पडिलेहेत्ता ईसिं पब्भारगएणं काएणं वग्घारियपाणी अणिमिसणयणे एक्कपोग्गल–णिरुद्धदिट्ठी दोवि पाए साहट्टु एगराइं महापडिमं उवसंपज्जित्ता णं विहरइ ।**

**ભાવાર્થ :–** જે દિવસે ગજસુકુમાલ અણગાર દીક્ષિત થયા તે જ દિવસે ચોથા પ્રહરમાં ભગવાન અરિષ્ટનેમિ સમીપે ઉપસ્થિત થઈ, ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યા–

હે ભગવન્ ! જો આપની આજ્ઞા હોય તો હું મહાકાલ નામના સ્મશાનમાં એક રાત્રિની બારમી ભિક્ષુ મહાપ્રતિમાની આરાધના કરવા ચાહું છું.

ભગવાને ફરમાવ્યું– દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો તેમાં વિલંબ કરો નહિ.

ત્યારે અર્હત્ અરિષ્ટનેમિની આજ્ઞા પ્રાપ્ત થવા પર ગજસુકુમાલમુનિ પ્રભુને વંદન, નમસ્કાર કરી, ભગવાન પાસેથી તથા સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં મહાકાળ સ્મશાન હતું

ત્યાં આવ્યા, આવીને યોગ્ય પ્રાસુક ભૂમિનું તથા ઉચ્ચાર–પ્રસ્રવણ યોગ્ય પરઠવાની ભૂમિનું પ્રતિલેખન કર્યું, પ્રતિલેખન કરીને પછી શરીરને જરા નમાવી, ચાર આંગુલના અંતરે બંને પગને સંકોચી, એક પુદ્‌ગલ પર દષ્ટિ કેન્દ્રિત કરી, એક રાત્રિની ભિક્ષુ મહાપ્રતિમાને ધારણ કરી ધ્યાનમાં લીન(ધ્યાનસ્થ) થઈ ગયા.

## વિવેચન :–

**पुव्वा वरण्हकाल समयंसि :–** દિવસનો પાછલો ભાગ–બે પ્રહરથી લઈને સૂર્યાસ્ત સુધીના કાળને અપરાહ્ન કહે છે. દિવસના ત્રીજા પ્રહરને પૂર્વાપરાહ્ન કહેવાય છે. કાળ સામાન્ય અર્થમાં અને સમય વિશિષ્ટ અર્થમાં પ્રયુક્ત હોય છે. પ્રસ્તુત સૂત્રમાં કાળ શબ્દથી ત્રીજો પ્રહર તથા સમય શબ્દથી તે વિશિષ્ટ ક્ષણનું ગ્રહણ સૂત્રકારને અભિષ્ટ છે, જેમાં આ ઘટના ઘટિત થઈ છે.

**બારમી ભિક્ષુ પ્રતિમાનો અધિકારી :–** ઓછામાં ઓછી ઓગણત્રીસ વર્ષની ઉંમર હોય, ૨૦ વર્ષની દીક્ષા પર્યાય હોય અને નવમા પૂર્વની આચાર વસ્તુ સુધીનું જ્ઞાન હોય અથવા આજ્ઞાદાતા ખુદ તીર્થંકર કે આગમવિહારી સ્થવિર હોય તો જ આ મહાપ્રતિમાનું વહન કરી શકાય છે. કારણ કે આ મહાપ્રતિમા વહન વખતે અવશ્ય દેવ, મનુષ્ય કે તિર્યંચકૃત ઉપસર્ગ આવે છે. સાધક જો આ પ્રતિમાનું સમ્યક્ પાલન ન કરી શકે તો ઉન્માદને, દીર્ઘકાલીન રોગાતંકને પામે છે અથવા જિનધર્મથી ચ્યુત(ભ્રષ્ટ)થઈ જાય છે. આ પ્રતિમામાં ચોવિહારો અઠ્ઠમ તપ કરીને, ગામ બહાર, શૂન્યસ્થાન અથવા સ્મશાનભૂમિમાં એક પુદ્‌ગલ પર દષ્ટિ કેન્દ્રિત કરી, શરીરને સ્થિર અને ઈન્દ્રિઓનું ગોપન કરી, ધ્યાનસ્થ ઊભા રહેવાનું હોય છે. સાધક જો સમ્યક્ આરાધનાથી આ મહાપ્રતિમાને પૂર્ણ કરે તો અવશ્ય અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળ જ્ઞાન આ ત્રણ જ્ઞાનમાંથી કોઈપણ એક જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન :–** ગજસુકુમાલને બારમી ભિક્ષુ પ્રતિમાનું જ્ઞાન કેવી રીતે થયું ?

**સમાધાન :–** સંભવતઃ પૂર્વ સંસ્કાર અથવા ધર્મદેશનામાં પ્રતિમાનું વર્ણન સાંભળ્યું હોય અને તેની વિધિ ભગવાને સ્વયં બતાવી હોય. કથાઓમાં એમ પણ કહેવાય કે ગજસુકુમાલ મુનિએ ભગવાનને શીઘ્ર મોક્ષ પ્રાપ્તિનો માર્ગ પૂછતાં ભગવાને તેને બારમી ભિક્ષુ પ્રતિમાનું સ્વરૂપ બતાવ્યું.

## સસરા દ્વારા મારણાંતિક ઉપસર્ગ :–

**૩૪ इमं च णं सोमिले माहणे सामिधेयस्स अट्ठाए बारवईओ णयरीओ बहिया पुव्वणिग्गए समिहाओ य दब्भे य कुसे य पत्तामोडं य गेण्हइ, गेण्हित्ता तओ पडिणियत्तइ, पडिणियत्तित्ता महाकालस्स सुसाणस्स अदूरसामंतेणं वीईवयमाणे वीईवयमाणे संझाकालसमयंसि पविरलमणुस्संसि गयसुकुमालं अणगारं पासइ, पासित्ता तं वेरं सरइ, सरित्ता आसुरुत्ते रुट्ठे**

**कुविए चंडिक्किए मिसिमिसेमाणे एवं वयासी–**

**एस णं भो ! से गयसुकुमाले कुमारे अपत्थिय पत्थिए, दुरंत–पंत लक्खणे, हीणपुण्णचाउद्दसिए, सिरि–हिरि–धिइ–कित्ति परिवज्जिए, जे णं मम धूयं सोमसिरीए भारियाए अत्तयं सोमं दारियं अदिट्ठदोसपत्तियं कालवत्तिणिं विप्पजहित्ता मुंडे** *जाव* **पव्वइए । तं सेयं खलु मम गयसुकुमालस्स कुमारस्स वेरणिज्जायणं करेत्तए; एवं संपेहेइ, संपेहेत्ता दिसापडिलेहणं करेइ, करेत्ता सरसं मट्टियं गेण्हइ, गेण्हित्ता जेणेव गयसुकुमाले अणगारे तेणेव उवागच्छइ, उवागच्छित्ता गयसुकुमालस्स अणगारस्स मत्थए मट्टियाए पालिं बंधइ, बंधित्ता जलंतीओ चिययाओ फुल्लियकिंसुयसमाणे खइरिंगाले कहल्लेणं गेण्हइ, गेण्हित्ता गयसुकुमालस्स अणगारस्स मत्थए पक्खिवइ, पक्खिवित्ता भीए तत्थे तसिए उव्विग्गे संजायभए तओ खिप्पामेव अवक्कमइ, अवक्कमित्ता जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**ભાવાર્થ :–** ગજસુકુમાલ અણગાર પ્રતિમા ધારણ કરવા સ્મશાન ભૂમિમાં આવ્યા પહેલા જ સોમિલ બ્રાહ્મણ યજ્ઞ માટે સમિધ આદિ લેવા માટે દ્વારિકા નગરીની બહાર નીકળ્યો હતો. તે યજ્ઞમાં હવન માટે સમિધ, કુશ, ડાભપત્ર આદિ લઈ પાછો આવતો હતો ત્યારે મહાકાલ સ્મશાનમાં પાસે જ ધ્યાનસ્થ ગજસુકુમાલ મુનિ પર તેની દષ્ટિ પડી. તે સમયે સંધ્યાકાળ હોવાથી લોકોનું આવાગમન નહીવત્ હતું. ગજસુકુમાલને જોયા, જોઈને જ હૃદયમાં વૈરભાવ જાગ્યો. ક્રોધથી ધમધમી ઊઠ્યો, રૂષ્ટ થયો, પ્રચંડ કષાયી થયો, રૌદ્રભાવે દાંત કચકચાવીને, એકદમ ક્રોધિત થઈને આ પ્રમાણે(મનોમન)બોલ્યો–

ઓહો ! આ ગજસુકુમાલ મુનિ, અપ્રાર્થિતનો પ્રાર્થી, દુરંત પ્રાંત લક્ષણવાન, નિર્લજ્જ, પુણ્યહીન, ચતુદર્શીમાં ઉત્પન્ન થયેલ, શ્રી, લજ્જા ધૈર્ય, કીર્તિહીન છે. જેણે મારી પુત્રી, સોમશ્રી ભાર્યાની અંગજાત દીકરી, જે અમને પ્રાણથી પણ પ્યારી છે એવી યૌવનાવસ્થાને પ્રાપ્ત સોમાના કોઈ પણ દોષ વિના ત્યાગ કરીને સાધુ બની ગયો. આથી મારા માટે ઉચિત છે કે હું આ ગજસુકુમાલ સાધુ પ્રતિ વેરનો બદલો લઉં. તેમ સોમિલ બ્રાહ્મણે વિચાર્યું, વિચારીને દશે–દિશાનું પ્રતિલેખન કર્યું કે કોઈ મને જોઈ રહ્યું તો નથી ને ? ચારે બાજુ નિરીક્ષણ કરીને સોમિલે તળાવમાંથી ભીની માટી કાઢી, કાઢીને પછી જ્યાં ગજસુકુમાલ અણગાર હતા ત્યાં આવ્યો, આવીને મુનિરાજના મસ્તક પર માટીની પાળ બાંધી. બાંધીને બળતી ચિતામાંથી કેસૂડાના ફૂલ જેવા લાલચોળ ધગધગતા ખેરના અંગારાને ફૂટેલા માટીના ઠીંકરામાં ભરી ગજસુકુમાલ અણગારના માથા ઉપર નાખી દીધા. નાખ્યા પછી કોઈ મને જોઈ ન જાય એવા ભયથી ભયભીત થઈને ગભરાયેલો, ત્રાસ પામતો, ઉદ્વેગ પામતો ત્યાંથી શીઘ્રતાપૂર્વક પાછળ ફરી ચારે બાજુ જોતો જોતો જે

દિશામાંથી આવ્યો હતો તે દિશામાં ભાગી ગયો.

## વિવેચન :-

ગજસુકુમાલ મુનિના ઉત્કૃષ્ટ વૈરાગ્યથી અજ્ઞાત તથા પુત્રીમોહમાં ક્રોધાંધ થઈને સોમિલ બ્રાહ્મણ તેના ઉપર અત્યંત ક્રૂર અને નૃશંસ વ્યવહાર કરે છે. આ સૂત્રમાં સોમિલ બ્રાહ્મણના પૈશાચિક કૃત્યનું હૃદય વિદારક વર્ણન સૂત્રકારે કર્યું છે.

**दब्भे कुसे पत्तामोडे :-** ટીકાકારે અર્થ કર્યો છે **''समिहाउत्ति'' इंधनभूता काष्ठिका:, दब्भेत्ति समूलान् दर्भान्, कुसेत्ति दर्भाग्राणीति, पत्तामोडयं ति शाखिशाखा-शिखामोटितपत्राणि देवतार्चनार्थानीत्यर्थः** અર્થાત્ સમિધા= ઈંધનભૂત લાકડી, મૂળ સહિતના ઘાસને દર્ભ કહે છે. ડાભના અગ્રભાગને કુશ અને દેવપૂજન માટે વૃક્ષોની શાખાઓના અગ્રભાગથી વળેલા પાંદડાને પત્રામોટિત કહે છે. સોમિલ બ્રાહ્મણ દ્વારા આપવામાં આવેલી કલ્પનાતીત અસહ્ય મહાવેદના આપવા પછી મુનિરાજ ગજસુકુમાલ અણગારની કઈ સ્થિતિ થઈ તેનું હૃદયસ્પર્શી વર્ણન સૂત્રકાર કરી રહ્યા છે.

## ગજસુકુમાલ મુનિની સિદ્ધિ :-

**૩૫ तए णं तस्स गयसुकुमालस्स अणगारस्स सरीरयंसि वेयणा पाउब्भूया- उज्जला विउला कक्खडा पगाढा चंडा रुद्दा दुक्खा दूरहियासा । तए णं से गयसुकुमाले अणगारे सोमिलस्स माहणस्स मणसा वि अप्पदुस्समाणे तं उज्जलं विउलं कक्खडं पगाढं चंडं रुद्दं दुक्खं दुरहियासं वेयणं अहियासेइ । तए णं तस्स गयसुकुमालस्स अणगारस्स तं उज्जलं *जाव* अहियासेमाणस्स सुभेणं परिणामेणं, पसत्थज्झवसाणेणं, तदावरणिज्जाणं कम्माणं खएणं कम्मरयविकिरणकरं अपुव्वकरणं अणुप्पविट्ठस्स अणंते अणुत्तरे णिव्वाघाए णिरावरणे कसिणे पडिपुण्णे केवलवर- णाणदंसणे समुप्पण्णे । तओ पच्छा सिद्धे बुद्धे मुत्ते अंतगडे परिणिव्वुए सव्वदुक्ख- प्पहीणे ।**

**तत्थ णं अहासण्णिहिएहिं देवेहिं सम्मं आराहिए त्ति कट्टु दिव्वे सुरभिगंधोदए वुट्ठे; दसद्धवण्णे कुसुमे णिवाडिए; चेलुक्खेवे कए; दिव्वे य गीयगंधव्वणिणाए कए यावि होत्था ।**

**ભાવાર્થ :-** સોમિલે માથા પર જાજ્વલ્યમાન અંગારા મૂક્યા. એ અંગારાના તાપથી ગજસુકુમાલ અણગારના શરીરમાં અસહ્ય, મહાભયંકર વેદના ઉત્પન્ન થઈ, તે વેદના અત્યંત દાહક, વિપુલ કષ્ટદાયક, પ્રગાઢ, પ્રચંડ ભયંકર અસહ્ય દુઃખમય તથા કલ્પનાતીત હતી પરંતુ ક્ષમાશ્રમણ ગજસુકુમાલ મુનિ સોમિલ

ઉપર લેશમાત્ર દ્વેષ ન કરતા અત્યંત ધૈર્યપૂર્વક તે મહાવેદનાને સમભાવ પૂર્વક સહન કરવા લાગ્યા. જાજ્વલ્યમાન અસહ્ય હૃદયવિદારક, ભયંકર, ઉગ્ર, તીવ્ર, ભીષણ, દુસ્સહ વેદનાને સહન કરતા ગજસુકુમાલ અણગારે શુભ પરિણામ તથા પ્રશસ્ત અધ્યવસાયથી તે તે આત્મગુણોના આચ્છાદક કર્મોનો નાશ કરી, જ્ઞાનાવરણીયાદિ કર્મોના વિદારક એવા આત્માના અપૂર્વકરણ ગુણસ્થાનમાં પ્રવેશ કર્યો. ક્ષપકશ્રેણી પર વર્ધમાન પરિણામે વધતાં વધતાં ઘાતિકર્મોના સમસ્ત પર્યવોનો ક્ષય કરી અનંત, અણુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન કેવળદર્શનને પ્રાપ્ત કર્યું. શેષ ચાર અઘાતિ કર્મોનો ક્ષય કરી, ગજસુકુમાલ અણગાર સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા અને સમસ્ત દુઃખોથી રહિત થયા.

ત્યાં જ રહેલા સમીપવર્તી દેવતાઓએ ગજસુકુમાલ મુનિની સમ્યક્ આરાધનાથી આકર્ષિત થઈ સુગંધિત દિવ્ય, જલ તથા પચરંગી પુષ્પની વૃષ્ટિ કરી. આકાશમાં ધ્વજા ફરકાવી તથા મધુર ગીત એવમ્ સંગીત દ્વારા ગુણાનુવાદ કરતા ગગનમંડળને ગુંજાવી દીધું.

## વિવેચન :-

સૂત્રકારે હૃદયસ્પર્શી ગજસુકુમાલ મુનિની અસહ્ય કલ્પનાતીત મહાવેદનાનું વર્ણન કર્યું છે.

**सुभेणं परिणामेणं पसत्थज्झवसाणेणं :–** આ પદમાં મોક્ષ પ્રાપ્તિમાં પરમ સહયોગી બે ભાવ છે. (૧) શુભ પરિણામ (૨) પ્રશસ્ત અધ્યવસાય. ૧. સામાન્યરૂપે શુભ નિષ્પાપ(નિરવદ્ય) વિચારોને શુભ પરિણામ કહે છે. ૨. વિશેષરૂપે આત્મસમાધિ કે આત્મચિંતનની તદાકારતાને પ્રશસ્ત અધ્યવસાય કહે છે.

**तदावरणिज्जाणं कम्माणं :–** 'કર્મ' શબ્દ આત્મપ્રદેશો સાથે મળેલા કર્માણુઓનો બોધક છે અને જ્ઞાન, દર્શન આદિ આત્મિક ગુણોને ઢાંકનારા અર્થનો સૂચક 'તદાવરણીય' શબ્દ છે.

**कम्मरयविकिरणकरं :–** જ્ઞાનાવરણીય આદિ કર્મરૂપી રજમેલના નાશ કરનારને, કર્મરજોવિકિરણ કર કહેવાય છે.

**अपुव्वकरणं :– अपूर्वकरणम्–आत्मनोऽभूतपूर्व–शुभपरिणामम्** અર્થાત્ અપૂર્વકરણ શબ્દ, જે પહેલાં ક્યારે ય પ્રાપ્ત થયું ન હોય તેવા અર્થનો બોધક છે.

આ શબ્દ આઠમાં "નિવૃત્તિ બાદર ગુણસ્થાન"નો પણ પરિચાયક માનેલ છે. આ ગુણસ્થાનમાં બે શ્રેણિનો આરંભ થાય છે, ઉપશમ શ્રેણિ અને ક્ષપકશ્રેણિ. ઉપશમશ્રેણિવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિઓનો ઉપશમ કરતો કરતો અગિયારમાં ગુણસ્થાન સુધી જઈને અટકી જાય છે અને નીચે પડે છે. અથવા આયુષ્ય પૂર્ણ કરી અનુત્તર વિમાનમાં જાય છે. ક્ષપક શ્રેણિવાળો જીવ દસમાં ગુણસ્થાનથી સીધો બારમાં ગુણસ્થાન પર જઈને અપ્રતિપાતિ થઈ જાય છે.

આઠમા ગુણસ્થાનમાં આરૂઢ થયેલો જીવ ક્ષપક શ્રેણિએ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં પામતાં જ્યારે બારમા ગુણસ્થાનમાં જાય છે ત્યારે તેના છેલ્લા સમય સુધીમાં સમસ્ત ઘાતિકર્મોનો ક્ષય કરી, તેરમા ગુણસ્થાનના પ્રારંભમાં જ કેવળજ્ઞાન પામી, ત્યાં જ (આયુષ્ય લાંબુ હોય તો) સ્થિર થાય છે. આયુષ્યના

અંતિમ અંતઃમુહૂર્તમાં શૈલેષીકરણ ક્રિયા કરી ચૌદમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. ચૌદમા ગુણસ્થાનના અંતે શુક્લધ્યાનના ચોથા પાયા દ્વારા અઘાતી કર્મોનો ક્ષય કરી પરમકલ્યાણ રૂપ મોક્ષ પદને પામે છે.

પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે **अपुव्वकरणं** પદ આપીને ગજસુકુમાલની સાથે અપૂર્વકરણ અવસ્થાનો સંબંધ સૂચિત કર્યો છે. ભાવ આ છે કે ગજસુકુમાલ મુનિ આઠમા ગુણસ્થાનમાં પ્રવેશ કરી ક્ષપકશ્રેણિને પામી ગયા હતા.

**अणंते दंसणे :–** (૧) અનંત–જેનો અંત કદી થતો નથી, સદાકાળ રહે છે (૨) અનુત્તર–પ્રધાન (૩) નિર્વ્યાઘાત–વ્યાઘાત–અટકાવ રહિત (૪) નિરાવરણ–કોઈ પણ આવરણ રહિત (૫) કૃત્સ્ન–સંપૂર્ણ (૬) પ્રતિપૂર્ણ–સમસ્ત જ્ઞેય પદાર્થોને વિષય બનાવનારું જ્ઞાન.

**सिद्धे बुद्धे :–** (૧) સિદ્ધ–જે કૃતકૃત્ય થઈ ગયા છે, જેનું સમસ્ત કાર્ય સિદ્ધ–પૂર્ણ થઈ ગયું છે. (૨) બુદ્ધ–લોકાલોકના સર્વ પદાર્થોના જ્ઞાતા છે. જ્ઞાનસ્વરૂપ થઈ ગયા છે. (૩) મુક્ત–જે સમસ્ત કર્મોથી મુક્ત થઈ ગયા છે. (૪) પરિનિર્વાણ–સમસ્તકર્મજનિત વિકારોનો નાશ થવાથી શાંત થઈ ગયા છે. (૫) સર્વદુઃખ પ્રહીણ–જેના સમસ્ત શારીરિક તથા માનસિક દુઃખ નષ્ટ થઈ ગયા છે.

## શિક્ષા પ્રેરણા :–

(૧) સોળ વર્ષની વયે અને એક દિવસ અર્થાત્ થોડાંક જ કલાકની દીક્ષા પર્યાયમાં મુનિએ આત્મ કલ્યાણ કરી લીધું. દઢતા, સહનશીલતા, ક્ષમા દ્વારા મુનિએ લાખો ભવોના પૂર્વસંચિત કર્મોનો મિનિટોમાં જ ક્ષય કરી દીધો.

ઘર, કુટુંબ, પરિવારનો ત્યાગ કર્યા પછી શરીરના મમત્વનો પણ ત્યાગ કરવો, સંયમારાધના માટે શરીરને જીવિત અવસ્થામાં આ રીતે વિસર્જિત કરવું કંઈ નાની સૂની કે ઓછા મહત્ત્વની વાત નથી. મહાન અને સારા અભ્યાસી સાધકો પણ અહીં આવીને ડગમગી જાય છે. પરંતુ ધન્ય છે એ નવદીક્ષિત મુનિને, કૃષ્ણ વાસુદેવના ભાઈ હોવા છતાં પણ એક દિનની દીક્ષામાં જ એવો આદર્શ દાખલો બેસાડ્યો કે જેમાંથી પ્રેરણા લઈને કેટલા ય મુમુક્ષુ પ્રાણીઓ પોતાના આત્મોત્થાનમાં અગ્રેસર થવાની મહાન ઉપલબ્ધિ પ્રાપ્ત કરી શકે છે.

(૩) શૂરવીર પુરુષો સિંહવૃત્તિથી ચાલે છે. સિંહની જેમ જ વીરતાપૂર્વક સંયમ ગ્રહણકરે છે, પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે અને સંકટ સમયે પણ સિંહની જેમ જ તેના પર વિજય મેળવે છે.

(૪) સિંહવૃત્તિ અને શ્વાનવૃત્તિ વિશે એમ કહેવામાં આવે છે કે સિંહ બંદૂકની ગોળી ઉપર તરાપ નથી મારતો પરંતુ તેના અવાજ પરથી મૂળ સ્થાનને ઓળખી લે છે અને તેને જ પોતાનું લક્ષ્ય બનાવે છે પરંતુ કૂતરાને કોઈ લાકડી મારે તો તે લાકડીને જ પકડવાની કોશિશ કરે છે. આ રીતે સિંહની દષ્ટિ મૂળભૂત કારણ પર હોય છે જ્યારે શ્વાનની દષ્ટિ નિમિત્તભૂત કારણ પર હોય છે. જેની દષ્ટિ મૂળભૂત કારણ પર હોય છે તે જ દુઃખથી મુક્ત થઈ શકે છે. અતઃ આપણે દુઃખનું મૂળ કારણ એવં પોતાના કર્મોનો જ વિચાર

કરવો જોઈએ અને સમભાવમાં સ્થિર રહેવું જોઈએ. આ જ સિંહવૃત્તિ છે અને દુઃખના ક્ષણિક નિમિત્તરૂપે રહેલા કોઈ પણ પ્રાણી કે જીવ પર રોષ કરવો અથવા બદલો લેવો તે શ્વાનવૃત્તિ છે. પ્રત્યેક મુમુક્ષુ આત્માઓએ ગજસુકુમાલના જીવનમાંથી સિંહવૃત્તિનો આદર્શ શીખવો જોઈએ. **देहं पातयामि वा कार्य साधयामि ।** નો દઢ સંકલ્પ હોવો જોઈએ ત્યારે જ મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે.

(૫) ભૌતિક ઈચ્છાઓનો ત્યાગ અને જીવનનો ભોગ આપ્યા વિના જ સહજપણે મુક્તિ મળી જવી સંભવ નથી. અતઃ મોક્ષની પ્રાપ્તિ માટે આપણે ગજસુકુમાલ મુનિના આદર્શને સામે રાખીને આપણું જીવન જીવીએ તથા આવી વીરતાના સંસ્કારોથી આત્માને બળવાન બનાવીએ.

(૬) પોતાના વૈરાગ્યના સંસ્કાર જો મજબૂત હોય, બળવાન હોય તો બધા સંયોગો હિતકર બની જાય છે. સોમિલ બ્રાહ્મણ જેવી નિર્દય વ્યક્તિ અને ધગધગતા અંગારાના સંયોગો પણ મુક્તિ પ્રાપ્ત કરાવી શકે છે. અતઃ આપણે જ્યારે આપણી સાધનાને બળવાન અને વેગવાન બનાવશું અને સહનશીલતાને ધારણ કરશું ત્યારે જ આપણું આવા મહાપુરુષોનું જીવનચરિત્ર શ્રવણ સાર્થક થશે. કષાય ભાવોથી મુક્ત થઈ જવું એ જ મોક્ષ પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ અને સફળ સાધના છે.

(૭) સંભવ છે કે લોકોને એમ કહેવું પડે કે શ્રી કૃષ્ણે પોતાના ભાઈ તરફ કોઈ સાંસારિક કર્તવ્યનું પાલન ન કર્યું અને શીઘ્ર દીક્ષા જ અપાવી દીધી. એવી વાતનું સ્વતઃ જ સમાધાન થઈ જાય છે કે તેમણે તો સગપણ અને લગ્નની પૂર્વ તૈયારીઓ કરી હતી અને ભગવાન દર્શન કરવા જતી વખતે પણ સોમિલ બ્રાહ્મણની કન્યા સોમાની માંગણી કરીને તેને કન્યાના અંતઃપુરમાં રખાવી હતી. એક પદ્યમાં પણ કહેવાયું છે કે– **सौ वीं सौमिला कन्या, रुप देखकर श्री कृष्णजी महल धरे ।** તેના પરથી જણાય છે કે શ્રી કૃષ્ણે ગજસુકુમાલ માટે કુલ ૧૦૦ કુંવારી કન્યાઓનો સંગ્રહ કર્યો હતો.

## કૃષ્ણ વાસુદેવની પ્રભુતામાં લઘુતા :–

**३६ तए णं से कण्हे वासुदेवे कल्लं पाउप्पभायाए रयणीए फुल्लुप्पल कमल– कोमलुम्मिलियम्मि, अहपंडुरे पभाए, रत्तासोगपगास–किंसुय–सुयमुह– गुंजद्धराग–बंधुजीवग–पारावयचलण–णयण–परहुयसुरत्तलोयण–जासुमणकुसुम जलियजलण–तवणिज्जकलस–हिंगुलयणियर–रूवाइरेगरेहंतसस्सिरीए दिवायरे अहक्कमेण उदिए, तस्स दिणकर–परंपरावयारपारद्धम्मि अंधयारे, बालातवकुंकुमेणं खइएव्व जीवलोए, लोयणविसआणुआसविगसंत– विसददंसियम्मि लोए, कमलागर संडबोहए उट्ठियम्मि सूरे सहस्सरस्सिम्मि दियगरे तेयसा जलंते ण्हाए *जाव* विभूसिए हत्थिखंधवरगए, सकोरेंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं सेयवरचामराहिं उद्धुव्वमाणीहिं महयाभड–चडगर– पहकरवंद–परिक्खित्ते बारवइं णयरिं मज्झंमज्झेणं जेणेव अरहा अरिट्ठणेमी**

**तेणेव पहारेत्थ गमणाए ।**

**तए णं से कण्हे वासुदेवे बारवईए णयरीए मज्झंमज्झेणं णिग्गच्छमाणे एक्कं पुरिसं–जुण्णं जराजज्जरियदेहं आउरं झूसियं पिवासियं दुब्बलं किलंतं महइमहालयाओ इट्टगरासीओ एगमेगं इट्टगं गहाय बहिया रत्थापहाओ अंतोगिहं अणुप्पविसमाणं पासइ ।**

**तए णं से कण्हे वासुदेवे तस्स पुरिसस्स अणुकंपणट्ठाए हत्थिखंधवरगए चेव एगं इट्टगं गेण्हइ, गेण्हित्ता बहिया रत्थापहाओ अंतोघरंसि अणुप्पवेसिए ।**

**तए णं कण्हेणं वासुदेवेणं एगाए इट्टगाए गहियाए समाणीए अणेगेहिं पुरिसेहिं से महालए इट्टगस्स रासी बहिया रत्थापहाओ अंतोघरंसि अणुप्पवेसिए ।**

**ભાવાર્થ :–** ગજસુકુમાલની દીક્ષાના બીજા જ દિવસે પ્રાતઃકાલે સૂર્યનો ઉદય થવા પર જ્યારે પ્રફુલ્લિત કમળોની પાંખડીઓ ખીલી ઊઠી. કાળા હરણના નેત્ર નિદ્રારહિત થવાથી ખુલી ગયા, પ્રભાત શ્વેતવર્ણી થયું. લાલ અશોકની કાંતિ, પલાશપુષ્પ, પોપટની ચાંચ, ચણોઠીનો અર્ધભાગ, બંધુજીવક પુષ્પ, કબૂતરના પગ અને નેત્ર, જાસુદના ફૂલ, જાજ્વલ્યમાન અગ્નિ, સુવર્ણ કળશ તથા હિંગળોકની લાલિમાથી પણ અધિક લાલિમાથી જેની શ્રી સુશોભિત થઈ રહી છે એવો સૂર્ય ક્રમશઃ ઉદિત થયો. સૂર્યના કિરણો નીચે ઉતરી અંધકારનો વિનાશ કરવા લાગ્યા. બાળ સૂર્યરૂપી કંકુથી જાણે જીવલોક વ્યાપ્ત થઈ ગયો, આંખના વિષયરૂપ લોક સ્પષ્ટ દેખાવા લાગ્યો. સરોવરોમાં સ્થિત કમળોને વિકસિત કરનારો, સહસ્ર કિરણો વાળો સૂર્ય તેજથી જાજ્વલ્યમાન થઈ ગયો હતો. આવા સમયે સ્નાન કરી ***યાવત્*** વિભૂષિત થઈ ગજસ્કંધ પર આરૂઢ થઈ, કોરંટના ફૂલ યુક્ત છત્ર ધારણ કરી, શ્વેત ચામરથી વિંઝાવાતા, અનેક સુભટો આદિના સમૂહથી ઘેરાયેલા શ્રીકૃષ્ણ વાસુદેવ અરિહંત અરિષ્ટનેમિના વંદન નમસ્કાર કરવા રવાના થયા.

ત્યારે દ્વારકા નગરીની મધ્યમાં થઈને જતાં કૃષ્ણ વાસુદેવે એક પુરુષને જોયો. તે પુરુષ અતિ વૃદ્ધ હતો. વૃદ્ધાવસ્થાને કારણે તેનો દેહ જર્જરિત હોવાથી અતિ ક્લાન્ત, કરમાયેલા ચહેરાવાળો, લોહી માંસથી રહિત, કમરમાંથી વાંકો વળીગયેલો, દુર્બળ દેહવાળો અને ઘણો જ થાકેલો હતો. તે વૃદ્ધપુરુષ મોટા ઈંટના ઢગલામાંથી એક એક ઈંટ ઉપાડીને બહારના રાજમાર્ગ ઉપરથી પોતાના ઘરમાં મૂકતો જોઈ અનુકંપાશીલ હૃદયી કૃષ્ણ વાસુદેવે વૃદ્ધ પુરુષ ઉપર દયા લાવી હાથી ઉપર બેઠા બેઠા જ પોતાના હાથે એક ઈંટ ઉપાડીને તેના ઘરમાં મૂકી દીધી. કૃષ્ણ વાસુદેવ દ્વારા એક ઈંટ ઉપાડવા પર અન્ય સુભટોએ હાથોહાથ ઈંટના ઢગલાને ઉપાડી તેના ઘરમાં પહોંચાડી દીધો. આ પ્રમાણે શ્રીકૃષ્ણના એક ઈંટ ઉપાડવા માત્રથી તે વૃદ્ધ પુરુષનું વારંવાર ફેરા કરવાનું કષ્ટ દૂર થઈ ગયું.

**વિવેચન :–**

આ સૂત્રમાં સૂત્રકારે અનેક ઉપમાઓ દ્વારા પ્રભાતના સૌંદર્યનું તથા ઉદિત સૂર્યની લાલિમાના

સુંદર વર્ણન સાથે કૃષ્ણ વાસુદેવની આંતરિક યોગ્યતાનો આદર્શ રજૂ કર્યો છે. ક્યાં ત્રિખંડાધિપતિની પ્રભુતા અને ક્યાં નાનામાં નાની ગરીબ પ્રજાનું સામાન્યમાં સામાન્ય કામ કરવાની લઘુતા ? પ્રભુતાનું ગૌરવ લઘુતામાં જ છે. મહાન પુરુષની મહાનતા નાના કામથી થાય છે અને નાના માણસની મહાનતા મોટા કામથી થાય છે. આ સૂત્રમાં કૃષ્ણ મહારાજની લઘુતા, પ્રજાપ્રેમ, નાનામાં નાના કામ પ્રતિ પણ અનુરાગ, દુ:ખિત પ્રત્યેની કરુણા, અધિનસ્થ પાસે વગર શબ્દે કામ કરાવવાની કળા વગેરે વાસુદેવની જીવનશૈલીના આગવા પાસાઓ છે. આખો પ્રસંગ માર્મિક છે.

## ગજસુકુમાલની સિદ્ધિની સૂચના :-

**૩૭ तए णं से कण्हे वासुदेवे बारवईए णयरीए मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागए, उवागच्छित्ता *जाव* वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– कहि णं भंते ! से ममं सहोयरे कणीयसे भाया गयसुकुमाले अणगारे जं णं अहं वंदामि णमंसामि ? तए णं अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– साहिए णं कण्हा ! गयसुकुमालेणं अणगारेणं अप्पणो अट्ठे । तए णं से कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं एवं वयासी– कहण्णं भंते ! गयसुकुमालेणं अणगारेणं साहिए अप्पणो अट्ठे ? तए णं अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी–एवं खलु कण्हा गयसुकुमाले णं अणगारे ममं कल्लं पुव्वावरण्हकालसमयंसि वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं *जाव* उवसंपज्जित्ता णं विहरइ ।**

**तए णं तं गयसुकुमालं अणगारं एगे पुरिसे पासइ, पासित्ता आसुरुत्ते *जाव* सिद्धे । तं एवं खलु कण्हा ! गयसुकुमालेणं अणगारेणं साहिए अप्पणो अट्ठे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કૃષ્ણ મહારાજ વૃદ્ધ ઉપર અનુકંપા કરી દ્વારિકા નગરીના મધ્ય ભાગમાંથી પસાર થયાં, પસાર થઈને તે જ્યાં ભગવાન અરિષ્ટનેમિ બિરાજમાન હતા, ત્યાં આવ્યા. આવીને પ્રભુને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરી પોતાના નાના સહોદર નવદીક્ષિત ભાઈને જોવા ચારે બાજુ નજર નાંખી પણ જ્યારે ગજસુકુમાલ અણગારને જોયા નહીં ત્યારે તેમણે ભગવાનને પૂછ્યું– હે ભદંત ! મારા સહોદર નાનાભાઈ ગજસુકુમાલ અણગાર ક્યાં છે ? જેમને હું વંદન કરવા ઈચ્છું છું. આ સાંભળી અર્હત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું– હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે જે પ્રયોજન(હેતુ) માટે સંયમ લીધો હતો તે પ્રયોજન સિદ્ધ કરી લીધું. આશ્ચર્યચકિત થઈ કૃષ્ણ વાસુદેવે પૂછ્યું– હે ભંતે ! તેમણે કઈ રીતે પોતાનો અર્થ(હેતુ) સિદ્ધ કરી લીધો ?

ત્યારે ભગવાને ફરમાવ્યું– હે કૃષ્ણ ! કાલે દિવસના ચોથા પ્રહરમાં ગજસુકુમાલ અણગારે વંદન નમસ્કાર કરી મારી પાસે બારમી ભિક્ષુ મહાપ્રતિમાના આરાધનની આજ્ઞા માગી. મેં કહ્યું સુખ ઉપજે તેમ

કરો. મારી આજ્ઞા પ્રાપ્ત કરી મહાકાલ સ્મશાનમાં તેઓ ધ્યાનારૂઢ થઈ ગયા. ત્યારે ત્યાં એક પુરુષે ગજસુકુમાલ અણગારને જોયા અને જોતાં જ તેનામાં વૈરભાવ જાગૃત થયો ***યાવત્*** સિદ્ધ થયા ત્યાં સુધીની બધી જ વાત ભગવાને શ્રીકૃષ્ણને કરી. આ પ્રકારે હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે પોતાનું કાર્ય સિદ્ધ કરી લીધું.

## વિવેચન :–

**પ્રશ્ન :–** ગજસુકુમાલ મુનિના મોક્ષ પ્રસંગે દેવકૃત અતિશય થયા તોપણ કૃષ્ણને ખબર ન પડી ?

**સમાધાનઃ–** તત્કાલીન સમયમાં પ્રભુના વિશાળ શાસનમાં આવી ઘટના બનતી જ રહે છે. તેથી કોના માટે દેવે અતિશય કર્યા છે તેનો નિશ્ચય કૃષ્ણ મહારાજ કેમ કરી શકે ?

## કૃષ્ણ વાસુદેવનો પ્રકોપ :–

**૩૮ तए णं से कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं एवं वयासी– केस णं भंते ! से पुरिसे अपत्थियपत्थिए दुरंत–पंत–लक्खणे, हीणपुण्णचाउद्दसिए, सिरि–हिरि– धिइ–कित्ति परिवज्जिए, जेणं ममं सहोयरं कणीयसं भायरं गजसुकुमालं अणगारं अकाले चेव जीवियाओ ववरोविए ? तए णं अरहा अरिट्ठणेमि कण्हं वासुदेवं एवं वयासी– मा णं कण्हा ! तुमं तस्स पुरिसस्स पदोसमावज्जाहि । एवं खलु कण्हा ! तेणं पुरिसेणं गयसुकुमालस्स अणगारस्स साहिज्जे दिण्णे । कहण्णं भंते! तेणं पुरिसेणं गयसुकुमालस्स अणगारस्स साहिज्जे दिण्णे ? तए णं अरहा अरिट्ठणेमि कण्हं वासुदेवं एवं वयासी– से णूणं कण्हा ! तुमं ममं पायवंदए हव्वमागच्छमाणे बारवईए णयरीए एगं पुरिसं *जाव* दुब्बलं किलंतं महइमहालयाओ इट्टगरासीओ एगमेगं इट्टगं गहाय बहिया रत्थापहाओ अंतोगिहं अणुप्पवेससि । तए णं तुमे एगाए इट्टगाए गहियाए समाणीए अणेगेहिं पुरिससएहिं से महालए इट्टगस्स रासी बहिया रत्थापहाओ अंतोघरंसि अणुपवेसिए । जहा णं कण्हा ! तुमे तस्स पुरिसस्स साहिज्जे दिण्णे, एवामेव कण्हा ! तेणं पुरिसेणं गयसुकुमालस्स अणगारस्स अणेगभव–सयसहस्स–संचियं कम्मं उदीरेमाणेणं बहुकम्मणिज्जरत्थं साहिज्जे दिण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવ ગજસુકુમાલના નૃશંસ હત્યાના સમાચાર સાંભળી એકદમ ક્રોધિત થયા અને ભગવાનને પૂછ્યુ. હે ભદંત ! અપ્રાર્થનીયનો પ્રાર્થી, મૃત્યુને ચાહનારો દુરન્ત, હીનલક્ષણો,

પુણ્યહીન, ચતુર્દશીનો જાયો, ધૃતિ–લક્ષ્મી–કીર્તિ–લજ્જારહિત તે પુરુષ કોણ છે ? જેણે મારા નાના ભાઈ ગજસુકુમાલ અણગારના અકાલે જ પ્રાણ હરી લીધા ? ત્યારે ભગવાને કહ્યું– કૃષ્ણ ! તમે તે પુરુષ ઉપર ક્રોધ નહીં કરો કારણ કે તે પુરુષ ગજસુકુમાલ અણગારને પરમપદ પ્રાપ્ત કરવામાં સહાયક થયેલ છે. કૃષ્ણ વાસુદેવે પ્રશ્ન કર્યો હે ભંતે ! તે પુરુષ ગજસુકુમાલને કેવી રીતે સહાયક થયો ?

કૃષ્ણ વાસુદેવના પૂછવા પર ભગવાને જવાબ આપ્યો– હે કૃષ્ણ ! મને વંદન કરવા આવતાં માર્ગમાં તમે દ્વારકાના રાજમાર્ગ ઉપર મોટા ઈંટના ઢગલામાંથી એક એક ઈંટ ઉપાડીને ઘરમાં રાખતા દીન દુર્બળ એક વૃદ્ધને જોયો. તે વૃદ્ધ ઉપર દયા કરી તમે એક ઈંટને ઉપાડીને ઘરમાં રાખી, તેનું અનુકરણ કરી સાથે રહેલા અન્ય સૈનિકદળે ઈંટના ઢગલાને ઉપાડી તેના ઘરમાં પહોંચાડી દીધો. જે રીતે કૃષ્ણ તેં પહેલાં વૃદ્ધને સહાયતા કરી, તેવી રીતે તે પુરુષે ગજસુકુમાલ અણગારના અનેક–લાખો ભવોથી સંચય કરેલા કર્મપુંજોની એકાંત ઉદીરણા કરાવવામાં તથા સંપૂર્ણ કર્મોને ભસ્મીભૂત કરવામાં સહાયતા આપી છે.

## વિવેચન :–

એક બાજુ કૃષ્ણ વાસુદેવનો કોપાગ્નિ છે તો, બીજી બાજુ પ્રભુનું શાંત સુધારસથી ભર્યું ઝરણું છે, જેને સતત સીંચીને પ્રભુએ વાસુદેવનો કોપાગ્નિ ધીમો પાડી દીધો. આ અધ્યયન ક્ષમા અને ક્રોધ, પ્રતિશોધ અને આત્મશાંતિના પરસ્પર વિરોધી પાસાઓ પર વિચારણા માટે અત્યંત સહાયક છે. ભીતરમાં ક્રોધ અને પ્રતિશોધનો અગ્નિ ભંડારેલો હોય, તે ગમે તેવું શાંત–એકાંત વાતાવરણ હોય તોપણ ભડક્યા વગર રહેતો નથી અને ભીતરમાં આત્મિક શાંતિ એવમ્ સમાધિનો ઉત્તરોત્તર વિકાસ હોય તો માથા પર જાજ્વલ્યમાન અંગારા રાખ્યા હોય તોપણ મનમાં પરમ શાંતિની સરિતા વહે છે. મનમાં એક રેખા પણ દ્વેષની જાગતી નથી.

**अकाल चेव जीवियाओ ववरोविए :–** અકાળમાં જીવનથી રહિત કરી દીધા. વ્યવહાર દષ્ટિએ કસમયના મૃત્યુને અકાળમૃત્યુ કહે છે અને આયુષ્ય પૂર્ણ ભોગવી લીધા પછીના મૃત્યુને કાળમૃત્યુ કહે છે. આયુષ્યના બે પ્રકાર છે. ૧. અપવર્તનીય ૨. અનપવર્તનીય.

૧. જે આયુ બંધકાલીન સ્થિતિના પૂર્ણ થયા પહેલા જ (શસ્ત્રાદિ નિમિત્તથી શીઘ્રતાથી અંતઃમુહૂર્તમાં ભોગવી લેવાય છે)પૂર્ણ થઈ જાય છે તે અપવર્તનીય આયુષ્ય છે. તેને સોપક્રમ આયુષ્ય પણ હોય શકે છે. સ્થાનાંગ સૂત્રમાં આયુષ્ય તૂટવાના સાત નિમિત્ત બતાવ્યા છે તે આ પ્રમાણે છે– ૧. અધ્યવસાન– લાગણી, ભય કે પ્રબળ માનસિક આઘાતના નિમિત્તે આયુ તૂટી શકે. ૨. નિમિત્ત– શસ્ત્ર, દંડ, અગ્નિ આદિના નિમિત્તથી આયુ તૂટી શકે. ૩. આહાર– આહારની અધિક માત્રાથી આયુ તૂટી શકે. ૪. વેદના– કોઈ પણ અંગમાં અસહ્ય વેદના, રોગાદિ આવવા પર આયુ તૂટી શકે. ૫. પરાઘાત–ખાડામાં પડવાથી, ભીંતાદિ તૂટવાથી, બાહ્ય આઘાતથી આયુ તૂટી શકે. ૬. સ્પર્શ– સર્પાદિ ઝેરી જીવોના કે અન્ય વિષમિશ્રિત વસ્તુના સ્પર્શથી, ડંખથી આયુ તૂટી શકે. ૭. આણપાણ– શ્વાસની ગતિ બંધ થઈ જવાથી આયુ તૂટી શકે. આ આયુષ્ય તૂટવાના કારણોને ઉપક્રમ કહેવામાં આવે છે. અપર્વતનીય આયુષ્યમાં ઉપક્રમ નડતા આયુષ્ય

તૂટે અર્થાત્ આયુષ્યના દલિકો શીઘ્ર ભોગવાય જાય અને તે આયુષ્ય સમાપ્ત થઈ જાય. ઉપક્રમ આવતાં આ આયુષ્ય તૂટી શકે છે.

૨. જે આયુ બંધકાલીન સ્થિતિના પૂર્ણ થયા પહેલા પૂર્ણ ન થાય તેને અનપવર્તનીય આયુષ્ય કહે છે. અનપવર્તનીય આયુષ્ય સોપક્રમી પણ હોય છે અને નિરૂપક્રમી પણ હોય છે. સોપક્રમી એટલે ઉપક્રમ નડવો. અનપર્વતનીય આયુષ્યવાળાને ઉપક્રમ આવે પણ ઉપક્રમના નિમિત્તે આયુષ્ય તૂટે નહીં. આયુષ્ય પૂર્ણ થતું હોય તે સમયે ઉપક્રમ આવે તો તે ઉપક્રમના નિમિત્તે આયુષ્ય તૂટ્યું ન કહેવાય. પ્રસ્તુતમાં ગજસુકુમાલ મુનિ ચરમશરીરી હતા. ચરમશરીરી અનપર્વતનીય આયુવાળા જ હોય. આયુષ્ય પૂર્ણ થતા જ તેઓનું મૃત્યું થયું પરંતુ મૃત્યુ સમયે અગ્નિનો ઉપક્રમ આવ્યો કહેવાય. તેઓનું સોપક્રમી અને અનપર્વતનીય આયુષ્ય કહેવાય. વાસ્તવમાં તેમનું અકાળ મૃત્યુ ન હતું, વ્યવહારથી અકાળ મૃત્યુ કહેવાય.

**अणेगभव सयसहस्स संचियं कम्मं उदीरमाणेणं :–** લાખો ભવોના સંચિત કર્મ અર્થાત્ લાખો ભવપૂર્વે પોતાના સંચિત કરેલા કર્મોની ઊદીરણા કરી, નિર્જરા કરતા ગજસુકુમાલ અણગારને સોમિલે સહાયતા આપી. અહીં કહેલા લાખો ભવના સંચિત કર્મના આધારે આ સૂત્રની વ્યાખ્યામાં સોમિલ તથા ગજસુકુમાલની પૂર્વભવની કથા આપી છે. તે આ પ્રમાણે છે.

નવાણું લાખ ભવ પૂર્વે એક પુરુષને બે પત્ની હતી. એકને બાળક હતું ને એકને ન હતું. બાળક માટે તેણે ઘણા ઉપાય કર્યા પણ બીજીને બાળક ન થયું. ઈર્ષ્યાવશ તેણે નિર્ણય કર્યો કે અવસર આવવા પર મારી શૌક્યના બાળકને મારી નાંખીશ.

દુર્ભાગ્યવશ તે બાળકના માથામાં ફોડકીઓ થઈ. કેટલા ય ઈલાજ કર્યા પણ તે મટી નહીં. ત્યારે બાળકની માતાએ પોતાની શૌક્યને પૂછ્યું. અવસર જાણી, ઉપાય બતાવી ગરમ ગરમ રોટલો બનાવ્યો અને ગરમ ગરમ જ તેના માથા પર બાંધી દીધો. પરિણામે અસહ્ય પીડામાં તે બાળકનું મૃત્યુ થયું. બાળકના મૃત્યુથી તે શૌક્ય અત્યંત પ્રસન્ન થઈ.

હસતાં હસતાં બાંધેલું કર્મ કેવું ભયંકર થઈ ઉદયમાં આવ્યું ? હજારો જન્મ જન્માંતરોની ગાઢી નિબિડ ઘાટીઓ પાર કરતાં તે શૌક્યનો જીવ ગજસુકુમાલના રૂપમાં ઉત્પન્ન થયો અને બાળકનો જીવ તે જ દ્વારિકા નગરીમાં સોમિલ બ્રાહ્મણના રૂપમાં ઉત્પન્ન થયો. શૌક્યના ભવમાં બાંધેલું કર્મ લાખો ભવે ગજસુકુમાલના ભવમાં પૂર્ણ થયું.

બદલો લેવો કે ન લેવો તે એટલું મહત્વપૂર્ણ નથી. મહત્વપૂર્ણ છે બદલો ચૂકવવો. સોમિલ માનવેતર ગતિમાં હોત તો બદલો ક્યાંથી લેત ? પરંતુ કર્મ ઉદયમાં આવવા પર ગમે તે રીતે તેને ભોગવવા પડત જ ! ચાહે સોમિલ હોત કે ન હોત. ક્ષમા–તિતિક્ષાપૂર્વકના કર્મ વિપાકોનું વેદન નવા બંધાતા કર્મોની શ્રૃંખલાને તોડે છે.

ગજસુકુમાલના નવ્વાણું લાખ પૂર્વના બંધાયેલા કર્મની ઉદીરણામાં સોમિલ સહાયક બન્યો.

## સોમિલનું મૃત્યુ :–

**૩૯** **तए णं से कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं एवं वयासी– से णं भंते ! पुरिसे मए कहं जाणियव्वे ? तए णं अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– जे णं कण्हा ! तुमं बारवईए णयरीए अणुप्पविसमाणं पासेत्ता ठियए चेव ठिइभेएणं कालं करिस्सइ, तण्णं तुमं जाणिज्जासि "एस णं से पुरिसे ।" तए णं से कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव आभिसेयं हत्थिरयणं तेणेव उवागच्छइ, उवागच्छित्ता हत्थिं दुरुहइ, दुरुहित्ता जेणेव बारवई णयरी जेणेव सए गिहे तेणेव पहारेत्थ गमणाए ।**

**तए णं तस्स सोमिलमाहणस्स कल्लं** *जाव* **जलंते अयमेयारूवे अज्झत्थिए** *जाव* **मणोगए संकप्पे समुप्पण्णे– एवं खलु कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं पायवंदए णिग्गए । तं णायमेयं अरहया, विण्णायमेयं अरहया, सुयमेयं अरहया, सिट्ठमेयं अरहया भविस्सइ कण्हस्स वासुदेवस्स । तं ण णज्जइ णं कण्हे वासुदेव ममं केणइ कुमारेणं मारिस्सइ त्ति कट्टु भीए तत्थे तसिए उव्विग्गे संजाएभए सयाओ गिहाओ पडिणिक्खमइ । कण्हस्स वासुदेवस्स बारवइं णयरिं अणुप्पविसमाणस्स पुरओ सपक्खिं सपडिदिसिं हव्वमागए ।**

**तए णं से सोमिले माहणे कण्हं वासुदेवं सहसा पासेत्ता भीए तत्थे तसिए उव्विग्गे संजायभए ठियए चेव ठिइभेएणं कालं करेइ, धरणितलंसि सव्वंगेहिं "धस" त्ति सण्णिवडिए ।**

**ભાવાર્થ :–** ત્યારે કૃષ્ણ વાસુદેવે અર્હત્ અરિષ્ટનેમિને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું તે પુરુષને કેવી રીતે જાણી શકું ?

ભગવાને કહ્યું– હે કૃષ્ણ ! દ્વારકા નગરીમાં પ્રવેશ કરતાં જે પુરુષ તમને જોતાં જ આયુ અને સ્થિતિના ક્ષયથી ત્યાંને ત્યાં ઊભા ઊભા જ મૃત્યુને પ્રાપ્ત થાય ત્યારે તમારે જાણવું કે આ તે જ પુરુષ છે. (જેણે ગજસુકુમાલને અકાલે પ્રાણરહિત કર્યા.) ત્યાર પછી અરિષ્ટનેમિ ભગવાન પાસેથી પોતાના પ્રશ્નનો ઉત્તર સાંભળીને કૃષ્ણ વાસુદેવે ભગવાન અરિહંત અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને ત્યાંથી નીકળ્યા. નીકળીને જ્યાં તેમનો આભિષેક હસ્તિ રત્ન હતો ત્યાં આવ્યા, આવીને અંબાડી ઉપર ચઢ્યા, ચઢીને જ્યાં દ્વારિકા નગરી હતી, જ્યાં પોતાનું ઘર હતું તે તરફ રવાના થયા.

આ બાજુ સૂર્યોદય થવા પર સોમિલ બ્રાહ્મણે મનમાં આ પ્રમાણે વિચાર કર્યો ***યાવત્*** મનમાં સંકલ્પ ઉત્પન્ન થયો કે કૃષ્ણ વાસુદેવ અરિષ્ટનેમિ ભગવાનને વંદન કરવા ગયા છે. ભગવાન તો સર્વજ્ઞ છે,

તેનાથી કોઈ વાત છૂપી નથી. તેઓ બધી જ વાત કૃષ્ણ વાસુદેવને કહી દેશે. કૃષ્ણ વાસુદેવને જ્ઞાત થવા પર તેઓ મને કેવા કમોતે મારી નાખશે એ કલ્પનાથી સોમિલ ભયભીત એવમ્ ઉદ્વિગ્ન થઈ ગયો. તેણે દ્વારિકા નગરીમાંથી ભાગી જવાનો વિચાર કર્યો.

આ વિચારે પોતાના ઘરેથી નીકળ્યો, નીકળીને કૃષ્ણ વાસુદેવ રાજમાર્ગે આવશે, એમ વિચારી તે રાજમાર્ગ છોડી ગલી–કૂંચીઓના રસ્તે ભાગવા લાગ્યો. અહીં કૃષ્ણ મહારાજ પણ પોતાના નાનાભાઈ ગજસુકુમાલ અણગારના મરણજન્ય શોકથી વ્યાકુળ હોવાના કારણે રાજમાર્ગ છોડી ગલીના રસ્તે થઈને જ આવતા હતા. ત્યાં અચાનક તે સોમિલ કૃષ્ણની સામોસામ આવી ગયો.

તે સમયે સોમિલ બ્રાહ્મણ કૃષ્ણ વાસુદેવને એકાએક સામે જોઈને ભયભીત થયો અને ત્યાં ને ત્યાં સ્થંભિત થઈને ઊભો રહી ગયો. ત્યાં ઊભાં ઊભાં જ સ્થિતિભેદ અર્થાત્ આયુષ્ણ પૂર્ણ થવા પર 'ધડામ' દઈને ભૂમિ પર પડી ગયો અર્થાત્ મૃત્યુ પામી ગયો.

## વિવેચન :–

આ સૂત્રમાં વગર નામે સોમિલનો પરિચય આપવાની પ્રભુની કથનશૈલી અદ્ભુત છે. પરિચય સૂત્રમાં **ठिइभेएणं** શબ્દ પ્રયુક્ત થયો છે. એનો અર્થ છે આયુની સ્થિતિનો નાશ. જેવી રીતે પાણીના સંયોગથી સાકર પતાસા પાણીમાં ઓગળી જાય છે. તેવી જ રીતે સોપક્રમી આયુષ્યકર્મ પણ અધ્યવસાન આદિ નિમિત્ત વિશેષના મળવા પર ક્ષય પામે છે. તેથી વ્યવહાર નયે આવા મૃત્યુને અકાળમૃત્યુ કહે છે. સોમિલનું આયુ ભયથી અર્થાત્ અધ્યવસાનથી તૂટ્યું કહેવાય. પાપ કર્યા પછી સોમિલની વિચારધારાના ચાર પદ સૂત્રકારે આપ્યા છે તે આ પ્રમાણે છે– **तं णायमेयं.. विण्णामेयं.. सुयमेयं.. सिट्ठमेयं..**

૧. **णायमेयं** :– સામાન્યરૂપથી જાણવું તેને જ્ઞાત થવું કહે છે. જેમ કે ગજસુકુમાલ મુનિનો પ્રાણાંત થઈ ગયો.

૨. **विण्णामेयं** :– વિશેષરૂપથી જાણવું તે વિજ્ઞાત છે. જેમ કે સોમિલ બ્રાહ્મણે અમુક અભિપ્રાયથી ગજસુકુમાલ મુનિનો અગ્નિ દ્વારા ઘાત કર્યો.

૩. **सुयमेयं** :– **१. स्मृतमेतत् २. श्रुतमेतत्** । આચાર્ય અભયદેવ સૂરિએ પ્રથમ અર્થ ગ્રહણ કરી એની વ્યાખ્યા કરી છે – **स्मृत पूर्वकाले ज्ञातं सत् कथनावसरे स्मृतं भविष्यति** । એનો ભાવ એ છે કે સોમિલ બ્રાહ્મણે વિચાર કર્યો કે ભગવાન અરિષ્ટનેમિએ ગજસુકુમાલની મૃત્યુ ઘટનાને સ્વયંના જ્ઞાનથી જોઈ લીધી હશે અને શ્રીકૃષ્ણના આગમન પર તેઓને આ ઘટનાનું સ્મરણ કરાવ્યું હશે. બીજો અર્થ– **श्रुतमेतत्**થી આની વ્યાખ્યા થાય છે– **श्रुतमेतद् अर्हता कस्मादपि देवविशेषाद्वा भगवता श्रुतं भविष्यति** । સોમિલ બ્રાહ્મણ વિચારે છે કે શ્રીકૃષ્ણ વાસુદેવે મુનિ ગજસુકુમાલના મૃત્યુના સમાચાર ભગવાન દ્વારા અથવા કોઈ દેવ વિશેષ દ્વારા સાંભળી લીધા હશે.

૪. **सिट्ठमेयं** :– શિષ્ટનો અર્થ છે કહી દેવું. ભગવાન અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવને ગજસુકુમાલના મૃત્યુ વિષે કહી દીધું હશે.

## સોમિલના શબની દુર્દશા :–

**૪૦ तए णं से कण्हे वासुदेवे सोमिलं माहणं पासइ, पासित्ता एवं वयासी– एस णं भो ! देवाणुप्पिया ! से सोमिले माहणे अपत्थिय पत्थिए** *जाव* **हिरि सिरी परिवज्जिए, जेणं ममं सहोयरे कणीयसे भायरे गयसुकुमाले अणगारे अकाले चेव जीवियाओ ववरोविए त्ति कट्टु सोमिलं माहणं पाणेहिं कड्ढावेइ, कड्ढावेत्ता तं भूमिं पाणिएणं अब्भोक्खावेइ, अब्भोक्खावेत्ता जेणेव सए गिहे तेणेव उवागए । सयं गिहं अणुप्पविट्ठं ।**

**ભાવાર્થ :–** ત્યારે કૃષ્ણ વાસુદેવે સોમિલ બ્રાહ્મણને જોયો અને જોતાં જ આ પ્રમાણે બોલ્યા–

અરે ! દેવાનુપ્રિયો ! અપ્રાર્થનીયની પ્રાર્થના કરનાર તે જ મૃત્યુની ઈચ્છા કરનારો ***યાવત્*** લજ્જા વગરનો, શોભારહિત, સોમિલ બ્રાહ્મણ છે, જેણે મારા નાના સહોદર ભાઈ ગજસુકુમાલ મુનિનો અકાલે જ કાળનો કોળિયો કરી નાખ્યો. આમ કહી કૃષ્ણ મહારાજે સોમિલ બ્રાહ્મણના શબને ચાંડાલો દ્વારા ઢસડાવીને નગર બહાર ફેંકાવી દીધું અને તે શબથી સ્પર્શાયેલી ભૂમિને પાણીથી ધોવડાવીને(સાફ કરાવીને)કૃષ્ણ વાસુદેવ પોતાના રાજમહેલમાં પહોંચ્યા અને (ત્યારપછી) આવાસ(ભવન)માં પ્રવિષ્ટ થયા.

## વિવેચન :–

પ્રશ્ન :– સોમિલને પાપનું ફળ તો મળી જ ચૂક્યું હતું પછી એના શબની દુર્દશા કરવાનું પ્રયોજન શું છે ?

સમાધાન :– ભગવાન અરિષ્ટનેમિ તો અનંત ક્ષમાના ધારક હતા પરંતુ કૃષ્ણ મહારાજ સત્તાધીશ હતા. વિશાળ ત્રણ ખંડના અધિપતિ હતા. ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિ સાધુ–સાધ્વીની કદર્થના કરવાની હિંમત કરશે તેને આવો અને આટલો દંડ મળશે. આ વાતની શિક્ષા દેવાની તથા પોતાના કોપાગ્નિને શાંત પાડવાની ભાવનાથી તેઓએ આવી દશા(શબની) કરી હશે.

## નિક્ષેપ :–

**૪૧ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स अट्ठमज्झयणस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશા સૂત્રના ત્રીજા વર્ગના આઠમા અધ્યયનનો આ અર્થ પ્રતિપાદિત કર્યો છે.

## વિવેચન :–

**શિક્ષા પ્રેરણા :–** (૧) વીતરાગી ભગવાન અરિષ્ટનેમિએ સોમિલ બ્રાહ્મના કુકૃત્યને પણ શ્રી કૃષ્ણ સન્મુખ ગુણ રૂપે પ્રગટ કર્યું.

(૨) મહાપુરુષોના સત્સંગથી પ્રચંડ કોપ પણ નિષ્ફળ થઈ જાય છે.

(૩) કુકર્મ કરતી વખતે વ્યક્તિ ભવિષ્યનો વિચાર નથી કરતી અને કુકૃત્ય કર્યા પછી ભયભીત બને છે અને વિચાર કરે છે. પરંતુ પાછળથી વિચારો કરવા તેના માટે નિરર્થક જ હોય છે. અતઃ પહેલાં વિચારીને પછી જ કામ કરવું જોઈએ, જેથી પાછળથી પસ્તાવું ન પડે. સોમિલે જો પહેલેથી જ એવો વિચાર કર્યો હોત કે "હું છુપાઈને પણ પાપ કરીશ તોપણ સર્વજ્ઞ ભગવાન તો જાણી જ લેશે." તો તે ઘોર પાપકૃત્યથી બચી શકત.

(૪) કૃષ્ણે સોમિલની કન્યાને ગજસુકુમાલ માટે "કુંવારી કન્યાઓના" અંતઃપુરમાં જ રાખી હતી. ગજસુકુમાલ દીક્ષા લઈ લે તોપણ કુંવારી કન્યાની અન્ય કોઈ સાથે પણ પાણિગ્રહણ વિધિ થઈ શકે. પ્રચંડ ગુસ્સો કરવો કે મુનિની ઘાત કરવી એવો કોઈ પ્રશ્ન જ નહોતો. પરંતુ વર્તમાન સમયે કોઈ ખાસ કારણ ન હોય તેમ છતાં પૂર્વ ભવનાં કોઈ ઉત્કૃષ્ટ નિમિત્તો મળી જતાં હોય છે. સોમિલના કોપનું મુખ્ય કારણ પણ પૂર્વભવનું વેર જ હતું. ગજસુકુમાલના જીવે પૂર્વ ભવમાં સોમિલના મસ્તક પર ગરમાગરમ રોટલો બંધાવીને તેના પ્રાણોનું હરણ કરાવ્યું અને ખુશીનો અનુભવ કર્યો હતો. તે જ કર્મો ઉદયમાં આવ્યાં હતાં. તેને ગજસુકુમાલે પોતાના કર્મોનું કર્જ ચૂકવવાનું સમજીને સહર્ષ સ્વીકારી લીધાં. તે ઘટના લાખો ભવો પહેલાંની હતી તે જ આશયથી આ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે લાખો ભવોના સંચિત કર્મોની સોમિલે ઊદીરણા કરાવી અને ક્ષય કરવામાં નિમિત્ત બન્યો.

(૫) પાપી વ્યક્તિ પોતાના પાપોના ભારથી સ્વતઃ જ સોમિલની જેમ દુઃખી થાય છે અને લોકોમાં નિંદાને પાત્ર બને છે. પરમાત્મા કોઈને દુઃખી કરતા નથી.

**॥ વર્ગ–૩ : અધ્ય.–૮ સંપૂર્ણ ॥**

# ત્રીજો વર્ગ

## અધ્યયન–૯ : સુમુખકુમાર

**સુમુખની દીક્ષા અને મુક્તિ :–**

**१** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स अट्ठमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, णवमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं बारवईए णयरीए कण्हे णामं वासुदेवे राया जहा पढमए** *जाव* **विहरइ । तत्थ णं बारवईए बलदेवे णामं राया होत्था, वण्णओ । तस्स णं बलदेवस्स रण्णो धारिणी णामं देवी होत्था, वण्णओ। तए णं सा धारिणी देवी सीहं सुविणे जहा गोयमे, णवरं सुमुहेकुमारे** *जाव* **वीसं वासाइं परियाओ । सेसं तं चेव सेत्तुंजे सिद्धे । एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स णवमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** હે ભગવાન ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંતગડદશા સૂત્રના આઠમા અધ્યયનનો આ અર્થ પ્રરૂપ્યો છે.(જે મેં આપની પાસે સાંભળ્યો), તો હે ભંતે ! અંતગડદશા સૂત્રના નવમા અધ્યયનનો શું અર્થ પ્રરૂપ્યો છે ?

આર્ય શ્રી સુધર્માસ્વામીએ ફરમાવ્યું– હે જંબૂ ! તે કાલે, તે સમયે પૂર્વવર્તી દ્વારિકા નગરીમાં કૃષ્ણ નામે રાજા હતા યાવત્ રાજ્ય કરતાં વિચરતાં હતાં. તે જ દ્વારકામાં બળદેવ રાજા હતા, તેમનું વર્ણન કરવું. તેમને ધારિણી નામના પત્ની હતાં. એકવાર ધારિણીદેવીએ સિંહનું સ્વપ્ન જોયું ***યાવત્*** સુમુખકુમારનો જન્મ, બચપણ, શિક્ષાનું વર્ણન પૂર્વવત્ ૫૦ કન્યા સાથે પાણિગ્રહણ કર્યું, પુત્રને પ્રીતિદાનમાં ૫૦–૫૦ની સંખ્યામાં તમામ ચીજો દીધી. શેષ વર્ણન ગૌતમકુમારની જેમ જાણી લેવું. ભગવાન અરિષ્ટનેમિ પધાર્યા, દીક્ષા લીધી, ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો, ૨૦ વર્ષની સંયમ પર્યાય પાળી, એક માસનો સંથારો કરી, શેત્રુંજય પર્વત પર સિદ્ધ થયા. આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાના ત્રીજા વર્ગના નવમા અધ્યયનનો આ અર્થ ફરમાવ્યો છે.

**॥ વર્ગ–૩ : અધ્ય.–૯ સંપૂર્ણ ॥**

# ત્રીજો વર્ગ

## અધ્યયન–૧૦ થી ૧૩ : દુર્મુખાદિકુમાર

**દુર્મુખાદિ ચાર કુમારોની મુક્તિ :–**

**१ एवं दुम्मुहे वि । कूवए वि । तिण्णि वि बलदेव–धारिणी–सुया । दारुए वि एवं चेव, णवरं वसुदेव धारिणी सुए ।**

**एवं अणादिट्ठी वि वसुदेव धारिणी सुए ।**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं तच्चस्स वग्गस्स तेरसमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते।**

**ભાવાર્થ :–** દસમા અધ્યયનના નાયક દુર્મુખ એવમ્ અગિયારમાના કૂપદારક છે. બંને કુમારો તથા પૂર્વકથિત સુમુખકુમાર, આ ત્રણેના પિતા બળદેવ તથા માતા ધારિણીદેવી હતાં.

બારમાં અધ્યયનના દારુકકુમાર અને તેરમા અધ્યયનના અનાદષ્ટિકુમારનું વર્ણન પણ પૂર્વવત્ સમજવું. ફરક માત્ર તે બંને વસુદેવના પુત્રો તથા ધારિણીના અંગજાત હતા. બધા દ્વારિકા નગરીના નિવાસી હતા. શેષ વર્ણન પૂર્વવત્ જાણી લેવું જોઈએ.

આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાના ત્રીજા વર્ગના તેર અધ્યયનોનો આ ભાવ ફરમાવ્યો છે.

**॥ વર્ગ–૩ : અધ્ય.–૧૦ થી ૧૩ સંપૂર્ણ ॥**

# ચોથો વર્ગ

## અધ્યયન–૧ થી ૧૦ : જાલિ આદિ દસ કુમારો

**જાલિ આદિ દશ યદુવંશી રાજકુમારો :–**

**१** जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं अंतगडदसाणं तच्चस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, चउत्थस्स वग्गस्स समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं चउत्थस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, तं जहा–

जालि, मयालि, उवयालि, पुरिससेणे, वारिसेणे य ।
पज्जुण्ण, संब, अणिरुद्ध, सच्चणेमि य, दढणेमी ॥१॥

जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं चउत्थस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

**ભાવાર્થ :–** જંબૂસ્વામીની જિજ્ઞાસા– હે ભંતે ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડદશાના ત્રીજા વર્ગનો જે ભાવ ફરમાવ્યા છે, તે મેં સાંભળ્યા. હે પૂજ્ય ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ, ચોથા વર્ગનો શું અર્થ પ્રરૂપ્યો (કહ્યો) છે ?

આર્ય સુધર્મા સ્વામીનો ઉત્તર– હે જંબૂ ! મોક્ષપ્રાપ્ત પ્રભુ મહાવીર સ્વામીએ અંતગડદશાના ચોથા વર્ગના દશ અધ્યયન ફરમાવ્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) જાલિકુમાર (૨) મયાલિકુમાર (૩) ઉવયાલિકુમાર (૪) પુરિષસેનકુમાર (૫) વારિસેનકુમાર (૬) પ્રદ્યુમ્નકુમાર (૭) શાંબકુમાર (૮) અનિરૂદ્ધકુમાર (૯) સત્યનેમિ (૧૦) દઢનેમિ.

આર્ય જંબૂસ્વામીનો પુનઃ પ્રશ્ન– હે ભંતે ! ભગવાન મહાવીરે ચોથા વર્ગના દશ અધ્યયન કહ્યા છે, તેમાંથી પ્રથમ અધ્યયનનો શું અર્થ ફરમાવ્યો છે ?

**२** एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं बारवई णयरी । तीसे णं बारवईए णयरीए जहा पढमे *जाव* कण्हे वासुदेवे आहेवच्चं *जाव* विहरइ । तत्थ णं बारवईए णयरीए वसुदेवे राया । धारिणी देवी, वण्णओ । जहा

**गोयमो, णवरं जालिकुमारे । पण्णासओ दाओ । बारसंगी । सोलसवासा परियाओ । सेसं जहा गोयमस्स** *जाव* **सेत्तुंजे सिद्धे ।**

**ભાવાર્થ :–** શ્રી સુધર્માસ્વામીનો ઉત્તર– હે જંબૂ ! તે કાલે અને તે સમયે દ્વારિકા નગરી હતી. તેનું વર્ણન પૂર્વવત્ સમજવું. કૃષ્ણ વાસુદેવનું દશે દિશામાં સામ્રાજ્ય હતું. તેના રાજ્યમાં વસુદેવ રાજા હતા. તેમને ધારિણીદેવી નામે પત્ની હતાં. તેમનું વર્ણન પૂર્વવત્ સમજવું. વિશેષમાં તેઓને જાલિકુમાર નામનો પુત્ર થયો. ૫૦ કન્યા સાથે વિવાહ, પ્રીતિદાન, દીક્ષા લઈ દ્વાદશાંગીનું અધ્યયન કર્યું. સોળ વર્ષની દીક્ષા પર્યાય પાળી. શેષ વર્ણન ગૌતમ કુમારની જેમ જાણવું ***યાવત્*** એક માસનો સંથારો કરી શેત્રુંજય પર્વત પર સિદ્ધ બુદ્ધ થયા.

**३ एवं मयालि उवयालि पुरिससेणे य वारिसेणे य । एवं पज्जुण्णे वि, णवरं–कण्हे पिया, रुप्पिणी माया । एवं संबे वि, णवरं–जंबवई माया । एवं अणिरुद्धे वि, णवरं–पज्जुण्णे पिया, वेदब्भी माया । एवं सच्चणेमी, णवरं समुद्दविजए पिया, सिवा माया । एवं दढणेमी वि सव्वे एगगमा ।।**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं चउत्थस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** આ જ રીતે મયાલિ, ઉવયાલિ, પુરિષસેન (પુરુષસેન) અને વારિસેન આદિ પાંચે ય કુમારો વસુદેવના પુત્રો, ધારિણીદેવીના અંગજાત હતાં. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું. આ જ પ્રમાણે પ્રદ્યુમ્નકુમાર, વિશેષતા– પિતા શ્રીકૃષ્ણ, માતા–રુક્મિણી હતાં. આ જ પ્રમાણે શાંબકુમાર, વિશેષતા– માતા જાંબવતી હતાં. આ જ પ્રમાણે અનિરૂદ્ધકુમારનું પણ, વિશેષતા પિતા પ્રદ્યુમ્નકુમાર અને માતા વૈદર્ભી. આ જ પ્રમાણે સત્યનેમિ તથા દઢનેમિનું પણ સમજવું. અંતર માત્ર એટલું કે બંનેના માતાપિતા ભિન્ન હતાં. પિતા સમુદ્રવિજય અને માતા શિવાદેવી હતાં.

સુધર્મા સ્વામીએ કહ્યું– હે જંબૂ ! દશ અધ્યયનથી ગૂંથાયેલા ચોથા વર્ગનો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આ અર્થ કહ્યો છે.

**વિવેચન :–**

આ વર્ગના દશ અધ્યયનમાં દશે ય કુમારોનું સમસ્ત વર્ણન **जहा गोयमो** ગૌતમકુમારની જેમ જ સમજવું. વિશેષતા જે છે તે સૂત્રમાં સ્પષ્ટ કરી છે.

**एगगमा :–** એટલે એક સરખો. દશે ય કુમારોના સંયમ જીવન સંબંધિત પાઠ એક સરખો જ છે.

**॥ વર્ગ–૪ : અધ્ય.–૧ થી ૧૦ સંપૂર્ણ ॥**

# પાંચમો વર્ગ

## અધ્યયન – ૧ : પદ્માવતી

**અધ્યયન પ્રારંભ :–**

**१** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं चउत्थस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, पंचमस्स वग्गस्स अंतगडदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पंचमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**पउमावई य, गोरी, गंधारी, लक्खणा, सुसीमा य ।**
**जंबवई, सच्चभामा, रुप्पिणी, मूलसिरि, मूलदत्ता वि ॥**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पंचमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं बारवई णयरी । जहा पढमे** *जाव* **कण्हे वासुदेवे आहेवच्चं** *जाव* **विहरइ । तस्स णं कण्हस्स वासुदेवस्स पउमावई णामं देवी होत्था, वण्णओ ।**

**ભાવાર્થ :–** આર્ય જંબૂસ્વામીની પૃચ્છા– હે ભંતે ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ચોથા વર્ગનો આ અર્થ કહ્યો છે. તો હે ભંતે ! પાંચમા વર્ગનો શ્રમણ ભગવાન મહાવીરે શું અર્થ ફરમાવ્યો છે ?

આર્ય સુધર્માસ્વામીનો ઉત્તર– હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે પાંચમા વર્ગના દશ અધ્યયન પ્રરૂપ્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) પદ્માવતીદેવી (૨) ગૌરીદેવી (૩) ગાંધારીદેવી (૪) લક્ષ્મણાદેવી (૫) સુસીમાદેવી (૬) જાંબવતી દેવી (૭) સત્યભામાદેવી (૮) રુક્મિણીદેવી (૯) મૂલશ્રીદેવી (૧૦) મૂલદત્તાદેવી.

જંબૂસ્વામીની પુનઃ પૃચ્છા– ભંતે ! શ્રમણ ભગવાન મહાવીરે પાંચમા વર્ગના દશ અધ્યયન કહ્યા છે. તો પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ? સુધર્માસ્વામીએ કહ્યું– હે જંબૂ ! તે કાળ, તે સમયમાં દ્વારિકા નામની નગરી હતી. જેનું વર્ણન પ્રથમ અધ્યયનમાં કરવામાં આવ્યું છે ***યાવત્*** કૃષ્ણ મહારાજ ત્યાં રાજ્ય

કરી રહ્યા હતા. તે કૃષ્ણ વાસુદેવના પદ્માવતી નામના મહારાણી હતા. મહારાણીનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું.

## અર્હત્ અરિષ્ટનેમિનું આગમન :–

**२ तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठणेमी समोसढे अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । कण्हे वासुदेवे णिग्गए** *जाव* **पज्जुवासइ । तए णं सा पउमावई देवी इमीसे कहाए लद्धट्ठा समाणी हट्ठतुट्ठा जहा देवई देवी** *जाव* **पज्जुवासइ । तए णं अरहा अरिट्ठणेमी कण्हस्स वासुदेवस्स पउमावईए य देवीए** *जाव* **धम्मकहा । परिसा पडिगया ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે અર્હત્ અરિષ્ટનેમિ તીર્થંકર સમોસર્યા. ઉદ્યાનપાલકની આજ્ઞા લઈ સંયમ અને તપ દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવ દર્શન હેતુ નીકળ્યા ***યાવત્*** પ્રભુની વિનય પૂર્વક પર્યુપાસના કરવા લાગ્યા. તે સમયે મહારાણી પદ્માવતી પણ પ્રભુ પધાર્યાના સમાચાર સાંભળી અત્યંત પ્રસન્ન એવં સંતુષ્ટ થયાં. દેવકીદેવીની જેમ ભગવાનના દર્શન કરવા આવ્યાં ***યાવત્*** વિનય પૂર્વક પર્યુપાસના કરવા લાગ્યાં. ત્યારે અર્હત્ અરિષ્ટનેમિ ભગવાને કૃષ્ણ વાસુદેવ, પદ્માવતી દેવી તથા પરિષદને ધર્મકથા કહી. પરિષદ ધર્મકથા સાંભળી સ્વસ્થાને ગઈ.

## દ્વારિકા વિનાશના ત્રણ કારણ :–

**३ तए णं से कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इमीसे णं भंते ! बारवईए णयरीए णवजोयणवित्थिण्णाए** *जाव* **देवलोगभूयाए किंमूलाए विणासे भविस्सइ ? कण्हाइ ! अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– एवं खलु कण्हा ! इमीसे बारवईए णयरीए णवजोयण– वित्थिण्णाए** *जाव* **देवलोगभूयाए सुरग्गिदीवायणमूलाए विणासे भविस्सइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન :–** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે ભગવાન અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરી આ પ્રમાણે પૃચ્છા કરી– હે ભગવન્ ! બાર યોજન લાંબી, નવયોજન પહોળી, પ્રત્યક્ષ દેવલોક સમાન આ દ્વારિકા નગરીનો વિનાશ કયા કારણથી થશે ?

**જવાબ :–** અર્હત્ અરિષ્ટનેમિ પ્રભુએ કૃષ્ણને સંબોધિને કહ્યું– હે કૃષ્ણ ! બારયોજન લાંબી, નવયોજન પહોળી, પ્રત્યક્ષ દેવલોક સમાન આ દ્વારિકા નગરીનો વિનાશ સુરા(મદિરા, દારૂ), અગ્નિ અને દ્વિપાયન ઋષિનો કોપ, આ ત્રણ કારણોથી થશે.

## વિવેચન :–

અહીં પ્રશ્ન થાય કે આ નગરીના વિનાશનો પ્રશ્ન કૃષ્ણ મહારાજના મનમાં એકાએક કેમ ઊઠ્યો હશે ?

જ્યારથી ગજસુકુમાલ અણગારની હત્યા થઈ ત્યારથી કૃષ્ણ મહારાજનું મસ્તિષ્ક સતત ચિંતા અને વિચારોથી ઘેરાયેલું રહેતું હતું કે મારું ભાગ્ય ચમકતું હતું ત્યારે જરાસંઘને હટાવવા તથા તેનાથી બચાવવા મને દેવે સહાયતા આપી. મારા પુણ્યથી પ્રેરાઈ ધનકુબેરે સુંદર દ્વારિકા નગરીનું નિર્માણ કરી આપ્યું. આજ સુધી કોઈ જ અપ્રિય ઘટના મારી દ્વારકામાં બની નથી પરંતુ આજે મારી રાજધાનીમાં મારી જ હાજરીમાં ત્રિકાળજ્ઞાની અરિષ્ટનેમિ ભગવાન ખુદ જ્યાં બિરાજમાન હતા ત્યાં નવદીક્ષિત સંતના માથા ઉપર ધગધગતા અંગારા નાખી તેમના પ્રાણ લેવાની હિંમત સોમિલ કરી શક્યો, ગજસુકુમાલ માત્ર મારો ભાઈ જ હોત તો વાંધો નહીં પરંતુ આ તો નૂતન દીક્ષિત અણગાર હતા. એમની હત્યાનું હીચકારું નીંદનીય કૃત્ય સોમિલ કરી શક્યો, એને કોઈનો જ ડર ન લાગ્યો ? એ જ બતાવે છે કે વાસુદેવની પદવીના તથા મારી આ નગરીના પુણ્ય ખૂટ્યા છે. નહીંતર આવી ઘટના બને જ કેમ ? આ વિચારધારા સતત એમના મનમાં ઘૂંટાતી રહી હતી. પરિણામે જ તેઓશ્રીએ ભગવાનને દ્વારિકા નગરીના વિનાશનો સીધો પ્રશ્ન કર્યો છે પણ એમ પ્રશ્ન નથી કર્યો કે દ્વારિકા નગરીનું શું થશે ?

આ અનુસંધાને ઈતિહાસ એમ બોલે છે કે દ્વારિકા વિનાશના ત્રણ કારણો સાંભળી કૃષ્ણ મહારાજે આખી નગરીમાં મદિરાપાનનો નિષેધ કરાવ્યો. નગરીમાં જે મદિરા હતી તે ગામ બહાર ફેંકાવી દીધી પરંતુ એકદા યાદવકુમારો ઘોડા લઈને ત્યાં જ ફરવા ગયા. અતિ તૃષા લાગવાથી ખાડામાં ફેંકાયેલી મદિરા પી લીધી. મદિરાના નશામાં ચકચૂર યાદવકુમારોએ તપ સહિત ધ્યાન કરતા દ્વિપાયન ઋષિને જોયા અને તે ઋષિવર ઉપર ઘોડા કુદાવવા લાગ્યા. ક્યાંકથી પડેલો મૃતસર્પ લાવી દ્વિપાયન ઋષિના ગળામાં પહેરાવી દીધો. યાદવકુમારોની અભદ્ર, અવિવેકી કુચેષ્ટાઓથી ઋષિ કોપાયમાન થયા અને તેઓએ દ્વારિકા વિનાશનું નિયાણું કર્યું. કૃષ્ણ મહારાજને આ સમાચાર મળવા પર તેઓ બળદેવ સાથે ઋષિ પાસે આવ્યા. નમ્રભાવે નિદાન ત્યાગની પ્રાર્થના કરી પરંતુ ઋષિએ ઈન્કાર કરી દીધો. વારંવાર વિનય અનુનય કરવા પર તેઓએ કૃષ્ણ તથા બળદેવ તે બંનેને જ અભયદાન આપ્યું.

## શ્રીકૃષ્ણ વાસુદેવની અંતરંગ પરિણામધારા :–

**૪ कण्हस्स वासुदेवस्स अरहओ अरिट्ठेमिस्स अंतिए एवं सोच्चा णिसम्म अयं अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था– धण्णा णं ते जालि–मयालि उवयालि–पुरिससेण–वारिसेण–पज्जुण्ण–संब–अणिरुद्ध–सच्चणेमि दढणेमि– प्पभियओ कुमारा जे णं चइत्ता हिरण्णं चइत्ता सुवण्णं एवं धण्णं धणं बलं वाहणं कोसं कोट्ठागारं पुरं अंतेउरं चइत्ता विउलं धण–कणग–**

रयण–मणि–मोत्तिय–संख– सिलप्पवाल–संतसार–सावएज्जं विच्छड्डइत्ता विगोवइत्ता दाणं दाइयाणं परिभाइत्ता, अरहओ अरिट्ठणेमिस्स अंतियं मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइया । अहण्णं अधण्णे अकयपुण्णे रज्जे य रट्ठे य कोसे य कोट्ठागारे य बले य वाहणे य पुरे य अंतेउरे य माणुस्सएसु य कामभोगेसु मुच्छिए गढिए गिद्धे अज्झोववण्णे णो संचाएमि अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ।

कण्हाइ ! अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– से णूणं कण्हा ! तव अयं अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था– धण्णा णं ते जालिप्पभिइकुमारा *जाव* पव्वइया । से णूणं कण्हा ! अत्थे समत्थे ? हंता अत्थि।

तं णो खलु कण्हा ! एयं भूयं वा भव्वं वा भविस्सइ वा जण्णं वासुदेवा चइत्ता हिरण्णं *जाव* पव्वइस्संति ।

से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– ण एयं भूयं वा *जाव* पव्वइस्संति ?

कण्हाइ ! अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– एवं खलु कण्हा ! सव्वे वि य णं वासुदेवा पुव्वभवे णियाणकडा से एतेणट्ठेणं कण्हा ! एवं वुच्चइ ण एयं भूयं *जाव* पव्वइस्संति ।

**ભાવાર્થ :–** અરિહંત અરિષ્ટનેમિના શ્રીમુખેથી દ્વારિકા નગરીના વિનાશનું કારણ સાંભળી કૃષ્ણ વાસુદેવના મનમાં એવો અધ્યવસાય વિચાર, ચિંતન, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે ધન્ય છે તે જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરિસસેન, વારિસેન, શાંબ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ, સત્યનેમિ તથા દઢનેમિ આદિ યદુકુમારોને જેઓએ સુવર્ણ, રજત, ધન, ધાન્ય, રાષ્ટ્ર, રાજ્ય, અંતઃપુરાદિ સર્વસ્વનો ત્યાગ કરી તથા પ્રચુર સોના, ચાંદી, કાંસા, વસ્ત્ર, મણિ, મોતી, શંખ, સિલા, પરવાળાં લાલ રત્ન આદિ સારભૂત દ્રવ્યનો દેવા યોગ્ય ભાગ દાનમાં દઈને ભગવાન અરિષ્ટનેમિ સમીપે સંયમ અંગીકાર કર્યો છે. હું અધન્ય, અપુણ્ય, અકૃતપુણ્ય છું જેના કારણે રાજ્ય, રાષ્ટ્ર, અંતઃપુર અને માનવીય કામભોગોમાં ગૃદ્ધ, આસક્ત તેમજ મૂર્ચ્છિત છું. હું પ્રભુની પાસે સંયમ સ્વીકારી શકતો નથી.

ભગવાન અરિષ્ટનેમિએ પોતાના કેવળજ્ઞાનના બળથી કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણેના આર્તધ્યાનમાં ડૂબેલા જાણી આ પ્રમાણે કહ્યું– હે કૃષ્ણ ! તારા મનમાં એવો વિચાર, ચિંતન, પ્રાર્થિત મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો છે કે તે જાલિ આદિ કુમારો ધન્ય છે. જેઓએ ધન વૈભવ, સ્વજનોનો ત્યાગ કરી મહાવ્રતો અંગીકાર કર્યા છે અને હું અધન્ય, અકૃતપુણ્ય છું જેથી રાજ્ય, અંતઃપુર અને માનવીય કામભોગોમાં ગૃદ્ધ છું. હું પ્રભુ પાસે સંયમ લઈ શકતો નથી. હે કૃષ્ણ ! શું આ વાત સત્ય છે ? કૃષ્ણ મહારાજે કહ્યું– હા

ભગવાન ! આપે કહ્યું તે સત્ય છે, યથાર્થ છે.

ભગવાને પુનઃ ફરમાવ્યું– હે કૃષ્ણ ! એવું ક્યારે ય થયું નથી, થતું નથી અને થશે નહીં કે વાસુદેવ પોતાના વર્તમાનભવમાં ધન, ધાન્ય, સુવર્ણાદિ સંપત્તિ છોડી મહાવ્રતો(સાધુપણુ) લે. વાસુદેવે દીક્ષા લીધી નથી, લેતા નથી અને લેશે પણ નહીં.

હે ભગવન્ ! તેનું કારણ શું છે કે વાસુદેવ મુનિ થયા નથી, થતા નથી અને થશે પણ નહીં ?

અરિષ્ટનેમિ પ્રભુએ કૃષ્ણ વાસુદેવને આ પ્રમાણે કહ્યું– હે કૃષ્ણ ! બધા વાસુદેવો નિયમા (નિશ્ચયથી) નિયાણકડા(નિદાનકૃત) હોય છે. તેથી હું એમ કહું છું કે ક્યારે ય એવું બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહીં કે વાસુદેવ સંયમ સ્વીકાર કરે.

## વિવેચન :-

મોહનીય કર્મના ઉદયથી કામભોગોની ઈચ્છા થવા પર સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, આરાધિત સંયમ–તપ આદિના ફળની વાંછાનો સંકલ્પ કરી લે તેને નિદાન કહે છે. નિદાન ક્યારે ય કલ્યાણસાધક થતા નથી. જે વ્યક્તિ નિદાન કરે છે, તેને તેનું ફળ તો મળે છે પણ નિર્વાણ પ્રાપ્ત થતો નથી. તેનો સંસાર પરિભ્રમણકાળ ઘણો વધી જાય છે.

નિયાણા નવ પ્રકારના દશાશ્રુતસ્કંધ સૂત્રની દશમી દશામાં છે. તે સિવાય બીજા પણ વૈર વિરોધ વગેરે સંબંધી નિયાણા હોય છે, તેનું વર્ણન ત્યાં નથી. વાસુદેવ પ્રતિવાસુદેવને મારવાના નિયાણાવાળા હોય છે.

કૃષ્ણ, વાસુદેવ તરીકે પ્રખ્યાતિ પામ્યા હતાં. વાસુદેવનો વ્યાકરણના આધારે અર્થ થાય છે કે **वसुदेवस्य अपत्यं पुमान् वासुदेवः** । વસુદેવના પુત્રને વાસુદેવ કહે છે. કૃષ્ણ, વસુદેવજીના પુત્ર હતા તેથી તેઓ વાસુદેવ કહેવાતા હતા. વાસુદેવ શબ્દ સામાન્યરૂપે કૃષ્ણનો વાચક છે. તે કૃષ્ણનું અપર નામ છે. કૃષ્ણ, વાસુદેવની પદવીધર હતાં તેથી તેઓ વાસુદેવ તરીકે પ્રખ્યાત થયા હતાં. જૈનદર્શનમાં વાસુદેવ શબ્દ અર્ધચક્રી(અર્ધ ચક્રવર્તી) માટે વપરાતો પારિભાષિક શબ્દ છે. જૈન પરંપરામાં નવ ઉત્તમ પદવીમાં તીર્થંકર, ચક્રવર્તીની જેમ વાસુદેવ પણ એક પદવી છે. તેની સંખ્યા નવ આ પ્રમાણે છે–

(૧) ત્રિપૃષ્ઠ (૨) દ્વિપૃષ્ઠ (૩) સ્વયંભૂ (૪) પુરુષોતમ (૫) પુરુષસિંહ (૬) પુરુષપુંડરિક (૭) દત્ત (૮) નારાયણ(લક્ષ્મણ) (૯) કૃષ્ણ. કૃષ્ણ મહારાજ સૌથી છેલ્લા નવમા વાસુદેવ હતા. ૨૮ લબ્ધિઓમાં વાસુદેવ એક લબ્ધિ છે. ત્રણ ખંડ તથા સાત રત્નોના સ્વામીને વાસુદેવ કહે છે. વાસુદેવની શક્તિ માટે કહેવાય છે કે કૂવાના કાંઠે બેઠેલા અને ભોજન કરતા વાસુદેવને જંજીરોથી બાંધી ચતુરંગિણી સેના સહિત સોળ હજાર રાજા સાથે મળી ખેંચે તોપણ ખેંચી શકાતા નથી. જ્યારે તે જ જંજીરને ડાબા હાથથી પકડી વાસુદેવ ૧૬૦૦૦ રાજાને અત્યંત આસાની–સહજતા અને સરળતાથી પોતાની તરફ ખેંચી શકે છે.

### શ્રીકૃષ્ણ વાસુદેવની ભવિષ્યસંબંધી પૃચ્છા :-

**५** तए णं से कण्हे वासुदेवे अरहं अरिट्ठणेमिं एवं वयासी– अहं णं भंते ! इओ कालमासे कालं किच्चा कहिं गमिस्सामि ? कहिं उववज्जिस्सामि ?

तए णं अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– एवं खलु कण्हा ! तुमं बारवईए णयरीए सुरग्गि–दीवायण–कोव–णिदड्ढाए अम्मापिइ–णियग–विप्पहूणे रामेण बलदेवेण सद्धिं दाहिणवेयालिं अभिमुहे जुहिठिल्लपामोक्खाणं पंचण्हं पंडवाणं पंडुरायपुत्ताणं पासे पंडुमहुरं संपत्थिए कोसंबवण काणणे णग्गोहवरपायवस्स अहे पुढविसिलापट्टए पीयवत्थपच्छाइयसरीरे जराकुमारेणं तिक्खेणं कोदंड– विप्पमुक्केणं उसुणा वामे पादे विद्धे समाणे कालमासे कालं किच्चा तच्चाए वालुयप्पभाए पुढवीए उज्जलिए णरए णेरइयत्ताए उववज्जिहिसि ।

**ભાવાર્થ :–** સંયમની પોતાની અસમર્થતા જાણ્યા બાદ કૃષ્ણ મહારાજે અર્હત્ અરિષ્ટનેમિને પોતાના ભવિષ્ય સંબંધી આ પ્રમાણે પૂછ્યું– હે ભંતે ! અહીંથી કાલના સમયે કાલ કરીને હું ક્યાં જઈશ ? ક્યાં ઉત્પન્ન થઈશ ?

ત્યારે અરિષ્ટનેમિ પ્રભુએ કહ્યું– હે કૃષ્ણ ! સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિના ક્રોધને કારણે દ્વારિકા નગરીના બળી જવા પર તથા પોતાના માતાપિતા, સ્વજનોનો વિયોગ થવા પર અર્થાત્ બધા મૃત્યુ પામવાથી તું રામ–બળદેવની સાથે દક્ષિણી સમુદ્રતટે પાંડુપુત્રો યુધિષ્ઠિર પ્રમુખ પાંચ પાંડવો પાસે પાંડુ–મથુરા તરફ જઈશ. રસ્તામાં વિશ્રામ હેતુ કૌશામ્બ્રવન ઉદ્યાનમાં અત્યંત વિશાળ વટવૃક્ષ નીચે પૃથ્વીશિલાપટ્ટ પર પીતાંબર ઓઢીને તું સૂતો હોઈશ. તે સમયે મૃગના ભ્રમમાં જરાકુમાર દ્વારા છોડાયેલા તીક્ષ્ણ તીરથી (બાણથી) તારો ડાબો પગ વીંધાઈ જશે. આમ કાલના સમયે કાલ કરી વાલુકાપ્રભા નામની ત્રીજી પૃથ્વી (નરક)માં ઉજ્જવળ વેદનાને ભોગવવા તું ઉત્પન્ન થઈશ.

### શ્રીકૃષ્ણ ભાવીના ભગવાન :-

**६** तए णं से कण्हे वासुदेवे अरहओ अरिट्ठणेमिस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म ओहय *जाव* झियाइ ।

कण्हाइ ! अरहा अरिट्ठणेमी कण्हं वासुदेवं एवं वयासी– मा णं तुमं देवाणुप्पिया ! ओहयमणसंकप्पे *जाव* झियाह । एवं खलु तुमं देवाणुप्पिया ! तच्चाओ पुढवीओ उज्जलियाओ णरयाओ अणंतरं उव्वट्टित्ता इहेव जंबुद्दीवे दीवे भारहे वासे आगमेसाए उस्सप्पिणीए पुंडेसु जणवएसु सयदुवारे णयरे

**बारसमे अममे णामं अरहा भविस्ससि । तत्थ तुमं बहूइं वासाइं केवलिपरियागं पाउणेत्ता सिज्झिहिसि बुज्झिहिसि मुच्चिहिसि परिणिव्वाहिसि सव्वदुक्खाणं अंतं काहिसि ।**

**तए णं से कण्हे वासुदेवे अरहओ अरिट्ठणेमिस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठतुट्ठे** *जाव* **अप्फोडेइ, अप्फोडेत्ता वग्गइ, वग्गित्ता तिवइं छिंदइ, छिंदित्ता सीहणायं करेइ, करेत्ता अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव आभिसेक्कं हत्थिं दुरूहइ, दुरूहित्ता जेणेव बारवई णयरी, जेणेव सए गिहे तेणेव उवागए । आभिसेयहत्थिरयणाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला जेणेव सए सीहासणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासणवरंसि पुरत्थाभिमुहे णिसीयइ, णिसीइत्ता कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** અરિહંત અરિષ્ટનેમિના શ્રીમુખેથી પોતાનું ભવિષ્ય સાંભળ્યા પછી શ્રીકૃષ્ણ વાસુદેવ ખિન્ન મન થઈ આર્તધ્યાન કરવા લાગ્યા. ત્યારે અર્હત્ અરિષ્ટનેમિ પ્રભુ આશ્વાસન આપતા પુનઃ આ પ્રમાણે બોલ્યા– હે દેવાનુપ્રિય ! તમે આર્તધ્યાન નહીં કરો. નિશ્ચયથી હે દેવાનુપ્રિય ! કાલાંતરમાં તમે ત્રીજી પૃથ્વીથી(નરકથી) નીકળીને આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીકાળમાં પુંડ્ર જનપદના શતદ્વાર નામના નગરમાં "અમમ" નામના બારમા તીર્થંકર થશો. ત્યાં ઘણા વર્ષો સુધી કેવળી પર્યાયનું પાલન કરી સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશો.

અરિહંત પ્રભુના મુખારવિંદથી પોતાના ભવિષ્યનું આ વૃત્તાંત સાંભળી કૃષ્ણ વાસુદેવ ખૂબ જ પ્રસન્ન એવં સંતુષ્ટ થયા ***યાવત્*** પોતાની ભુજા અફળાવા લાગ્યા. અત્યંત આનંદમાં આવી જઈ જયનાદ કરતા સમવસરણમાં સ્ફૂર્તિથી ત્રણ પગલા પાછા ગયા. પાછા જઈને જોરથી સિંહનાદ કર્યો, કરીને અર્હત્ અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરી આભિષેક્ય હસ્તિરત્ન ઉપર બેઠા, બેસીને દ્વારિકા નગરીના મધ્યમાં થતાં જ્યાં પોતાનું ભવન હતું ત્યાં આવ્યા. આભિષેક્ય હસ્તિરત્ન પરથી નીચે ઉતર્યા, ઊતરીને જ્યાં ઉપસ્થાનશાળા(કચેરી, બેઠક) હતી, જ્યાં તેમનું સિંહાસન હતું, ત્યાં ગયા અને પૂર્વાભિમુખે થઈ સિંહાસન ઉપર બેસીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને તેઓને આ પ્રમાણે કહ્યું–

## વિવેચન :–

આ સૂત્રમાં સૂત્રકારે એક બાજુ કૃષ્ણ વાસુદેવને નરકગામી બતાવ્યા છે, તો બીજી તરફ તીર્થંકર પદવી અને અનંતર મોક્ષગામી બતાવી પરમ સૌભાગ્ય પણ પ્રદાન કર્યું છે.

**उस्सप्पिणीए :–** અર્થાત્ ઉત્સર્પિણીકાળમાં. જે કાળમાં આયુ, સંહનન, સંસ્થાન, બળ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ક્રમશઃ વૃદ્ધિ પામે તથા શુભ થતા જાય, શુભભાવ વધે અને અશુભભાવ ઘટતા જાય, આ

કાળને ઉત્સર્પિણી કાળ કહે છે. તેનો સમય દશ ક્રોડાક્રોડી સાગરોપમનો છે.

**पुंडेसु जणवएसु सयदुवारे णयरे :–** પુંડ્ર જનપદમાં શતદ્વાર નગરમાં, શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં સાડા પચ્ચીસ આર્ય દેશના નામ છે તેમાં પુંડ્ર નામ નથી. જ્યાં અરિહંત, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ આદિ ઉત્પન્ન થાય તે આર્યભૂમિ કહેવાય છે. સમાધાન :– શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં વર્ણિત નામ પ્રભુ મહાવીરના સમયના છે અને પુંડ્રદેશ આગામી ચોવિસીના બારમા તીર્થંકરના સમયની વાત છે. કાલાંતરે દેશના નામ તથા સ્થાન બદલાતા જ રહેશે તેથી તે આર્ય દેશ જ ગણાય.

**अप्फोडेइ, अप्फोडेत्ता, वग्गइ, वग्गित्ता, तिवइं छिंदइ, छिंदित्ता सीहणायं करेइ :–** આ સૂત્રમાં ભવિષ્યમાં અરિહંત જેવી ઉચ્ચતમ આધ્યાત્મિક તથા પ્રકૃષ્ટ પુણ્યપદ પ્રાપ્તિની અરિષ્ટનેમિ પ્રભુની ભવિષ્યવાણી સાંભળી કૃષ્ણ મહારાજ આંતરિક હર્ષને ચાર રીતે વ્યક્ત કરે છે. (૧) અત્યંત પ્રમુદિત થઈને પોતાની ભુજાઓ ફરકાવે છે (૨) ઉચ્ચ સ્વરે પ્રસન્નતા પ્રગટ કરવા જયનાદ કરે છે (૩) કુસ્તીબાજોની જેમ સમવસરણમાં ત્રણવાર પેંતરો બદલે છે એટલે ત્રણ પગલા સ્ફૂર્તિથી પાછળ જાય છે (૪) સિંહનાદ(ગર્જના) કરે છે.

## કૃષ્ણ મહારાજાની ધર્મદલાલી :–

**૭ गच्छह णं तुब्भे देवाणुप्पिया ! बारवईए णयरीए सिंघाडग तिग चउक्क-चच्चर-चउम्मुह-महापहपहेसु हत्थिखंधवरगया महया-महया सद्देणं उग्घोसेमाणा उग्घोसेमाणा एवं वयह- एवं खलु देवाणुप्पिया ! बारवईए णयरीए णवजोयण *जाव* देवलोगभूयाए सुरग्गि-दीवायण-मूलाए विणासे भविस्सइ, तं जो णं देवाणुप्पिया ! इच्छइ बारवईए णयरीए राया वा जुवराया वा ईसरे वा तलवरे वा माडंबिय कोडुंबिय इब्भ सेट्ठी वा देवी वा कुमारो वा कुमारी वा अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडे *जाव* पव्वइत्तए, तं णं कण्हे वासुदेवे विसज्जेइ । पच्छातुरस्स वि य से अहापवित्तं वित्तिं अणुजाणइ । महया इड्ढिसक्कारसमुदएण य से णिक्खमणं करेइ । दोच्चं पि तच्चं पि घोसयणं घोसेह, घोसित्ता ममं एयं आणत्तियं पच्चप्पिणह । तए णं ते कोडुंबिया *जाव* पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** હે દેવાનુપ્રિયો ! તમે દ્વારિકા નગરીના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક ચત્વર, ચતુર્મુખ આદિ રાજમાર્ગોમાં શ્રેષ્ઠ હાથી પર આરૂઢ થઈને ઉદ્‌ઘોષણા કરો કે, હે દેવાનુપ્રિયો ! બાર યોજન લાંબી, નવયોજન પહોળી, પ્રત્યક્ષ દેવલોક સમાન આ દ્વારિકા નગરીનો સુરા, અગ્નિ અને દ્વિપાયન ઋષિના કોપથી નાશ થવાનો છે. તેથી હે દેવાનુપ્રિયો ! દ્વારિકા નગરીમાં જેની ઈચ્છા હોય પછી તે રાજા હોય કે યુવરાજ, ઈશ્વર હોય કે તલવર, માડંબિક હોય કે કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, રાણી, કુમાર, કુમારી, રાજરાણી, રાજકુમારી હોય જેને પ્રભુ અરિષ્ટનેમિ સમીપે મુંડિત થઈ દીક્ષા ગ્રહણ કરવી હોય તેને કૃષ્ણ વાસુદેવ સંયમ ગ્રહણ

કરવાની આજ્ઞા આપે છે. દીક્ષાર્થીના આશ્રિત તેમના બધા કુટુંબીજનોની વ્યવસ્થા કૃષ્ણ વાસુદેવ યથાયોગ્ય રીતે કરશે અને તેમનો દીક્ષા મહોત્સવ પણ મહાન વૈભવ–સત્કાર તથા ધામધૂમથી ઉજવશે. આ પ્રમાણે બે વાર, ત્રણવાર ઘોષણા કરો. ઘોષણા કરીને મારી આજ્ઞા પાછી સોંપો. કૌટુંબિક પુરુષોએ તેમની આજ્ઞા દ્વારિકામાં સર્વત્ર ઉદ્‌ઘોષિત કરી, કૃષ્ણ મહારાજને આજ્ઞા પાછી સોંપી અર્થાત્ તેમની આજ્ઞા પૂર્ણ થયાના સમાચાર આપ્યા.

## વિવેચન :–

આ સૂત્રમાં કૃષ્ણ મહારાજની ઉત્કૃષ્ટ રસ ભરેલી ધર્મદલાલીનું વર્ણન છે. ઈતિહાસ કહે છે કે કૃષ્ણ મહારાજના આધ્યાત્મિક ભાવ જીવનની બે મહત્વપૂર્ણ ઘટના છે. (૧) અરિષ્ટનેમિ પ્રભુના તમામ શિષ્ય પરિવારને ભાવોલ્લાસ પૂર્વક વંદન કરી ચાર નરકના નદાવા કર્યા અને (ર) સંયમી જીવનની અપૂર્વ અનુમોદના, સંયમ મહોત્સવની પ્રભાવના અને તેઓના કુટુંબીજનોનો અપાર મમતા સાથે સેવાધર્મ બજાવ્યો અને આ રીતે મનસા, વાચા, કર્મણા, ધર્મદલાલી કરી તીર્થંકર નામ ગોત્રકર્મની નિકાચના કરી. ઉત્કૃષ્ટ ત્રિયોગનું ભાવરસાયણ અંતરમાં ઘોળાય છે ત્યારે તીર્થંકરની શાંતરસની પિંડપ્રકૃતિ સર્જાય છે.

## મહારાણી પદ્માવતીનો વૈરાગ્ય :–

**૮** **तए णं सा पउमावई देवी अरहओ अरिट्ठणेमिस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **हियया अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं, से जहेयं तुब्भे वयह । जं णवरं देवाणुप्पिया ! कण्हं वासुदेवं आपुच्छामि । तए णं अहं देवाणुप्पियाणं अंतिए मुंडा** *जाव* **पव्वयामि । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेहि ।**

**तए णं सा पउमावई देवी धम्मियं जाणप्पवरं दुरुहइ, दुरुहित्ता, जेणेव बारवई णयरी जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणेव कण्हे वासुदेवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल परिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु कण्हं वासुदेवं एवं वयासी– इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाया समाणा अरहओ अरिट्ठणेमिस्स अंतिए मुंडा** *जाव* **पव्वइत्तए । अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेहि ।**

**तए णं से कण्हे वासुदेवे कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! पउमावईए महत्थं णिक्खमणाभिसेयं उवट्ठवेह, उवट्ठवित्ता एयमाणत्तियं पच्चप्पिणह । तए णं ते** *जाव* **पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી મહારાણી પદ્માવતીને ભગવાન અરિષ્ટનેમિનો ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય જાગ્યો. પ્રભુના વચનને સાંભળી, હૃદયમાં ધારણ કરી, હર્ષિત એવં સંતુષ્ટ થઈ, અર્હત્ અરિષ્ટનેમિ પ્રભુને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યાં–

હે ભગવન્ ! નિર્ગ્રંથ પ્રવચન ઉપર હું શ્રદ્ધા કરું છું. આપ જે કહો છો તે યથાર્થ જ છે, સત્ય છે. હે ભગવન્ ! હું કૃષ્ણ વાસુદેવની આજ્ઞા લઈ આપ દેવાનુપ્રિય ! સમીપે મુંડિત થઈ પ્રવ્રજિત થવા ઈચ્છું છું. હે દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મકાર્યમાં વિલંબ ન કરો, આ પ્રમાણે ભગવાન અરિષ્ટનેમિ બોલ્યા.

ત્યાર પછી પદ્માવતી દેવી ધર્મરથ પર આરૂઢ થયાં, આરૂઢ થઈ દ્વારિકા નગરીના મધ્યમાં થઈ પોતાના મહેલે આવ્યાં. ધર્મરથ પરથી નીચે ઊતર્યાં, ઊતરીને જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવ્યાં. આવીને બે હાથ જોડીને વિનયપૂર્વક કૃષ્ણ વાસુદેવ સમક્ષ આ પ્રમાણે બોલ્યાં– હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા હોય તો હું અર્હત્ અરિષ્ટનેમિ પ્રભુના સાન્નિધ્યે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. કૃષ્ણ વાસુદેવે કહ્યું– હે દેવાનુપ્રિયા ! જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મ કાર્યમાં વિલંબ ન કરો.

પદ્માવતી દેવીની દઢ ભાવના જોઈ કૃષ્ણ વાસુદેવે કૌટુંબિક પુરુષોને બોલાવ્યા, બોલાવીને મહારાણી પદ્માવતીને યોગ્ય મહાભિનિષ્ક્રમણના ઉત્સવની તૈયારી કરવાનો આદેશ આપ્યો. કૌટુંબિક પુરુષોએ આજ્ઞાનું પાલન કરી અર્થાત્ ધામધૂમથી સંયમ મહોત્સવની તૈયારી કરી કૃષ્ણ મહારાજને આજ્ઞા પાછી સોંપી.

## મહારાણી પદ્માવતીનું મહાભિનિષ્ક્રમણ :–

**९ तए णं से कण्हे वासुदेवे पउमावइं देविं पट्टयं दुरुहेइ, अट्ठसएणं सोवण्ण कलसाणं** *जाव* **महाणिक्खमणाभिसेएणं अभिसिंचइ, अभिसिंचित्ता सव्वालंकार विभूसियं करेइ, करेत्ता पुरिससहस्सवाहिणिं सिबियं दुरुहावेइ, दुरुहावेत्ता बारवईए णयरीए मज्झंमज्झेणं णिगच्छइ, णिग्गच्छित्ता जेणेव रेवयए पव्वए, जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवागच्छित्ता सीयं ठवेइ ''पउमावइं देविं'' सीयाओ पच्चोरुहइ, पच्चोरुहित्ता जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**एस णं भंते ! मम अग्गमहिसी पउमावई णामं देवी इट्ठा कंता पिया मणुण्णा मणाभिरामा जीवियऊसासा हिययाणंदजणिया, उंबरपुप्फं पिव दुल्लहा सवणयाए किमंग पुण पासणयाए ? तण्णं अहं देवाणुप्पिया !**

**सिस्सिणिभिक्खं दलयामि । पडिच्छंतु णं देवाणुप्पिया! सिस्सिणिभिक्खं । अहासुहं देवाणुप्पिया! मा पडिबंधं करेह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે પદ્માવતી દેવીને પાટ ઉપર બેસાડ્યાં અને સુવર્ણકળશાદિ આઠસો ચોસઠ કળશોથી નિષ્ક્રમણાભિષેક કર્યો. અભિષેક કરી બધા પ્રકારના અલંકારોથી વિભૂષિત કરી, એક હજાર પુરુષો દ્વારા ઉપાડી શકાય એવી શિબિકામાં બેસાડ્યા. ત્યાર પછી દ્વારિકા નગરીના મધ્યમાં થઈને જ્યાં રૈવતક પર્વત હતો, જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું ત્યાં ઊતાર્યા અને જ્યાં અર્હત્ અરિષ્ટનેમિ હતા ત્યાં આવ્યાં, આવીને અરિષ્ટનેમિ પ્રભુને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યાં–

હે ભંતે ! આ પદ્માવતી દેવી મારી અગ્રમહિષી–પટ્ટરાણી છે. તે મને ઈષ્ટ છે, કાંત છે, પ્રિય છે, મનોજ્ઞ છે, મનને અનુકૂળ છે, ગુણવાન છે, મારા જીવનમાં શ્વાસોચ્છ્વાસની પેઠે પ્રિય છે, હૃદયને આનંદ આપનારી છે, આ પ્રકારનું સ્ત્રીરત્ન ઉંબરાના ફૂલની જેમ સાંભળવું પણ દુર્લભ છે તો પછી જોવાનું તો શું કહેવું ? અર્થાત્ અત્યંત દુર્લભ છે. હે દેવાનુપ્રિય ! મારી આવી પ્રિય પટ્ટરાણી પદ્માવતીની ભિક્ષા આપને શિષ્યારૂપમાં આપું છું, આપ એનો સ્વીકાર કરો.

કૃષ્ણ વાસુદેવની પ્રાર્થના સાંભળી ભગવાન બોલ્યા– હે દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મકાર્યમાં વિલંબ ન કરો.

### પદ્માવતીની પ્રવ્રજ્યા એવં નિર્વાણ :–

**१० तए णं सा पउमावई उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ, अवक्कमित्ता, सयमेव आभरणालंकारं ओमुयइ, ओमुयित्ता सयमेवं पंचमुट्ठियं लोयं करेइ, करेत्ता जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता अरहं अरिट्ठणेमिं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– आलित्ते *जाव* तं इच्छामि णं देवाणुप्पिएहिं धम्ममाइक्खियं ।**

**तए णं अरहा अरिट्ठणेमी पउमावइं देविं सयमेव पव्वावेइ पव्वावेत्ता सयमेव जक्खिणीए अज्जाए सिस्सिणित्ताए दलयइ । तए णं सा जक्खिणी अज्जा पउमावइं देविं सयमेव *जाव* संजमियव्वं । तए णं सा पउमावई अज्जा जाया– इरियासमिया भासासमिया एसणासमिया आयाण–भंड–मत्त–णिक्खेवणासमिया उच्चार पासवण–खेल–सिंघाण–जल्ल–पारिट्ठावणियासमिया मणसमिया वइसमिया कायसमिया मणगुत्ता वइगुत्ता कायगुत्ता गुत्ता गुत्तिंदिया गुत्तबंभयारिणी ।**

**तए णं सा पउमावई अज्जा जक्खिणीए अज्जाए अंतिए सामाइयमाइयाइं एकारस अंगाइं अहिज्जइ, बहूहिं चउत्थ छट्ठट्ठम-दसम-दुवालसेहिं मासद्धमास- खमणेहिं विविहेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणी विहरइ ।**

**तए णं सा पउमावई अज्जा बहुपडिपुण्णाइं वीसं वासाइं सामण्णपरियागं पाउणइ, पाउणित्ता मासियाए संलेहणाए अप्पाणं झूसेइ, झूसेत्ता सट्ठि भत्ताइं अणसणाए छेदेइ, छेदित्ता जस्सट्ठाए कीरइ णग्गभावे** *जाव* **तमट्ठं आराहेइ, चरिमुस्सासेहिं सिद्धा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે પદ્માવતી દેવીએ ઈશાન ખૂણામાં જઈને સ્વયં પોતે પોતાના આભૂષણ– અલંકારો ઉતાર્યા. સ્વયં જ પોતાનો પંચમુષ્ટિ લોચ કર્યો, કરીને જ્યાં અર્હત્ અરિષ્ટનેમિ હતા ત્યાં આવ્યાં, આવીને અર્હત્ અરિષ્ટનેમિ પ્રભુને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યાં– ભગવન્ ! આ સંસાર જન્મ, જરા, મરણાદિ દુઃખરૂપી આગમાં જલી રહ્યો છે ***યાવત્*** દુઃખથી મુક્ત થવા હું દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. કૃપા કરી આપ ચારિત્રધર્મનો સ્વીકાર કરાવો.

ત્યારે અર્હત્ અરિષ્ટનેમિએ પદ્માવતી દેવીને સ્વયમેવ પ્રવ્રજ્યા પ્રદાન કરી, યક્ષિણી આર્યાને શિષ્યારૂપે સુપ્રત કર્યા. યક્ષિણી આર્યાએ પદ્માવતીશ્રીને ધર્મશિક્ષા આપી ***યાવત્*** આ પ્રમાણે સંયમપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ. ગુરુણીશ્રીની આપેલી શિક્ષા પ્રમાણે પદ્માવતી આર્યા ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનભાંડ–માત્ર–નિક્ષેપણાસમિતિ, ઉચ્ચાર, પ્રસ્રવણ, ખેલ, જલ્લ, સિંઘાણ, પરિષ્ઠાપ નિકાસમિતિ, મનઃસમિતિ, વચનસમિતિ, કાયસમિતિ. આ આઠ સમિતિઓ અને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિથી સંપન્ન, ઈન્દ્રિયોનું ગોપન કરનારાં ગુપ્તેન્દ્રિય– કાચબાની જેમ ઈન્દ્રિયોને વશમાં રાખનાર બ્રહ્મચારિણી આર્યા બની ગયાં.

પદ્માવતી આર્યાએ યક્ષિણી આર્યા સમીપે સામયિકથી લઈને અગિયાર અંગોનું અધ્યયન કર્યું. જ્ઞાન આરાધના સાથે જ ઘણા ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચોલા, પાંચ, માસખમણ, અર્ધમાસખમણાદિ વિવિધ તપ દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યાં. આમ પદ્માવતી આર્યા પૂરા વીશ વર્ષની ચારિત્રપર્યાયનું પાલન કરી, એક માસની સંલેખનામાં આત્માને જોડી, સાઠ ભક્ત અનશન કરીને અર્થાત્ સંથારો કરી, જે પ્રયોજને સંયમ લીધો હતો ***યાવત્*** તે પ્રયોજનને અંતિમ શ્વાસથી સિદ્ધ કર્યું. તેઓ સિદ્ધગતિને પામ્યાં અર્થાત્ સિદ્ધ–બુદ્ધ–મુક્ત થઈ ગયા.

**॥ વર્ગ–૫ : અધ્ય.–૧ સંપૂર્ણ ॥**

# પાંચમો વર્ગ

## અધ્યયન – ૨ થી ૮ : ગૌરી આદિ

**શ્રી કૃષ્ણની ગૌરી આદિ શેષ પટ્ટરાણીઓનું વર્ણન :-**

**૧** तेणं कालेणं तेणं समएणं बारवई णयरी । रेवयए पव्वए । उज्जाणे णंदणवणे । तत्थ णं बारवईए णयरीए कण्हे वासुदेवे । तस्स णं कण्हस्स वासुदेवस्स गोरी देवी, वण्णओ । अरहा समोसढे । कण्हे णिग्गए । गोरी जहा पउमावई तहा णिग्गया । धम्मकहा । परिसा पडिगया । कण्हे वि । तए णं सा गोरी जहा पउमावई तहा णिक्खंता *जाव* सिद्धा ।

एवं गंधारी, लक्खणा, सुसीमा, जंबवई, सच्चभामा, रुप्पिणी, अट्ठवि पउमावईसरिसयाओ, अट्ठ अज्झयणा ।

**ભાવાર્થ :-** તે કાલે, તે સમયે દ્વારિકા નગરી હતી. રૈવતક પર્વત, નંદનવન ઉદ્યાન, શ્રીકૃષ્ણ વાસુદેવ આદિનું વર્ણન પૂર્વવત્ જાણવું. તે કૃષ્ણ મહારાજને ગૌરી નામના બીજા પટ્ટરાણી હતાં. અર્હત્ અરિષ્ટનેમિનું સમવસરણ, કૃષ્ણ મહારાજનું સેવામાં આગમન. પદ્માવતીની જેમ ગૌરી મહારાણી પણ પ્રભુને વંદન કરવા ગયાં. ધર્મોપદેશ સાંભળી વૈરાગ્ય પામ્યા, સંયમ સ્વીકાર કર્યો આદિ સમસ્ત વર્ણન પદ્માવતી સમાન સમજવું ***યાવત્*** સિદ્ધગતિને પામ્યાં.

આ જ પ્રમાણે ગાંધારી, લક્ષ્મણા, સુસીમા, જાંબવતી, સત્યભામા તથા રુક્મિણીનું વર્ણન પણ પદ્માવતી સમાન જાણી લેવું. કૃષ્ણની આઠે ય રાણીના આઠ અધ્યયન સમાપ્ત થયા.

**॥ વર્ગ–૫ : અધ્ય.–૨ થી ૮ સંપૂર્ણ ॥**

# પાંચમો વર્ગ

## અધ્યયન – ૯ થી ૧૦ : મૂલશ્રી–મૂલદત્તા

### કૃષ્ણ મહારાજના બે પુત્રવધૂઓ મૂલશ્રી–મૂલદત્તા :–

**१ तेणं कालेणं तेणं समएणं बारवई णयरीए, रेवयए पव्वए, णंदणवणे उज्जाणे, कण्हे वासुदेवे । तत्थ णं बारवईए णयरीए कण्हस्स वासुदेवस्स पुत्ते जंबवईए देवीए अत्तए संबे णामं कुमारे होत्था– अहीणपडि–पुण्णपंचिंदियसरीरे । तस्स णं संबस्स कुमारस्स मूलसिरी णामं भज्जा होत्था, वण्णओ । अरहा समोसढे कण्हे णिग्गए । मूलसिरी वि णिग्गया, जहा पउमावई । जं णवरं देवाणुप्पिया ! कण्हं वासुदेवं आपुच्छामि** *जाव* **सिद्धा ।**

**एवं मूलदत्ता वि ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે દ્વારકાનગરી, રૈવતક પર્વત, નંદનવન ઉદ્યાન, કૃષ્ણ વાસુદેવ રાજાના પુત્ર તથા મહારાણી જાંબવતીના આત્મજ શાંબકુમાર હતા. તેઓ સર્વાંગ સુંદર, પ્રતિપૂર્ણ ઈન્દ્રિય સંપન્ન હતા. તે શાંબકુમારના પત્નીનું નામ મૂલશ્રી હતું. વર્ણન સમસ્ત પૂર્વવત્ જાણવું. અર્હત અરિષ્ટનેમિનું સમવસરણ, કૃષ્ણ વાસુદેવ તથા મૂલશ્રીનું દર્શનાર્થ ગમન, ધર્મકથા શ્રવણ, વૈરાગ્ય તથા પોતાના શ્વસુર કૃષ્ણ મહારાજની આજ્ઞા પ્રાપ્ત કરી સંયમ અંગીકાર કર્યો. પદ્માવતીની જેમ તેઓ સિદ્ધગતિને પામ્યાં. એવી જ રીતે મૂલદત્તા પણ સિદ્ધગતિને પામ્યાં.

### વિવેચન :–

અર્હત્ અરિષ્ટનેમિના શાસનકાળના એકતાલીશ (૪૧) સાધુ તથા દશ (૧૦) સાધ્વી આમ એકાવન (૫૧) આત્માનો અધિકાર સંપૂર્ણ થયો. છેલ્લા સૂત્રોમાં કૃષ્ણ મહારાજની સંયમ પ્રત્યેની અહોભાવનાના દર્શન થાય છે. પોતાની પ્રિય આઠ અગ્રમહિષીઓને તથા બે પુત્રવધૂઓને સહર્ષ દીક્ષાની અનુજ્ઞા આપી. ધામધૂમથી દીક્ષા મહોત્સવ કર્યો. કૃષ્ણ મહારાજ સમજતા હતા કે દ્વારિકાનો વિનાશ અવશ્યંભાવી છે. સંયમ લેશે એનું કલ્યાણ થશે. પોતાની તો અસમર્થતા છે.

**દ્વારિકા નગરીની ભવિતવ્યતા :–** મદોન્મત્ત યાદવકુમારોથી પ્રતાડિત દ્વિપાયન ઋષિ નિદાનાનુસાર અગ્નિકુમાર જાતિના દેવ બન્યા. અહીં તે પૂર્વ વેરનું સ્મરણ કરી દ્વારિકાદાહની તક શોધવા લાગ્યા. પરંતુ

પ્રતિદિન આયંબિલ તપસ્યાના પ્રભાવે પોતાના પ્રયત્નમાં અસફળ રહ્યા. છતાં તેમણે પોતાનો પ્રયત્ન છોડ્યો નહીં. લગાતાર બાર વર્ષ સુધી આયંબિલનું સાતત્ય જળવાયું. ત્યાર બાદ અમુક લોકો વિચારવા લાગ્યા કે આયંબિલ કરતાં કરતાં ઘણા વર્ષો વીતી ગયા. હવે અગ્નિકુમાર દેવ આપણું શું બગાડી શકશે ? અમુક લોકો વિચારવા લાગ્યા કે દ્વારિકામાં અનેક લોકો આયંબિલતપ કરે છે, આપણે ન કરીએ તો શું ફરક પડશે ? સમય સંજોગની વાત છે. એક દિવસ એવો આવ્યો. આખી દ્વારિકામાં કોઈએ આયંબિલ તપ કર્યું નહીં, અગ્નિકુમાર દેવ(દ્વિપાયન ઋષિ)ને તક મળી ગઈ. તેણે દ્વારકાની ચારેબાજુ આગ લગાડી દીધી. સાથે સાથે જોરદાર આંધી શરું કરી દીધી. વાવાઝોડાની હવાને કારણે આગનું જોર વધ્યું અને આખી દ્વારિકામાં હાહાકાર મચી ગયો. એક પછી એક મકાનો ધરાશાયી થવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવે અગ્નિ શાંત કરવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ દેવનો પ્રકોપ વધતો ગયો. ઠારવા માટે નાખેલું પાણી તેલનું કામ કરવા લાગ્યું. જોતજોતમાં આખી દ્વારિકા બળીને ભસ્મ થઈ ગઈ. કૃષ્ણ વાસુદેવ તથા બળરામ નિરાશ થઈને ઊભા રહ્યા. પોતાના પુરુષાર્થે અને દેવયોગે એક રાતમાં ઊભી કરેલી દ્વારિકાને તેઓ બચાવી શક્યા નહીં. નજરની સામે જ સ્વજનોની લાશ પડવા લાગી. અંતે પોતાના માવતરને બચાવવા મહેલમાં ગયા. અત્યંત મુશ્કેલીથી માતા–પિતાને બહાર કાઢ્યા. રથશાળામાં એક રથ સુરક્ષિત હતો તે બહાર કાઢ્યો. માતાપિતાને તેમાં બેસાડ્યા અને ઘોડાની જગ્યાએ બંને ભાઈઓ ગોઠવાઈ ગયા. જેવા સિંહદ્વારને પાર કરવા ગયા અને બંને ભાઈઓ હજુ બહાર નીકળ્યા ત્યાં જ સિંહદ્વારનો ઉપરનો ભાગ તૂટીને નીચે પડ્યો. માતાપિતા બંને તેની નીચે દબાઈને મૃત્યુ પામ્યા. કૃષ્ણ વાસુદેવ તથા બલરામ આ માર્મિક ભયંકર દશ્ય જોઈને અધીર(આકુળ વ્યાકુળ) થઈ ગયા. આખર મનને જેમ તેમ સંભાળી **अम्मापिइ–णियग विप्पहूणे** માતાપિતા અને નિજકોથી રહિત થઈને **रामेणबलदेवेण सद्धिं** રામબળદેવની સાથે પાંડવો પાસે પાંડુમથુરા જવા નીકળ્યા. જેમ વાસુદેવ એક પદવી છે તેમ બળદેવ પણ એક શ્લાઘનીય પદવી છે. પ્રત્યેક વાસુદેવના મોટાભાઈને બળદેવ કહેવાય છે. વાસુદેવની જેમ બળદેવ પણ નવ હોય છે. બંને ભાઈઓ વચ્ચે અત્યંત અનુરાગ હોય છે. બળદેવમાં અર્ધ વાસુદેવનું બળ હોય છે. બંનેની માતા ભિન્ન ભિન્ન હોય છે. બલરામ બળદેવની માતાનું નામ રોહિણી હતું. બળદેવ સ્વર્ગ(દેવલોક) અથવા મોક્ષગામી જ હોય છે. વાસુદેવના મૃત્યુ નિમિત્તે વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરે છે.

પાંડવો હસ્તિનાપુરથી નિર્વાસિત થઈ પાંડુમથુરામાં રહેતા હતા. નિર્વાસિત થવાની કથા જ્ઞાતાધર્મકથા સૂત્રમાં દ્રોપદીના અધ્યયનથી જાણી લેવી.

**जराकुमारेणं** :– જરાકુમાર યદુવંશીય રાજકુમાર હતા. કૃષ્ણ વાસુદેવના ભાઈ હતા. ભગવાન અરિષ્ટનેમિની ભવિષ્યવાણી સાંભળી તેનાથી પોતાની જાતને બચાવવા દ્વારિકા છોડી કૌશામ્બ(કોશામ્ર) વનમાં ચાલ્યા ગયા અને તે વનમાં જ જીવન પસાર કરવા લાગ્યા. પણ ભવિતવ્યતાને કોણ ટાળી શકે છે ? કૃષ્ણ મહારાજને પાંડુમથુરા જતાં તરસ લાગી. બલરામ પાણી લેવા ગયા. કૃષ્ણ મહારાજ પૃથ્વીશિલાપટ્ટ પર પગ ઉપર પગ રાખી પીતાંબર ઓઢી વિશ્રામ કરતા હતા. અહીં જરાકુમાર વનમાં ભ્રમણ કરી રહ્યા હતા. તેને દૂરથી કૃષ્ણ મહારાજના પગનું ચમકતું પદ્મચિહ્ન મૃગલાની આંખ જેવું લાગ્યું અને તત્કાળ ધનુષ પર બાણ ચઢાવી છોડ્યું. બાણ લાગતાં જ શ્રીકૃષ્ણ તડપી ઊઠ્યા. તેઓને વિચાર આવ્યો કે આ બાણ

જરાકુમારનું તો નહીં હોયને ? ત્યાં તો જરાકુમાર સામે આવ્યા. જે ઘટનાથી બચવા જરાકુમાર આ વનમાં આવ્યા હતા. આખર એ ઘટના બની ગઈ. તેઓ રુદન કરવા અને કૃષ્ણ મહારાજની ક્ષમા માગવા લાગ્યા. કૃષ્ણ મહારાજે આશ્વાસન આપ્યું કે અરિહંત અરિષ્ટનેમિ પ્રભુની વાણી અન્યથા થઈ જ કેમ શકે ? આમાં તારો શું વાંક છે ? તું અહીંથી જલ્દી ભાગી જા. બળરામનો આવવાનો સમય થઈ ગયો છે. તેઓ તને જીવતો નહીં છોડે. જરાકુમાર ત્યાંથી નીકળી ગયા. અહીં શ્રીકૃષ્ણની વેદના ઉગ્ર થઈ ગઈ. તેમની શાંતિ અને સમતા તૂટી ગઈ, અધ્યવસાયો પલટાઈ ગયા, મારણાંતિક લેશ્યાનો ઉદય થયો, મોઢામાંથી શબ્દો સરી પડ્યા કે ક્યાં ગયો મારો ઘાતક ? મારા હાથમાંથી બચીને નીકળી ગયો. મારે એને ત્યારેને ત્યારે જ મારી નાખવાની જરૂર હતી. રૌદ્રધ્યાન એકદમ યૌવનાવસ્થાએ પહોંચ્યું અને તે જ સમયમાં કૃષ્ણ મહારાજ આયુષ્ય પૂર્ણ કરી ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીમાં ઉત્પન્ન થયા.

જૈન દષ્ટિએ વિશ્વ, ઊર્ધ્વ–મધ્ય–અધો આ ત્રણ ભાગમાં વિભક્ત છે. અધોલોકમાં સાત નરક છે. જ્યાં સૂર્યનો પ્રકાશ પહોંચતો નથી અને જ્યાં જીવ પોતાના પાપકર્મોનું અશુભ ફળ ભોગવે છે, તે સ્થાનોને નરક કહેવાય છે. આવા સાત સ્થાન છે. જેના નામ છે– ઘમ્મા, વંસા, શિલા, અંજના, રિટ્ઠા, મઘા અને માઘવતી. તેના ગોત્ર છે– રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને મહાતમઃ પ્રભા(તમઃ તમપ્રભા).

અહીં પ્રશ્ન થાય કે નામ અને ગોત્રમાં શું અંતર છે ?

સમાધાન :– શબ્દાર્થ સાથે સંબંધ ન હોય એવી સંજ્ઞાને "નામ" કહે છે. જેમ કે ઘમ્મા, વંસા વગેરેનો કોઈ અર્થ સ્થાન સાથે ઘટતો નથી અને શબ્દાર્થનું ધ્યાન રાખીને વસ્તુને જે સંજ્ઞા(નામ) અપાય છે તેને ગોત્ર કહે છે. જેમ કે ત્રીજી પૃથ્વીનું ગોત્ર વાલુકાપ્રભા છે. વાલુ = રેતી. ત્રીજી નરકભૂમિમાં રેતીનું પ્રમાણ અધિક હોવાથી તેનું ગોત્ર(નામ) વાલુકાપ્રભા તરીકે ઓળખાય છે. ક્ષેત્ર સ્વભાવથી તેમાં ઉષ્ણ વેદના હોય છે. **उज्जलिए** ઉજ્જવલિત શબ્દના બે અર્થ થાય છે. (૧) ત્રીજી નરકનું સાતમું નરકસ્થાન(નરકાવાસ) સ્થાન વિશેષ. (૨) ભીષણ–ભયંકર. અહીં ઉજ્જવલિતનો પ્રથમ અર્થ વધુ સંગત છે.

કથાનકનું વધારે વર્ણન કથાગ્રંથોમાં મળે છે.

જૈન દષ્ટિએ સંસારમાં જીવ પુણ્ય અને પાપને પ્રભાવે નરક સ્વર્ગમાં ભ્રમણ કરે એમાં કોઈ નવી વાત નથી. ભગવાન મહાવીરનો જીવ પણ પૂર્વે ત્રિપૃષ્ટ વાસુદેવ થઈને સાતમી નરકમાં ગયો હતો.

## શિક્ષા પ્રેરણા :–

(૧) તીર્થંકર ભગવાનનો સંયોગ થયો, ભવિષ્ય જાણીને નગરી બળવાની છે એવી ઘોષણા કરી દેવાઈ. તેમ છતાં પણ, હજારો નર–નારીઓ દ્વારિકામાં જ રહી ગયા. દીક્ષા અંગીકાર ન કરી શક્યા અને ત્યાં જ બળીને ભસ્મ થઈ ગયા. આ જીવોની એક ભારે કર્માવસ્થા છે. એક પ્રકારની ભવિતવ્યતા છે. ભગવાન

તરફ અને ધર્મ તરફ શ્રદ્ધા–આસ્થા રાખનાર, કેટલા ય જીવો દીક્ષા ન લઈ શક્યા. તાત્પર્ય એ જ છે કે– સંયમની ભાવના અને સુંદર સંયોગ સર્વને મળતાં નથી.

(૨) મનુષ્ય ભવને પામીને પોતાના સામર્થ્ય અનુસાર તક મળતાં ધર્મનો લાભ અવશ્ય લઈ લેવો જોઈએ. પ્રમાદ–આળસ અને ઉત્સાહ હીનતાની ગફલતમાં રહી ન જવું જોઈએ. જેવી રીતે શ્રી કૃષ્ણે જાણી લીધું કે મને તો સંયમ માર્ગ પ્રાપ્ત થવાનો નથી. તોપણ તેમણે અન્ય લોકોને સંયમ લેવાની પ્રેરણા આપી અને સહયોગી બની ધર્મ દલાલી કરવાનો લાભ મેળવી લીધો. દ્વારિકા વિનાશનું નિમિત્ત પણ પ્રેરક હતું. આવી જ રીતે શ્રદ્ધા અને ધર્મદલાલીનાં કાર્યોથી તેમણે તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

(૩) તે સમયે શ્રી કૃષ્ણે પોતાની આઠ પટ્ટરાણીઓને સહજ રીતે જ દીક્ષાની આજ્ઞા આપી દીધી હતી. આજે આપણે બધાં જાણીએ છીએ કે આ જીવન ચંચળ છે. આયુષ્યની દોરી એક દિવસ તૂટવાની છે. પરંતુ આળસ, પ્રમાદ અને મોહને વશ થઈને ધર્મારાધનાના કર્તવ્યને ભૂલી રહ્યા છીએ અથવા ભવિષ્યના ભરોસે છોડી દઈએ છીએ. પ્રસ્તુત પ્રકરણના શ્રવણથી આપણે આપણા જીવનને નવો વળાંક આપવો જોઈએ, વ્રત અને મહાવ્રતોમાં અગ્રસર રહેવું જોઈએ.

(૪) કૃષ્ણ વાસુદેવના જીવનના વિભિન્ન ઉતાર–ચઢાવને સમજીને એ સ્વીકારવું અને સમજવું જોઈએ કે આ બાહ્ય વૈભવ પણ જ્યાં સુધી પુણ્યનો ઉદય છે ત્યાં સુધી જ જીવને સાથ આપે છે. શ્રી કૃષ્ણનો એક સમય એવો હતો કે તેમના બોલાવવાથી દેવ હાજર થયા અને દ્વારિકાની રચના કરી દીધી. સુસ્થિત દેવે લવણ સમુદ્ર પાર કરાવી દીધો. ગજસુકુમાલ નામનો ભાઈ થશે તેવી સૂચના પણ દેવે જ આપી હતી. પરંતુ પુણ્યોદય સમાપ્ત થયો અને પાપનો ઉદય થયો ત્યારે નગરીની એક સામાન્ય વ્યક્તિ સોમિલે કૃષ્ણના નાના ભાઈ, પ્રભુ નેમનાથના નવદીક્ષિત અણગાર ગજસુકુમાલ મુનિને મારણાંતિક ઉપસર્ગ આપ્યો અને જે દ્વારિકા હંમેશાં તીર્થંકર, મુનિઓથી પાવન રહેતી હતી, પ્રથમ દેવલોકના દેવો દ્વારા નિર્મિત હતી તેને એક સામાન્ય દેવે બાળીને ભસ્મ કરી નાંખી. આ સર્વ ઘટનાઓ પુણ્ય–પાપની અકળ લીલાનું જ દર્શન કરાવે છે. કર્મોની વિચિત્ર અવસ્થાઓને જાણીને આવા કર્મોથી હંમેશને માટે મુક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**॥ વર્ગ–૫ : અધ્ય.–૯, ૧૦ સંપૂર્ણ ॥**

# છટ્ઠો વર્ગ

## અધ્યયન – ૧/૨ : મકાઈ–કિંકમ

**મકાઈ અને કિંકમ ગાથાપતિ :–**

**१** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पंचमस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, छट्ठस्स णं भंते ! वग्गस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं छट्ठस्स वग्गस्स सोलस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**मकाइ, किंकमे चेव, मोग्गरपाणी य, कासवे ।**
**खेमए, धिइधरे, चेव, केलासे, हरिचंदणे ॥१॥**

**वारत्त, सुदंसण, पुण्णभद्द तह, सुमणभद्द, सुपइट्ठे ।**
**मेहे, अइमुत्त, अलक्के, अज्झयणाणं तु सोलसयं ॥२॥**

**जइ सोलस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसिलए चेइए । सेणिए राया । तत्थ णं मकाई णामं गाहावई परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए ।**

**ભાવાર્થ :–** આર્ય જંબૂ સ્વામીની પૃચ્છા– હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાના પાંચમા વર્ગનો આ અર્થ પ્રરૂપ્યો છે તો હે પ્રભુ ! છટ્ઠા વર્ગનો ભગવાને શું અર્થ ફરમાવ્યો છે ?

આર્ય સુધર્માસ્વામીનો ઉત્તર– હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાના છટ્ઠાવર્ગના સોળ અધ્યયન ફરમાવ્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) મકાઈ (૨) કિંકમ (૩) મુદ્ગરપાણિ (૪) કાશ્યપ (૫) ક્ષેમક (૬) ધૃતિધર (૭) કૈલાશ (૮) હરિચંદન (૯) વારત્ત (૧૦) સુદર્શન (૧૧) પુણ્યભદ્ર(પૂર્ણભદ્ર) (૧૨) સુમનભદ્ર (૧૩) સુપ્રતિષ્ઠિત

(૧૪) મેઘકુમાર (૧૫) અતિમુક્તકુમાર (૧૬) અલક્ષકુમાર.

જંબૂસ્વામીએ સુધર્મા સ્વામીને કહ્યું– ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીરે છટ્ઠા વર્ગના સોળ અધ્યયન કહ્યાં છે, તો પ્રથમ અધ્યયનનો શું અર્થ ફરમાવ્યો છે ?

હે જંબૂ ! તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ નામનું ચૈત્ય–ઉદ્યાન હતું. શ્રેણિક રાજા રાજગૃહના પ્રજાપાલક હતા. રાજગૃહ નગરમાં મકાઈ નામના ગાથાપતિ રહેતા હતા. જેઓ અત્યંત ઋદ્ધિસંપન્ન એવમ્ બીજાથી અપરાભૂત(અપરાજિત) હતા.

## પ્રભુ મહાવીર સ્વામીનું પદાર્પણ; મકાઈની દીક્ષા :–

**૨ तेणं कालेणं तेणं समएणं भगवं महावीरे गुणसिलए चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हइ, उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । परिसा णिग्गया । तए णं से मकाई गाहावई इमीसे कहाए लद्धट्ठे जहा पण्णत्तीए गंगदत्ते तहेव इमो वि जेट्ठपुत्तं कुडुंबे ठवेत्ता पुरिससहस्सवाहिणीए सीयाए णिक्खंते** *जाव* **अणगारे जाए– इरियासमिए** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ગુણશીલ ઉદ્યાનમાં સાધુ યોગ્ય અવગ્રહ ગ્રહણ કરી સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા પધાર્યા. પ્રભુ મહાવીરના આગમનના સમાચાર સાંભળી પરિષદ દર્શનાર્થે અને ધર્મશ્રવણ કરવા આવી. ત્યારે મકાઈ ગાથાપતિ પણ પ્રભુના સમાચાર પ્રાપ્ત થવા પર જેવી રીતે શ્રી ભગવતી સૂત્રમાં ગંગદત્તનું વર્ણન છે તેવી રીતે ઘરેથી નીકળ્યા. ધર્મ ઉપદેશ સાંભળી વિરક્ત થઈ ગયા. ઘેર આવી જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને પોતે હજાર પુરુષો દ્વારા ઉપાડી શકાય એવી શિબિકામાં બેસી પ્રવ્રજ્યા લેવા અભિનિષ્ક્રમણ કર્યું. ભગવાન પાસે ઉપસ્થિત થયા ***યાવત્*** તેઓ ઈર્યા સમિતિથી યુક્ત, ગુપ્તિઓથી ગુપ્ત બ્રહ્મચારી અણગાર બની ગયા.

## વિવેચન :–

આ છટ્ઠા વર્ગથી પ્રભુ મહાવીર સ્વામીના અંતકૃત કેવળીઓનું વર્ણન છે. જેમાં સોળ સંતો અને ૨૩ (ત્રેવીશ) સાધ્વીજીઓનું કથન છે. ઈભ્ય શ્રેષ્ઠી મકાઈ ગાથાપતિ ભગવાનની દેશના સાંભળી વૈરાગ્ય ભાવથી રંગાઈ ગયા. શ્રી ભગવતી સૂત્ર(વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ)ના શતક–૧૬ અને ઉદ્દેશા–૫ માં વર્ણિત ગંગદત્ત શ્રેષ્ઠીની જેમ ઘરેથી નીકળ્યા અને સંયમી બન્યા.

## મકાઈ આદિ ગાથાપતિની સિદ્ધિ ગાથાપતિ :–

**૩ तए णं से मकाई अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं**

**थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ । सेसं जहा खंदयस्स गुणरयणं तवोकम्मं सोलसवासाइं परियाओ । तहेव विउले सिद्धे ।**

**किंकमे वि एवं चेव** *जाव* **विउले सिद्धे ।**

**ભાવાર્થ :–** મુનિ બન્યા પછી મકાઈ અણગારે શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ(યથાર્થ) સંયમી સ્થવિરો પાસે સામાયિકથી લઈ અગિયાર અંગોનું અધ્યયન કર્યું અને સ્કંધક અણગારની જેમ ગુણરત્ન સંવત્સર તપનું આરાધન કર્યું. સોળ વર્ષની દીક્ષા પર્યાય પાળી, વિપુલગિરિ પર્વત પર સંથારો કરી અંતે સિદ્ધગતિને પામ્યા.

કિંકમ ગાથાપતિ પણ મકાઈ ગાથાપતિની જેમ દીક્ષા લઈ વિપુલગિરિ પર્વત પર સંથારો કરી સિદ્ધ થયા.

**॥ વર્ગ–૬ : અધ્ય.–૧, ૨ સંપૂર્ણ ॥**

# છઠ્ઠો વર્ગ

## અધ્યયન – ૩ : મુદ્‌ગરપાણિ

**અર્જુન માલાકાર :–**

**१** **तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसीलए चेइए । सेणिए राया । चेलणा देवी । तत्थ णं रायगिहे णयरे अज्जुणए णामं मालागारे परिवसइ। अड्ढे** *जाव* **अपरिभूए । तस्स णं अज्जुणयस्स मालागारस्स बंधुमई णामं भारिया होत्था । सुकुमालपाणिपाया । तस्स णं अज्जुणयस्स मालायारस्स रायगिहस्स णयरस्स बहिया, एत्थं णं महं एगे पुप्फारामे होत्था– किण्हे** *जाव* **महामेह णिउरंबभूए दसद्धवण्ण कुसुमकुसुमिए पासाईए दरिसणिज्जे अभिरूवे पडिरूवे ।**

**तस्स णं पुप्फारामस्स अदूरसामंते, एत्थ णं अज्जुणयस्स मालायारस्स अज्जय– पज्जय–पिइपज्जयागए अणेगकुलपुरिस–परंपरागए मोग्गरपाणिस्स जक्खस्स जक्खा– ययणे होत्था–पोराणे दिव्वे सच्चे जहा पुण्णभद्दे । तत्थ णं मोग्गरपाणिस्स पडिमा एगं महं पलसहस्सणिप्फण्णं अओमयं मोग्गरं गहाय चिट्ठइ ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ ઉદ્યાન, શ્રેણિક મહારાજા, ચેલણા મહારાણી આ નગરીના કેન્દ્રસ્થાને હતા. રાજગૃહીમાં ઋદ્ધિસંપન્ન, અન્યથી અપરાભૂત અર્જુન નામે માલાકાર (માળી) રહેતો હતો. તેને બંધુમતી નામની સુંદર, અત્યંત સુકુમાર ભાર્યા હતી. તે અર્જુન માળીનો નગરી બહાર એક મોટો વિશાળ પુષ્પારામ– ફૂલોનો બગીચો હતો. તે પુષ્પારામ કોઈ જગ્યાએ શ્યામ કાંતિ વાળો, ***યાવત્*** [ઔપપાતિક સૂત્ર)]આકાશમાં ચઢેલા ઘનઘોર વાદળા જેવો શ્યામ કાંતિ–વાળો દેખાતો હતો. તે ઉદ્યાનમાં પાંચ વર્ણના પુષ્પો ખીલેલાં હોવાથી બગીચો હૃદયને પ્રસન્ન તથા આનંદિત કરનારો, અત્યંત પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતો.

તે ફૂલવાડીની પાસે જ તેના પૂર્વજો–બાપદાદાની કુળપરંપરાથી સંબંધિત મુદ્‌ગરપાણિ નામના યક્ષનું યક્ષાયતન(મંદિર) હતું. તે પૂર્ણભદ્ર ચૈત્ય સમાન પ્રાચીન, દિવ્ય અને સત્ય એટલે કે પ્રભાવિક હતું. તેમાં 'મુદ્‌ગરપાણિ' નામક યક્ષની પ્રતિમા હતી. જેના હાથમાં એક હજાર પલ પરિમાણ વજનદાર લોખંડનું મુદ્‌ગર હતું.

## વિવેચન :–

આ અધ્યયનનું મુખ્યપાત્ર અર્જુનમાળી છે. તેના જીવનમાં બે વ્યક્તિ મુખ્ય ભાગ ભજવે છે. (૧) તેમાં એક અર્જુનમાળીના શાંત, સ્થિર અને સુખમય જીવનમાં તોફાન ખડું કરી દે છે, તેનું નામ છે અર્જુન માળીનો આરાધ્ય દેવ મુદ્‌ગરપાણિ યક્ષ અને (૨) બીજા, તોફાને ચઢેલી તેની જીવન નાવડી શાંત કરી એક સુદઢ કિનારે પહોંચાડવાનું કામ કરે છે શ્રમણોપાસક સુદર્શન શ્રેષ્ઠી. અર્જુનના બાહ્યાભ્યાંતર જીવન પરિવર્તનનું મુખ્ય નિમિત્ત મુદ્‌ગરપાણિ યક્ષ હોવાથી આ અધ્યયનનું નામ **मोग्गरपाणि** રાખવામાં આવ્યું છે. આ એક રહસ્યમય વિરલ ઘટના છે. યક્ષના "પાણિ" એટલે હાથમાં એક હજાર પલનું ભારે મુદ્‌ગર(શસ્ત્ર વિશેષ) હોવાથી તે મંદિર મુદ્‌ગરપાણિયક્ષ તરીકે જ ઓળખાતું. **पलसहस्सणिप्फण्णं** આ મુદ્‌ગરનું વજન છે. એટલે કે જેનું નિર્માણ એક હજાર પલ ભાર લોખંડથી કરવામાં આવ્યું હતું. 'પલ'ના અહીં વિવિધ અર્થો મળે છે.

(૧) એક પલ = બે કર્ષ પ્રમાણ(એક કર્ષ દશ માસાનો હોય છે) **कर्षाभ्यां पलं प्रोक्तं कर्षः स्याद्दशमाषकः (शाड्‌गंधर संहिता)** આ પ્રમાણે ૨૦ માસાનો એક પલ થાય છે.

(૨) ચાર તોલાનો એક પલ થાય છે. (પ્રાકૃત શબ્દમહાર્ણવ) અસ્તુ, ચાર તોલાનો એક પલ માનીએ તો યક્ષના હાથમાં ૧ મણ, ૧૦ શેરનું વિશાળ મુદ્‌ગર હતું.

(૩) અન્ય પ્રકારે એની વ્યાખ્યા છે– આજના પાંચ રૂપિયાના ભાર બરાબર એક પલ થાય છે. ૧૬ પલનો એક શેર થાય. આ ગણત્રીએ એક હજાર પલના સાડા બાસઠ શેર થાય છે. તદ્‌નુસાર લગભગ ૫૭ (સત્તાવન) કિલો થાય.

## અર્જુનમાળીનો દૈનિક ક્રમ :–

**२ तए णं से अज्जुणए मालागारे बालप्पभिइं चेव मोग्गरपाणि जक्खभत्ते यावि होत्था । कल्लाकल्लिं पच्छियपिडगाइं गेण्हइ गेण्हित्ता रायगिहाओ णयराओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव पुप्फारामे तेणेव उवागच्छइ, उवागच्छित्ता पुप्फुच्चयं करेइ, करेत्ता अग्गाइं वराइं पुप्फाइं गहाय, जेणेव मोग्गरपाणिस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागच्छइ, उवागच्छित्ता मोग्गरपाणिस्स जक्खस्स महरिहं पुप्फच्चणं करेइ, करेत्ता जाणुपायपडिए पणामं करेइ, तओ पच्छा रायमग्गंसि वित्तिं कप्पेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** અર્જુનમાળી બચપણથી મુદ્‌ગરપાણિ યક્ષનો ઉપાસક હતો. હંમેશાં વાંસની છાબડી લઈ રાજગૃહીથી નીકળી પોતાના બગીચે જતો અને ફૂલોને ચૂંટી ચૂંટીને એકત્રિત કરતો હતો. ત્યાર પછી તે ચૂંટેલા ફૂલોમાંથી ઉત્તમ–ઉત્તમ ફૂલો લઈ મુદ્‌ગરપાણિ યક્ષના મંદિરે જતો અને મુદ્‌ગરપાણિ યક્ષની ઉત્તમ ફૂલો દ્વારા પૂજા અર્ચના કરી, ભૂમિ પર બંને ગોઠણ ટેકવીને પ્રણામ કરતો હતો. ત્યાર પછી રાજમાર્ગના

કિનારે બજારમાં બેસી આજીવિકા માટે ફૂલ વેચતો હતો અને આ રીતે પોતાનું જીવન સુખપૂર્વક વીતાવતો હતો.

**વિવેચન :–**

આ સૂત્રમાં અર્જુનમાળીની ભક્તિ તથા દિનચર્યાનું વર્ણન છે. અનાદિનું આ લોકમાનસ અને આર્યસંસ્કૃતિ છે કે પોતાની વસ્તુમાંથી ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ધર્મતત્ત્વના ચરણે ધરવી પછી તે દેવ હોય કે ગુરુ. **पच्छिपिडगाइं पच्छि** અને **पिटक** આ બે સમાનાર્થી શબ્દનો પ્રયોગ બહુવચન માટે છે. પચ્છિ એ દેશીય ભાષાનો શબ્દ છે. જેનો અર્થ નાની છાબડી થાય છે અને પિટક શબ્દ પણ પટારીનો બોધક છે. આમ બંને ભેગા કરો તો અનેક નાની છાબડીઓ એવો અર્થ થાય છે.

**લલિતા ટોળી :–**

**૩ तत्थ णं रायगिहे णयरे ललिया णामं गोट्ठी परिवसइ– अड्ढा** *जाव* **अपरिभूया जं कयसुकया यावि होत्था ।**

**तए णं रायगिहे णयरे अण्णया कयाइ पमोदे घुट्ठे यावि होत्था । तए णं से अज्जुणए मालागारे कल्लं पभूयतराएहिं पुप्फेहिं कज्जं इति कट्टु पच्चूसकालसमयंसि बंधुमईए भारियाए सद्धिं पच्छिपिडयाइं गेण्हइ, गेण्हित्ता सयाओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता रायगिहं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव पुप्फारामे तेणेव उवागच्छइ, उवागच्छित्ता बंधुमईए भारियाए सद्धिं पुप्फच्चयं करेइ । तए णं तीसे ललियाए गोट्ठीए छ गोट्ठिल्ला पुरिसा जेणेव मोग्गरपाणिस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागया अभिरममाणा चिट्ठंति ।**

**ભાવાર્થ :–** તે રાજગૃહ નગરમાં "લલિતા" નામની સમૃદ્ધ અને અપરાભૂત મિત્રમંડળી હતી. રાજાનું કોઈ એક ઈચ્છિત કાર્ય કરી આપવાના કારણે રાજા તરફથી અભયદાન મેળવેલી આ મંડળી સ્વચ્છંદી બની ગઈ હતી. તેના કાર્યને કોઈ રોકનાર ન હતુ. એક દિવસ રાજગૃહમાં સાર્વજનિક ઉત્સવની ઘોષણા થઈ. અર્જુન માળીએ વિચાર્યું કે આવતી કાલે ઉત્સવમાં પુષ્પ વિક્રય અધિક થશે. તેથી તે સવારે વહેલો ઊઠ્યો અને પોતાની પત્ની બંધુમતીની સાથે અનેક છાબડીઓ લઈને નીકળ્યો. રાજગૃહ નગરમાં પસાર થતો તે પોતાની પુષ્પવાડી(પુષ્પારામ–ઉદ્યાન)માં આવ્યો. આવીને બંધુમતી સાથે ફૂલો ચૂંટવા લાગ્યો. તે સમયે પૂર્વોક્ત "લલિતાટોળી"ના છ મિત્રો મુદ્‌ગરપાણિ યક્ષના મંદિરમાં આવી આમોદ પ્રમોદ કરવા લાગ્યા.

**વિવેચન :–**

લલિતાટોળીનું આ સૂત્રમાં કથન છે. લલિતાટોળીનો અર્થ છે ઉચ્છૃંખલ યુવાનોની ટોળી. સમૃદ્ધ

અને અપરાભૂત હોવાનું કારણ રાજસત્તાનો સહયોગ. આજે પણ રાજના આધારે આવી ટોળીઓ ફાલી ફૂલી ફરે જ છે. આ ટોળી રાજગૃહ(જનતા) માટે અભિશાપરૂપ હતી.

## લલિતાટોળીનો અનાચાર :–

**૪** **तए णं अज्जुणए मालागारे बंधुमईए भारियाए सद्धिं पुप्फुच्चयं करेइ पच्छिपिडगाइं भरेइ, भरेत्ता अग्गाइं वराइं पुप्फाइं गहाय जेणेव मोग्गरपाणिस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागच्छइ । तए णं ते छ गोट्ठिल्ला पुरिसा अज्जुणयं मालागारं बंधुमईए भारियाए सद्धिं एज्जमाणं पासंति, पासित्ता अण्णमण्णं एवं वयासी–**

**एस णं देवाणुप्पिया ! अज्जुणए मालागारे बंधुमईए भारियाए सद्धिं इहं हव्वमागच्छइ । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं अज्जुणयं मालागारं अवओडय- बंधणयं करेत्ता बंधुमईए भारियाए सद्धिं विउलाइं भोगभोगाइं भुंजमाणाणं विहरित्तए त्ति कट्टु, एयमट्ठं अण्णमण्णस्स पडिसुणेंति, पडिसुणेत्ता कवाडंतरेसु णिलुक्कंति, णिच्चला, णिप्फंदा, तुसिणीया, पच्छण्णा चिट्ठंति । तए णं से अज्जुणए मालागारे बंधुमईए भारियाए सद्धिं जेणेव मोग्गरपाणिस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागच्छइ, आलोए पणामं करेइ, महरिहं पुप्फच्चणं करेइ, जण्णुपायपडिए पणामं करेइ । तए णं छ गोट्ठिल्ला पुरिसा दवदवस्स कवाडंतरेहिंतो णिग्गच्छंति णिग्गच्छित्ता अज्जुणयं मालागारं गेण्हंति, गेण्हित्ता अवओडयबंधणं करेंति । बंधुमईए मालागारीए सद्धिं विउलाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।**

**ભાવાર્થ :–** અર્જુનમાળી બંધુમતી સાથે એકઠા કરેલા પુષ્પોમાંથી શ્રેષ્ઠ–સર્વોત્તમ પુષ્પો લઈને મુદ્‌ગરપાણિ યક્ષના મંદિર(યક્ષાયતન) તરફ જતો હતો. ત્યારે છ ગોષ્ઠિક પુરુષોએ અર્જુન તથા બંધુમતીને મંદિર તરફ આવતા જોઈને પરસ્પર વિચાર કર્યો કે હે મિત્રો ! અર્જુન તેની પત્ની સાથે અહીં આવે છે. આપણા માટે આ અવસર ઉત્તમ છે કે અર્જુનને અવળે હાથે બાંધી અને નીચે પછાડી દઈ, આપણે તેની પત્ની બંધુમતી સાથે વિપુલ ભોગો ભોગવીએ. આ પ્રમાણે પરસ્પર વિચાર વિમર્શ અને નિશ્ચય કરીને તેઓ વિશાળ કમાડ (મંદિરના દરવાજા) પાછળ સંતાઈ ગયા. અવાજ કરવો તો દૂર રહ્યો પણ પોતાના શ્વાસોચ્છ્‌વાસનો અવાજ પણ ન આવે એ રીતે શ્વાસ રોકી, નિશ્ચલ થઈ છુપાઈને તે બંનેની રાહ જોતા ઊભા રહ્યા. અર્જુન માળી તેની પત્ની બંધુમતી સાથે યક્ષાયતનમાં આવ્યો. આવીને પ્રતિમાને ભક્તિભાવથી–પ્રફુલ્લિત નયને જોતા પ્રણામ કર્યા. પ્રણામ કરીને શ્રેષ્ઠ પુષ્પો દ્વારા પૂજા–અર્ચના કરી ગોઠણ ટેકવી, પ્રણામ કર્યા. એટલામાં તો છ ગૌષ્ઠિક પુરુષો દરવાજા પાછળથી જલ્દી નીકળ્યા અને

અર્જુનમાળીને પકડી, અવળે હાથે બાંધી એક તરફ પછાડી દીધો. ત્યાર પછી તેની પત્ની બંધુમતી માલણ સાથે વિવિધ પ્રકારે કામક્રીડા કરવા લાગ્યા.

**વિવેચન :–**

આ સૂત્રમાં ટોળકીના અનૈતિક વ્યવહારનું કથન છે. તેઓએ અર્જુનમાળીને અવકોટન બંધને બાંધ્યો. અવકોટનો અર્થ છે ગળામાં દોરી નાખી તેને પાછળ લઈ જઈ બંને હાથને પીઠ પાછળ બાંધી દેવા. **णिच्चला** = નિશ્ચલ, શરીર વ્યાપારથી રહિત, **णिप्फंदा** = નિષ્પંદ, કંપન કે હલ્યા ચલ્યા વગર, **तुसिणीया** = તૂષ્ણીક, મૌન, **पच्छण्णा** = પ્રચ્છન્ન, છુપાઈને.

**અર્જુનમાળીના શરીરમાં યક્ષનો પ્રવેશ :–**

**૫ तए णं तस्स अज्जुणयस्स मालागारस्स अयमज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं बालप्पभिइं चेव मोग्गरपाणिस्स भगवओ कल्लाकल्लिं** *जाव* **पुप्फच्चणं करेमि, जण्णुपायपडिए पणामं करेमि तओ पच्छा रायमग्गंसि वित्तिं कप्पेमाणे विहरामि । तं जइ णं मोग्गरपाणि जक्खे इह सण्णिहिए होंते, से णं किं मम एयारूवं आवइं पावेज्जमाणं पासंते ? तं णत्थि णं मोग्गरपाणि जक्खे इह सण्णिहिए । सुव्वत्तं णं एस कट्ठे । तए णं से मोग्गरपाणी जक्खे अज्जुणयस्स मालागारस्स अयमेयारूवं अज्झत्थियं** *जाव* **वियाणेत्ता अज्जुणयस्स मालागारस्स सरीरयं अणुप्पविसइ, अणुप्पविसित्ता तडतडस्स बंधाइं छिंदइ, छिंदित्ता तं पलसहस्सणिप्फण्णं अओमयं मोग्गरं गेण्हइ, गेण्हित्ता ते इत्थिसत्तमे छ पुरिसे घाएइ ।**

**तए णं से अज्जुणए मालागारे मोग्गरपाणिणा जक्खेणं अण्णाइट्ठे समाणे रायगिहस्स णयरस्स परिपेरंतेणं कल्लाकल्लिं इत्थिसत्तमे छ पुरिसे घाएमाणे घाएमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** આ દશ્ય જોઈને અર્જુનમાળીના મનમાં એવો વિચાર આવ્યો કે– હું બાલ્યકાળથી જ હંમેશાં મારા ઈષ્ટદેવ મુદ્ગરપાણિ યક્ષની પૂજા કરતો આવ્યો છું. તેની પૂજા–અર્ચના કર્યા પછી જ આજીવિકા માટે રાજમાર્ગ ઉપર બેસી ફૂલ વેચવા જાઉં છું. મને લાગે છે કે નિશ્ચયથી અહીં મુદ્ગરપાણિ યક્ષ હાજર નથી. આ તો માત્ર કાષ્ઠની પ્રતિમા છે. માત્ર લાકડું છે. જો મુદ્ગરપાણિ યક્ષ ખરેખર અહીં હાજર હોત તો શું મને આ પ્રકારની સ્થિતિમાં પડેલો જોઈ શકત ?

તે જ સમયે મુદ્ગરપાણિ યક્ષે અર્જુનમાળીના આ પ્રમાણેના મનોગત ભાવોને જાણીને તેના શરીરમાં પ્રવેશ કર્યો અને બંધનોને તડાતડ તોડી નાખ્યા. ત્યાર પછી તે મુદ્ગરપાણિ યક્ષથી આવિષ્ટ

અર્જુનમાળીએ એક હજાર પલ લોખંડનો મુદ્‌ગર લઈ બંધુમતી સહિત તે છ એ ગોષ્ઠિક પુરુષોને મારી નાંખ્યા.

આ પ્રમાણે મુદ્‌ગરપાણિ યક્ષથી આવિષ્ટ અર્જુનમાળી રાજગૃહ નગરની બહારની સીમા આસપાસ ચારે તરફ છ પુરુષ અને એક સ્ત્રીની કુલ સાત જીવોની પ્રતિદિન ઘાત કરતો ફરવા લાગ્યો.

### શ્રેણિક મહારાજની ઘોષણા :–

**૬ तए णं रायगिहे णयरे सिंघाडग तिग–चउक्क–चच्चर–चउम्मुह महापहपहेसु बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ एवं भासेइ एवं पण्णवेइ एवं परूवेइ– एवं खलु देवाणुप्पिया ! अज्जुणए मालागारे मोग्गरपाणिणा अण्णाइट्ठे समाणे रायगिहे णयरे बहिया इत्थिसत्तमे छ पुरिसे घाएमाणे घाएमाणे विहरइ ।**

**तए णं से सेणिए राया इमीसे कहाए लद्धट्ठे समाणे कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अज्जुणए मालागारे** *जाव* **घाएमाणे घाएमाणे विहरइ । तं मा णं तुब्भे केइ कट्ठस्स वा तणस्स वा पाणियस्स वा पुप्फफलाणं वा अट्ठाए सइरं णिग्गछह । मा णं तस्स सरीरयस्स वावत्ती भविस्सइ त्ति कट्टु दोच्चं पि तच्चं पि घोसणयं घोसेह, घोसेत्ता खिप्पामेव ममेयं आणत्तियं पच्चप्पिणह । तए णं से कोडुंबियपुरिसा** *जाव* **पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** તે સમયે રાજગૃહ નગરના શ્રૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચઉમુખ રાજમાર્ગાદિ સર્વ સ્થળે લોકો પરસ્પર એક બીજાને આ પ્રમાણે કહેવા લાગ્યા– હે દેવાનુપ્રિય ! અર્જુનમાળી મુદ્‌ગરપાણિ યક્ષથી આવિષ્ટ થઈ રાજગૃહી નગરીની બહાર હંમેશાં છ પુરુષો અને એક સ્ત્રી આમ સાત વ્યક્તિઓની ઘાત કરતો ફરી રહ્યો છે.

આ સમાચાર શ્રેણિક રાજાને મળવા પર તેઓએ કૌટુંબિક પુરુષોને બોલાવ્યા અને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! અર્જુનમાળી હંમેશાં સાત વ્યક્તિઓની ઘાત કરી રહ્યો છે. તેથી તમે મારી આજ્ઞાને આખા નગરમાં ઘોષણા કરી જાહેર કરો કે કોઈ પણ ઘાસ, લાકડા, પાણી કે ફળફૂલ અદિ માટે રાજગૃહ નગરની બહાર ન નીકળે. રખેને અર્જુનમાળીના હાથે મૃત્યુ પામે. હે દેવાનુપ્રિયો ! મારી આ આજ્ઞાને બે વાર ત્રણવાર ઘોષિત કરી મને પુનઃ સૂચના આપો. કૌટુંબિક પુરુષોએ રાજાજ્ઞા પ્રમાણે આખા રાજગૃહ નગરમાં ઘોષણા કરી, રાજાજ્ઞા રાજાને પાછી સોંપી.

### શ્રાવકરત્ન સુદર્શન શ્રેષ્ઠી :–

**૭ तत्थ णं रायगिहे णयरे सुदंसणे णामं सेट्ठी परिवसइ–अड्ढे** *जाव*

**अपरिभूए । तए णं से सुदंसणे समणोवासए यावि होत्था–अभिगयजीवाजीवे उवलद्ध- पुण्णपावे, आसव-संवर-णिज्जर-किरियाहिगरण-बंध-मोक्खकुसले, असहेज्जदेवा-सुर-णाग-सुवण्ण-जक्ख-रक्खस किण्णर-किंपुरिस- गरुल-गंधव्व-महोरगाइएहिं देवगणेहिं णिग्गंथाओ पावयणाओ अणइक्क- मणिज्जे, णिग्गंथे पावयणे णिस्संकिए णिक्कंखिए णिव्वितिगिच्छे, लद्धट्ठे, गहियट्ठे, पुच्छियट्ठे, अहिगयट्ठे, विणिच्छियट्ठे, अट्ठिमिंज पेमाणुरागरत्ते । अयमाउसो ! णिग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे, उसियफलिहे अवंगुयदुवारे, चियत्तंतेउर परघरदारप्पवेसे, बहुहिं सीलव्वय-गुणवेरमण- पच्चक्खाण- पोसहोप-वासेहिं चाउद्दस्सट्ठमु-द्दिट्ठपुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणे समणे णिग्गंथे फासुए सणिज्जेणं असण पाण-खाइम-साइमेणं वत्थ-पडिग्गह-कंबल- पायपुंछणेणं पीढ-फलग- सिज्जा-संथारएणं ओसह- भेसज्जेण य पडिलाभेमाणे अहापरिग्गहि- एहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે રાજગૃહ નગરમાં સુદર્શન નામના ઋદ્ધિસંપન્ન ***યાવત્*** આત્મનિર્ભર શ્રેષ્ઠી રહેતા હતા. તેઓ શ્રમણોપાસક હતા, તે જીવાજીવાદિ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, કર્મબંધનની કારણભૂત પચ્ચીસ ક્રિયાઓ, અધિકરણ (કર્મબંધના સાધનો), બંધ તથા મોક્ષાદિ નવ તત્ત્વોના જ્ઞાતા, નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધાથી દેવ, અસુર, સુપર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગાદિ દેવો દ્વારા પણ અવિચલિત, નિર્ગ્રંથ પ્રવચનમાં દઢ શ્રદ્ધાવાન, શંકા, કંખા, વિતિગિચ્છા(કરણીના ફળમાં સંદેહ) આદિ રહિત હતા. તેઓએ શાસ્ત્રના પરમાર્થને સમજી લીધો હતો. રહસ્યો આદિની ધારણા કરેલા, સંદેહજનક સ્થાનોનું પૂછીને સમાધાન કરેલા, જ્ઞાનપ્રાપ્ત, વિશેષ નિર્ણય પ્રાપ્ત, સુદર્શન શ્રાવકના હાડ અને મજ્જા સર્વજ્ઞ દેવના અનુરાગથી અનુરંજિત હતા. તેઓ દઢતાપૂર્વક માનતા કે નિર્ગ્રંથ પ્રવચન જ સત્ય છે, પરમાર્થ છે, પરમ સત્ય છે. તે સિવાયનું બધું અનર્થ(અસત્યરૂપ) છે. તેમની ઉદારતા એવી હતી કે હંમેશાં તેમના ભવનના દરવાજા સર્વના માટે ખુલ્લા જ રહેતા. તેમનો કોઈ પણ ઘર કે અંતઃપુરનો પ્રવેશ પ્રિયકારી, પ્રીતિકારી હતો. શીલવ્રત, ગુણવ્રત, વિરમણ વ્રત, પ્રત્યાખ્યાન, પૌષધ, ઉપવાસ આદિનું પાલન કરતા. ચતુર્દશી, અષ્ટમી, અમાવસ્યા અને પૂર્ણિમાના દિને પરિપૂર્ણ પૌષધના કરનારા, શ્રમણોને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર આદિ ૧૪ પ્રકારના દાનથી પ્રતિલાભિત કરતા, તપસ્યાથી આત્માને ભાવિત કરતા, અનેક ગુણોથી યુક્ત આદર્શ શ્રમણોપાસક(શ્રાવક–ગૃહસ્થ)નું જીવન જીવતા હતા.

## વિવેચન :–

આદર્શ ગૃહસ્થ જીવનના સુંદરતમ પાસાઓનું વર્ણન આ સૂત્રમાં છે. આચારની ઈમારતનો પાયો જ્ઞાન છે અને જ્ઞાનના પાયા પર ચણાયેલી આચારની ઈમારત ગમે તેવા વાવાઝોડામાં અડિખમ ઊભી

રહે છે. આ જ વાતને સૂત્રકારે શ્રાવકના વર્ણનમાં પ્રથમ સ્થાને મૂકી છે. શ્રાવકો જીવ, અજીવ આદિ નવ તત્ત્વના જાણકાર હોવા જોઈએ. નિર્ભયતા, ઉદારતા, સચ્ચાઈ અને પ્રામાણિકતા એ શ્રાવકજીવનની ખુમારી છે. નિર્ગ્રંથ પ્રવચન શ્રવણ, સંતસેવા તથા સંત ભક્તિ એ એનું કર્તવ્ય છે. સુદર્શન શ્રેષ્ઠી જ્ઞાન, ખુમારી અને કર્તવ્યથી સાચા અર્થમાં શ્રમણોપાસક હતા. શ્રી ભગવતી સૂત્ર, શતક–ર, ઉદ્દેશા–પમાં તથા શ્રાવકાધિકાર પ્રમુખ આગમોમાંથી તેનું વિશદ વર્ણન જાણી લેવું.

## ભગવાન મહાવીરનું રાજગૃહીમાં પદાર્પણ :–

**૮ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसढे** *जाव* **अप्पाणं भावेमाणे विहरइ । तएणं रायगिहे णयरे सिंघाडग** *जाव* **महापहेसु बहुजणो अण्णमण्णस्स एवमाइक्खइ एवं भासइ, एवं पण्णवेइ, एवं परूवेइ– एवं खलु देवाणुप्पिया ! समणे भगवं महावीरे, आइगरे तित्थयरे सयंसंबुद्धे, पुरिसुत्तमे** *जाव* **संपाविउकामे, पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुगामं दूइज्जमाणे इहमागए, इह संपत्ते, इह समोसढे; इहेव रायगिहे णयरे बाहिं गुणसिलए चेइए अहापडिरूवं उग्गहं उग्गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तं महप्फलं खलु भो देवाणुप्पिया ! तहारूवाणं अरहंताणं भगवंताणं णामगोयस्स वि सवणयाए; किमंग पुण अभिगमण–वंदण–णमंसण–पडिपुच्छण–पज्जुवासणयाए ? एगस्स वि आयरियस्स धम्मियस्स सुवयणस्स सवणयाए; किमंग पुण विउलस्स अत्थस्स गहणयाए ?**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરી બહાર ઉદ્યાનમાં સમોસર્યા ***યાવત્*** વિચરવા લાગ્યા. પ્રભુના પદાર્પણના સમાચાર સાંભળી તે નગરના શ્રૃંગાટક રાજમાર્ગ આદિ સ્થાનોમાં લોકો પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા. વિશેષ રૂપથી, પ્રકટ રૂપથી, એક જ આશયને ભિન્ન ભિન્ન શબ્દો દ્વારા કાર્ય કારણની વ્યાખ્યા સહિત, તર્ક યુક્ત કથન સહિત, પ્રરૂપણા કરવા લાગ્યા. હે દેવાનુપ્રિય! શ્રમણ ભગવાન મહાવીર કે જેઓ સ્વયં સંબુદ્ધ છે, ધર્મતીર્થના આદિકર્તા અને તીર્થંકર છે, પુરુષોત્તમ છે ***યાવત્*** સિદ્ધ ગતિરૂપ સ્થાનની પ્રાપ્તિને અનુરૂપ જેઓની પ્રવૃત્તિ છે એવા ભગવાન ક્રમશઃ વિચરણ કરતાં કરતાં અહીંયા પધાર્યા છે. રાજગૃહી નગરીમાં આવી ચૂક્યા છે, અહીં બિરાજમાન છે. આજ રાજગૃહીની બહાર ગુણશીલ ઉદ્યાનમાં સંયમયોગ્ય સ્થાનને ગ્રહણ કરી, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા બિરાજી રહ્યા છે. તથારૂપ અરિહંત ભગવાનના નામ, ગોત્ર સાંભળવાથી પણ મહાફળની પ્રાપ્તિ થાય છે. તો પછી તેમના સમીપે જઈ દર્શન–વંદન નમસ્કાર સુખશાતાની પ્રતિપૃચ્છના કરવાથી એવં પર્યુપાસના કરતા તેમના શ્રીમુખેથી નીકળેલા એક પણ આર્ય શ્રેષ્ઠ ગુણ યુક્ત ધાર્મિક વચન સાંભળવાથી તથા વિપુલ અર્થને ગ્રહણ કરવાથી થનારા લાભની તો વાત જ શું કરવાની હોય ? અર્થાત્ મહાન લાભ થાય છે.

## વિવેચન :–

આ સૂત્રમાં પ્રભુના પદાર્પણની માત્ર લોકચર્ચા છે. લોક પ્રવાહને વાતોમાં કે વાર્તાલાપમાં જ રસ છે. વીતરાગતા કે વૈરાગ્ય પ્રત્યેની તાલાવેલી નથી. મુખથી તો પ્રભુના ગુણગાન બધા કરતા હતા પરંતુ દર્શન કરવા જવા કોઈ તૈયાર થયા નથી. સુદર્શન શ્રાવક જ તેમાં અપવાદ સ્વરૂપ હતા. કારણ કે રસ્તામાં મૃત્યુનો ભય ઊભો છે. પ્રભુ પ્રત્યે અનુરાગ ખરો, પણ પોતાની જાત કરતા વધુ નહીં. પ્રભુની સાક્ષાત્ હાજરીના સમયે પણ લોકમાનસ આવા જ હતા.

## સુદર્શનને શ્રવણે જાગી શ્રદ્ધા :–

**૧ तए णं तस्स सुदंसणस्स बहुजणस्स अंतिए एवं अट्ठं सोच्चा णिसम्म अयं अज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था– एवं खलु समणे भगवं महावीरे *जाव* विहरइ । तं गच्छामि णं समणं भगवं महावीरं वंदामि णमंसामि; एवं संपेहेइ, संपेहेत्ता जेणेव अम्मापियरो तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल परिग्गहियं *जाव* एवं वयासी–**

**एवं खलु अम्मयाओ ! समणे भगवं महावीरे *जाव* विहरइ । तं गच्छामि णं समणं भगवं महावीरं वंदामि णमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ ઘણા લોકોના મુખેથી પ્રભુ પધાર્યાના સમાચાર સાંભળી સુદર્શન શેઠના મનમાં આ પ્રમાણે વિચાર, ચિંતન, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે શ્રમણ ભગવાન મહાવીર નગરમાં પધાર્યા છે અને બહાર ગુણશીલ ઉદ્યાનમાં બિરાજમાન છે તો હું ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કરવા જાઉં.

આમ વિચારીને તેઓ પોતાના માતાપિતા પાસે આવ્યા અને બે હાથ જોડી બોલ્યા– હે માતાપિતા! શ્રમણ ભગવાન મહાવીર સ્વામી નગરી બહાર ઉદ્યાનમાં પધાર્યા છે, તો હું તેઓશ્રીને વંદન નમસ્કાર તથા સત્કાર સન્માન કરું, કલ્યાણ સ્વરૂપ, મંગલ અને દેવ સ્વરૂપ જ્ઞાનવંત પ્રભુની પર્યુપાસના કરું.

## વિવેચન :–

આ સૂત્રમાં સુદર્શન શ્રેષ્ઠીની શ્રદ્ધાનું સૂત્રકારે દર્શન કરાવ્યું છે. સુદર્શન શ્રેષ્ઠી લોકચર્ચા સાંભળી માત્ર બેસી ન રહ્યા, ચર્ચા સાંભળતા જ તુરત તેઓશ્રીના મનમાં પ્રભુદર્શનના ભાવ જાગ્યા. તેઓ પણ અર્જુનમાળીની હકીકત જાણતા હતા. તેમ છતાં પ્રભુ નગરીમાં પધારે અને શ્રમણોપાસક ઘરમાં બેસી ન રહે એવી શ્રદ્ધા તથા સંકલ્પે તેઓએ માતાપિતા પાસે આવી, પ્રભુદર્શને જવાની અનુજ્ઞા માંગી.

## વાત્સલ્યના બે રૂપ – મમતા તથા પરાભક્તિ :–

**१० तए णं सुदंसणे सेट्ठिं अम्मापियरो एवं वयासी– एवं खलु पुत्ता ! अज्जुणए मालागारे *जाव* घाएमाणे–घाएमाणे विहरइ । तं मा णं तुमं पुत्ता ! समणं भगवं महावीरं वंदए णिग्गच्छाहि, मा णं तव सरीरयस्स वावत्ती भविस्सइ । तुमण्णं इहगए चेव समणं भगवं महावीरं वंदाहि ।**

**तए णं से सुदंसणे सेट्ठी अम्मापियरं एवं वयासी– किण्णं अहं अम्मयाओ! समणं भगवं महावीरं इहमागयं, इह पत्तं, इह समोसढं, इह गए चेव वंदिस्सामि णमंसिस्सामि ? तं गच्छामि णं अहं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे समणं भगवं महावीरं वंदामि णमंसामि *जाव* पज्जुवासामि ।**

**तए णं सुदंसणं सेट्ठिं अम्मापियरो जाहे णो संचाएंति बहूहिं आघवणाहिं *जाव* परूवेत्तए ताहे एवं वयासी– अहासुहं देवाणुप्पिया !**

**ભાવાર્થ :–** સુદર્શનની વાત સાંભળી માતાપિતાએ કહ્યું કે હે પુત્ર ! અર્જુનમાળી માણસોની ઘાત કરતો ફરી રહ્યો છે. માટે બેટા તું શ્રમણ ભગવાન મહાવીરના દર્શન કરવા નગરી બહાર ન જા. ત્યાં જવાથી તારા શરીરને હાનિ પહોંચવાની સંભાવના છે. તું અહીંથી જ ભગવાનના દર્શન તથા પર્યુપાસના કરી લે.

ત્યારે સુદર્શન શેઠે આ પ્રમાણે કહ્યું– હે માતાપિતા ! શ્રમણ ભગવાન મહાવીર આપણી નગરીમાં પધાર્યા છે અને અહીં નજીકમાં જ ગુણશીલ ઉદ્યાનમાં સમોસર્યા છે અને હું શું અહીંથી જ તેઓશ્રીને વંદન નમસ્કાર કરું ? આવું કેમ થઈ શકે ? આપ જો આજ્ઞા આપો તો હું ત્યાં જઈને ભગવાનના દર્શન કરું તથા તેમની પર્યુપાસના કરું.

માતાપિતાએ સુદર્શનને અનેક રીતે સમજાવવાની કોશિશ કરી પરંતુ સુદર્શન શેઠ ન સમજ્યા ત્યારે અનિચ્છાએ તેઓએ કહ્યું કે હે પુત્ર ! તને સુખ ઉપજે તેમ કર.

## વિવેચન :–

આ સૂત્રમાં વત્સલતાના બે રૂપ બતાવ્યા છે. એક બાજુ માની મમતાનું પાસું છે તો બીજી બાજુ સુદર્શનની પ્રભુ પ્રત્યેની પરાભક્તિનું. અંતે સુદર્શન માતાપિતાને ત્રણ શબ્દો દ્વારા પ્રભુ પ્રત્યેની અવિહડ ભક્તિ દર્શાવે છે. તે ત્રણ શબ્દો છે– **इहमागयं**– પ્રભુ રાજગૃહીમાં પધાર્યા છે એ વાતને દઢ કરે છે. **इहपत्तं**– પ્રભુ રાજગૃહીની નજીકમાં નહીં, નગરીમાં જ પધાર્યા છે. **इहसमोसढं**– અહીં નજીકમાં જ ઉદ્યાનમાં વિરાજી રહ્યા છે. પહેલામાં નગરીથી નજીક પધાર્યાનો ભાવ છે. બીજામાં નગરીમાં જ પધાર્યા છે એવો ભાવ છે અને ત્રીજામાં નગરીમાં પણ ચોક્કસ સ્થાન ઉદ્યાનમાં સમોસર્યા છે. પ્રભુ નગરીમાં

બિરાજમાન હોય અને હું મૃત્યુના ભયથી શું અહીંથી જ દર્શન કરું ? સુદર્શનની ભક્તિને જોઈને માતા મજબૂર થઈ આજ્ઞા આપી.

## સુદર્શન ચાલ્યા સુ–દર્શન કરવા :–

**११** तए णं से सुदंसणे अम्मापिईहिं अब्भणुण्णाए समाणे ण्हाए सुद्धप्पावेसाइं मंगलाइं वत्थाइं पवरपरिहिए अप्पमहग्घाभरणालंकिय सरीरे सयाओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पायविहारचारेणं रायगिहं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिगच्छित्ता मोग्गरपाणिस्स जक्खस्स जक्खाययणस्स अदूरसामंतेणं जेणेव गुणसिलए चेइए जेणेव समणे भगवं महावीरे तेणेव पहारेत्थ गमणाए ।

**ભાવાર્થ :–** ત્યારે સુદર્શન માતા પિતાની અનુજ્ઞા મેળવી, સ્નાનાદિ કરી, ધર્મસભાને યોગ્ય શુદ્ધ, માંગલિક, હળવા તથા બહુમૂલ્ય વસ્ત્રાલંકાર ધારણ કરી, પોતાના ઘરેથી નીકળ્યા. નીકળીને રાજગૃહી નગરીની મધ્યમાં થઈ મુદ્‌ગરપાણિ યક્ષના યક્ષાયતનથી ન અતિ દૂર કે ન અતિ સમીપથી પસાર થઈ, ગુણશીલ ઉદ્યાને પ્રભુ જ્યાં બિરાજમાન હતા તે તરફ જવા લાગ્યા.

## સુદર્શનની મૃત્યુ પ્રત્યે નિર્ભયતા :–

**१२** तए णं से मोग्गरपाणी जक्खे सुदंसणं समणोवासयं अदूरसामंतेणं वीईवयमाणं–वीईवयमाणं पासइ, पासित्ता, आसुरुत्ते रुट्ठे कुविए चंडिक्किए मिसिमिसेमाणे तं पलसहस्सणिप्फण्णं अओमयं मोग्गरं उल्लालेमाणे–उल्लालेमाणे जेणेव सुदंसणे समणोवासए तेणेव पहारेत्थ गमणाए । तए णं से सुदंसणे समणोवासए मोग्गरपाणिं जक्खं एज्जमाणं पासइ, पासित्ता अभीए अतत्थे अणुव्विग्गे अक्खुभिए अचलिए असंभंते वत्थंतेणं भूमिं पमज्जइ, पमज्जित्ता करयलपरिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु एवं वयासी–

णमोत्थुणं अरहंताणं भगवंताणं *जाव* संपत्ताणं । णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स आइगरस्स तित्थयरस्स *जाव* संपाविउकामस्स । पुव्विं पि णं मए समणस्स भगवओ महावीरस्स अंतिए थूलए पाणाइवाए पच्चक्खाए जावज्जीवाए थूलए मुसावाए पच्चक्खाए जावज्जीवाए, थूलए अदिण्णादाणे पच्चक्खाए जावज्जीवाए, सदारसंतोसे कए जावज्जीवाए, इच्छापरिमाणे कए जावज्जीवाए । तं इदाणिं पि णं तस्सेव अंतियं सव्वं पाणाइवायं पच्चक्खामि

**जावज्जीवाए, सव्वं मुसावायं, अदत्तादाणं, मेहुणं, परिग्गहं पच्चक्खामि जावज्जीवाए, सव्वं कोहं माणं मायं लोहं पेज्जं दोसं कलहं अब्भक्खाणं पेसुण्णं परपरिवायं अरइरइं मायामोसं मिच्छादंसणसल्लं पच्चक्खामि जावज्जी–वाए । सव्वं असणं पाणं खाइमं साइमं चउविहंपि आहारं पच्चक्खामि जावज्जीवाए । जइ णं एत्तो उवसग्गाओ मुच्चिस्सामि तो मे कप्पइ पारित्तए । अह णं एत्तो उवसग्गाओ ण मुच्चिस्सामि 'तो मे तहा' पच्चक्खाए चेव त्ति कट्टु सागारं पडिमं पडिवज्जइ ।**

**तए णं से मोग्गरपाणी जक्खे तं पलसहस्सणिप्फण्णं अओमयं मोग्गरं उल्लालेमाणे–उल्लालेमाणे जेणेव सुदंसणे समणोवासए तेणेव उवागए । णो चेव णं संचाएइ सुदंसणं समणोवासयं तेयसा समभिपडित्तए ।**

**ભાવાર્થ :–** સુદર્શન શ્રમણોપાસકને ત્યાંથી પસાર થતાં જોયા, જોઈને મુદ્‌ગરપાણિ યક્ષ ક્રોધિત થયો. કોપાતિરેકમાં પ્રચંડ–ભીષણ બનેલો યક્ષ દાંત કચકચાવતો એક હજાર પલના મુદ્‌ગરને ઉછાળતો–ઉછાળતો સુદર્શન શ્રમણોપાસક તરફ આવવા લાગ્યો. તે સમયે શ્રમણોપાસક યક્ષને પોતાના તરફ આવતો જોઈને જરા માત્ર પણ ભય, ત્રાસ, ઉદ્વેગ, ક્ષોભ તો ન પામ્યા કે ન જરા માત્ર વિચલિત કે સંભ્રમિત થયા. તેઓએ નિર્ભય થઈને પોતાના વસ્ત્રના છેડાથી ભૂમિનું પ્રમાર્જન કર્યું. મુખ પર ઉત્તરાસંગ(ખેસ) ધારણ કર્યો. પછી પૂર્વાભિમુખ રાખી, ડાબો ગોઠણ ઊંચો કરી, બંને હાથ જોડી, મસ્તક પર અંજલિપુટ રાખી આ પ્રમાણે બોલ્યા–

હું ભૂતકાળમાં મોક્ષપ્રાપ્ત બધા અરિહંત ભગવંતોને તથા વર્તમાન બિરાજમાન, ધર્મની આદિ કરનારા તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર કે જેઓ ભવિષ્યમાં મોક્ષે પધારવાના છે તેઓશ્રીને હું વંદન નમસ્કાર કરું છું. પહેલા મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે યાવત્‌જીવન માટે સ્થૂલ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કર્યા હતા તથા યાવત્‌જીવન માટે સ્થૂલ મૃષાવાદ, સ્થૂલ અદત્તાદાન, સ્વદારસંતોષ તથા ઈચ્છા પરિમાણરૂપ પાંચ અણુવ્રતોને ધારણ કર્યા હતા. હવે આ સમયે હું પ્રભુની સાક્ષીએ યાવત્‌જીવન સર્વ પ્રાણાતિપાતથી લઈ સર્વ પરિગ્રહના સર્વથા પચ્ચક્ખાણ કરું છું. ક્રોધ, માન, માયા, લોભ રાગદ્વેષ, ક્લેશ(ઝગડો), અભ્યાખ્યાન(અસત્યાક્ષેપ), પૈશુન્ય(ચુગલી),પરપરિવાદ(નિંદા), રઈ–અરઈ માયામૃષા– કપટ સહિત જૂઠું બોલવું(ઠગાઈ, પ્રપંચ) અને મિથ્યાદર્શનશલ્ય(અસત્ય માન્યતા)આદિ ૧૮ પાપ સ્થાનોનો આજીવન ત્યાગ કરું છું. તદુપરાંત યાવત્ જીવન ચારે ય પ્રકારના આહારના સર્વથા પચ્ચક્ખાણ કરું છું.

જો હું આ ઉપસર્ગથી બચી જાઉં તો મારે આગાર છે. (સંથારો પાળવાની છૂટ છે.) અને જો આ ઉપસર્ગથી ન બચી શકું તો આ બધા પ્રત્યાખ્યાન યાવત્‌જીવનના જ રહેશે. આમ મનમાં નિશ્ચય કરી સુદર્શન શ્રમણોપાસક "સાગારી સંથારો" ધારણ કરી, કાર્યોત્સર્ગ મુદ્રામાં બેસી ગયા.

આ બાજુ મુદ્‌ગરપાણિ યક્ષ મુદ્‌ગર ઉછાળતો ઉછાળતો સુદર્શન શ્રમણોપાસકની પાસે આવ્યો પરંતુ સુદર્શનને પોતાના તેજથી અભિભૂત કરી ન શક્યો અર્થાત્ સુદર્શનને કોઈ જ પ્રકારે કષ્ટ પહોંચાડી શક્યો નહીં.

### વિવેચન :-

આ સૂત્રમાં સુદર્શન શ્રમણોપાસકની આંતરિક જાગૃતિનું વર્ણન છે. સૂત્રકારે સંથારાની સંપૂર્ણવિધિ તથા સમાધિભાવનું સુંદર કથન કર્યું છે. પહેલા સ્થૂલ અણુવ્રતોને ધારણ કર્યા હતા. તેની આલોચના કરી, સર્વથા સંપૂર્ણ વ્રતોને ધારણ કર્યા. અહીં પ્રશ્ન ઊઠે છે કે અણુવ્રતના ત્યાગ વખતે મિથ્યાત્વના તો પચ્ચક્ખાણ કર્યા હતા તો ફરી મિથ્યાત્વના પચ્ચક્ખાણનો શું અર્થ ? આનું સમાધાન છે કે દેશવિરતિ શ્રાવકોનો ત્યાગ આંશિક હોય છે. મિથ્યાદર્શનમાં દેશ શંકા અને સર્વ શંકા આદિ અનેક ભેદ છે તે સર્વનો અહીં ત્યાગ કરવો અપેક્ષિત છે તથા બાર વ્રતધારી શ્રાવકને સમક્તિમાં છ આગાર હોય છે. (ઉપા.૧) તે સર્વના સંથારામાં પચ્ચક્ખાણ હોય છે. આ કારણે અહીં સર્વ મિથ્યાત્વના પચ્ચક્ખાણ કરવાનો પાઠ ઉપયુક્ત છે. ઉપાસકદશાંગમાં આવેલા છ આગાર આ પ્રમાણે છે– (૧) રાજા (૨) પરિવાર–સમાજ (૩) દેવતા (૪) બલવાન (૫) ગુરુ (૬) આજીવિકા. કોઈક પુસ્તકોમાં આઠ આગાર પણ મળે છે, તે આ પ્રમાણે છે– (૧) શરીર (૨) રાજા (૩) પરિવાર (૪) સમાજ–મુખિયા (૫) દેવ (૭) નાગ (૮) ભૂત (૯) યક્ષ. આ સર્વ આગાર શ્રાવકને હોય છે. એ બધાનો સાગારી અનશનમાં સર્વથા ત્યાગ હોય છે.

સાગારી = આગાર, છૂટ, અપવાદ યુક્ત અને પડિમા = પ્રત્યાખ્યાન. જો સંથારામાં જીવું તો આગાર અને મૃત્યુ થાય તો બધાના પચ્ચક્ખાણ. આ રીતના પ્રત્યાખ્યાન કરવામાં આવે તેને સાગારી સંથારો કહે છે.

### સુદર્શનની આધ્યાત્મિક તાકાતનો વિજય :-

**૧૩** **तए णं से मोग्गरपाणि जक्खे सुदंसणं समणोवासयं सव्वओ समंता परिघोलेमाणे परिघोलेमाणे जाहे णो चेव णं संचाएइ सुदंसणं समणोवासयं तेयसा समभिपडित्तए, ताहे सुदंसणस्स समणोवासयस्स पुरओ सपक्खिं सपडिदिसिं ठिच्चा सुदंसणं समणोवासयं अणिमिसाए दिट्ठीए सुचिरं णिरिक्खइ, णिरिक्खित्ता अज्जुणयस्स मालागारस्स सरीरं विप्पजहइ, विप्पजहित्ता तं पलसहस्सणिप्फण्णं अओमयं मोग्गरं गहाय जामेव दिसं पाउब्भूए तामेव दिसं पडिगए ।**

**तए णं से अज्जुणए मालागारे मोग्गरपाणिणा जक्खेणं विप्पमुक्के समाणे 'धस' त्ति धरणियलंसि सव्वंगेहिं णिवडिए । तए णं से सुदंसणे समणोवासए णिरुवसग्गमित्ति कट्टु पडिमं पारेइ ।**

**ભાવાર્થ :–** તે મુદ્‌ગરપાણિ યક્ષ સુદર્શન શ્રમણોપાસકની ચારે તરફ પરિક્રમા કરતો કરતો જ્યારે કોઈ પણ રીતે તેને પોતાના તેજથી પરાજિત કરવામાં (કષ્ટ દેવામાં) સમર્થ ન થયો ત્યારે તે સુદર્શન શ્રાવકની સામે આવીને ઊભો રહ્યો અને ઘણીવાર સુધી અનિમેષ દષ્ટિએ શ્રમણોપાસકને જોતો જ રહ્યો. ત્યાર પછી મુદ્‌ગરપાણિ યક્ષ અર્જુન માળીના શરીરનો ત્યાગ કરી, એક હજાર પલ ભારનું લોખંડનું મુદ્‌ગર લઈ, જે દિશાએથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો. (સ્વસ્થાને ગયો).

મુદ્‌ગરપાણિ યક્ષથી મુક્ત થતાં જ અર્જુનમાળી ' ધડામ' કરતો ભૂમિ પર પડી ગયો. ત્યારે સુદર્શન શ્રમણોપાસકે પોતાને ઉપસર્ગથી રહિત થયેલો જાણી સાગારી સંથારો પાળ્યો. (ધ્યાનમુક્ત બન્યા).

## વિવેચન :–

દ્વન્દ્વમય સંસારમાં હંમેશાં પરસ્પર વિરોધી બે શક્તિઓના યુદ્ધ થતાં જ આવ્યા છે. પરંતુ વિજય હંમેશાં સત્યનો જ થતો આવ્યો છે. "સત્યમેવ જયતે"નું આ સૂત્રમાં સુંદર ચિત્ર છે.

એક બાજુ યક્ષની અસત્–હિંસક શક્તિનું આક્રમણ છે, જ્યારે તેની સામે શ્રમણોપાસકની સત્–અહિંસક શક્તિનું ઠંડુ પણ તાકાતવાન વજન છે. આ યુદ્ધ ક્યાંય સુધી ચાલ્યા કરે છે પરંતુ શ્રમણોપાસકના આત્મ તેજને યક્ષનું વૈક્રિય તેજ કાંઈ કરી શક્યું નહીં. અંતે સત્યમેવ જયતેના સૂત્રાનુસાર આધ્યાત્મિક અહિંસક ભાવનો આશ્ચર્ય પમાડે તેવો વિજય થયો. શ્રમણોપાસકની નીડરતા તથા સમતાએ બે કામ કર્યા. એક સ્વરક્ષણ કર્યું તથા અર્જુનમાળીના શરીરમાં આવિષ્ટ યક્ષને ભગાડી તેનું પણ રક્ષણ કર્યું.

## સુદર્શન તથા અર્જુનની ભગવત્પર્યુપાસના :–

**१४ तए णं से अज्जुणए मालागारे तत्तो मुहुत्तंतरेणं आसत्थे समाणे उट्ठेइ, उट्ठेत्ता सुदंसणं समणोवासयं एवं वयासी– तुब्भे णं देवाणुप्पिया ! के, कहिं वा संपत्थिया? तए णं सुदंसणे समणोवासए अज्जुणयं मालागारं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अहं सुदंसणे णामं समणोवासए अभिगयजीवाजीवे गुणसिलए चेइए समणं भगवं महावीरं वंदए संपत्थिए ।**

**तए णं से अज्जुणए मालागारे सुदंसणं समणोवासयं एवं वयासी– तं इच्छामि णं देवाणुप्पिया ! अहमवि तुमए सद्धिं समणं भगवं महावीरं वंदित्तए णमंसित्तए सक्कारित्तए सम्माणित्तए कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवा–सित्तए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेहि ।**

**ભાવાર્થ :–** અહીં તે અર્જુનમાળી થોડા સમય પછી આશ્વસ્ત એવં સ્વસ્થ થઈને ઊભો થયો. તેણે સુદર્શન શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! આપ કોણ છો અને કઈ બાજુ જઈ રહ્યા છો ?

આ સાંભળી સુદર્શન શ્રમણોપાસકે અર્જુનમાળીને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિય ! હું જીવાદિ નવતત્ત્વનો જ્ઞાતા સુદર્શન નામનો શ્રમણોપાસક છું અને ગુણશીલ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કરવા જઈ રહ્યો છું.

ત્યારે તે અર્જુનમાળીએ સુદર્શન શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું કે દેવાનુપ્રિય ! હું પણ તમારી સાથે ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર એવં સત્કાર સન્માન કરી કલ્યાણ સ્વરૂપ, મંગલ સ્વરૂપ, દેવસ્વરૂપ અને જ્ઞાન સ્વરૂપ એવા ભગવાનની પર્યુપાસના કરવા ઈચ્છું છું. સુદર્શન શ્રમણોપાસકે કહ્યું– હે દેવાનુપ્રિય! જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મ કાર્યમાં વિલંબ ન કરો અર્થાત્ તમે મારી સાથે આવી શકો છો.

**१५ तए णं सुदंसणे समणोवासए अज्जुणएणं मालागारेणं सद्धिं जेणेव गुणसिलए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता अज्जुणएणं मालागारेणं सद्धिं समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तिविहाए पज्जुवासणाए पज्जुवासइ । तं जहा– काइयाए वाइयाए माणसियाए । काइयाए ताव संकुइयग्गहत्थपाए णच्चासण्णे णाइदूरे सुस्सूसमाणे णमंसमाणे अभिमुहे विणएणं पंजलिउडे पज्जुवासइ । वाइयाए जं जं भगवं वागरेइ, एवमेयं भंते! तहमेयं भंते ! अवितहमेयं भंते ! असंदिद्धमेयं भंते ! इच्छियमेयं भंते ! पडिच्छियमेयं भंते ! इच्छिय–पडिच्छियमेयं भंते ! से जहेयं तुब्भे वयह अपडिकूलमाणे पज्जुवासइ । माणसियाए महया संवेगं जणइत्ता तिव्वधम्माणुरागरत्तो पज्जुवासइ ।**

**तए णं समणे भगवं महावीरे सुदंणस्स समणोवासगस्स अज्जुणयस्स मालागारस्स तीसे य महइमहालियाए परिसाए मज्झगए विचित्तं धम्ममाइक्खइ। सुदंसणे पडिगए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સુદર્શન શ્રમણોપાસક અર્જુનમાળીની સાથે ગુણશીલ ઉદ્યાનમાં જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યા અને અર્જુનમાળીની સાથે ભગવાનને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા, કરીને ત્રણ પ્રકારની પર્યુપાસના કરવા લાગ્યા. તે આ પ્રમાણે–કાયિકી, વાચિકી, માનસિકી પર્યુપાસના કરી.

ત્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સુદર્શન શ્રમણોપાસક, અર્જુનમાળી એવં મોટી વિશાળ પરિષદાને વિવિધ પ્રકારે ધર્મકથા કહી. સુદર્શન ધર્મકથા સાંભળી ચાલ્યા ગયા.

## વિવેચન :-

આ સૂત્રમાં સુદર્શન શ્રમણોપાસકની ગંભીરતા અને દીર્ઘદષ્ટિનો પરિચય થાય છે. અર્જુનમાળી અંતઃમુહૂર્ત સુધી બેહોશ રહ્યો. શ્રમણોપાસકે વિચાર્યું કે હવે અર્જુન યક્ષની પરવશતાથી મુક્ત છે. તેથી તેની દેખભાળ કરવી તથા માર્ગદર્શન આપવું એ મારું કર્તવ્ય છે. તેઓ અર્જુનમાળીને છોડીને ચાલ્યા ન ગયા. ત્યાં ને ત્યાં બેઠા રહ્યા. જેવો અર્જુન યક્ષાવેશથી મુક્ત થયો ત્યાર પછી સુદર્શન શ્રાવકે પ્રેમથી એના પ્રશ્નોના જવાબ આપ્યા અને પ્રભુ મહાવીર સ્વામી સમીપે તેને લઈ ગયા.

**मुहुत्तंतरेणं :- मुहूर्त्तान्तरेण स्तोककालेन ।** અહીં સમયમર્યાદા વિના થોડાક સમય માટે મુહૂર્તાંતર શબ્દપ્રયોગ થયો છે. મુહૂર્ત શબ્દનો અર્થ છે– ૪૮ મિનિટ અર્થાત્ બે ઘડીને મુહૂર્ત કહે છે અને બે ઘડીથી કાંઈક ન્યૂન કાળને અને એક, બે મિનિટને પણ અંતઃમુહૂર્ત કહેવાય છે.

## અર્જુનમાળી થયા અર્જુન અણગાર :-

**૧૬** **तए णं से अज्जुणए मालागारे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं** *जाव* **अब्भुट्ठेमि णं भंते ! णिग्गथं पावयणं ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेहि ।**

**तए णं से अज्जुणए मालागारे उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ, अवक्कमित्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ, करेत्ता** *जाव* **अणगारे जाए** *जाव* **एवं च णं विहरइ ।**

**तए णं से अज्जुणए अणगारे जं चेव दिवसं मुंडे** *जाव* **पव्वइए तं चेव दिवसं समणं भगवं महावीरं वंदइ, णमंसइ, वंदित्ता णमंसित्ता इमं एयारूवं अभिग्गहं ओगेण्हइ– कप्पइ मे जावज्जीवाए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणस्स विहरित्तए त्ति कट्टु अयमेयारूवं अभिग्गहं ओगिण्हइ, ओगिण्हित्ता जावज्जीवाए** *जाव* **विहरइ ।**

**तए णं से अज्जुणए अणगारे छट्ठक्खमणपारणयंसि पढमाए पोरिसीए सज्झायं करेइ** *जाव* **अडइ ।**

**ભાવાર્થ :-** અર્જુનમાળી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શ્રીમુખેથી ધર્મોપદેશ સાંભળી, હૃદયમાં અવધારણ કરી, અત્યંત પ્રસન્ન એવં સંતુષ્ટ થયા. પ્રભુને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર

કર્યા અને આ પ્રમાણે બોલ્યા– હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું. રુચિ કરું છું ***યાવત્*** નિર્ગ્રંથ પ્રવચન સ્વીકારું છું અર્થાત્ આપના ચરણોમાં સંયમ ગ્રહણ કરવા ઈચ્છું છું.

ભગવાને કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, શુભ કાર્યમાં વિલંબ ન કરો.

ત્યારે અર્જુનમાળીએ ઈશાન ખૂણામાં જઈને સ્વયં જ પંચમુષ્ટિ લોચ કર્યો. લોચ કરી પ્રભુ સમીપે આવ્યા. પ્રભુના શ્રીમુખેથી સંયમ અંગીકાર કર્યો ***યાવત્*** સમિતિ, ગુપ્તિવંત અણગાર થયા ***યાવત્*** અર્જુન અણગાર સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં કર્મ ક્ષય કરતાં વિચરવા લાગ્યા.

જે દિવસે અર્જુન અણગાર પ્રવ્રજિત થયા તે જ દિવસે પ્રભુને વંદન, નમસ્કાર કરી કહ્યું– હે પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું યાવત્જીવન છઠના પારણે છઠની તપસ્યાથી આત્માને ભાવિત કરતો વિચરીશ. આ પ્રમાણેના પ્રભુની આજ્ઞા પ્રાપ્ત થતાં યાવત્જીવનનો અભિગ્રહ ગ્રહણ કરી, તેનું પાલન કરતાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી અર્જુનમુનિ છઠના પારણે પહેલા પ્રહરમાં સ્વાધ્યાય કરી ***યાવત્*** ગોચરી માટે ફરવા લાગ્યા

## અર્જૂનમાળીની સમતા–ક્ષમા એ સિદ્ધિ :–

**૧૭ तए णं तं अज्जुणयं अणगारं रायगिहे णयरे उच्च णीय-मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणं बहवे इत्थीओ य पुरिसा य डहरा य महल्ला य जुवाणा य एवं वयासी–**

**इमेण मे पिया मारिए । इमेण मे माया मारिया । इमेण मे भाया भगिणी भज्जा पुत्ते धूया सुण्हा मारिया । इमेण मे अण्णयरे सयण संबंधि परियणे मारिए त्ति कट्टु अप्पेगइया अक्कोसंति, अप्पेगइया हीलंति णिंदंति खिंसंति गरिहंति तज्जंति तालेंति ।**

**तए णं से अज्जुणए अणगारे तेहिं बहूहिं इत्थीहि य पुरिसेहि य डहरेहि य महल्लेहि य जुवाणएहि य आओसिज्जमाणे** *जाव* **तालेज्जमाणे तेसिं मणसा वि अपउस्समाणे सम्मं सहइ सम्मं खमइ सम्मं तितिक्खइ सम्मं अहियासेइ, सम्मं सहमाणे सम्मं खममाणे सम्मं तितिक्खमाणे सम्मं अहियासेमाणे रायगिहे णयरे उच्च-णीय-मज्झिम कुलाइं अडमाणे जइ भत्तं लभइ तो पाणं न लभइ, अह पाणं लभइ तो भत्तं ण लभइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અર્જુન મુનિને ઉચ્ચ–નિમ્ન–મધ્યમ કુળોમાં સામુદાનિક ગોચરી માટે ફરતા

જોઈ રાજગૃહ નગરના સ્ત્રી, પુરુષો, વૃદ્ધો, યુવાનો, બાળકો આ પ્રમાણે કહેવા લાગ્યા કે આ સાધુએ મારા પિતાને માર્યા છે, મારી માતાને મારી છે, મારા ભાઈ, બહેન, પત્ની, પુત્ર, પુત્રી, પુત્રવધૂ આદિને માર્યા છે. મારા અમુક સ્વજન, સંબંધી, પરિજનોને માર્યા છે. આમ કહી કોઈએ ગાળ આપી; તો કોઈએ હીલના કરી; કોઈએ અનાદર તો કોઈએ નિંદા કરી. કોઈએ જાતિ આદિનો દોષ બતાવી ગર્હા કરી; તો કોઈએ ભય બતાવી તર્જના કરી. કોઈએ થપ્પડ(લાફો), ઈંટ, પથ્થર, લાકડી આદિથી તાડન–માર માર્યો.

અનેક સ્ત્રી, પુરુષો, બાળકો, વૃદ્ધો અને યુવકોથી તિરસ્કૃત કે તાડિત–તર્જિત થવા છતાં અર્જુન અણગાર મનથી પણ તેઓ ઉપર દ્વેષ(ગુસ્સો)કર્યો નહીં. તેઓ દ્વારા અપાતા બધા પરીષહોને સમ્યક્ રીતે સહન કર્યા. સમ્યક્ પ્રકારે ક્ષમા રાખી, સમજણથી તિતિક્ષાપૂર્વક સહન કર્યું. આમ સમ્યક્ પ્રકારે બધા ઉપસર્ગો તથા પરીષહોને સહન કરતા, ક્ષમા રાખતા, તિતિક્ષા રાખતા, પ્રતિકૂળતાને લાભનો હેતુ સમજી રાજગૃહીના ઉચ્ચ–નિમ્ન–મધ્યમ કુળોમાં ગોચરી કરતા અર્જુન મુનિને ક્યારેક ભોજન મળતું તો પાણી ન મળતું અને ક્યારેક પાણી મળતું તો ભોજન ન મળતું.

**૧૮ तए णं से अज्जुणए अणगारे अदीणे अविमणे अकलुसे अणाइले अविसादी अपरितंतजोगी अडइ, अडित्ता रायगिहाओ णयराओ पडिणिक्खमइ, पडिणिक्ख- मित्ता जेणेव गुणसिलए चेइए, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते गमणागमणाए पडिक्कमेइ, पडिक्कमेत्ता एसणमणेसणं आलोएइ, आलोए त्ता भत्तपाणं पडिदंसेइ, पडिदंसेत्ता समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे अमुच्छिए अगिद्धे अगढिए अणज्झोववण्णे बिलमिव पण्णगभूएणं अप्पाणेणं तमाहारं आहारेइ ।**

**तए णं समणे भगवं महावीरे अण्णया रायगिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ ।**

**तए णं से अज्जुणए अणगारे तेणं ओरालेणं विउलेणं पयत्तेणं पग्गहिए णं महाणुभागेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे बहुपडिपुण्णे छम्मासे सामण्णपरियागं पाउणइ, पाउणित्ता अद्धमासियाए संलेहणाए अप्पाणं झूसेइ, झूसेत्ता तीसं भत्ताइं अणसणाए छेदेइ, छेदेत्ता जस्सट्ठाए कीरइ णग्गभावे** *जाव* **सिद्धे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અર્જુન અણગાર આ રીતે લૂખો, સૂકો જે કાંઈ પણ પ્રાસુક આહાર મળતો તેને અદીન, અવિમન, અકલુષ, અમલિન,આકુળતા–વ્યાકુળતા રહિત, અખેદભાવથી, તણતણાટ કર્યા વગર લઈ, રાજગૃહ નગરીની મધ્યમાં થઈ, ગુણશીલ ઉદ્યાનમાં શ્રમણ ભગવાન મહાવીર સમીપે આવીને

ભગવાન મહાવીર સ્વામીથી ન અતિ દૂર કે ન અતિ નજીક ઉપસ્થિત થઈ, ગમનાગમન સંબંધીનું પ્રતિક્રમણ કરી, એષણા(ગોચરી)સંબંધી લાગેલા દોષોની આલોચના કરી લાવેલ આહારને શ્રદ્ધાપૂર્વક ભગવાનને દેખાડી, તેમની આજ્ઞા મેળવી, મૂર્છા રહિત, ગૃદ્ધિ રહિત, રાગરહિત અને આસક્તિ રહિત, સાપ જેમ દરમાં પ્રવેશ કરે તેમ રાગદ્વેષથી રહિત થઈને આહારનું સેવન કરતા.

ત્યાર પછી કોઈ એક સમયે શ્રમણ ભગવાન મહાવીર રાજગૃહ નગરથી નીકળી બહારના જનપદોમાં વિચરવા લાગ્યા.

એ અવધિમાં(દરમ્યાન) મહાભાગ્યશાળી અર્જુન અણગારે ઉદાર, વિપુલ, ભગવાને આપેલા તથા પોતે ઉત્કૃષ્ટ ભાવે સ્વીકારેલા, અત્યંત પ્રભાવશાળી, ઉત્તરોત્તર વર્ધમાન, ઉજ્જવળ પરિણામી તપથી આત્માને ભાવિત કરતા છ માસ સુધી ચારિત્ર પર્યાયનું પાલન કર્યું. અર્ધમાસિકી સંલેખનાથી આત્માને સેવિત કરી, ત્રીસ ભક્ત અણસણને પૂર્ણ કરી, જે પ્રયોજનથી સંયમ ગ્રહણ કર્યો હતો તે પ્રયોજનને સિદ્ધ કર્યું અર્થાત્ અર્જુન અણગાર સિદ્ધગતિને પામ્યા.

## વિવેચન :–

આ સૂત્રમાં અર્જુન અણગારની સમતા તથા ક્ષમાભાવનાનો તાદશ્ય ચિતાર છે. છ માસના ટૂંકા ગાળામાં જ અનાદિથી લાગેલા કર્મ મળને સર્વથા દૂર કરી આત્માને નિર્મળ તથા શુધ્ધ કરી લીધો. આ જ એની ઉચ્ચતમ સાધનાને પૂરવાર કરે છે. આ સૂત્રમાં તેમની આભ્યંતર તપ સાધનાને અનેક શબ્દો દ્વારા વર્ણવી છે.

(૧) **अक्कोसंति** = કટુ વચનો દ્વારા તિરસ્કાર કરવો, સારું–નરસું કહેવું (૨) **हीलंति** = હીલના, અનાદર અપમાન કરવું. (૩) **निंदंति** = પીઠ પાછળ કે પરસ્પર દોષોનું વર્ણન કરવું. (૪) **खिंसंति** = ખીજાવવું, દુર્વચનો દ્વારા ક્રોધાવેશમાં બોલવું. (૫) **गरिहंति** = વ્યક્તિ સમક્ષ તેના દોષોને પ્રગટ કરવા. (૬) **तज्जेंति** = આંગળી દેખાડી ભય ઉત્પન્ન કરવો, તિરસ્કાર કરવો, ખીજાવું. (૭) **तालेंति** = લાકડી, પત્થરાદિ મારવાં.

આ બધા પરીષહોને અર્જુનમુનિએ જે રીતે સહન કર્યા તેની પ્રશંસા સૂચક શબ્દો આ પ્રકારે છે– **सहते भयाभावेन, क्षमते कोपाभावेन, तितिक्षते दैन्याभावेन, अधिसहते आधिक्येन सहते इति। सहइ**– કોઈપણ ભય વગર સહન કર્યા. નિડર થઈને સહન કર્યા. **खमइ**– ક્રોધથી દૂર રહીને શાંત ભાવે સહન કર્યા. **तितिक्खइ**– કોઈપણ જાતની દીનતા દેખાડ્યા વગર પરીષહોને સહન કર્યા. **अहियासेइ**– ખૂબ સહન કર્યા અર્થાત્ ધૈર્ય, પ્રસન્નતા અને ઉત્સાહ સાથે સહન કર્યા.

આ બધા શબ્દોથી અર્જુનમાળીની સહનશીલતા અને ધૈર્યતાની પરાકાષ્ઠા ધ્વનિત થાય છે. **अपरितंतजोगी** = અર્જુનમુનિને નિરંતર સમાધિમાં રત–લીન રહેવાના કારણે 'અપરિતંત જોગી' કહેવામાં આવ્યા છે. **बिलमिवपणगभूएणं** = સાપના દરમાં પ્રવેશ કરવા સમાન અર્જુનમુનિ મોઢામાં આજુબાજુના

ગલોફાનો સ્પર્શ કર્યા વગર અર્થાત્ રસાસ્વાદ લીધા વગર, રાગદ્વેષ રહિત થઈને આહાર કરતા હતા.

અર્જુન મુનિનો તપ ગોચરી સમયે તાડન–તર્જનને સહન કરવાનો હતો. તેના ભાવ સૂચક શબ્દો આ પ્રકારે છે– **(१) उरालेणं**= ઉદાર હતો, પ્રધાન હતો. ભૂખ્યા રહેવું, રસેન્દ્રિયને જીતવી, ભિક્ષા દ્વારા સંયમી જીવનનો નિર્વાહ કરવો, આ બધું હજુયે આસાન(સહેલું) છે પરંતુ અપમાન, મારપીટ, તિરસ્કાર આદિ સહન કરી તપસ્યાની આરાધના ચાલુ રાખવી એ મોટામાં મોટું તપ છે.

**(२) विउलेणं** = વિશાળ, વિપુલ કષ્ટો કે પરીષહોને એકવાર, બેવાર અથવા ત્રણવાર કે અમુક અમુક સમયે સહન કરી શકાય પરંતુ લગાતાર છ મહિના સુધી કષ્ટોને, ઉપસર્ગ–પરીષહોને સહન કરવા અને એ પણ તિતિક્ષાપૂર્વક એ અતિ વિકટ તપસ્યા છે, વિલક્ષણ સાહસ અને સહિષ્ણુતા છે. એટલા માટે જ સૂત્રકારે છઠના પારણે છઠની છ મહિનાની જ તપસાધના હોવા છતાં તેને વિપુલ અને વિશાળ કહી છે.

**(३) पयत्तेणं** = (૧) અર્જુન અણગારની તપસ્યા પોતે જ આરંભેલી નહોતી પરંતુ પ્રભુ મહાવીર સ્વામીની આજ્ઞા પ્રાપ્ત થવા પર આરંભાયેલી હતી. (૨) પ્રયત્નપૂર્વક, મહાન પુરુષાર્થ યુક્ત તેની તપસ્યા હતી.

**(४) पग्गहिएणं** = ઉત્કૃષ્ટ ભાવનાથી ગ્રહણ કરેલી હતી. વર્ધમાન પરિણામી હતી. સુદઢ સાધક બનીને સાધના જગતમાં આવ્યા હતા અને અંત સુધી સુદઢ સાધક જ રહ્યા.

**(५) महाणुभागेणं** = પ્રભાવશાળી તપ, છ મહિનામાં અર્જુન મુનિના જન્મ જન્માંતરના કર્મો નષ્ટ થઈ ગયા, એવું મહા પ્રભાવક તપ હતું.

શ્રેણિક ચરિત્રમાં લખ્યું છે કે અર્જુનમાળીના શરીરમાં મુદ્‌ગરપાણિ યક્ષ પાંચ માસ અને તેર દિવસ રહ્યો. એ કાળમાં તેણે ૧૧૪૧ વ્યક્તિઓની ઘાત કરી. જેમાં ૯૭૮ પુરુષો અને ૧૬૩ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે પ્રતિદિન તેણે સાત વ્યક્તિની ઘાત કરી છે. અહીં એક શંકા થાય કે આટ આટલી ઘાત કરનારો આત્મા છ મહિનામાં મુક્ત કેવી રીતે થઈ શકે ? તેના સમાધાનના ત્રણ મુદ્દા છે–

(૧) **भवकोडि संचियं कम्मं तवसा णिज्जरिज्जइ** (ઉત્તરાધ્યન સૂત્ર. અધ્ય.૩૦) અર્થાત્ તપ એક એવું અદભુત દિવ્ય રસાયણ છે કે એનાથી કરોડો ભવના (જન્મજન્માંતરોના બાંધેલા) કર્મો નિર્જરી જાય છે.(ક્ષય પામે છે.)

(૨) **अण्णाणी जं कम्मं खवेइ भवसयसहस्स कोडीहिं ।**
**तं णाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमेत्तेणं ॥॥ प्रवचन सार ॥॥**

અજ્ઞાની જીવ જે કર્મોનો લાખો કરોડો ભવમાં ક્ષય કરે છે તેટલા જ કર્મો જ્ઞાની ત્રણ ગુપ્તિ દ્વારા એક શ્વાસ માત્રમાં ક્ષય કરી નાખે છે.

(૩) આ પ્રસંગમાં અર્જુનમાળી દ્વારા જે વધ થયા છે તે વાસ્તવિકતાએ યક્ષે વધ કર્યા હતા. આહ્વાન ભલે અર્જુન માળીએ કર્યું હતું પણ તેનો ઉદ્દેશ સાતની ઘાત કરવાનો નહોતો. માત્ર આવા અનાચાર કરનારને શિક્ષા મળવી જોઈએ, એ જ ભાવના હતી. અર્જુનમાળી દ્વારા જે કોઈ પણ વધ થયા છે તે યક્ષાવિષ્ટ પરાધીનતાનું કારણ હતું. મનુષ્ય વધ કાયા દ્વારા થયો પણ કષાયની તીવ્રતા તેનામાં ન હતી. તેથી કાયાથી બાંધેલા કર્મો કાયાથી જ ધૈર્ય, સમતા અને સમજણપૂર્વક સહન કર્યા. પરિણામે અલ્પકાળમાં મહાવેદના ભોગવી સર્વ કર્મો ક્ષય કરી સિદ્ધગતિને પામ્યા.

## શિક્ષા પ્રેરણા :–

(૧) અનુચિત આજ્ઞા કે વચનને નિભાવવાનો આગ્રહ કરવો ઉચિત ન કહી શકાય. તેનાથીઅત્યંત અહિત થાય છે. એવું જાણીને વિચારોને પરિવર્તિત કરી દેવા એ જ વિવેકપૂર્ણ વ્યવહાર છે. અન્યથા એ દુરાગ્રહ હાનિકારક સાબિત થાય છે. લલિતાગોષ્ઠી પર અંકુશ ન મૂકવાને કારણે રાજા શ્રેણિકની રાજધાનીના નાગરિકોમાં અશાંતિ વધી. રાજાની ઈજ્જત પણ ઘટી અને સેંકડો લોકોનો સંહાર થયો. અતઃ ખોટી અહિતકર પ્રતિજ્ઞા કે વચનનો આગ્રહ ક્યારે ય ન રાખવો જોઈએ.

(૨) તીર્થંકર ભગવાનના પગલાં થયાં પછી તે ક્ષેત્રમાં થઈ રહેલા ઉપદ્રવો કે રોગાતંક કોઈપણ નિમિત્તે શાંત થઈ જાય છે. અર્જુનનો ઉપદ્રવ પણ સુદર્શન શ્રાવકના નિમિત્તથી દૂર થયો. મૂળ કારણ તો ભગવાનનું આગમન જ સમજવું જોઈએ. જેના કારણે દૈવી શક્તિ પણ સ્તબ્ધ થઈ ગઈ.

(૩) કોઈપણ વ્યક્તિના ભૂતકાળના જીવન પરથી વર્તમાન સમયમાં તેના પર ઘૃણા કરવી સજ્જનતા નહિ પરંતુ દુર્જનતા છે. પ્રાયઃ દિશા બદલાતા જ વ્યક્તિની દશા બદલી જાય છે. ભૂતકાળની દૃષ્ટિથી જ વ્યક્તિને જોતાં રહેવું એ માનવની એક તુચ્છ અને મલિન વૃત્તિ છે. વ્યક્તિનો ક્યારે કેટલા પ્રમાણમાં વિકાસ થાય છે તે વાતનો પણ વિવેક રાખવો જોઈએ. પાપીમાં પાપી પ્રાણી પણ પોતાનું જીવન પરિવર્તિત કરી નાખે છે. પ્રદેશી રાજા, અર્જુનમાળી, પ્રભવ ચોર ઈત્યાદિ અનેક તેનાં ઉદાહરણો છે.

(૪) ભગવાને સેંકડો માનવોનાં હત્યારા અર્જુન પ્રત્યે જરાપણ ઘૃણા કે છૂતાછૂત જેવો વ્યવહાર ન કર્યો. ભગવાનની વાત તો દૂર રહી પરંતુ તેનો એક ઉપાસક સુદર્શન શેઠે પણ તેને દુષ્ટ, હત્યારા કહીને ધુત્કાર્યો નથી પરંતુ તેની તત્કાળ સેવા–પરિચર્યા કરે છે. તેને ભગવાનના સમવસરણમાં પોતાની સાથે લઈ આવે છે અને ભગવાન તેને તે જ દિવસે તે જ હાલતમાં પોતાની શ્રમણ સંપદામાં લઈ લે છે. આ દૃષ્ટાંત દ્વારા આપણને હૃદયની વિશાળતાનો આદર્શ શીખવા જોવા મળે છે. આ ગુણ જીવનમાં ઉતારી તુચ્છતા તેમજ સંકુચિતવૃત્તિ વગેરે અવગુણોને તિલાંજલિ આપવી જોઈએ.

(૫) અર્જુને અલ્પ સમયમાં જ પોતાના જીવન અને વિચારોને તીવ્ર ગતિથી ફેરવી નાખ્યા. આપણે પણ આપણી સાધનામાં માન–અપમાન, ઈર્ષ્યા–દ્વેષ, કષાય આદિ પ્રવૃત્તિઓનું ઉપશમન કરવામાં અને પોતાના આત્માને સમભાવમાં તેમજ સહજ ભાવમાં સંલગ્ન કરવામાં ઢીલ ન કરવી જોઈએ. વર્ષો સુધીની ધાર્મિક જીવન કે શ્રમણ પર્યાય વ્યતીત થયા પછી પણ કોઈ સાધક ક્યારેક અશાંત બની જાય, ક્યાંક માન–

અપમાનની વાતો કરે, તો ક્યારેક બીજા લોકોનાં વ્યવહારની ચર્ચા કરે, કોઈની નિંદામાં અને તિરસ્કારમાં રસ લે. એ વૃત્તિઓમાં પરિવર્તન લાવવું જોઈએ.

(૬) આપણા આત્માના પ્રદેશે પ્રદેશમાં અને વ્યવહારિક જીવનમાં ધાર્મિકતા, ઉદારતા, સરળતા, નમ્રતા, શાંતિ, ક્ષમા, વિચારોની પવિત્રતા અને પાપી–ધર્મી બધા પ્રત્યે સહજ સ્વાભાવિકતાનો વ્યવહાર આવે ત્યારે જ અર્જુન અને ગજસુકુમાલ જેવા ઉદાહરણો સાંભળવાનો સાચા અર્થમાં લાભ પ્રાપ્ત થયો કહેવાય.

(૭) ભલે ને ગૃહસ્થ જીવન હોય કે સંયમ જીવન, ધર્મના આચરણો દ્વારા આપણાં જીવનમાં શાંતિ, પ્રેમ, મૈત્રી, માધ્યસ્થ ભાવની અને સમભાવની વૃદ્ધિ થવી જોઈએ. એથી વિપરીત જો કોઈ પણ વ્યક્તિપ્રત્યે અશાંતિ, અપ્રેમ, અમૈત્રી, વિપરીત ભાવ અને વિષમભાવ હોય તો સમજવું જોઈએ કે આત્મામાં ધર્મનું સાચા અર્થમાં પરિણમન થયું નથી.

(૮) સુદર્શન શ્રાવકના જીવનમાંથી ધર્મપ્રેમની ઉત્કૃષ્ટતા, દઢતા અને નિર્ભિકતાનો બોધપાઠ લેવો જોઈએ. ગંભીરતા અને વિવેક તથા સંકટમાં પણ શાંતિ સહ સંથારો કરવાની શિક્ષા પણ લેવી જોઈએ.

(૯) એક જ ઉત્તમ વ્યક્તિ આખાયે નગરને સુખી અને ઘરને સ્વર્ગ સમાન બનાવી દે છે અને અધર્મી વ્યક્તિ સારાયે નગરને સંકટમાં નાખી દે છે અને ઘરને નર્કમય બનાવી દે છે. અતઃ પોતાની જવાબદારી જ્યાં સુધી છે ત્યાં સુધી પોતાનામાં ક્યારે ય કોઈપણ જાતના કુસંસ્કાર કે અન્યાય, અનીતિ વૃદ્ધિ ન પામે એનો વિવેક અવશ્ય રાખવો જોઈએ. લલિતાગોષ્ઠીના કરતૂતોથી નાગરિક હેરાન પરેશાન થઈ ગયાં હતાં અને અંતમાં યક્ષના ઉપદ્રવના ભયાનક સંકટથી ગ્રસ્ત બન્યાં. સુદર્શન શ્રમણોપાસકના કર્તવ્યથી નગરીમાં આનંદ–આનંદ થઈ ગયો. શ્રેણિક રાજાની ચિંતા ટળી ગઈ અને અર્જુનનો પણ બેડો પાર થઈ ગયો.

**॥ વર્ગ–૬ : અધ્ય.–૩ સંપૂર્ણ ॥**

# છઠ્ઠો વર્ગ

## અધ્યયન – ૪ થી ૧૪ : કાશ્યપાદિ

**કાશ્યપ આદિ ગાથાપતિ :–**

**१** तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे, गुणसिलए चेइए । सेणिए राया, कासवे णामं गाहावई परिवसइ । जहा मकाई । सोलस वासा परियाओ । विपुले सिद्धे ।

एवं खेमए वि गाहावई, णवरं कायंदी णयरी । सोलस वासा परियाओ । विपुले पव्वए सिद्धे ।

एवं धिइहरे वि गाहावई कायंदीए णयरीए । सोलस वासा परियाओ । विपुले सिद्धे ।

एवं केलासे वि गाहावई, णवरं साएए णयरे । बारस वासाइं परियाओ । विपुले सिद्धे ।

एवं हरिचंदणे वि गाहावई साएए णयरे । बारस वासा परियाओ विपुले सिद्धे ।

एवं वारत्तए वि गाहावई, णवरं रायगिहे णयरे । बारस वासा परियाओ। विपुले सिद्धे ।

एवं सुदंसणे वि गाहावई, णवरं वाणियग्गामे णयरे । दुइपलासए चेइए । पंच वासा परियाओ । विपुले सिद्धे ।

एवं पुण्णभद्दे वि गाहावई वाणियग्गामे णयरे । पंच वासा परियाओ । विपुले सिद्धे ।

एवं सुमणभद्दे वि गाहावई णवरं सावत्थीए णयरीए । बहुवासाइं परियाओ। विपुले सिद्धे ।

**एवं सुपइट्ठे वि गाहावई सावत्थीए णयरीए । सत्तावीसं वासा परियाओ । विपुले सिद्धे ।**

**एवं मेहे वि गाहावई, णवरं रायगिहे णयरे । बहूइं वासाइं परियाओ । विपुले सिद्धे ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે રાજગૃહ નગરમાં ગુણશીલ ઉદ્યાન, શ્રેણિક રાજા વગેરે વર્ણન પૂર્વવત્ જાણવું. ત્યાં કાશ્યપ નામના ગાથાપતિ રહેતા હતા. મકાઈ ગાથાપતિની જેમ સમસ્ત વર્ણન સમજવું. ૧૬ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન કરી, અંત સમયે વિપુલગિરિ પર્વત પર સંથારો કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

એવી જ રીતે ક્ષેમક ગાથાપતિનું સમજવું. વિશેષતા– કાકંદી નગરીમાં રહેતા હતા. સોળ વર્ષની દીક્ષા પર્યાયનું પાલન ***યાવત્*** વિપુલગિરિ પર સિદ્ધ થયા.

એવી જ રીતે ધૃતિધર ગાથાપતિ, કાકંદી નગરી, ૧૬ વર્ષ સંયમ પર્યાય, વિપુલગિરિ પર્વત પર સિદ્ધ થયા.

એવી જ રીતે કૈલાસ અને હરિચંદન ગાથાપતિનું સમજવું. અંતર માત્ર નગરી તથા સંયમ પર્યાયમાં, નગરી સાકેત અને દીક્ષાપર્યાય બાર વર્ષ, વિપુલગિરિ પર્વત પર સિદ્ધ થયા.

એવી જ રીતે વારત્તક ગાથાપતિ, નગરી–રાજગૃહી, ૧૨ વર્ષનો સંયમ, વિપુલગિરિ પર સિદ્ધ થયા.

એવી જ રીતે સુદર્શન ગાથાપતિ, નગરી–વાણિજ્યગ્રામ, દ્યુતિપલાશ ચૈત્ય, પાંચ વર્ષનો સંયમ, વિપુલગિરિ પર સિદ્ધ થયા.

એમ જ પુણ્યભદ્ર (પૂર્ણભદ્ર)ગાથાપતિ, વાણિજ્યગ્રામ નગર, પાંચવર્ષનો સંયમ, વિપુલગિરિ પર સિદ્ધ થયા. એમ જ સુમનભદ્ર ગાથાપતિ, શ્રાવસ્તી નગરી, ઘણાં વર્ષોનો સંયમ, વિપુલગિરિ પર સિદ્ધ થયા.

એમ જ સુપ્રતિષ્ઠિત ગાથાપતિ, શ્રાવસ્તી નગરી, સત્યાવીસ વર્ષ સંયમ, વિપુલગિરિ પર સિદ્ધ થયા. એમ જ મેઘ ગાથાપતિ, રાજગૃહીનગર, ઘણાં વર્ષોનો સંયમ, વિપુલગિરિ પર સિદ્ધિ પ્રાપ્ત કરી.

## વિવેચન :–

આ સૂત્રમાં અગિયાર શ્રાવકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બધાએ મોહ મમતાને છોડી, પ્રભુના ઉપદેશે વૈરાગ્ય પામી, પ્રભુ મહાવીરના શ્રીચરણે જીવન સમર્પિત કરી, તપ–સંયમ, સાધનાથી કર્મોનો ક્ષય કરી સિદ્ધગતિને પામ્યા. તેના જીવનમાં જે જે અંતર(ફરક) છે તેનો ચાર્ટ આ પ્રમાણે છે–

| ક્રમ | નામ | નગર | ઉદ્યાન | દીક્ષાપર્યાય |
|---|---|---|---|---|
| ૧. | શ્રી કાશ્યપ ગાથાપતિ | રાજગૃહનગર | ગુણશીલ | ૧૬ વર્ષ |
| ૨. | શ્રી ક્ષેમક ગાથાપતિ | કાકંદીનગરી | – | ૧૬ વર્ષ |
| ૩. | શ્રી ધૃતિધર " | કાકંદીનગરી | – | ૧૬ વર્ષ |
| ૪. | શ્રી કૈલાસ " | સાકેતનગર | – | ૧૨ વર્ષ |
| ૫. | શ્રીહરિચંદનગાથાપતિ | સાકેતનગર | – | ૧૨ વર્ષ |
| ૬. | શ્રી વારત્તક ગાથાપતિ | રાજગૃહનગર | ગુણશીલ | ૧૨ વર્ષ |
| ૭. | શ્રી સુદર્શન " | વાણિજ્યગ્રામ | દ્યુતિપલાસ | ૫ વર્ષ |
| ૮. | શ્રી પુણ્યભદ્ર " | વાણિજ્યગ્રામ | દ્યુતિપલાસ | ૫ વર્ષ |
| ૯. | શ્રી સુમનભદ્ર " | શ્રાવસ્તીનગરી | – | ઘણાં વર્ષ |
| ૧૦. | શ્રી સુપ્રતિષ્ઠિત " | શ્રાવસ્તીનગરી | – | ૨૭ વર્ષ |
| ૧૧. | શ્રી મેઘકુમાર " | રાજગૃહનગર | ગુણશીલ | ઘણાં વર્ષ |
| આ સર્વ અણગારો વિપુલગિરિ ઉપર સંથારો કરી સિદ્ધ થયા છે. | | | | |

**॥ વર્ગ–૬ : અધ્ય.–૪ થી ૧૪ સંપૂર્ણ ॥**

# છઠ્ઠો વર્ગ

## અધ્યયન – ૧૫ : અતિમુક્તકુમાર

**ગૌતમ સ્વામીની ભિક્ષાચર્યા :–**

**१ तेणं कालेणं तेणं समएणं पोलासपुरे णयरे । सिरिवणे उज्जाणे । तत्थ णं पोलासपुरे णयरे विजए णामं राया होत्था । तस्स णं विजयस्स रण्णो सिरी णामं देवी होत्था, वण्णओ । तस्स णं विजयस्स रण्णो पुत्ते सिरिए देवीए अत्तए अइमुत्ते णामं कुमारे होत्था, सुकुमालपाणिपाए ।**

**तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे** *जाव* **सिरिवणे उज्जाणे** *जाव* **विहरइ ।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई अणगारे जहा पण्णत्तीए** *जाव* **पोलासपुरे णयरे उच्च-णीय-मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियं अडइ ।**

**इमं च णं अइमुत्ते कुमारे ण्हाए** *जाव* **सव्वालंकारविभूसिए बहूहिं दारगेहि य दारियाहि य डिंभएहि य डिंभियाहि य कुमारएहि य कुमारियाहि य सद्धिं संपरिवुडे साओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव इंदट्ठाणे तेणेव उवागए तेहिं बहूहिं दारएहि य संपरिवुडे अभिरममाणे-अभिरममाणे विहरइ । तए णं भगवं गोयमे** *जाव* **भिक्खारियं अडमाणे इंदट्ठाणस्स अदूरसामंतेणं वीईवयइ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે પોલાસપુર નામનું નગર હતું. ત્યાં શ્રીવન નામે ઉદ્યાન હતું. તે પોલાસપુર નગરમાં વિજય નામના રાજા હતા. તે વિજય રાજાના શ્રીદેવી નામના મહારાણી હતાં. રાજા તથા રાણીનું વર્ણન ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. મહારાજા વિજયનો પુત્ર તથા શ્રીદેવીનો આત્મજ અતિમુક્ત નામનો કુમાર હતો. તે અતિ સુંદર એવં સુકોમળ હાથ પગવાળો હતો.

તે કાળ, તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર ક્રમશઃ વિચરતાં શ્રીવન ઉદ્યાનમાં પધાર્યા. તે કાલે તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના જ્યેષ્ઠ અંતેવાસી શિષ્ય ઈન્દ્રભૂતિ શ્રી ભગવતી સૂત્રમાં કહ્યા પ્રમાણે છઠ તપના પારણાના દિવસે ભગવાનની આજ્ઞા લઈ પોલાસપુર નગરના ઉચ્ચ–નિમ્ન મધ્યમ કુળોમાં

ભિક્ષાર્થ ફરવા લાગ્યા.

અહીં અતિમુક્ત કુમાર સ્નાનાદિ કરી ***યાવત્*** સર્વાલંકારોથી વિભૂષિત થઈ ઘણા છોકરા–છોકરીઓ(મોટી ઉંમરના બાળકો), બાળક–બાળિકા તથા કુમાર–કુમારિકાઓ(અવિવાહિત, કિશોરો) સાથે મળીને પોતાના ઘેરથી નીકળ્યા, નીકળીને જ્યાં ક્રીડાસ્થાન હતું ત્યાં આવ્યા અને સહુની સાથે રમવા લાગ્યા. ભગવાન ગૌતમ તે જ સમયમાં ઉચ્ચ ***યાવત્*** ભિક્ષા માટે ફરતાં–ફરતાં ક્રીડાસ્થળ પાસેથી ન અતિ દૂર ન અતિ સમીપ તે રીતે નીકળ્યા.

## અતિમુક્તકુમાર અને ગૌતમ સ્વામી વચ્ચે વાર્તાલાપ :–

**૨** **तए णं से अइमुत्ते कुमारे भगवं गोयमं अदूरसामंतेणं वीईवयमाणं पासइ, पासित्ता जेणेव भगवं गोयमे तेणेव उवागए, भगवं गोयमं एवं वयासी– के णं भंते ! तुब्भे ? किं वा अडह ?**

**तए णं भंते गोयमे अइमुत्तं कुमारं एवं वयासी– अम्हे णं देवाणुप्पिया ! समणा णिग्गंथा इरियासमिया** *जाव* **गुत्तबंभयारी** *जाव* **भिक्खायरियाए अडामो ।**

**तए णं अइमुत्ते कुमारे भगवं गोयमं एवं वयासी– एह णं भंते ! तुब्भे जा णं अहं तुब्भं भिक्खं दवावेमि त्ति कट्टु भगवं गोयमं अंगुलीए गेण्हइ, गेण्हित्ता जेणेव सए गिहे तेणेव उवागए । तए णं सा सिरिदेवी भगवं गोयमं एज्जमाणं पासइ, पासित्ता हट्ठतुट्ठा आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता जेणेव भगवं गोयमे तेणेव उवागया । भगवं गोयमं तिक्खुत्तो आयाहिणं–पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता विउलेणं असण– पाण– खाइम–साइमेणं पडिलाभेइ, पडिलाभेत्ता पडिविसज्जेइ ।**

**तए णं से अइमुत्ते कुमारे भगवं गोयमं एवं वयासी– कहि णं भंते ! तुब्भे परिवसह ? तए णं से भगवं गोयमे अइमुत्तं कुमारं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! मम धम्मायरिए धम्मोवदेसए समणे भगवं महावीरे आइगरे** *जाव* **संपाविउकामे इहेव पोलासपुरस्स णयरस्स बहिया सिरिवणे उज्जाणे अहापडिरूवं ओग्गहं ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तत्थ णं अम्हे परिवसामो ।**

**ભાવાર્થ :–** ત્યારે અતિમુક્ત કુમારે ગૌતમ સ્વામીને ક્રીડાસ્થળ પાસેથી પસાર થતાં જોયા. જોઈને

જ્યાં ભગવાન ગૌતમ હતા ત્યાં આવ્યા. આવીને ગૌતમપ્રભુને આ પ્રમાણે પૂછ્યું– હે ભંતે ! આપ કોણ છો ? અને શા માટે ફરી રહ્યા છો ?

ત્યારે બાળ જિજ્ઞાસાનું સમાધાન કરતાં ગૌતમપ્રભુ બોલ્યા– હે દેવાનુપ્રિય ! અમે શ્રમણ નિર્ગ્રંથ છીએ. ઈર્યાસમિતિ આદિથી યુક્ત બ્રહ્મચારી(જૈન સાધુ) છીએ અને અત્યારે હું ભિક્ષાર્થ ફરી રહ્યો છું.

ત્યારે અતિમુક્ત કુમારે ગૌતમસ્વામીને કહ્યું– જો એમ હોય તો મારી સાથે પધારો. હું આપને ભિક્ષા(ગોચરી) અપાવું. આમ કહી અતિમુક્તે ગૌતમ સ્વામીની આંગળી પકડી લીધી અને પોતાના રાજભવનમાં લઈ ગયા. શ્રીદેવી ભગવાન ગૌતમને આવતા જોઈ અત્યંત પ્રસન્ન થયા. પ્રસન્ન તથા સંતુષ્ટ હૃદયે આસન પરથી ઊભા થઈ ગૌતમ સ્વામી સન્મુખ આવ્યાં. આવીને ગૌતમ સ્વામીને ત્રણવાર આદક્ષિણા પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા. ત્યાર પછી ભોજનગૃહમાં લઈ જઈ વિપુલ(શ્રેષ્ઠ–ઉતમ) અશન–પાન–ખાદિમ–સ્વાદિમ આદિ દ્વારા પ્રતિલાભિત કર્યા અને વિનયપૂર્વક ગૌતમસ્વામીને વિસર્જિત(વિદાય) કર્યા.

ત્યાર પછી અતિમુક્ત કુમારે ગૌતમ સ્વામીને પુનઃ પૂછ્યું– હે ભગવાન ! આપનું નિવાસ સ્થાન ક્યાં છે ? ગૌતમ સ્વામીએ કુમારને કહ્યું– હે દેવાનુપ્રિય ! મારા ધર્મગુરુ, ધર્માચાર્ય, ધર્મોપદેશક, ધર્મની આદિ કરનારા, મોક્ષાભિલાષી શ્રમણ ભગવાન મહાવીર આ પોલાસપુર નગરની બહાર શ્રીવન ઉદ્યાનમાં બિરાજમાન છે. અમે ત્યાં રહીએ છીએ.

## વિવેચન :–

આ સૂત્રમાં અતિમુક્ત કુમારે ગૌતમ સ્વામીને ત્રણ પ્રશ્ન પૂછ્યા છે અને ગૌતમ પ્રભુએ ખૂબ જ સુંદર રીતે ત્રણેના જવાબ આપી બાળકના મનનું સમાધાન કર્યું છે. આ સૂત્રમાં બંનેની મહાનતાના દર્શન થાય છે. નાનાની મહાનતાના દર્શન, મોટા સાથેના વ્યવહાર તથા મોટા કામથી થાય છે અને મોટાની મહાનતાના દર્શન નાના સાથેના વ્યવહાર તથા નાના કામથી થાય છે. અતિમુક્ત કુમાર રમતા હતા. જેવા ગૌતમ સ્વામીને જોયા કે તુરત જ રમત છોડી, એમની પાસે આવ્યા, વંદનાદિથી વિનય સાચવી, પ્રશ્ન પૂછી, ગોચરી માટે પોતાના ઘરે લઈ ગયા. ટીકાકાર અભયદેવ સૂરીના કથન પ્રમાણે અતિમુક્ત કુમાર છ વર્ષના હતા. નાની વયના આ સંસ્કાર તેના પૂર્વ જન્મના ઉપાદાનને અને આ જન્મના માતાપિતાના ઘડતરની આદર્શતાને સૂચવે છે. ગૌતમ સ્વામીની મહાનતા છે કે નાનાકડા બાળકના સાવ નાના(સામાન્ય) ગણાતા પ્રશ્નોનો પણ પ્રેમપૂર્વક, સરળતાથી ઉત્તર આપે છે. ત્રીજા પ્રશ્નનો જવાબ સીધો અમે શ્રીવન ઉદ્યાનમાં રહીએ છીએ એમ ન આપ્યો પરંતુ મારા ઉપકારી ગુરુ ભગવંત પ્રભુ મહાવીર શ્રીવનમાં બિરાજે છે અને અમો ત્યાં એટલે કે અમારા ધર્મગુરુની સાથે, તેમના સાનિધ્યમાં રહીએ છીએ. ગૌતમ સ્વામીની ગુરુભક્તિ, અપૂર્વ સમર્પણભાવ, લઘુતામાં પણ પ્રભુતાના દર્શન કરાવે છે.

અહીં એક શંકા થાય છે કે પ્રભુ મહાવીરના શાસનકાલીન સંતોને માટે રાજપિંડ નિષેધ છે તો ગૌતમ સ્વામીએ વિજયરાજાને ત્યાં આહાર કેમ ગ્રહણ કર્યો ? એનું સમાધાન છે કે– ચૌદ પૂર્વી બહુશ્રુત

શ્રમણ આગમ વિહારી હોય છે. શ્રુત વ્યવહારના નિયમો તેને માટે એકાંતિક હોતા નથી.

બીજું સમાધાન એમ પણ છે કે– રાજા માટે બનાવેલ બળપ્રદ આહાર ગ્રહણ ન કરે તે રાજપિંડ હોય છે. રાજાના રસોઈ ઘરમાં રાજા–રાજપરિવાર અને તે સિવાયની અનેક વ્યક્તિઓ માટે રસોઈ બનતી હોય છે, તેમાંથી ગ્રહણ કરી શકાય.

## અતિમુક્તનું ભગવાનના દર્શનાર્થે આગમન :–

**३ तए णं से अइमुत्ते कुमारे भगवं गोयमं एवं वयासी– गच्छामि णं भंते ! अहं तुब्भेहिं सद्धिं समणं भगवं महावीरं पायवंदए । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेहि ।**

**तए णं से अइमुत्ते कुमारे भगवया गोयमेणं सद्धिं जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिण पयाहिणं करेइ, करेत्ता वंदइ** *जाव* **पज्जुवासइ ।**

**तए णं भगवं गोयमे जेणेव समणे भगवं महावीरे तेणेव उवागए** *जाव* **भत्तपाणं पडिदंसेइ, पडिदंसेत्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तए णं समणे भगवं महावीरे अइमुत्तस्स कुमारस्स तीसे य महइ महालियाए परिसाए मज्झगए विचित्तं धम्ममाइक्खइ ।**

**ભાવાર્થ :–** ત્યાર બાદ અતિમુક્ત કુમારે ગૌતમ સ્વામીને કહ્યું– હે પૂજ્ય ! હું પણ આપની સાથે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન કરવા આવું છું. હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મ કાર્યમાં વિલંબ ન કરો.

ત્યારે તે અતિમુક્ત કુમાર ગૌતમ સ્વામી સાથે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી સમીપે આવ્યા, આવીને ત્રણવાર આદક્ષિણા–પ્રદક્ષિણા કરી, વંદન નમસ્કાર કર્યા અને ભગવાનની પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યારે ગૌતમ સ્વામી મહાવીર સમીપે પધાર્યા ***યાવત્*** ભગવાનને આહાર દેખાડ્યો, દેખાડીને સંયમ તપથી આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યાર પછી ભગવાન મહાવીર સ્વામીએ અતિમુક્ત કુમારને તથા વિશાળ પરિષદને ધર્મકથા કહી.

## અતિમુક્ત કુમારને વૈરાગ્ય :–

**४ तए णं से अइमुत्ते कुमारे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं**

**सोच्चा णिसम्म हट्ठतुट्ठे *जाव* जं णवरं– देवाणुप्पिया ! अम्मापियरो आपुच्छामि तए णं अहं देवाणुप्पियाणं अंतिए *जाव* पव्वयामि । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेहि ।**

**तए णं से अइमुत्ते कुमारे जेणेव अम्मापियरो तेणेव उवागए, उवागच्छित्ता अम्मापिऊणं पायवडणं करेइ, करेत्ता एवं वयासी– एवं खलु अम्मयाओ ! मए समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मे णिसंते, से वि य मे धम्मे इच्छिए पडिच्छिए अभिरुइए । तए णं तस्स अइमुत्तस्स अम्मापियरो एवं वयासी– धण्णो सि तुमं जाया ! संपुण्णो सि तुमं जाया ! कयत्थो सि तुमं जाया ! जं णं तुमे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मे णिसंते, से वि य ते धम्मे इच्छिए पडिच्छिए अभिरुइए ।**

**तए णं से अइमुत्ते कुमारे अम्मापियरो दोच्चं पि तच्चं पि एवं वयासी– एवं खलु अम्मयाओ ! मए समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मे णिसंते। से वि य णं मे धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए । तं इच्छामि णं अम्मयाओ! तुब्भेहि अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतिए मुंडे भवित्ता णं अगाराओ अणगारियं पव्वइत्तए ।**

**ભાવાર્થ :–** અતિમુક્ત કુમાર ભગવાનની ધર્મદેશના સાંભળી અત્યંત હર્ષિત એવં સંતુષ્ટ થયા. પ્રભુના ઉપદેશને હૃદયમાં ધારણ કરી અતિમુક્ત કુમારે પ્રભુને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! હું મારા માતા પિતાની અનુજ્ઞા પ્રાપ્ત કરી આપ પાસે દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું. ભગવાને કહ્યું– દેવાનુપ્રિય ! તમને જેમ સુખ ઉપજે તેમ કરો; ધર્મકાર્યમાં વિલંબ ન કરો.

ત્યાર પછી અતિમુક્તકુમાર પોતાના માતાપિતા પાસે ગયા. તેઓના ચરણોમાં પ્રણામ કરીને કહ્યું– હે માતાપિતા ! મેં શ્રમણ ભગવાન મહાવીર સમીપે ધર્મશ્રવણ કર્યું. તે ધર્મ મને ઈષ્ટ, વારંવાર ઈષ્ટ પ્રતીત થયો છે અને મને ખૂબ ગમ્યો છે. ત્યારે માતા પિતાએ કહ્યું– હે પુત્ર ! તું ધન્ય છે, વત્સ તું પુણ્યશાળી છે, હે વત્સ ! તું કૃતાર્થ છે કે તેં ભગવાન મહાવીર સમીપે ધર્મનું શ્રવણ કર્યું છે અને તે ધર્મ તને ઈષ્ટ, વારંવાર ઈષ્ટ અને રૂચિકર લાગ્યો છે.

ત્યારે અતિમુક્ત કુમારે બીજી અને ત્રીજીવાર પણ આ જ વાત કહી– માતાપિતા ! શ્રમણ ભગવાન મહાવીર સમીપે ધર્મશ્રવણ કર્યું છે. તે ધર્મ મને ઈષ્ટ, પુનઃ ઈષ્ટ અને રુચિકર લાગ્યો છે. તેથી હે માતાપિતા! આપની અનુજ્ઞા પ્રાપ્ત કરી હું શ્રમણ ભગવાન મહાવીર સમીપે મુંડિત થઈ ગૃહ ત્યાગ કરી અણગાર દીક્ષા ગ્રહણ કરવા ઈચ્છું છું.

**५ तए णं तं अइमुत्तं कुमारं अम्मापियरो एवं वयासी– बाले सि ताव तुमं पुत्ता ! असंबुद्धे, कि णं तुमं जाणसि धम्मं ?**

**तए णं से अइमुत्ते कुमारे अम्मापियरो एवं वयासी– एवं खलु अहं अम्मयाओ! जं चेव जाणामि तं चेव ण जाणामि, जं चेव ण जाणामि तं चेव जाणामि ।**

**तए णं तं अइमुत्तं कुमारं अम्मापियरो एवं वयासी–कहं णं तुमं पुत्ता ! जं चेव जाणसि तं चेव ण जाणसि ? जं चेव ण जाणसि तं चेव जाणसि ?**

**तए णं से अइमुत्ते कुमारे अम्मापियरो एवं वयासी– जाणामि अहं अम्मयाओ! जहा जाएणं अवस्स मरियव्वं, ण जाणामि अहं अम्मयाओ ! काहे वा कहिं वा कहं वा कियच्चिरेण वा ?**

**ण जाणामि णं अम्मयाओ ! केहिं कम्मायणेहिं जीवा णेरइय तिरिक्ख जोणियमणुस्सदेवेसु उववज्जंति, जाणामि णं अम्मायाओ ! जहा सएहिं कम्मायणेहिं जीवा णेरइय *जाव* उववज्जंति । एवं खलु अहं अम्मयाओ ! जं चेव जाणामि तं चेव ण जाणामि, जं चेव ण जाणामि तं चेव जाणामि । तं इच्छामो णं अम्मयाओ! तुब्भेहिं अब्भणुण्णाए *जाव* पव्वत्तए ।**

**भावार्थ :–** આ રીતે અતિમુક્ત કુમારે માતાપિતા પાસે દીક્ષાની આજ્ઞા માંગી ત્યારે માતા પિતાએ કુમારને કહ્યું– હે પુત્ર ! હજી તું બાળક છે, અબોધ છે, ધર્મની(દીક્ષાની) વાતોને તું શું જાણે ? અતિમુક્ત કુમાર બોલ્યા– હે માતાપિતા ! હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે હું જાણું છું.

માતાપિતાએ કહ્યું– બેટા ! તું શું કહે છે ? તે સમજાતું નથી. જાણવા ન જાણવાનો અર્થ શું છે ? એટલે કે જે જાણે છે તેને નથી જાણતો અને જે નથી જાણતો તે જાણે છે ?

ત્યારે અતિમુક્ત કુમાર ગૂઢાર્થને સ્પષ્ટ કરતા કહે છે– હે માતાપિતા ! જે જન્મ લે છે તે અવશ્ય મૃત્યુ પામે છે એ હું જાણું છું પણ એ નથી જાણતો કે ક્યારે, ક્યાં(સ્થાને), કેવી રીતે, કેટલા દિવસ પછી મૃત્યુ થશે ?

અને જે નથી જાણતો તેને હું જાણું છું એનો અર્થ એ છે કે જીવ કયા કર્મોના કારણે નરક, તિર્યંચ મનુષ્ય અને દેવગતિમાં ઉત્પન્ન થાય છે ? તે હું નથી જાણતો પરંતુ એટલું હું અવશ્ય જાણું છું કે જીવ પોતાના કરેલા કર્માનુસાર જ વિવિધ ગતિઓમાં, યોનિઓમાં ઉત્પન્ન થાય છે. પોતાના કથનનો ઉપસંહાર કરતાં અતિમુક્ત કુમાર કહે છે– માટે હે માતાપિતા ! મેં કહ્યું કે હું જે જાણું છું તે નથી જાણતો અને જે નથી જાણતો તે હું જાણું છું. મારું મૃત્યુ ક્યારે થશે અને હું ક્યાં જઈશ એ તત્ત્વજ્ઞાનથી હું અજ્ઞાત છું. એ અજ્ઞાતને

જ્ઞાત કરવા માટે જ હું આપની આજ્ઞા પ્રાપ્ત કરી, સંયમ ગ્રહણ કરવા ઈચ્છું છું.

### વિવેચન :–

આ સૂત્રમાં છ વર્ષના નાના બાળકની કેટલી સ્પષ્ટ, નિર્મળ અને સહજ જ્ઞાનસંપદા છે કે જેને એના માતા પિતા પણ સમજી શકતા નથી. જ્ઞાનનો સંબંધ આત્મા સાથે છે પછી એ શરીર નાનું હોય કે મોટું, વૃદ્ધ હોય કે બાળકનું હોય, સ્થૂળ હોય કે પાતળું. માત્ર બે જ વાક્યની સમજણ દ્વારા એણે પોતાના માતા પિતાને નિરુત્તર કરી દીધા. જેમાં (૧) જે જાણું છું તે નથી જાણતો (૨) જે નથી જાણતો તે હું જાણું છું. જે નથી જાણતો તે જાણવા માટે જ હું સંયમ લેવા ઈચ્છું છું. આમ તેનું સંયમલક્ષ્ય સ્પષ્ટ છે.

આ સૂત્રમાં પ્રયુક્ત **कम्मायणेहिं** શબ્દનો અર્થ વૃત્તિકારે આ પ્રમાણે કર્યો છે. **कम्मायणेहि त्ति, कर्मणां ज्ञानावरणीयादीनाम । आयतनानि आदानानि बंधहेतव इत्यर्थः । पाठान्तरेणं कम्मावयणेहिं त्ति तत्र कर्मापतनानि यैः कर्मावतति–आत्मनि संभवति तानि तथा** અર્થાત્ કર્મ શબ્દ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો સંસૂચક છે અને **आयातन** શબ્દ બંધના કારણોનો પરિચાયક છે. ક્યાંક ક્યાંક **कम्मायणेहिं** ના સ્થાને **कम्मावयणेहिं** એવો પણ પાઠાંતર મળે છે. જે કારણોથી કર્મ આત્મ સરોવરમાં પડે છે, કર્મ આત્મ પ્રદેશોથી સંબંધિત થાય છે, તેને કર્માપતન કહે છે. બંનેનો આશય એક જ છે. કર્મ આયતનાનિ અને કર્માપતન આ બંને શબ્દોનો અર્થ એક જ સમાન થાય છે.

### અતિમુક્તકુમારની દીક્ષા એવં સિદ્ધિ :–

**६ तए णं तं अइमुत्तं कुमारं अम्मापियरो जाहे णो संचाएंति बहूहिं आघवणाहिं** *जाव* **तं इच्छामो ते जाया ! एगदिवसमवि रायसिरिं पासेत्तए । तए णं से अइमुत्ते कुमारे अम्मापिउवयण मणुयत्तमाणे तुसिणीए संचिट्ठइ । अभिसेओ जहा महा– बलस्स । णिक्खमणं** *जाव* **सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ । बहूहिं वासाइं सामण्णपरियागं पाउणइ, गुणरयणं तवोकम्मं** *जाव* **विपुले सिद्धे ।**

**ભાવાર્થ :–** માતા પિતા અતિમુક્ત કુમારને જ્યારે અનેક યુક્તિ–પ્રયુક્તિઓથી સમજાવવામાં સમર્થ ન થયા ત્યારે બોલ્યા– હે પુત્ર ! અમે એક દિવસ તારી રાજ્યલક્ષ્મીનો વૈભવ જોવા ઈચ્છીએ છીએ. માતા પિતાની વાત સાંભળી કુમાર મૌન રહ્યા. ત્યારે મહાબલકુમારની સમાન રાજ્યાભિષેક જાણવો. અભિનિષ્ક્રમણ– પ્રવ્રજ્યા–સામાયિકાદિ અગિયાર અંગોનું અધ્યયન, ઘણા વર્ષોની સંયમ પર્યાયનું પાલન, ગુણરત્ન સંવત્સરાદિ તપનું આરાધન કર્યું ***યાવત્*** વિપુલગિરિ પર્વત પર સિદ્ધપદને પામ્યા.

### વિવેચન :–

આ સૂત્રમાં અતિમુક્ત કુમારની પ્રવ્રજ્યાથી પરમાત્મપદ સુધીની યાત્રાનો દિશા નિર્દેશ કર્યો છે.

શ્રી ભગવતી સૂત્રના ૫ માં શતકના ચોથા ઉદ્દેશામાં અતિમુક્ત મુનિના જીવનની એક સુંદર ઘટનાનું વર્ણન છે. જે અહીં પ્રાસંગિક હોવાથી મૂળપાઠ સહિત આપવામાં આવે છે–

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे पगइभद्दए** *जाव* **विणीए । तए णं से अइमुत्ते कुमारसमणे अण्णया कयाइं महावुट्ठिकायंसि णिवयमाणंसि कक्खपडिग्गह–रयहरणमायाए बहिया संपट्ठिए विहाराए । तए णं अइमुत्ते कुमारसमणे वाहयं वहमाणं पासइ, पासित्ता मट्टियाए पालिं बंधइ, बंधित्ता 'णाविया मे णाविया मे' णाविओ विव णावमयं पडिग्गहं उदगंसि कट्टु पव्वाहमाणे पव्वाहमाणे अभिरमइ, तं च थेरा अदक्खु, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता एवं वयासी–**

**एवं खलु देवाणुप्पियाणं अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे से णं भंते ! अइमुत्ते कुमारसमणे कइहिं भवग्गहणेहिं सिज्झिहिइ** *जाव* **अंतं करेहिइ ?**

**अज्जो ! त्ति समणे भगवं महावीरे ते थेरे एवं वयासी– एवं खलु अज्जो ! मम अंतेवासी अइमुत्ते णामं कुमारसमणे पगइभद्दए** *जाव* **विणीए, से णं अइमुत्ते कुमारसमणे इमेणं चेव भवग्गहणेणं सिज्झिहिइ** *जाव* **अंतं करेहिइ; तं मा णं अज्जो ! तुब्भे अइमुत्तं कुमारसमणं हीलेह, निंदह, खिंसह, गरहह, अवमण्णह, तुब्भे णं देवाणुप्पिया ! अइमुत्तं कुमारसमणं अगिलाए संगिण्हह, अगिलाए उवगिण्हह, अगिलाए भत्तेणं पाणेणं विणएणं वेयावडियं करेह । अइमुत्ते णं कुमारसमणे अंतकरे चेव, अंतिमसरीरिए चेव; तए णं ते थेरा भगवंतो समणेणं भगवया महावीरेणं एवं वुत्ता समाणा समणं भगवं महावीरं वंदइ, णमंसइ; अइमुत्तं कुमारसमणं अगिलाए संगिण्हंति** *जाव* **वेयावडियं करेंति ।**–[ભગવતી સૂત્ર શ. ૫ ઉ. ૪]

**અર્થ :–** તે કાલે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શિષ્ય અતિમુક્ત કુમાર શ્રમણ કોઈ એક દિવસે મહાવર્ષા વરસ્યા બાદ પોતાનો રજોહરણ લઈ, હાથમાં નાનકડું પાત્ર લઈ, બહાર સ્થંડિલ હેતુ ગયા. રસ્તે જતાં અતિમુક્ત કુમાર શ્રમણે પાણીનું એક નાનું ખાબોચિયું જોયું અને જોતાની સાથે બચપણની ઘટનાનું સ્મરણ થઈ આવ્યું. તેઓએ ખાબોચિયાની ભીની માટીની પાળ બાંધી, બાંધીને નાવિક જે રીતે નાવને પાણીમાં છોડે છે એ રીતે અતિમુક્ત મુનિએ પોતાના પાત્રને પાણીમાં મૂક્યું અને આ મારી નાવ છે. નાવ તરે, મારી નાવ તરે એમ કહી પાત્રને પાણીમાં તરાવતા ક્રીડા કરવા લાગ્યા. અતિમુક્ત કુમાર શ્રમણને આ પ્રમાણે કરતાં જોઈ સ્થવિર મુનિ તેને કંઈપણ કહ્યા વિના ચાલ્યા ગયા. શ્રમણ ભગવાન મહાવીર સમીપે આવી તેઓશ્રીને પૂછ્યું– હે ભગવન્ ! આપના શિષ્ય અતિમુક્ત કુમાર શ્રમણ કેટલા ભવ કર્યા બાદ સિદ્ધ થશે ? તથા સર્વ દુઃખોનો અંત કરશે ?

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ તે સ્થવિર મુનિઓને સંબોધિત કરીને કહ્યું– હે આર્યો ! પ્રકૃતિથી ભદ્ર, પ્રકૃતિથી વિનીત એવો મારો અંતેવાસી શિષ્ય અતિમુક્ત કુમાર આ જ ભવમાં સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે તેથી હે આર્યો ! તમે અતિમુક્તકુમાર શ્રમણની હીલના, નિંદા, ખિંસના,

ગર્હા અને અપમાન કરો નહીં પરંતુ અગ્લાન ભાવથી અતિમુક્ત કુમાર શ્રમણને જુઓ, તેને સહાયતા કરો અને આહારપાણી દ્વારા વિનયપૂર્વક તેની વૈયાવચ્ચ કરો.

અતિમુક્ત કુમાર શ્રમણ ચરમ શરીરી છે. આ જ ભવમાં બધા કર્મોનો ક્ષય કરનાર છે. શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ વૃત્તાંત સાંભળી, તે સ્થવિર મુનિઓએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, ત્યાર પછી તે સ્થવિર મુનિ, અતિમુક્ત કુમાર શ્રમણને અગ્લાન ભાવથી સ્વીકારી, તેની વૈયાવચ્ચ કરવા લાગ્યા.

## શિક્ષા પ્રેરણા :–

(૧) ભાગ્યશાળી હળુકર્મી જીવોને સહજ રીતે જ સુસંયોગ અને ધર્માચરણની પ્રાપ્તિ થઈ જાય છે અને સમ્યક્ પુરુષાર્થ દ્વારા તેઓ પોતાને પ્રાપ્ત થયેલા તે સુસંયોગને સફળ બનાવી દે છે. આપણને પણ માનવભવ, શાસ્ત્ર શ્રવણ, મુનિસેવા આદિનો સુઅવસર મળ્યો છે તે અવસરને વૈરાગ્ય દ્વારા આળસ, બેદરકારી અને ઉપેક્ષાના ભાવોને હટાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૨) એક નાનકડો બાળક પણ જીવન અને ધર્મના સારપૂર્ણ તથ્યને સરળતાથી સમજી શકે છે અને તેનું સાચા અર્થમાં વિશ્લેષણ કરી શકે છે, તો શું આપણે નાની એવી વાતને પણ હૃદયંગમ ન કરી શકીએ કે– જન્મ્યો છે તેને મરવું અવશ્ય પડશે. ક્યારે, કેવી રીતે મોત આવશે એની કોઈને કંઈ જ ખબર નથી. જીવ જેવું આચરણ કરશે તે અનુસાર જ ભવિષ્યની ગતિ મળશે તે પણ નક્કી જ છે. આ મામૂલી જેવી લાગતી વાતને આપણે લક્ષ્યમાં રાખીને બાળમુનિનો આદર્શ સામે રાખીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ અને યોગ્યતા અને અવસર અનુસાર જીવન સુધારવામાં, ધર્માચરણમાં અને ભવિષ્યને કલ્યાણમય બનાવવા માટે યત્કિંચિત પુરુષાર્થ વધારતાં રહેવું જોઈએ.

(૩) બુદ્ધિમતા અને ઉત્સાહ– ૧. રમત છોડીને એક રસ્તે ચાલ્યા જતાં મહાત્માને તેનો પરિચય પૂછવો પરંતુ તેની મશ્કરી ન કરવી. ૨. ભિક્ષાની વાત જાણીને તરત જ પોતાના ઘેર લઈ જવા નિવેદન કરવું. (૩) ભિક્ષા લઈને નીકળતા મુનિને વિવેક પૂર્વક તેમના નિવાસ સ્થાન વિશે પૂછવું. ૪. નિવાસ સ્થાન અને ભગવાનનો પરિચય મળતાં તત્કાળ જ તેમની સાથે ચાલી નીકળવું. ૫. ભગવાન પાસે પહોંચીને વિધિવત્ વંદન કરવા. ૬. શાંતિથી બેસી જવું ૭. ધર્મ અને સંયમની રુચિને ભગવાન સમક્ષ પ્રગટ કરવી. ૮. માતાપિતા પાસે સ્વયં આજ્ઞા પ્રાપ્તિ માટે નિવેદન કરવું. ૯. ભગવાન પાસેથી મળેલા જ્ઞાનના સારના આધારે ચમત્કારિક જવાબ આપવો. ૧૦. વહેતાં પાણીમાં નાવ તરાવવા માટે પહેલાં રેતીથી પાણીને રોકીને પછી પાત્રીને પાણીમાં છોડવી એવું ન કરે તો તેની(નાવની પાત્રીની)પાછળ પાછળ ભાગવું પડે. ૧૧. શ્રમણોને આવતાં જોઈને તે ખેલ(રમતમાંથી) તરત જ નિવૃત્ત થઈને ચાલવા માટે તૈયાર થઈ જવું. આ પ્રત્યેક ક્રિયામાં બાલમુનિની બુદ્ધિમત્તાના દર્શન થાય છે.

(૪) વર્ષાઋતુમાં પણ સંતો શૌચ નિવૃત્તિ માટે બહાર જઈ શકે છે એવું સ્પષ્ટ ઉદાહરણ પ્રસ્તુત અધ્યયનમાં છે. અચિત નિર્દોષ ભૂમિ હોવી જરૂરી છે.

(૫) બાલ દીક્ષાનો એકાંત વિરોધ કરવો તે યોગ્ય નથી. બાલ દીક્ષાનો પાઠ આગમિક છે. વિવેકની

આવશ્યકતા કાળ પ્રમાણે સર્વત્ર સ્વતઃ સિદ્ધ છે. અનેકાંત સિદ્ધાંતોને પામીને કોઈપણ વ્યવહારિક પ્રવૃત્તિમાં એકાંત આગ્રહ ન રાખવો જોઈએ.

૮ વર્ષ, ૧૬ વર્ષ, પાછળથી અંતિમ વય અર્થાત્ હજાર વર્ષની ઉંમરમાં પણ માત્ર ૧૦–૨૦ વર્ષ સંયમ પાળનાર વ્યક્તિઓના ઉદાહરણો આ અધ્યયનમાં અને સૂત્રમાં(આગમમાં) છે. શેઠ, રાજા, રાણી, રાજકુમાર, માળીના દીક્ષિત થવા અને મોક્ષ જવાના ઉદાહરણો આ આગમમાં છે. અન્ય આગમોમાં (સૂત્રોમાં) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રનું સંયમ લેવા વિશે અને મોક્ષ જવાનું વર્ણન છે. અતઃ આગમ આજ્ઞા સિવાય કોઈ પણ એકાંત આગ્રહ રાખવો કે કરવો ભગવાનની આજ્ઞા નથી. તે માત્ર વ્યક્તિગત આગ્રહ રૂપે જ રહી જાય છે.

(૬) ઉત્કૃષ્ટાચાર અને શુદ્ધાચારના નામ પર જે અનુદારતા, સંકીર્ણવૃત્તિ, ઘૃણાભાવ અને તુચ્છતા પૂર્ણ જે કંઈ પ્રવૃત્તિઓ આ સમાજમાં શ્રમણો દ્વારા કરવામાં આવે છે. તેમણે આ અધ્યયનની નીચેમુજબની વાતો ધ્યાનમાં લેવી જોઈએ– (૧) એવંતાનું ગૌતમ સ્વામીને રમતના મેદાનમાંથી નિમંત્રણ આપીને સાથે લઈ જવું. (૨) આચાર્ય કરતાં પણ વિશિષ્ટ મહત્વશાળી ગણધરની પદવી ધારણ કરનાર ગૌતમ સ્વામીની આંગળી પકડીને ચાલવું. (૩) છોકરાને ઘર બતાવવા માટે સાથે ચાલવા દેવો. (૪) ઉપાશ્રયમાં પણ સાથે આવવા તૈયાર થવું. (૫) બાલમુનિનો કાચા પાણી સાથે સ્પર્શ(અડવાનું) થયો હોવા છતાં પણ તેમની સાથે અભદ્ર વ્યવહાર ન કરવો. (૬) ભગવાન દ્વારા પણ એવંતા મુનિને બોલાવીને ઠપકો ન આપવો પરંતુ શ્રમણોને જ સેવા ભાવ માટે અને સાર–સંભાળ તેમજ શિક્ષણ, સંરક્ષણ માટે પ્રેરણા આપવી.

આ બધા ઉદારતાપૂર્ણ વ્યવહાર ચિંતન–મનન કરવા જેવા છે. તેનાથી 'ઉદાર' ભાવોમાં વૃદ્ધિ કરવાની પ્રેરણા મળે છે અને આવા ઉદારભાવોના વ્યવહારથી કેટલા ય જીવોને ઉન્નતિ કરવાની પ્રેરણા, અવસર અને સુસંયોગ મળે છે અને આવી વૃત્તિથી (ઉદારવૃત્તિથી) માનવમાં સમતા ભાવની વૃદ્ધિ થાય છે.

(૭) માતાએ એવંતાને એકલાને જ બગીચામાં જવા દીધો. જરા પણ રોકટોક ન કરી. ગૌતમ સ્વામી અથવા બીજા કોઈ સંતો તેને પાછો ઘેર પહોંચાડવા ન આવ્યા. તેથી તેમની ઉંમર નાસમજ બાળક જેટલી ન હતી અને આંગળી પકડીને ચાલવાની પ્રકૃતિ પરથી તેમને અધિક ઉંમરના પણ ન માની શકાય. સવા આઠ વર્ષની ઉંમર ધરાવતાં બાળકને દીક્ષા આપવાનું વિધાન પણ આગમમાં છે. માટે એવંતાએ દીક્ષા લીધી ત્યારે તેમની ઉંમર આઠ–નવ વર્ષની આસપાસ હતી, એમ સમજી શકાય છે. મૂળપાઠમાં ઉંમરનું અલગથી કોઈ પણ જાતનું વર્ણન કરવામાં આવ્યું નથી.

(૮) આ અધ્યયનમાંથી આપણે પણ જીવનમાં સંયમ ગ્રહણ કરવાની પ્રેરણા લેવી જોઈએ. એક બાળક પણ માનવ ભવનું આટલું ઉચ્ચ મૂલ્યાંકન કરી શકે છે. શ્રાવકનો બીજો મનોરથ, સંયમ લેવાનો પણ સદા સેવીએ છીએ. અતઃ તેને સફળ કરવાનો પ્રયત્ન પણ ક્યારેક કરવો જોઈએ. આવા આવા આદર્શ દૃષ્ટાંતો સાંભળીને તો અવશ્ય જીવનમાં કોઈ નવો(સારો)વળાંક લાવવો જોઈએ અને અધ્યાત્મ માર્ગમાં આગેકૂચ

કરવા માટે દઢ સંકલ્પ કરવો જોઈએ.

(૯) પરનિંદા અને અવગુણ કરવું એ પણ ૧૫ મું પાપસ્થાન છે.

(૧૦) અઢાર પાપોનો ત્યાગી કોઈની પણ વ્યક્તિગત નિંદા અવહેલના કરે, કોઈનું અપમાન કરે, તો તે પણ પાપીશ્રમણ બને છે. તે પણ સાવદ્ય યોગનું સેવન કરનાર અને સંયમથી ભ્રષ્ટ થાય છે.

(૧૧) पिट्ठि मंसं ण खाएज्जा । પર નિંદા કરવી એને પીઠનું માંસ ખાવાની ઉપમા અપાય છે. અતઃ આત્માર્થી મુનિએ પરનિંદાના પાપથી પ્રતિક્ષણ બચવા માટે પ્રતિક્ષણ સાવધાન રહેવું જોઈએ.

॥ વર્ગ–૬ : અધ્ય.–૧૫ સંપૂર્ણ ॥

# છઠ્ઠો વર્ગ

## અધ્યયન – ૧૬ : અલક્ષ

**અલક્ષરાજા :–**

**१ तेणं कालेणं तेणं समएणं वाणारसी णयरी, काममहावणे चेइए । तत्थ णं वाराणसीए अलक्के णामं राया होत्था ।**

**तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे** *जाव* **विहरइ । परिसा णिग्गया । तए णं अलक्के राया इमीसे कहाए लद्धट्ठे हट्ठतुट्ठे जहा कोणिए** *जाव* **धम्मकहा ।**

**तए णं से अलक्के राया समणस्स भगवओ महावीरस्स अंतिए जहा उदायणे तहा णिक्खंते, णवरं जेट्ठपुत्तं रज्जे अभिसिंचइ । एक्कारस अंगाइं । बहू वासा परियाओ** *जाव* **विपुले सिद्धे ।**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं छट्ठस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે વાણારસી નામની નગરી હતી. ત્યાં કામમહાવન નામનું ઉદ્યાન હતું. ત્યાંના રાજાનું નામ અલક્ષ હતું. તે કાળ અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર કામ મહાવન ઉદ્યાનમાં પધાર્યા. ભગવાન પધાર્યાની વધામણી સાંભળીને અલક્ષ રાજા પ્રસન્ન થયા. રાજા કોણિકની જેમ તે પણ પ્રભુની સેવામાં ઉપસ્થિત થયા. પ્રભુએ ધર્મકથા કહી. અલક્ષ રાજાને વૈરાગ્ય જાગ્યો. ઉદાયન રાજાની જેમ દીક્ષિત થયા. વિશેષતા એ છે કે ઉદાયન રાજાએ ભાણેજને ઉત્તરાધિકારી બનાવ્યો, અલક્ષ રાજાએ જ્યેષ્ઠ પુત્રનો રાજ્યાભિષેક કર્યો. સંયમ ગ્રહણ કરી અગિયાર અંગોનું અધ્યયન કર્યું. ઘણા વર્ષોની ચારિત્ર પર્યાયનું પાલન કર્યું ***યાવત્*** વિપુલગિરિ પર્વત પર સિદ્ધગતિને પામ્યા. આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાના છટ્ઠા વર્ગનો આ ભાવ ફરમાવ્યો છે.

**વિવેચન :–**

અલક્ષ રાજાના જીવનમાં બે રાજાની સરખામણી છે. કોણિક રાજા તથા ઉદાયન રાજા. કોણિક રાજાનું

વર્ણન ઔપપાતિક સૂત્રમાં તથા ઉદાયન રાજાનું ભગવતી સૂત્ર શતક–૧૩, ઉદ્દેશા–૬ માં છે, તે અનુસાર અલક્ષ રાજાનું વર્ણન અહીં સમજી લેવું.

**॥ વર્ગ–૬ : અધ્ય.–૧૬ સંપૂર્ણ ॥**

# સાતમો વર્ગ

## અધ્યયન – ૧ થી ૧૩ : નંદાદિ

**શ્રેણિક રાજાની નંદાદિ મહારાણી :–**

**१** जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगड-दसाणं छट्ठस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, सत्तमस्स वग्गस्स के अट्ठे पण्णत्ते ?

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं सत्तमस्स वग्गस्स तेरस अज्झयणा पण्णत्ता, तं जहा–

णंदा तह णंदवई, णंदुत्तर णंदिसेणिया चेव ।
मरुता सुमरुता महामरुता, मरुदेवा य अट्ठमा ॥१॥
भद्दा य सुभद्दा य, सुजाया सुमणाइया ।
भूयदिण्णा य बोधव्वा, सेणिय भज्जाण णामाइं ॥२॥

जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं सत्तमस्स वग्गस्स तेरस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पणणत्ते ?

एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसिलए चेइए । सेणिए राया, वण्णओ । तस्स णं सेणियस्स रण्णो णंदा णामं देवी होत्था, वण्णओ । सामी समोसढे, परिसा णिग्गया । तए णं सा णंदा देवी इमीसे कहाए लद्धट्ठा हट्ठतुट्ठा कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता जाणं दुरुहइ । जहा पउमावई *जाव* एकारस अंगाइ अहिज्जित्ता वीसं वासाइं परियाओ *जाव* सिद्धा ।

एवं तेरस वि देवीओ णंदा-गमेण णेयव्वाओ ।

**ભાવાર્થ :–** છટ્ઠા વર્ગનો અર્થ સાંભળ્યા પછી, આર્ય જંબૂસ્વામીએ આર્ય સુધર્માસ્વામીને કહ્યું– હે ભંતે ! શ્રમણ ભગવાન મહાવીરે અંતગડદશાના છટ્ઠા વર્ગનો આ અર્થ કહ્યો છે. હવે સાતમા વર્ગનો શું અર્થ(ભાવ) ફરમાવ્યો છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે અંતગડદશાના સાતમા વર્ગના તેર અધ્યયનો ફરમાવ્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) નંદા (૨) નંદવતી (૩) નંદોત્તરા (૪) નંદશ્રેણિકા (૫) મરુતા (૬) સુમરુતા (૭) મહામરુતા (૮) મરુદેવા (૯) ભદ્રા (૧૦) સુભદ્રા (૧૧) સુજાતા (૧૨) સુમનાયિકા (૧૩) ભૂતદત્તા (ભૂતદિણ્ણા). આ સમસ્ત શ્રેણિક રાજાની મહારાણીઓના નામ છે.

આર્ય જંબૂ સ્વામીએ સુધર્માસ્વામીને પૂછ્યું– હે ભગવન્ ! પ્રભુએ સાતમા વર્ગના તેર અધ્યયનો કહ્યા છે. તો પ્રથમ અધ્યયનનો હે પૂજ્ય ! ભગવાને શું અર્થ કહ્યો છે ?

આર્ય સુધર્માસ્વામીનો પ્રત્યુત્તર– હે જંબૂ ! તે કાલે, તે સમયે રાજગૃહનગર હતું. ગુણશીલ ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. રાજવર્ણન પૂર્વવત્ જાણવું. શ્રેણિક રાજાને નંદા નામના રાણી હતા. તેનું વર્ણન પણ ઔપપાતિક સૂત્રાનુસાર જાણવું. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરમાં પધાર્યા. પરિષદ નીકળી, નંદાદેવી ભગવાનના પદાર્પણના સમાચાર સાંભળી અત્યંત પ્રસન્ન થયા. કૌટુંબિક રાજપુરુષોને બોલાવી ધર્મરથ તૈયાર કરવાની આજ્ઞા આપી. પદ્માવતીની જેમ નંદારાણીએ પણ સંયમ ગ્રહણ કર્યો ***યાવત્*** અગિયાર અંગોનું અધ્યયન કર્યું, વીશ વર્ષની સંયમ પર્યાયનું પાલન કર્યું. અંતે સિદ્ધ ગતિને પામ્યા.

નંદવતી આદિ શેષ બાર અધ્યયન નંદા સમાન જ છે. બધા જ તપ સંયમ દ્વારા કર્મ ખપાવી સિદ્ધ થયા.

**॥ વર્ગ–૭ : અધ્ય. ૧ થી ૧૩ સંપૂર્ણ ॥**

# આઠમો વર્ગ

## અધ્યયન – ૧ : કાલી

**કાલીરાણી :–**

**१** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगड–दसाणं सत्तमस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, अट्ठमस्स वग्गस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अट्ठमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता तं जहा–**

**कालीं, सुकाली, महाकाली, कण्हा, सुकण्हा, महाकण्हा ।**
**वीरकण्हा य बोधव्वा, रामकण्हा तहेव य ।**
**पिउसेणकण्हा णवमी दसमी, महासेणकण्हा य ॥**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेण समएणं चंपा णामं णयरी होत्था । पुण्णभद्दे चेइए । तत्थ णं चंपाए णयरीए कोणिए राया, वण्णओ । तत्थ णं चंपाए णयरीए सेणियस्स रण्णो भज्जा, कोणियस्स रण्णो चुल्लमाउया, काली णामं देवी होत्था, वण्णओ । जहा णंदा** *जाव* **सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ । बहूहिं चउत्थ** *जाव* **अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** શ્રી જંબૂસ્વામીની જિજ્ઞાસા– હે ભગવન્ ! શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ અંતગડદશાના સાતમા વર્ગનો આ ભાવ સમજાવ્યો છે, તો આઠમા વર્ગનો શું અર્થ ફરમાવ્યો છે ?

શ્રી સુધર્મા સ્વામીનો પ્રત્યુત્તર– હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીરે અંતગડદશાના આઠમા અંગ આઠમા વર્ગના દશ અધ્યયન પ્રતિપાદિત કર્યા છે. તે આ પ્રમાણે છે–

(૧) કાલી (૨) સુકાલી (૩) મહાકાલી (૪) કૃષ્ણા (૫) સુકૃષ્ણા (૬) મહાકૃષ્ણા (૭) વીરકૃષ્ણા

(૮) રામકૃષ્ણા (૯) પિતૃસેનકૃષ્ણા (૧૦) મહાસેનકૃષ્ણા.

શ્રી જંબૂસ્વામીનો પુનઃ પ્રશ્ન– ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીરે આઠમા વર્ગ અંતગડદશાના દશ અધ્યયન કહ્યા છે તો હે ભંતે ! પ્રથમ અધ્યયનનો ભગવાને શું અર્થ ફરમાવ્યો છે ?

આર્ય સુધર્માસ્વામીનો ઉત્તર–હે જંબૂ ! તે કાલે, તે સમયે ચંપા નામની નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. તે નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની રાણી અને મહારાજા કોણિકના લઘુમાતા કાલી નામના દેવી હતાં. ઔપપાતિક(ઉવવાઈ)સૂત્રાનુસાર વર્ણન સમજવું. નંદાદેવીની સમાન કાલીરાણીએ પણ પ્રભુ મહાવીરની સમીપે દીક્ષાગ્રહણ કરીને સામયિકથી લઈને અગિયાર અંગોનું અધ્યયન કર્યું. એવં ઘણા ઉપવાસ, છઠ, અટ્ઠમ આદિ તપસ્યાથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

## વિવેચન :–

આ દશ રાણીએ શ્રેણિક રાજાના મૃત્યુ બાદ દીક્ષા ગ્રહણ કરી. દશ રાણીના વર્ણનમાં ચંપા નગરીમાં રહેતાં હતાં તેવું વર્ણન છે. ચંપાનગરી પિતાના મૃત્યુ પછી કોણિકે વસાવી છે કારણ કે પિતા શ્રેણિકના મૃત્યુનું નિમિત્ત પોતે બન્યા જેનો ડંખ રાજગૃહીમાં ભૂલાતો નહોતો.

## ૨ આર્યાનું રત્નાવલી તપ :–

**तए णं सा काली अज्जा अण्णया कयाइ जेणेव अज्जचंदणा अज्जा तेणेव उवागया, उवागच्छित्ता एवं वयासी– इच्छामि णं अज्जाओ ! तुब्भेहिं अब्भणुण्णाया समाणी रयणावलिं तवं उवसंपज्जित्ता णं विहरित्तए । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं करेहि ।**

**तए णं सा काली अज्जा अज्जचंदणाए अब्भणुण्णाया समाणी रयणावलिं तवं उवसंपज्जित्ता णं विहरइ तं जहा–**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **चउत्थं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |
| **छट्ठं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |
| **अट्ठमं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |
| **अट्ठ छट्ठाइं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |
| **चउत्थं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |
| **छट्ठं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |
| **अट्ठमं** | **करेइ,** | **करेत्ता** | **सव्वकामगुणियं** | **पारेइ** | **पारेत्ता,** |

दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बावीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउवीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
छव्वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठावीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बत्तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोत्तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोत्तीसं छट्ठाइं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोत्तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बत्तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठावीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
छव्वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउवीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बावीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,

**अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,**
**छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,**
**चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,**
**अट्ठ छट्ठाइं करेइ,करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,**
**अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,**
**छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,**
**चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ ।**

**एवं खलु एसा रयणावलीए तवोकम्मस्स पढमा परिवाडी एगेणं संवच्छरेणं तिहिं मासेहिं बावीसाए य अहोरत्तेहिं अहासुत्तं अहाअत्थं अहातच्चं अहामग्गं अहाकप्पं सम्मं काएणं फासिया पालिया सोहिया तीरिया किट्टिया आराहिया भवइ ।**

**ભાવાર્થ :–** સંયમ ગ્રહણ કર્યા પછી કોઈ એક વખતે કાલી આર્યા, આર્યા ચંદના સમીપે આવ્યા, આવીને બે હાથ જોડી વિનયપૂર્વક આ પ્રમાણે બોલ્યા– હે આર્યે ! આપની આજ્ઞા હોય તો હું રત્નાવલી તપ અંગીકાર કરી વિચરવા ઈચ્છું છું. આર્યા ચંદનાએ કહ્યું– દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો, શુભ કાર્યમાં પ્રમાદ ન કરો.

ત્યારે કાલી આર્યા, આર્યા ચંદનાની આજ્ઞા પ્રાપ્ત કરી રત્નાવલીતપ અંગીકાર કરી વિચરવા લાગ્યા. તે રત્નાવલીતપ આ પ્રમાણે છે–

એક ઉપવાસ કર્યો, કરીને સર્વકામ ગુણયુક્ત(વિગય સહિત) પારણું કર્યું. છઠ કર્યો, કરીને સર્વ કામગુણયુક્ત પારણું કર્યું. અટ્ઠમ કરી, સર્વકામગુણયુક્ત પારણું. પછી આઠ છઠના પારણે છઠ કર્યા, પુનઃ એક ઉપવાસ...પારણું, છઠ–પારણું, અટ્ઠમ...પારણું, પારણાં બધા વિગય સહિત કર્યાં. આમ ક્રમશઃ એક એક વધતા સોળ સુધી ચડ્યા. સોળ ઉપવાસ કરી સર્વકામ ગુણયુક્ત પારણું કર્યું. પછી ૩૪ (ચોત્રીસ) છઠના પારણે છઠ કર્યા. છઠના પારણા પછી સોળ ઉપવાસ પારણું, પંદર ઉપવાસ પારણું. આમ પશ્ચાનુપૂર્વી ક્રમથી ક્રમશઃ એક એક ઘટાડતાં ઘટાડતાં છેલ્લે એક ઉપવાસનું પારણું. પારણું કરીને આઠ છઠના પારણે છઠ કર્યા. આઠ છઠ પછી અટ્ઠમ કરી, પારણું કર્યું. છઠ કરી પારણું અને ઉપવાસ કરી પારણું કર્યું.

આ પ્રમાણે કાલી આર્યાએ રત્નાવલી તપની પ્રથમ પરિપાટીની સૂત્રાનુસાર, અર્થાનુસાર, તદુભયાનુસાર, માર્ગાનુસાર સમ્યક્પ્રકારે કાયા દ્વારા સ્પર્શ કરી, પાલન કરી, શોધિત કરી, પાર કરી, પ્રશંસનીય આરાધના પૂર્ણ કરી. રત્નાવલી તપની પ્રથમ પરિપાટી એક વર્ષ, ૩ માસ, ૨૨ અહોરાત્રિમાં પૂર્ણ થાય છે.

**વિવેચન :-**

રત્નાવલીનો અર્થ વૃત્તિકારના શબ્દોમાં આ પ્રમાણે છે– **रयणावलिं त्ति, रत्नावली आभरणविशेषः रत्नावलीतपः रत्नावली । यथाहि रत्नावली उभयतः आदौ सूक्ष्म–स्थूल–स्थूलतर– विभाग काहलिकाख्य–सोवर्णाकयवद्वययुक्ता भवति, पुनर्मध्यदेशे स्थूलविशिष्ट– मण्यलंकृता च भवति, एवं यत्तपः पट्टादावुपदर्श्यमानमिममाकारं धारयति तद्रत्नावली– त्युच्यते**– અર્થાત્ રત્નાવલી એક આભૂષણ છે. તેની રચના સમાન જે તપનું આરાધન કરવામાં આવે છે તેને રત્નાવલી તપ કહે છે. જેવી રીતે રત્નાવલી આભૂષણ બંને તરફથી આરંભમાં સૂક્ષ્મ પછી સ્થૂળ પછી એનાથી પણ અધિક સ્થૂળ, મધ્યમાં વિશેષ સ્થૂળ મણિઓથી યુક્ત હોય છે. એવી જ રીતે જે તપ આરંભમાં સૂક્ષ્મ(ઓછું) પછી અધિક સ્થૂળસ્થૂળતર થતું જાય છે તેને રત્નાવલી તપ કહે છે. રત્નાવલી હાર શરીરની શોભા વધારે છે તેમ રત્નાવલી તપ આત્માને સદ્‌ગુણોથી વિભૂષિત કરે છે. રત્નાવલી તપની ચાર પરિપાટી, પાંચ વર્ષ, બે માસ અને અઠયાવીશ અહોરાત્રિએ પૂર્ણ થાય છે.

આ તપમાં શરૂમાં તથા ઊતરતાં એકથી અઠ્ઠમ સુધી ઉપવાસ–પારણા, વચ્ચે આઠ–આઠ છઠ(બંને બાજુ) અને બંને બાજુના હારના સેરરૂપ ભાગમાં પૂર્વાનુક્રમથી અને પશ્ચાનુક્રમથી એકથી સોળ અને સોળથી એક ઉપવાસ તથા તેના પારણાં કર્યા. પેંડલ રૂપે મધ્ય ભાગમાં ૩૪ છઠના પારણે છઠ કર્યા. બધા જ પારણા વિગય સહિત કર્યા.

એક પરિપાટિમાં ત્રણસો ચોરાશી દિવસ તપસ્યાના અને અઠયાશી દિવસ પારણાના થાય છે. કુલ ચારસો બોત્તેર(૪૭૨) અહોરાત્રિનું આ તપ છે.

**ચાર પરિપાટીના પારણાની ભિન્નતા :-**

**३** **तयाणंतरं च णं दोच्चाए परिवाडीए चउत्थं करेइ, करेत्ता विगइवज्जं पारेइ पारेत्ता, छट्ठं करेइ, करेत्ता विगइवज्जं पारेइ । एवं जहा पढमाए परिवाडीए तहा बीयाए वि, णवरं– सव्वपारणए विगइवज्जं पारेइ । एवं खलु एसा रयणावलीए तवोक्कम्मस्स बिइया परिवाडी एगेणं संवच्छरेणं तिहिं मासेहिं बावीसाए य अहोरत्तेहिं** *जाव* **आराहिया भवइ ।**

**तयाणंतरं च णं तच्चाए परिवाडीए चउत्थं करेइ, करेत्ता अलेवाडं पारेइ । सेसं तहेव । णवरं अलेवाडं पारेइ । एवं चउत्था परिवाडी । णवरं सव्वपारणए आयंबिलं पारेइ । सेसं तं चेव ।**

**पढमम्मि सव्वकामं, पारणयं बिइयए विगइवज्जं ।**
**तइयम्मि अलेवाडं, आयंबिलओ चउत्थम्मि ॥१॥**

**तए णं सा काली अज्जा रयणावलीतवोकम्मं पंचहिं संवच्छरेहिं दोहि य मासेहिं अट्ठावीसाए य दिवसेहिं अहासुत्तं** *जाव* **आराहेत्ता जेणेव अज्जचंदणा अज्जा तेणेव उवागच्छइ, उवागच्छित्ता अज्जचंदणं अज्जं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता बहूहिं चउत्थ-छट्ठट्ठम-दसम-दुवालसेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणी विहरइ ।**

**ભાવાર્થ :–** પહેલી પરિપાટી પૂર્ણ કર્યા બાદ કાલી આર્યાએ બીજી પરિપાટી શરૂ કરી– ઉપવાસ કર્યો, ધાર વિગય રહિત પારણુ કર્યું, છઠ કર્યો, વિગત રહિત આહાર ગ્રહણ કરતાં બીજી પરિપાટી પૂર્ણ કરી. આ પ્રમાણે રત્નાવલી તપકર્મની બીજી પરિપાટી એક વરસ ત્રણ માસ અને બાવીશ અહોરાત્રિ સુધીમાં ***યાવત્*** આરાધના પૂર્ણ કરી.

ત્યાર પછી ત્રીજી પરિપાટીમાં તે કાલી આર્યાએ ઉપવાસ કર્યો અને લેપ રહિત પારણું કર્યું. શેષ વર્ણન પહેલાની જેમ સમજવું. વિશેષતા એ છે કે પારણા બિલકુલ નિર્લેપ કર્યા અર્થાત્ નીવી તપથી પારણા કર્યા. ત્યાર પછી ચોથી પરિપાટી પણ પૂર્ણ કરી. પરંતુ સર્વે પારણામાં આયંબિલ કર્યું. બાકી બધું પૂર્વવત્ જાણવું.

પ્રથમ પરિપાટીમાં સર્વ રસ યુક્ત આહાર, બીજીમાં વિગય રહિત, ત્રીજીમાં લેપરહિત અને ચોથીમાં આયંબિલથી પારણાં કર્યાં.

આ રીતે કાલી આર્યાએ રત્નાવલી તપની ચાર પરિપાટી પાંચ વર્ષ, બે માસ અને અઠયાવીશ દિવસોમાં સૂત્રાનુસાર ***યાવત્*** આરાધના પૂર્ણ કરીને આર્યા ચંદનાર્યાજી પાસે આવ્યા, આવીને ચંદનાર્યાજીને વંદન નમસ્કાર કર્યાં. તદનંતર ઘણા ઉપવાસ, છઠ, અઠ્ઠમ, ચોલા પચોલા આદિ તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યાં.

### વિવેચન :–

આ સૂત્રમાં ચારે ય પરિપાટીના પારણાની ભિન્નતાનું કથન છે. પહેલી પરિપાટીના અઠયાશી પારણા વિગય સહિત એટલે કે દૂધ, દહીં, ઘી, તેલ, સાકર વગેરે દ્રવ્યોથી યુક્ત કર્યાં. બીજી પરીપાટીના પારણા વિગત રહિત એટલે કે રાંધેલું બધું જ ભોજન પરંતુ ધાર વિગય રૂપે દૂધ, દહીં, ઘી, તેલ આદિ રહિત દ્રવ્યોથી પારણા કર્યા. ત્રીજી પરિપાટીના પારણા લેપ રહિત એટલે કે પારણા નીવી તપથી કર્યાં. ચોથી પરિપાટીના પારણા આયંબિલથી કર્યાં.

### તપોપૂત કાલી આર્યાનું સૌંદર્ય :–

**૪** **तए णं सा काली अज्जा तेणं उरालेणं विउलेणं पयत्तेणं पग्गहिएणं**

**कल्लाणेणं सिवेणं धण्णेणं मंगलेणं सस्सिरीएणं उदग्गेणं उदत्तेणं उत्तमेणं उदारेणं महाणुभागेणं तवोकम्मेणं सुक्का लुक्खा णिम्मंसा अट्ठिचम्मावणद्धा किडिकिडिया भूया किसा धमणिसंतया जाया यावि होत्था । से जहा इंगालसगडी वा उण्हे दिण्णा सुक्का समाणी ससद्दं गच्छइ, ससद्दं चिट्ठइ, एवामेव कालीए वि अज्जा ससद्दं गच्छइ, ससद्दं चिट्ठइ, उवचिए तवेणं अवचिए मंस-सोणिएणं सुहुयहुयासणे इव भासरासिपलिच्छण्णा तवेणं तेएणं, तवतेयसिरीए अईव-अईव उवसोहेमाणी उवसोहेमाणी चिट्ठइ ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે કાલી આર્યાનું શરીર મહાન, વિપુલ, દીર્ઘકાલીન, વિસ્તીર્ણ, શોભાસંપન્ન, પ્રયત્નસાધ્ય અને ગુરુ દ્વારા પ્રદત, બહુમાનપૂર્વક ગૃહીત, કલ્યાણકારી, નિરોગીતા જનક, શિવ, ધન્યરૂપ, પાપવિનાશક, તીવ્ર ઉદાર, ઉત્તમ અને મહાન પ્રભાવશાળી ઉત્કૃષ્ટ તપસ્યાના કારણે માંસ અને લોહીથી રહિત થઈ ગયું.(શરીર સૂકાઈ ગયું). તેના શરીરની નાડીઓ પ્રત્યક્ષ દેખાવા લાગી. તે માત્ર અસ્થિપિંજર જેવા થઈ ગયાં. જેવી રીતે સૂકાં લાકડાં, સૂકાં પાંદડા અથવા સૂકા કોલસાથી ભરેલી ગાડી ચાલતી હોય કે રોકાતી હોય ત્યારે જેવો અવાજ આવે, તેવી રીતે તેના શરીરના હાડકાંઓ ખખડવાં લાગ્યાં. જોકે કાલી આર્યા તપથી પુષ્ટ હતી. તેના શરીરનું માંસ અને લોહી સૂકાઈ જવાના કારણે રૂક્ષ થઈ ગયું હતું. તોપણ તેઓ ભસ્મથી આચ્છાદિત અગ્નિની સમાન તપના તેજથી અત્યંત શોભી રહ્યાં હતાં.

## વિવેચન :–

આ સૂત્રમાં સૂત્રકારે કાલી આર્યાની તપથી દેદીપ્યમાન બનેલી દિવ્ય કાયાનાં સૌંદર્યને વર્ણવ્યું છે. આત્મતેજ અને તપતેજથી શરીર નિર્મળ, નિરોગી, કંચનસમ શોભાયમાન તથા મૂલ્યવાન બને છે.

## કાલી આર્યાનું રાત્રિ ચિંતન :–

**५ तए णं तीसे कालीए अज्जाए अण्णया कयाइं पुव्वरत्ता वरत्तकाले अयमज्झत्थिए चिंतिए पत्थिए मणोगए संकप्पे समुप्पज्जित्था, जहा खंदयस्स चिंता** *जाव* **अत्थि उट्ठाणे कम्मे बले वीरिए पुरिसक्कार-परक्कमे सद्धा धिई संवेगे तावता मे सेयं कल्लं** *जाव* **जलंते अज्जचंदणं अज्जं आपुच्छित्ता अज्जचंदणाए अज्जाए अब्भणुण्णाए समाणीए संलेहणा झूसणा झूसियाए भत्तपाण पडियाइक्खियाए कालं अणव-कंखमाणीए विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहेत्ता कल्लं जेणेव अज्जचंदणा अज्जा तेणेव उवागच्छइ, उवागच्छित्ता अज्जचंदणं अज्जं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी- इच्छामि णं अज्जो ! तुब्भेहिं अब्भणुण्णाया समाणी संलेहणा**

*જાવ* **विहरित्तए । अहासुहं ।**

**ભાવાર્થ :–** એક દિવસ રાત્રિના પાછલા પ્રહરે કાલી આર્યાના હૃદયમાં સ્કન્દક અણગાર સમાન આ પ્રમાણે વિચાર ઉત્પન્ન થયો– તપસ્યાના કારણે મારું શરીર અત્યંત કૃશ થઈ ગયું છે. તેમ છતાં મારામાં જ્યાં સુધી ઉત્થાન(ઉત્સાહ), કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ, શ્રદ્ધા, ધૃતિ(ધૈર્ય), સંવેગ આદિ છે ત્યાં સુધી મારા માટે એ શ્રેયસ્કર(ઉચિત) છે કે કાલે સવારે સૂર્યોદય થતાં જ આર્યા ચંદનબાળાને પૂછી, તેમની આજ્ઞા પ્રાપ્ત કરી, સંલેખના–ઝૂષણાથી આત્માને ઝૂષિત કરી, ભક્ત પ્રત્યાખ્યાન કરી, મૃત્યુની ઈચ્છા રાખ્યા વગર વિચરણ કરું. આ પ્રમાણે વિચાર કરી બીજે દિવસે સવારે સૂર્યોદય થતાં જ આર્યા ચંદનાજી પાસે તેઓ આવ્યાં. આવીને વંદન નમસ્કાર કરી કહ્યું– હે આર્યે ! હું આપની આજ્ઞા હોય તો સંલેખના કરી વિચરવા ઈચ્છું છું. ચંદનબાળા આર્યાએ પ્રત્યુત્તરમાં કહ્યું કે– હે દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો.

## વિવેચન :–

આ સૂત્રમાં કાલી આર્યાના ધર્મજાગરણ અને તેના ફલિતાર્થનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જે જાગરણ આત્માને સ્વતરફ–વિરતિ તરફ લઈ જવામાં પ્રેરણારૂપ બને તે જાગરણને ધર્મ જાગરણ અથવા ધર્મ જાગરિકા, સુદખુ જાગરિકા કહે છે. સાધુના આત્મલક્ષી જાગરણને ધર્મ જાગરિકા અને શ્રાવકના આત્મલક્ષી જાગરણને સુદખુ જાગરિકા કહે છે.

**अज्झत्थिए....संकप्पे :–** આ પાંચ મનના કાર્યો છે. પરિપક્વ, પુખ્ત, દઢ વિચારને સંકલ્પ કહે છે અને અધ્યવસાય, ચિંતન, પ્રાર્થિત, મનોગત આ બધા શબ્દો સંકલ્પના ક્રમિક પૂર્વાંશો છે.

કાલી આર્યાનો સંકલ્પ ઊઠયો કે, કાયબળ ક્ષીણ થયું છે પરંતુ હજુ આત્મબળ સલામત છે, ત્યાં સુધી આ અંતિમ શરીરનો સ્વેચ્છાએ, આદર પૂર્વક સહારો છોડી, ગુરુણી મૈયાની આજ્ઞા મળે તો સંલેખનાનો સ્વીકાર કરૂં.

ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ, શ્રદ્ધા, ધૈર્ય, સંવેગ આદિ શબ્દો પૂર્વાપર આત્મ બળના પરિચાયક છે.

## સંથારે સાંપડે સિધ્ધિ :–

**૬ तए णं सा काली अज्जा अज्जचंदणाए अब्भणुण्णाया समाणी संलेहणा झूसणा झूसिया** *જાવ* **विहरइ । तए णं सा काली अज्जा अज्जचंदणाए अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जित्ता बहुपडिपुण्णाइं अट्ठ संवच्छराइं सामण्णपरियागं पाउणित्ता, मासियाए**

**संलेहणाए अत्ताणं झूसित्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता, जस्सट्ठाए कीरइ णग्गभावे** *जाव* **चरिमुस्सासेहिं सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** આર્યા ચંદનબાળાની આજ્ઞા પ્રાપ્ત કરી આર્યા કાલી સંલેખનાથી આત્માને ઝોંસી(પોષણ કરી) વિચરવાં લાગ્યાં. કાલી આર્યાએ શ્રી ચંદનબાળા આર્યા પાસે સામાયિક આદિ અગિયાર અંગોનો અભ્યાસ (અધ્યયન) કર્યો. સંપૂર્ણ આઠ વર્ષ સુધી સંયમ પર્યાયનું પાલન કર્યું. અંતમાં એક માસની સંલેખનાથી આત્માને ભાવિત કરી, સાઠ(૬૦) ભક્તનું અણસણવ્રત લઈ જે પ્રયોજને સંયમ ગ્રહણ કર્યો હતો, અંતિમ શ્વાસમાં તે પ્રયોજન સિદ્ધ કર્યું અર્થાત્ કાલી આર્યા સિદ્ધગતિને પામ્યાં.

**વિવેચન :–**

આ વર્ગમાં શ્રેણિક મહારાજની દશ રાણીઓનો અધિકાર છે. કાલી આદિ દશ રાણીઓના વૈરાગ્યનું નિમિત્ત પુત્રનો વિયોગ છે. કથાવસ્તુ એમ છે કે મગધેશ્વર શ્રેણિકે પોતાના રાજ્યકાળમાં ચેલણાના ત્રણ અંગજાત પુત્રોમાં કોણિકને મગધનું સામ્રાજ્ય સોંપ્યું અને નાના બીજા બે પુત્રો હલ વિહલ(મતાંતરે વેહાલ વેહાસ) કુમારોને ક્રમશઃ દૈવીક નવસરો હાર તથા સેચનક ગંધહસ્તી ભેટમાં આપ્યા. લોકવાર્તા એવી છે કે મહારાણી પદ્માવતીના વચનોના આગ્રહથી કોણિકે બંને ભાઈઓ પાસે હાર, હાથીની માંગણી કરી. બંને ભાઈઓએ નમ્રતાપૂર્વક આ બંને દૈવિ વસ્તુના બદલે રાજ્યનો ભાગ માંગ્યો પરંતુ કોણિકને આ વાત સ્વીકાર્ય નહોતી. આખર પોતાની સલામતી ખાતર નાના બંને ભાઈઓ હલ–વિહલ ચુપચાપ પોતાના પરિવાર અને રસાલા સાથે નાનાજી ચેડારાજાના શરણે આવ્યા. કોણિકને સમાચાર મળતા ચેડારાજા ઉપર સંદેશો મોકલ્યો. ચેડારાજાના ઈન્કાર કરવા પર ઐતિહાસિક મહાયુદ્ધ થયું. જેમાં કોણિકના પક્ષમાં કોણિકના વિમાતા કાલી આદિ દશ રાણીઓના દશ પુત્રો "સેનાપતિ"ના રૂપમાં જોડાયા અને અંતે દશે કુમારો વીરગતિને પામ્યા.

અહીં કાલી આદિ દશ કુમારો યુદ્ધમાં ગયા એ જ સમય દરમ્યાન પ્રભુ મહાવીર સ્વામીનુ ચંપા નગરીમાં પદાર્પણ થયું. કાલી આદિ રાણીઓએ પ્રભુને પુત્રના પાછા ફરવા સંબંધી પ્રશ્ન પૂછ્યો પરંતુ ભગવાન પાસેથી વીરગતિ પામ્યાના સમાચાર સાંભળી, પુત્રવિયોગે દશે ય રાણીઓને સંસાર પરથી વૈરાગ્ય જાગ્યો અને સંયમ સ્વીકાર કર્યો. આનું વિશેષ વર્ણન "નિરયાવલિકા" સૂત્રમાંથી જાણી લેવું જોઈએ.

આ સૂત્રમાં કાલી આર્યાએ અગિયાર અંગોનું અધ્યયન કર્યું એવું કથન છે. તેથી સાધ્વીજીઓ આગમ સાહિત્ય અને તેમાં પણ અંગશાસ્ત્રોનો અભ્યાસ કરી શકે છે એ સિદ્ધ થાય છે. ધન્ના અણગાર તો નવ મહિનાની દીક્ષા પર્યાયમાં અંગશાસ્ત્ર ભણ્યા હતા. આ દશે ય રાણીઓએ મહાવીર પ્રભુ સમીપે અને શ્રેણિક મહારાજના મૃત્યુ બાદ સંયમ લીધો હતો. કારણ કે તેમના આ અધ્યયનમાં ચંપા નગરીનું વર્ણન છે.

# રત્નાવલીતપનું સ્થાપના યંત્ર




॥ વર્ગ–૮ : અધ્ય.–૧ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૨ : સુકાલી

### સુકાલી આર્યાનું કનકાવલી તપ :–

**१** **तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी । पुण्णभद्दे चेइए । कोणिए राया । तत्थ णं सेणियस्स रण्णो भज्जा, कोणियस्स रण्णो, चुल्लमाउया सुकाली णामं देवी होत्था । जहा काली तहा सुकाली वि णिक्खंता** *जाव* **तवोकम्मेहिं अप्पाणं भावेमाणी विहरइ ।**

**तए णं सा सुकाली अज्जा अण्णया कयाइं जेणेव अज्जचंदणा** *जाव* **इच्छामि णं अज्जाओ ! तुब्भेहिं अब्भणुण्णाया समाणी कणगावली तवोकम्मं उव– संपज्जित्ताणं विहरित्तए । एवं जहा रयणावली तहा कणगावली वि, णवरं– तिसु ठाणेसु अट्ठमाइं करेइ, जहिं रयणावलीए छट्ठाइं । एक्काए परिवाडीए संवच्छरो, पंच मासा, बारस य अहोरत्ता । चउण्हं पंच वरिसा णव मासा अट्ठारस दिवसा । सेसं तहेव । णव वासा परियाओ** *जाव* **सिद्धा । णिक्खेवओ।**

**ભાવાર્થ :–** તે કાલે, તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. કોણિક રાજા રાજ્ય કરતા હતા. તે નગરીમાં શ્રેણિકરાજાના રાણી તથા કોણિક રાજાના લઘુમાતા સુકાલી નામના રાણી હતાં. સુકાલી રાણી પણ કાલી રાણીની જેમ પ્રવ્રજિત થઈ અનેક ઉપવાસ આદિ તપોથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યાં.

ત્યાર પછી સુકાલી આર્યા અન્ય કોઈ એક સમયે જ્યાં આર્યા ચંદનાજી હતાં ત્યાં આવ્યાં અને આ પ્રમાણે બોલ્યાં– હે આર્યે ! આપની આજ્ઞા હોય તો હું કનકાવલી તપ અંગીકાર કરી વિચરવા ઈચ્છું છું. આર્યા ચંદનાજીની આજ્ઞા પામી સુકાલી આર્યાએ કનકાવલી તપની આરાધના કરી. આ તપમાં રત્નાવલી તપની જેમ વિશેષતા માત્ર એટલી કે ત્રણ સ્થાન પર છઠની જગ્યાએ અટ્ઠમ કર્યા. એક પરિપાટીમાં એક વર્ષ, પાંચ મહિના અને બાર અહોરાત્રિ થાય છે. ચારે ય પરિપાટીનો કાળ પાંચ વર્ષ, નવ માસ અને અઢાર દિવસ થાય છે. શેષ વર્ણન કાલી આર્યાની સમાન છે. નવ વર્ષ સુધી ચારિત્રનું પાલન કરી ***યાવત્*** સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.

**વિવેચન :-**

કનકાવલી તપ અને રત્નાવલી તપમાં અંતર માત્ર એટલું છે કે રત્નાવલી તપમાં બે જગ્યાએ આઠ છઠ અને પેંડલની જગ્યાએ ૩૪ છઠ કરવામાં આવે છે. કનકાવલી તપમાં બે જગ્યાએ આઠ અઠ્ઠમ અને વચ્ચે ૩૪ અઠ્ઠમ કરાય છે. એક પરિપાટીમાં ૮૮ દિવસ પારણાના અને એક વર્ષ, બે મહિના, ચૌદ દિવસ તપના થાય છે.

## કનકાવલી તપનું સ્થાપના યંત્ર




॥ વર્ગ-૮ : અધ્ય.-૨ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૩ : મહાકાલી

**મહાકાલી આર્યાનું ક્ષુલ્લકસિંહનિષ્ક્રીડિત તપ :–**

**१** एवं महाकाली वि । णवरं खुड्डागसीहणिक्कीलियं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरइ, तं जहा–

| | | | | | |
|---|---|---|---|---|---|
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चोद्दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| सोलसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चोद्दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठारसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| सोलसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारित्ता, |
| वीसइमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठारसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| वीसइमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| सोलसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| सोलसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चोद्दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| सोलसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| बारसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चोद्दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| बारसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ | करेत्ता | सव्वकामगुणियं | पारेइ । | |

**तहेव चत्तारि परिवाडीओ । एक्काए परिवाडीए छम्मासा सत्त य दिवसा। चउण्हं दो वरिसा अट्ठावीसा य दिवसा** *जाव* **सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** કાલીની જેમ મહાકાલીએ પણ દીક્ષા અંગીકાર કરી. વિશેષતા એ છે કે તેણે લઘુસિંહનિષ્ક્રીડિત તપ કર્યું. જે આ પ્રમાણે છે– ઉપવાસ કર્યો, સર્વકામગુણયુક્ત પારણું કર્યું. છઠ કર્યો, પારણું કર્યું. ઉપવાસ કર્યો, પારણું કર્યું, અઠ્ઠમ કર્યો, પારણું, છઠ કર્યો–પારણું. ચાર ઉપવાસ–પારણું, અઠ્ઠમ–પારણું, પાંચ ઉપવાસ–પારણું. ચાર ઉપવાસ–પારણું. છ ઉપવાસ–પારણું. પાંચ ઉપવાસ–પારણું. સાત ઉપવાસ – પારણું. છ ઉપવાસ–પારણું. આઠ ઉપવાસ–પારણું. સાત ઉપવાસ–પારણું. નવ ઉપવાસ–પારણું. આઠ ઉપવાસ–પારણું. નવ ઉપવાસ–પારણું. સાત ઉપવાસ–પારણું. આઠ ઉપવાસ–પારણું. છ ઉપવાસ– પારણું. સાત ઉપવાસ–પારણું. પાંચ ઉપવાસ–પારણું. છ ઉપવાસ–પારણું. ચાર ઉપવાસ–પારણું. પાંચ ઉપવાસ–પારણું. અઠ્ઠમ–પારણું. ચાર ઉપવાસ–પારણું. છઠ–પારણું. અઠ્ઠમ–પારણું. એક ઉપવાસ– પારણું. છઠ ઉપવાસ–પારણું. એક ઉપવાસ–સર્વકામગુણયુક્ત પારણું કર્યું. રત્નાવલી તપની જેમ ચારે ય પરિપાટીના પારણાની વિધિ સમજી લેવી.

એક પરિપાટીનો કાળ છ મહિના, સાત દિવસનો થાય છે. ચારે ય પરિપાટીનો કાળ બે વર્ષ અને

અઠ્યાવીસ દિવસ થાય છે ***યાવત્*** દશ વર્ષની ચારિત્ર પર્યાય પાળી મહાકાળી આર્યા સિદ્ધ થયાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.

**વિવેચન :–**

આર્યા મહાકાલીએ "લઘુસિંહનિષ્ક્રીડિત" તપની આરાધના કરી. સિંહ જ્યારે ગમન કરે છે, ત્યારે અતિક્રાંત(ચાલેલા) માર્ગને પાછો વળીને જુએ છે. તેવી જ રીતે જે તપમાં અતિક્રમણ કરેલા ઉપવાસના દિવસોનું સેવન કરીને આગળ વધે છે. જેમ કે પહેલા એક ઉપવાસ કર્યો પછી પારણું કરી છઠ કર્યો. ત્યાર પછી સીધો અઠ્ઠમ ન કરે પણ પહેલાં ઉપવાસ કરે અને પછી પારણું કરી અઠ્ઠમ કરે. આમ અઠ્ઠમ કર્યા પછી છઠ, ચોલું કર્યા પછી અઠ્ઠમ કરતાં કરતાં ક્રમશઃ એક એક ઉપવાસ આગળ વધે અને ફરી આગલા ઉપવાસની કડી કરે. આ તપને સિંહનિષ્ક્રીડિત(સિંહગમન) અને એકથી નવ ઉપવાસ સુધી જ ચઢવાનું હોય છે. નવ પછી પુનઃ ક્રમશઃ બબ્બે નીચે ઊતરતા જાય છે. તેથી આખા આ તપને "ક્ષુલ્લક(લઘુ) સિંહનિષ્ક્રીડિત તપ કહે છે. મહાસિંહનિષ્ક્રીડિત તપમાં સોળ સુધી ચઢવાનું હોય છે.

એક પરિપાટીમાં તપદિન–પાંચ માસ, ચાર દિન, પારણાદિન–૩૩, કુલદિન છ મહિના અને સાત દિવસ છે અને ચાર પરિપાટીમાં તપદિન ૨ વર્ષ ૮ માસ ૧૬ દિવસ અને પારણાદિન–૧૩૨ દિવસ, કુલ મળીને ૨ વર્ષ ૨૮ દિવસ થાય છે.

## લઘુસિંહનિષ્ક્રીડિત તપનું સ્થાપના યંત્ર




॥ વર્ગ–૮ : અધ્ય.–૩ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૪ : કૃષ્ણા

### કૃષ્ણા આર્યાનું મહાસિંહ નિષ્ક્રીડિત તપ :–

**१** **एवं कण्हा वि णवरं महालयं सीहणिक्कीलियं तवोकम्मं, जहेव खुड्डागं। णवरं चोत्तीसइमं जाव णेयव्वं । तहेव ओसारेयव्वं । एक्काए वरिसं छम्मासा अट्ठारस य दिवसा । चउण्हं छव्वरिसा दो मासा बारस य अहोरत्ता । सेसं जहा कालीए** *जाव* **सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે કૃષ્ણા આર્યાના વિષયમાં પણ સમજી લેવું. વિશેષતા માત્ર એટલી કે કૃષ્ણા આર્યાએ મહાસિંહ નિષ્ક્રીડિત તપનું આરાધન કર્યું. લઘુનિષ્ક્રીડિત તપથી મહાસિંહ નિષ્ક્રીડિત તપની વિશેષતા એ છે કે આ તપમાં સોળ ઉપવાસ સુધી ક્રમશઃ ચઢવાનું છે અને પછી ક્રમશઃ ઉતરવાનું છે. એક પરિપાટીમાં કુલ દિન–૧ વર્ષ, ૬ માસ, ૧૮ દિન. (તપના દિન– ૧ વર્ષ, ૪ માસ, ૧૭ દિન. પારણા દિન– ૬૧ દિન). ચાર પરિપાટીમાં કુલ દિન– ૬ વર્ષ, ૨ માસ, ૧૨ દિવસ. (તપના દિન– ૫ વર્ષ, ૬ માસ, ૮ દિવસ. પારણા દિન– ૨૪૪ દિવસ). શેષ વર્ણન કાલી આર્યાની જેમ સમજવું.

***યાવત્*** કૃષ્ણા આર્યા અગિયાર વર્ષની ચારિત્ર પર્યાય પાળી અંતે સિદ્ધગતિને પામ્યાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.




**મહાસિંહ નિષ્ક્રીડિત તપનું સ્થાપના યંત્ર**

॥ વર્ગ–૮ : અધ્ય.–૪ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૫ : સુકૃષ્ણા

**સુકૃષ્ણા આર્યાની ભિક્ષુપ્રતિમાનું આરાધન :–**

**१** एवं सुकण्हा वि, णवरं सत्तसत्तमियं भिक्खुपडिमं उवसंपज्जित्ताणं विहरइ ।

पढमे सत्तए एक्केक्कं भोयणस्स दत्तिं पडिगाहेइ, एक्केक्कं पाणयस्स ।

दोच्चे सत्तए दो–दो भोयणस्स दो–दो पाणयस्स पडिगाहेइ ।

तच्चे सत्तए तिण्णि–तिण्णि दत्तीओ भोयणस्स, तिण्णि–तिण्णि दत्तीओ पाणयस्स ।

चउत्थे सत्तए चत्तारि–चत्तारि दत्तीओ भोयणस्स, चत्तारि–चत्तारि दत्तीओ पाणयस्स ।

पंचमे सत्तए पंच–पंच दत्तीओ भोयणस्स, पंच–पंच दत्तीओ पाणयस्स ।

छट्ठे सत्तए छ–छ दत्तीओ भोयणस्स, छ–छ दत्तीओ पाणयस्स ।

सत्तमे सत्तए सत्त–सत्त दत्तीओ भोयणस्स, सत्त–सत्त दत्तीओ पाणयस्स पडिगाहेइ ।

एवं खलु एयं सत्तसत्तमियं भिक्खुपडिमं एगूणपण्णाए राइंदिएहिं एगेण य छण्णउएण भिक्खासएणं अहासुत्तं *जाव* आराहेत्ता जेणेव अज्जचंदणा अज्जा तेणेव उवागया, उवागच्छित्ता अज्जचंदणं अज्जं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–

इच्छामि णं अज्जाओ ! तुब्भेहिं अब्भणुण्णाया समाणी अट्ठ अट्ठमियं भिक्खुपडिमं उवसंपज्जित्ताणं विहरत्तए ।

अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं करेहि ।

**ભાવાર્થ :–** આ પ્રમાણે સુકૃષ્ણાદેવીનું વર્ણન પણ સમજવું. વિશેષતા એ છે કે આર્યા ચંદનબાલાજીની આજ્ઞા પ્રાપ્ત કરી આર્યા સૂકૃષ્ણા "સપ્ત–સપ્તમિકા" ભિક્ષુપ્રતિમા તપ અંગીકાર કરીને વિચરવા લાગ્યા. જેની વિધિ આ પ્રમાણે છે–

પ્રથમ સપ્તાહમાં એક દત્તિ ભોજનની અને એક દત્તિ પાણીની ગ્રહણ કરાય છે. બીજા સપ્તાહમાં બે– બે દત્તિ ભોજનની અને બે–બે દત્તિ પાણીની, ત્રીજામાં ત્રણ–ત્રણ, ચોથામાં ચાર–ચાર, પાંચમામાં પાંચ–પાંચ, છટ્ઠામાં છ–છ, સાતમાં સપ્તાહમાં સાત–સાત દત્તિ ભોજનની અને પાણીની ગ્રહણ કરાય છે. આ પ્રમાણે ઓગણપચાસ (૪૯) અહોરાત્રિમાં એકસો છન્નુ(૧૯૬) ભિક્ષાની દત્તિઓ થાય છે. સુકૃષ્ણા આર્યાએ સૂત્રોક્તવિધિ અનુસાર આ "સપ્ત–સપ્તમિકા" ભિક્ષુપ્રતિમા તપની સમ્યક્પ્રકારે આરાધના કરી.

આ પ્રમાણે સાતમી ભિક્ષુ પ્રતિમાનું આરાધન કરીને આર્યા સુકૃષ્ણા આર્યા ચંદનાજી પાસે આવ્યાં અને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે બોલ્યાં– હે આર્યે ! આપની આજ્ઞા પ્રાપ્ત કરી હું "અષ્ટ–અષ્ટમિકા" ભિક્ષુ–પ્રતિમાને અંગીકાર કરી વિચરવાં ઈચ્છું છું. આર્યા ચંદનાજીએ કહ્યું– હે દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મકાર્યમાં પ્રમાદ નહીં કરો.

**૨ तए णं सा सुकण्हा अज्जा अज्जचंदणाए अज्जाए अब्भणुण्णाया समाणी अट्ठट्ठमियं भिक्खुपडिमं उवसंपज्जित्ता णं विहरइ–**

**पढमे अट्ठए एक्केक्कं भोयणस्स दत्ति पडिगाहेइ, एक्केक्कं पाणयस्स** *जाव* **अट्ठमे अट्ठए अट्ठट्ठ भोयणस्स पडिगाहेइ, अट्ठट्ठ पाणयस्स ।**

**एवं खलु एयं अट्ठट्ठमियं भिक्खुपडिमं चउसट्ठीए राइंदिएहिं दोहि य अट्ठासीएहिं भिक्खासएहिं अहासुत्तं** *जाव* **आराहित्ता णवणवमियं भिक्खुपडिमं उवसंपज्जित्ताणं विहरइ–**

**पढमे णवए एक्केक्कं भोयणस्स दत्तिं पडिगाहेइ, एक्केक्कं पाणयस्स** *जाव* **णवमे णवमए णव–णव दत्तीओ भोयणस्स पडिगाहेइ, णव–णव पाणयस्स ।**

**एवं खलु एयं णवणवमियं भिक्खुपडिमं एक्कासीतिए राइंदिएहिं, चउहि य पंचुत्तरेहिं भिक्खासएहिं, अहासुत्तं** *जाव* **आराहेत्ता दसदसमियं भिक्खुपडिमं उवसंपज्जित्ता णं विहरइ–**

**पढमे दसए एक्केक्कं भोयणस्स दत्तिं पडिगाहेइ, एक्केक्कं पाणयस्स** *जाव* **दसमे दसए दस–दस दत्तीओ भोयणस्स पडिगाहेइ, दस–दस पाणयस्स ।**

**एवं खलु एयं दसदसमियं भिक्खुपडिमं एक्केणं राइंदियसएणं अद्धछट्ठेहि य भिक्खासएहिं अहासुत्तं** *जाव* **आराहेइ, आराहेत्ता बहूहिं चउत्थ-छट्ठट्ठम-दसम- दुवालसेहिं मासद्धमासखमणेहिं विविहेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणी विहरइ।**

**तए णं सा सुकण्हा अज्जा तेणं ओरालेणं तवोकम्मेणं** *जाव* **सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** આર્યા ચંદનબાળાજીની અનુજ્ઞા પામીને આર્યા સુકૃષ્ણા "અષ્ટ–અષ્ટમિકા" ભિક્ષુપ્રતિમા અંગીકાર કરીને વિચરવાં લાગ્યાં પ્રથમ અષ્ટકમાં એક–એક દત્તિ આહારની અને એક–એક પાણીની ગ્રહણ કરાય છે. એક એક ક્રમશઃ વધારતાં ***યાવત્*** આઠમા અષ્ટકમાં આઠ–આઠ દત્તિ આહારની તથા પાણીની ગ્રહણ કરાય છે. આ પ્રમાણે આઠમી ભિક્ષુપ્રતિમા તપસ્યા ૮×૮ = ૬૪ અહોરાત્રિમાં પૂર્ણ થાય છે. ૬૪ દિવસની બસ્સો અઠયાસી(૨૮૮) દત્તિઓ થાય છે. સુકૃષ્ણા આર્યાએ સૂત્રોક્તવિધિ અનુસાર આઠમી પ્રતિમાનું આરાધન કર્યું.

ત્યાર પછી આર્યા ચંદનબાળાજીની અનુજ્ઞા પ્રાપ્ત કરીને તેઓએ "નવ નવમિકા" ભિક્ષુપ્રતિમા અંગીકાર કરી. પ્રથમ નવકમાં એક–એક દત્તિ આહાર અને પાણીથી લઈ નવમા નવકમાં નવ–નવ દત્તિ આહારની અને પાણીની ગ્રહણ કરવામાં આવે છે. આ પ્રતિમાનો કાળ ૯×૯ = ૮૧ અહોરાત્રિનો છે. એમાં આહાર પાણીની ચારસો પાંચ દત્તિઓ થાય છે. આ ભિક્ષુપ્રતિમાનું સુકૃષ્ણા આર્યાએ સમ્યક્ આરાધન કર્યું. ત્યાર પછી દશમી "દશ–દશમિકા" ભિક્ષુપ્રતિમાને અંગીકાર કરી. જેમાં ક્રમશઃ વધતાં વધતાં દશમા દશકમાં દશ–દશ દત્તિ આહારની અને પાણીની ગ્રહણ કરાય છે. આ ભિક્ષુપ્રતિમા ૧૦૦(એકસો) અહોરાત્રિની છે અને તેની પાંચસો પચાસ દત્તિઓ થાય છે.

ત્યાર પછી સુકૃષ્ણા આર્યા ઉપવાસાદિથી લઈ માસખમણ અર્ધ માસખમણ આદિ વિવિધ પ્રકારની તપસ્યાથી આત્માને ભાવિત કરતાં વિચરવાં લાગ્યાં ***યાવત્*** બાર વર્ષની દીક્ષા પર્યાય પાળી સિદ્ધગતિને પામ્યાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.

## વિવેચન :–

આ બંને સૂત્રોમાં સુકૃષ્ણા આર્યાનું ચાર ભિક્ષુપ્રતિમાઓની આરાધનાનું વર્ણન છે. ત્રીજા વર્ગના ઓગણીસમા સૂત્રમાં વર્ણિત ભિક્ષુ પ્રતિમાથી આ ભિક્ષુપ્રતિમાઓ અલગ છે. ત્રીજા વર્ગમાં વર્ણિત ભિક્ષુપ્રતિમાઓનો કાળ વધુમાં વધુ એક માસનો છે. જ્યારે અહીં વર્ણિત ભિક્ષુ પ્રતિમામાં સાતમીનો કાળ ૪૯ દિવસનો છે. એવી જ રીતે જેટલામી ભિક્ષુપ્રતિમા હોય એટલા એટલા દિવસના એ જ સંખ્યાના જોડલા ગણવાના છે. જેમ કે–

| | | | |
|---|---|---|---|
| ૭ મી ભિક્ષુપ્રતિમાના | ૭ દિવસના | ૭ જોડલા (સપ્તક) | ૭×૭ = ૪૯ દિવસ |

| | | | |
|---|---|---|---|
| ૮ મી ભિક્ષુપ્રતિમાના | ૮ દિવસના | ૮ જોડલા (અષ્ટક) | ૮×૮ = ૬૪ દિવસ |
| ૯ મી ભિક્ષુપ્રતિમાના | ૯ દિવસના | ૯ જોડલા(નવક) | ૯×૯ = ૮૧ દિવસ |
| ૧૦ મી ભિક્ષુપ્રતિમાના | ૧૦ દિવસના | ૧૦ જોડલા(દશક) | ૧૦×૧૦ = ૧૦૦ દિવસ |

અર્થાત્ સાતમી ભિક્ષુ પ્રતિમામાં સાત દિવસ સુધી એક દત્તિ ગ્રહણ કરે, પછી સાત દિવસ બે દત્તિ આમ ક્રમશઃ એક એક દત્તિ વધારતાં ૪૯ દિવસની ૧૯૬ દત્તિ થાય છે. આની સ્પષ્ટતા સ્થાપના યંત્રમાંથી સમજી લેવી. જેમ કે પહેલાં સાત દિવસે સાત દત્તિ, બીજા સાત દિવસે ૧૪, ત્રીજા સાત દિવસે ૨૧, ચોથા સાત દિવસે ૨૮, પાંચમા સાત દિવસે ૩૫, છઠ્ઠા સાત દિવસે ૪૨, તથા સાતમા સાત દિવસે ૪૯ કુલ મળીને ૧૯૬ દત્તિઓ થાય. એવી જ રીતે શેષ ત્રણે ય ભિક્ષુ પ્રતિમાઓની પણ દત્તિઓ સ્થાપના યંત્રથી સમજી લેવી. આ પ્રતિમાઓની તે દત્તિઓ ઉત્કૃષ્ટની અપેક્ષાએ છે. ઓછી દત્તિઓ ગ્રહણ કરી શકાય અને વચ્ચે ઉપવાસાદિ તપ પણ કરી શકાય.

## ભિક્ષુપ્રતિમાઓના સ્થાપના યંત્ર






**અટ્ઠ અટ્ઠમીયા ભીક્ષુ પડિમા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૮ |
| ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૧૬ |
| ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૨૪ |
| ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૩૨ |
| ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૪૦ |
| ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૪૮ |
| ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૫૬ |
| ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૬૪ |

કુલ દિવસ -૬૪, ૨૮૮ દાતી

**દશ દશમીયા ભીક્ષુ પડિમા**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧૦ |
| ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨૦ |
| ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૩૦ |
| ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪૦ |
| ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |
| ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬ | ૬૦ |
| ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭ | ૭૦ |
| ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮ | ૮૦ |
| ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯૦ |
| ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦૦ |

દિવસ-૧૦૦, ૫૫૦-દાતી

**॥ વર્ગ–૮ : અધ્ય.–૫ સંપૂર્ણ ॥**

# આઠમો વર્ગ

## અધ્યયન – ૬ : મહાકૃષ્ણા

**મહાકૃષ્ણા આર્યાનું ક્ષુલ્લક સર્વતોભદ્ર તપ :–**

**१** एवं महाकण्हा वि, णवरं–खुड्डागं सव्वओभद्दं पडिमं उवसंपज्जित्ताणं विहरइ, तं जहा––

| | | | | | |
|---|---|---|---|---|---|
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ । | |

**एवं खलु एयं खुड्डागसव्वओभद्दस्स तवोकम्मस्स पढमं परिवाडिं तिहिं मासेहिं दसहि य दिवसेहिं अहासुत्तं** *जाव* **आराहेत्ता दोच्चाए परिवाडीए चउत्थं करेइ, करेत्ता विगइवज्जं पारेइ, पारेत्ता जहा रयणावलीए तहा एत्थ वि चत्तारि परिवाडीओ । पारणा तहेव । चउण्हं कालो संवच्छरो मासो दस य दिवसा । सेसं तहेव** *जाव* **सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** મહાકૃષ્ણા આર્યાનું વર્ણન પણ પૂર્વવત્ સમજવું. વિશેષતા એ છે કે આર્યા ચંદનબાળાજીની અનુજ્ઞા પ્રાપ્ત કરી તેઓએ "લઘુ સર્વતોભદ્ર" તપની આરાધના કરી. જે આ પ્રમાણે છે–

સૌ પ્રથમ એક ઉપવાસ, વિગયયુક્ત પારણું કર્યું, પછી છઠ–પારણું. અઠ્ઠમ–પારણું. ચોલું–પારણું. પાંચ–પારણું. આ રીતે પ્રથમ લાઈન પૂર્ણ કરી ત્યાર પછી અઠ્ઠમ–ચાર–પાંચ–એક ઉપવાસ–છઠની બીજી લાઈન પૂર્ણ કરી. પછી પાંચ–એક ઉપવાસ–છઠ–અઠ્ઠમ–ચારની ત્રીજી લાઈન પૂર્ણ કર્યા બાદ છઠ–અઠ્ઠમ–ચાર–પાંચ–એક ઉપવાસની ચોથીલાઈન પૂર્ણ કરીને છેલ્લે ચાર–પાંચ–એક ઉપવાસ–છઠ–અઠ્ઠમની પાંચમી લાઈન પૂર્ણ કરી. લઘુસર્વતોભદ્ર તપની પ્રથમ પરિપાટી વિગય યુક્ત પારણા સહિત ત્રણ મહિના અને દશ દિવસમાં પૂર્ણ થાય છે.

આ રીતે ચાર પરિપાટી એક વર્ષ, એક માસ અને દશ દિવસમાં પૂર્ણ થાય છે. મહાકૃષ્ણા આર્યાએ લઘુસર્વતોભદ્ર તપની ચાર પરિપાટી પૂર્ણ કરી બીજી પરિપાટીમાં પારણામાં વિગય વર્જીને અને તે પ્રમાણે (ત્રીજી અને ચોથી પરિપાટી)રત્નાવલી તપની જેમ ચારે ય પરિપાટીઓની આરાધના કરી ***યાવત્*** તેર વર્ષ ચારિત્ર પર્યાયનું પાલન કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયાં. આ અધ્યયનનું ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.

**વિવેચન :–**

સર્વતોભદ્ર તપ બે પ્રકારનું છે. લઘુસર્વતોભદ્ર અને મહાસર્વતોભદ્ર તપ. ગણત્રી કરવા પર જેની ગણના આંક સમાન જ હોય, વિષમ ન હોય અર્થાત્ જે બાજુથી તેની ગણત્રી કરો એ બાજુથી એનો

સરવાળો એક સરખો જ આવે તેને સર્વતોભદ્ર તપ કહે છે. આ સૂત્રમાં મહાકૃષ્ણા આર્યાના લઘુસર્વતોભદ્ર તપનું વર્ણન કરવામાં આવ્યું છે. "લઘુ"માં એકથી પાંચ ઉપવાસ સુધી વધવાનું હોય છે. જ્યારે "મહા"માં એકથી સાત ઉપવાસ સુધી ક્રમશઃ ચઢવાનું હોય છે. ચાર પરિપાટીના પારણા "રત્નાવલી" તપની સમાન જ સમજવા.

## લઘુસર્વતોભદ્ર તપનું સ્થાપના યંત્ર




**॥ વર્ગ–૮ : અધ્ય.–૬ સંપૂર્ણ ॥**

# આઠમો વર્ગ

## અધ્યયન – ૭ : વીરકૃષ્ણા

**વીરકૃષ્ણા આર્યાનું મહાસર્વતોભદ્ર તપ :–**

**१** एवं वीरकण्हा वि णवरं–महालयं सव्वओभद्दं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरइ, तं जहा–

चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥पढमा लया ॥  
दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ बीया लया ॥  
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,  
अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,

दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ तइया लया ॥
अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ चउत्थी लया ॥
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ पंचमीलय॥
छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ छट्ठी लया ॥
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,

**सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, छट्ठं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, अट्ठमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ । ॥ सत्तमी लया ॥**

**एक्काए कालो अट्ठ मासा पंच य दिवसा । चउण्हं दो वासा अट्ठ मासा वीसं दिवसा । सेसं तहेव** *जाव* **सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે વીરકૃષ્ણા આર્યાનું પણ ચરિત્ર સમજી લેવું જોઈએ. વિશેષમાં વીરકૃષ્ણા આર્યાએ મહાસર્વતોભદ્ર તપની આરાધના કરી. જે આ પ્રમાણે છે–

**પ્રથમ લતા :–** સૌ પ્રથમ એક ઉપવાસ કર્યો, ત્યાર પછી છઠ, અટ્ઠમ, ચાર, પાંચ, છ, સાત ઉપવાસ કર્યાં. આ પ્રથમ લતા થઈ. પારણામાં વિગયયુક્ત પારણાં કર્યાં.

**બીજી લત્તા–** સર્વપ્રથમ ચાર(ચોલું) એક ઉપવાસ, પાંચ, છ, સાત, એક ઉપવાસ, છઠ, અટ્ઠમ આ ક્રમથી બીજી લતાની આરાધના કરી.

**ત્રીજી લતા–** સાત, એક ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચાર, પાંચ, છ આ ક્રમથી ત્રીજી લતાની આરાધના કરી.

**ચોથી લતા–** સર્વપ્રથમ અટ્ઠમ, ચાર, પાંચ છ, સાત, એક ઉપવાસ, છઠથી ચોથી લતાની આરાધના કરી.

**પાંચમી લતા–** સર્વપ્રથમ છ ઉપવાસ, સાત, એક ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચાર, પાંચથી પાંચમી લતાની આરાધના કરી.

**છટ્ઠી લતા–** સર્વપ્રથમ છઠ, અટ્ઠમ, ચાર, પાંચ, છ, સાત, એક ઉપવાસથી છટ્ઠી લતાની આરાધના કરી.

**સાતમી લતા–** સર્વપ્રથમ પાંચ, છ, સાત, એક ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચારથી સાતમી લતાની આરાધના કરી.

આ રીતે સાત લતાની એક પરિપાટી થઈ. એક પરિપાટી આઠ મહિના અને પાંચ દિવસમાં પૂર્ણ થાય છે. (જેમાં ઓગણપચાસ દિવસ પારણાના અને છ મહિના–સોળદિવસ(૧૯૬ દિવસ) તપસ્યાના થાય છે.) પ્રથમ પરિપાટીના પારણાં વિગયયુક્ત કર્યાં. આમ ચાર પરિપાટી વીરકૃષ્ણા આર્યાએ બે વર્ષ, આઠ મહિના, વીસ દિવસમાં (૯૮૦ દિવસ) પૂર્ણ કરી. ચારે ય પરિપાટીના પારણાં રત્નાવલી તપ સમાન જ સમજવા. અનેકવિધ તપની આરાધના કરી ચૌદ વર્ષની ચારિત્રપર્યાયનું પાલન કરી ***યાવત્*** સિદ્ધગતિને પામ્યાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.

# મહાસર્વતોભદ્ર તપનું સ્થાપના યંત્ર




॥ વર્ગ–૮ : અધ્ય.–૭ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૮ : રામકૃષ્ણા

**રામકૃષ્ણા આર્યાની ભદ્રોત્તરપ્રતિમાની આરાધના :–**

**१** एवं रामकण्हा वि, णवरं– भद्दोत्तर पडिमं उवसंपज्जित्ता णं विहरइ, तं जहा–

दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ पढमा लया ॥
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥ बीया लया ॥
वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥तइया लया॥
चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,

**वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ ॥ चउत्थी लया ॥ अट्ठारसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, दुवालसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, चोद्दसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता, सोलसमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता ॥पंचमी लया ॥**

**एक्काए कालो छम्मासा वीस य दिवसा । चउण्हं कालो दो वरिसा दो मासा वीस य दिवसा । सेसं तहेव जहा काली** *जाव* **सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–** રામકૃષ્ણા આર્યાનું ચરિત્ર પણ પૂર્વવત્ સમજવું. વિશેષમાં તેણે ભદ્રોત્તરપ્રતિમા તપનું આરાધન કર્યું. તે આ પ્રમાણે છે–

**પ્રથમ લતા–** સર્વપ્રથમ પાંચ છ, સાત, આઠ, નવ ઉપવાસ ક્રમશઃ પ્રથમ લતામાં કર્યા.

**બીજી લતા–** ત્યાર પછી સાત, આઠ, નવ, પાંચ, છ ઉપવાસ ક્રમશઃ બીજી લતામાં કર્યા.

**ત્રીજી લતા–** નવ, પાંચ, છ, સાત, આઠ ઉપવાસ ક્રમશઃ ત્રીજી લતામાં કર્યા.

**ચોથી લતા–** ત્યાર પછી છ, સાત, આઠ, નવ પાંચ ઉપવાસ ચોથી લતામાં કર્યા.

**પાંચમી લતા–** ત્યાર પછી આઠ, નવ, પાંચ, છ, સાત ઉપવાસ પાંચમી લતામાં કર્યા.


આ પ્રમાણે પાંચ લતાની એક પરિપાટી થાય છે. એક પરિપાટીમાં છ માસ, વીસ દિવસ થાય છે. ચાર પરિપાટી બે વર્ષ, બે માસ, વીસ દિવસમાં પૂર્ણ થાય છે. આ રીતે રામકૃષ્ણા આર્યાએ પણ કાલી આર્યાની સમાન ચાર પરિપાટી પૂર્ણ કરી. પંદર વર્ષની ચારિત્ર પર્યાયનું પાલન કરી ***યાવત્*** સિદ્ધગતિને પામ્યાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ સમજવું.

## વિવેચન :–

ભદ્રોતરપ્રતિમા તપની પ્રથમ પરિપાટીમાં પચ્ચીસ(૨૫) દિવસ પારણાનાં થાય અને પાંચ મહિના અને અને ૨૫(પચ્ચીસ) દિવસ તપના થાય છે. (૧૭૫ દિવસ). ચાર પરિપાટીમાં ૩ મહિના, ૧૦ દિવસ(૧૦૦ દિવસ) પારણાનાં તથા ૨૩ મહિના ૧૦ દિવસ(૭૦૦ દિવસ) તપસ્યાના થાય છે. ભદ્રોત્તરપ્રતિમાનો અર્થ થાય છે– ભદ્રા એટલે કલ્યાણપ્રદાતા અને ઉત્તર એટલે પ્રધાન, પરમ. આ પ્રતિમા પરમકલ્યાણપ્રદ હોવાથી તેને ભદ્રોત્તરપ્રતિમા કહી છે. તેનો પ્રારંભ પાંચ ઉપવાસથી થાય છે અને નવ

સુધી ક્રમશઃ વધે છે. વિશેષ સમજવા માટે નીચેનું યંત્ર છે.

## ભદ્રોત્તરપ્રતિમા તપનું સ્થાપના યંત્ર




॥ વર્ગ–૮ : અધ્ય.–૮ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૯ : પિતૃસેનકૃષ્ણા

**પિતૃસેનકૃષ્ણા આર્યાનું મુક્તાવલી તપ :–**

**१** एवं पिउसेणकण्हा वि, णवरं– मुत्तावलिं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरइ, तं जहा–

| | | | | | |
|---|---|---|---|---|---|
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| छट्ठं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| दुवालसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चोद्दसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| सोलसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| अट्ठारसमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| वीसइमं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |
| चउत्थं | करेइ, | करेत्ता | सव्वकामगुणियं | पारेइ | पारेत्ता, |

बावीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउवीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
छव्वीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
अट्ठावीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बत्तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चोत्तीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ पारेत्ता,
बतीसइमं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ ।

**एवं तहेव ओसारेइ *जाव* चउत्थं करेइ, करेत्ता सव्वकामगुणियं पारेइ ।**

**एक्काए कालो एक्कारस मासा पण्णरस य दिवसा । चउण्हं तिण्णि वरिसा दस य मासा । सेसं *जाव* सिद्धा । णिक्खेवओ ।**

**ભાવાર્થ :–**

પિતૃસેનકૃષ્ણાનું વર્ણન પૂર્વવત્ સમજવું. તેણે મુક્તાવલી તપની આરાધના કરી. જે આ પ્રમાણે છે–

સર્વપ્રથમ ઉપવાસ કર્યો, સર્વકામગુણયુક્ત પારણું કર્યું. પછી છઠ્ઠ કર્યો, સર્વકામ ગુણયુક્ત પારણું કર્યું. પુનઃ ઉપવાસ કર્યો–પારણું. અઠ્ઠમ–પારણું. ઉપવાસ–પારણું. આમ વચ્ચે એક એક ઉપવાસ કરતાં કરતાં ક્રમશઃ પંદર ઉપવાસ સુધી ચઢ્યા પછી એક ઉપવાસ કરી પારણું છેલ્લે સોળ ઉપવાસ કર્યા. પારણું કરી ઉપવાસ કર્યો અને સર્વકામગુણયુક્ત(વિગયયુક્ત) પારણું કર્યું. ત્યાર પછી પશ્ચાનુપૂર્વીથી વચ્ચે એક એક ઉપવાસ કરતાં ક્રમશઃ સોળથી ઉતરતાં એક સુધી ઉતર્યા. આમ અગિયાર મહિના અને પંદર દિવસમાં એક પરિપાટી પૂર્ણ થાય છે. ચાર પરિપાટીમાં ત્રણ વર્ષ અને દસ મહિના થાય. (આમ ૧૧૪૦ દિવસ

તપના અને ૨૪૦ દિવસ પારણાનાં થાય. એક પરિપાટીના ૨૮૫ દિવસ તપના અને ૬૦ દિવસ પારણાંનાં થાય.(કુલ–૩૪૫ દિવસ). આમ પિતૃસેનકૃષ્ણા સોળવર્ષની દીક્ષા પર્યાય પાળી ***યાવત્*** સિદ્ધિને પામ્યાં. ઉપસંહાર વાક્ય પૂર્વવત્ જાણવું.

## મુક્તાવલી તપનું સ્થાપના યંત્ર




॥ વર્ગ–૮ : અધ્ય.–૯ સંપૂર્ણ ॥

# આઠમો વર્ગ

## અધ્યયન – ૧૦ : મહાસેનકૃષ્ણા

**મહાસેનકૃષ્ણા આર્યાનું વર્ધમાન–આયંબિલ તપ :–**

**૧** एवं महासेणकण्हा वि, णवरं आयंबिलवड्ढमाणं तवोकम्मं उवसंपज्जित्ता णं विहरइ, तं जहा–

आयंबिलं करेइ, करेत्ता चउत्थं करेइ करेत्ता,
बे आयंबिलाइं करेइ, करेत्ता चउत्थं करेइ करेत्ता,
तिण्णि आयंबिलाइं करेइ, करेत्ता चउत्थं करेइ करेत्ता,
चत्तारि आयंबिलाइं करेइ, करेत्ता चउत्थं करेइ करेत्ता,
पंच आयंबिलाइं करेइ, करेत्ता चउत्थं करेइ करेत्ता,
छ आयंबिलाइं करेइ, करेत्ता चउत्थं करेइ करेत्ता,

एक्कुत्तरियाइ वुड्ढीए आयंबिलाइं वुड्ढंति चउत्थंतरियाइं *जाव* आयंबिलसयं करेइ, करेत्ता चउत्थं करेइ ।

तए णं सा महासेणकण्हा अज्जा आयंबिलवड्ढमाणं तवोकम्मं चोद्दसहिं वासेहिं तिहि य मासेहिं वीसहि य अहोरत्तेहिं अहासुत्तं *जाव* आराहेत्ता जेणेव अज्जचंदणा अज्जा तेणेव उवागया, उवागच्छित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता बहूहिं चउत्थं *जाव* भावेमाणी विहरइ । तए णं सा महासेणकण्हा अज्जा तेणं ओरालेणं *जाव* तवेणं तेएणं तवतेय सिरीए अईव–अईव उवसोहेमाणी चिट्ठइ ।

**ભાવાર્થ :–** મહાસેનકૃષ્ણાનો વૃત્તાંત પણ પૂર્વવત્ સમજવો. વિશેષ એ છે કે તેઓએ વર્ધમાન આયંબિલ તપનું આરાધન કર્યું. જે આ પ્રમાણે છે–

એક આયંબિલ કરી, ઉપવાસ કર્યો. બે આયંબિલ–ઉપવાસ. ત્રણ આયંબિલ–ઉપવાસ. ચાર આયંબિલ–ઉપવાસ. પાંચ આયંબિલ–ઉપવાસ. આ રીતે વચ્ચે એક એક ઉપવાસ કરતાં ક્રમશઃ સો આયંબિલ સુધી ચઢયા. ત્યાર પછી છેલ્લે એક ઉપવાસ કર્યો. આમ મહાસેનકૃષ્ણા આર્યાએ

"વર્ધમાન–આયંબિલ તપ" ની આરાધના ચૌદ વર્ષ, ત્રણ માસ, વીસ અહોરાત્રિમાં પૂર્ણ કરી. આરાધના પૂર્ણ કરી મહાસેનકૃષ્ણા આર્યા જ્યાં ગુરુણી આર્યા ચંદનબાળાજી હતાં ત્યાં આવ્યાં. ચંદનબાળાજીને વંદન નમસ્કાર કરી તેમની આજ્ઞા પ્રાપ્ત કરી ઘણા ઉપવાસાદિ તપ દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરવાં લાગ્યાં. મહાસેનકૃષ્ણા આર્યા શરીરથી અત્યંત દુર્બળ થઈ જવા છતાં તપ તેજથી અત્યંત શોભવા લાગ્યાં.

**૨ तए णं तीसे महासेणकण्हाए अज्जाए अण्णया कयाइ पुव्वरत्तावरत्तकाले चिंता जहा खंदयस्स** *जाव* **अज्जचंदणं अज्जं आपुच्छइ** *जाव* **(संलेहणा) कालं अणवकंखमाणी विहरइ ।**

**तए णं सा महासेणकण्हा अज्जा अज्जचंदणाए अज्जाए अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जित्ता, बहुपडिपुण्णाइं सत्तरस वासाइं परियायं पालइत्ता, मासियाए संलेहणाए अप्पाणं झूसित्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता जस्सट्ठाए कीरइ णग्गभावे** *जाव* **तमट्ठं आराहेइ, आराहित्ता चरिमउस्सास णिस्सासेहिं सिद्धा।**

**अट्ठ य वासा आई, एक्कोत्तरियाए** *जाव* **सत्तरस्स ।**
**एसो खलु परियाओ, सेणियभज्जाण णायव्वो ॥१॥**

**ભાવાર્થ :–** એકદા સમયે મહાસેનકૃષ્ણા આર્યાને સ્કંદકની જેમ ધર્મ જાગરણ કરતાં ચિંતન ઉત્પન્ન થયું. આર્યા ચંદનાજીની આજ્ઞા લઈ ***યાવત્*** સંલેખનાને ગ્રહણ કરી જીવન મરણની આકાંક્ષાથી રહિત થઈને વિચરવાં લાગ્યાં.

મહાસેનકૃષ્ણા આર્યાએ આર્યા ચંદનાજી પાસે સામાયિકથી લઈ અગિયાર અંગોનું અધ્યયન કર્યું. સત્તર વર્ષની પૂર્ણ સંયમ પર્યાય પાળી, એક માસની સંલેખનાથી આત્માને ભાવિત કરી સાંઠ(૬૦) ભક્ત અણસણને પૂર્ણ કરી ***યાવત્*** જે કાર્ય માટે સંયમ અંગીકાર કર્યો હતો તેની સંપૂર્ણ આરાધના કરી, અંતિમ શ્વાસોચ્છ્વાસથી સિદ્ધ–બુદ્ધ–મુક્ત થયાં.

શ્રેણિક રાજાની દશ મહારાણીઓમાંથી પ્રથમ કાલીદેવીનો દીક્ષાકાળ આઠ વર્ષ, તત્પશ્ચાત્ ક્રમશઃ એક–એક વર્ષની વૃદ્ધિ કરતાં–કરતાં દસમા મહાસેન કૃષ્ણાનો દીક્ષાકાળ સત્તર વર્ષનો જાણવો જોઈએ.

## વિવેચન :–

**आयंबिलवड्ढमाणं :–** આયંબિલ–વર્ધમાન તપ. જેમાં આયંબિલ ક્રમશઃ વધે છે. આ તપની આરાધના ૧૪ વર્ષ, ૩ માસ, ૨૦ દિવસમાં પૂર્ણ થાય છે. એમા ચૌદ વર્ષ દશ દિવસ આયંબિલના તથા ૧૦૦(સો) દિવસ ઉપવાસના થાય છે.

આગલા તપોનું પરિશીલન કરવાથી જણાય છે કે તપની જે દિનસંખ્યા બતાવી છે, તેમાં તપ

અને પારણાંના દિવસો સમ્મિલિત છે અને આગલાં તપ સૂત્રોનાં પારણાંનો ઉલ્લેખ પણ સાથે જ હોય છે. આ આયંબિલ વર્ધમાન તપની દિન સંખ્યા જે ૧૪ વર્ષ, ૩ માસ, ૨૦ દિવસ આપી છે તે માત્ર તપની સંખ્યા જ છે. તેના બે કારણ છે– પહેલું સૂત્રકારે અગાઉના તપની જેમ અહીં પારણાંનો ઉલ્લેખ કર્યો નથી. બીજું જો પારણાંના દિવસો સાથે ગણવામાં આવે તો તપની દિનસંખ્યા ૧૪ વર્ષ, ૩ માસ, ૨૦ દિવસ ન રહીને ૧૪ વર્ષ, ૧૦ દિવસની થઈ જાય. કારણ કે તપની દિનસંખ્યા મૂળપાઠમાં નિશ્ચિત છે કે– ૧૪ વર્ષ, ૩ માસ, ૨૦ દિવસ એટલે ૫૧૫૦(એકાવનસો પચાસ) દિવસ. એમાં પારણાંના સો દિવસ બાદ કરીએ તો ૧૪ વર્ષ ને દશ દિવસ(૫૦૫૦) બાકી રહે. પરંતુ એક થી સો આયંબિલનો સરવાળો ૧૪ વર્ષ ૧૦ દિવસનો છે અને ૧૦૦ દિવસ ઉપવાસના છે. આમ તપ સંખ્યા જ ૧૪ વર્ષ–૩માસ અને વીસ દિવસ થાય છે. તેથી ફલિત થાય છે કે આ સંખ્યા તપદિનની છે અને મહાસેનકૃષ્ણા આર્યાએ વચ્ચે પારણાં નથી કર્યાં.

॥ વર્ગ–૮ : અધ્ય.–૧૦ સંપૂર્ણ ॥

# નિક્ષેપ–પરિશેષ

**१ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेण *जाव* संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अयमट्ठे पण्णत्ते ।**

**अंतगडदसाणं अंगस्स एगो सुयखंधो । अट्ठ वग्गा । अट्ठसु चेव दिवसेसु उद्दिस्सिज्जंति । तत्थ पढमबिइयवग्गे दस–दस उद्देसगा । तइयवग्गे तेरस उद्देसगा। चउत्थ-पंचमवग्गे दस–दस उद्देसगा । छट्ठवग्गे सोलस उद्देसगा । सत्तमवग्गे तेरस उद्देसगा । अट्ठमवग्गे दस उद्देसगा । सेसं जहा णायाधम्मकहाणं।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે હે જંબૂ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે આઠમા અંગ અંતગડદશાનો આ અર્થ પ્રરૂપ્યો છે–કહ્યો છે.

અંતગડદશામાં એક શ્રુતસ્કંધ છે. આઠ વર્ગ છે. આઠ દિવસોમાં આ સૂત્રની વાચના થાય છે. આઠ વર્ગમાં– પ્રથમ વર્ગના દસ, બીજા વર્ગના આઠ, ત્રીજા વર્ગના તેર ઉદ્દેશક છે. ચોથા અને પાંચમાં વર્ગમાં દશ–દશ ઉદ્દેશક છે. છટ્ઠા વર્ગમાં સોળ ઉદ્દેશક છે. સાતમા વર્ગમાં તેર ઉદ્દેશક છે અને આઠમા વર્ગમાં દશ ઉદ્દેશક છે. (આમ આઠ વર્ગના નેવું(૯૦) ઉદ્દેશક છે) શેષ વર્ણન જ્ઞાતાધર્મકથા સૂત્રાનુસાર સમજી લેવું જોઈએ.

### વિવેચન :–

ઉપલબ્ધ વર્તમાન અંતગડ સૂત્રમાં બીજા વર્ગના આઠ જ ઉદ્દેશક છે. સંભવતઃ વાચના ભેદથી અથવા લિપિ પ્રમાદથી(લેખકની સ્ખલનાથી) દશ ઉદ્દેશા લખવામાં આવ્યા હોય. આ નિર્ણય કેવળી ગમ્ય છે.

નિક્ષેપના આ સૂત્રમાં આર્ય સુધર્માસ્વામીએ પોતાની લઘુતા બતાવતા કહ્યું છે કે અંતગડ સૂત્રના તમામ ભાવો પ્રભુએ ફરમાવ્યા છે. મેં જેવા સાંભળ્યા છે તેવા હું કહું છું. જે છે તે પ્રભુનું જ છે.

### ઉપસંહાર :–

## –: શ્રી અંતગડ સૂત્રનો સંદેશ :–

(૧) **મોક્ષ પ્રાપ્તિનું પ્રથમ અને અંતિમ સાધન :–** અંતગડ સૂત્ર અનુસાર મોક્ષ પ્રાપ્તિનું અથવા

સંસાર– પ્રપંચથી છૂટવાનું પ્રમુખ સાધન છે– (૧) સમ્યગ્ શ્રદ્ધા સાથે સંયમ લેવો. (૨) શાસ્ત્ર કંઠસ્થ કરવા. (૩) પોતાની બધી શક્તિ તપસ્યામાં લગાવવી. મોક્ષ માર્ગનું અંતિમ સાધન તપ છે. ભાવ પૂર્વક, વૈરાગ્ય પૂર્વક અને વિવેક પૂર્વક અને ગુરુ આજ્ઞાપૂર્વક કરેલું તપ કર્મ રોગોને મૂળથી નાશ કરવા માટે અચૂક અથવા રામબાણ ઔષધ છે.

તેથી સંયમ અને અધ્યયન સિવાય બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારના તપનું મોક્ષ પ્રાપ્તિમાં અનન્ય યોગદાન છે એમ સમજીને તપોમય જીવન જીવવું જોઈએ.

(૨) આ સૂત્રનું નામ અંતગડ પોતે જ આત્માની પરમ શુદ્ધ અવસ્થા તથા આત્મલક્ષ્યનો સંદેશ આપે છે. આત્મલક્ષ્યે થતી પ્રત્યેક ક્રિયા અંતતોગત્વા આત્માની પરમ શુદ્ધ અવસ્થા એટલે કે સર્વકર્મમુક્તદશા સુધી લઈ જાય છે. બધા જ અધ્યયનો અંતગડકેવળીના નામથી શરૂ થાય છે. (અર્જુનમાળી છોડીને)

(૩) આ સૂત્રની રચનાવિધિનો સંદેશ આર્ય સુધર્મા– જંબૂ દ્વારા વિનયધર્મના આચરણને પ્રગટ કરે છે. વડીલો દ્વારા કરાતો નાના પ્રત્યેનો વિનય, વાત્સલ્યભાવ તરીકે ઓળખાય છે. જે સુધર્મા સ્વામીમાં જોવા મળે છે અને નાના દ્વારા કરતા મોટા પ્રતિના વિનયનું રૂપ છે આદરભાવ, અહોભાવ, જે જંબૂસ્વામીના પ્રત્યેક વ્યવહારમાં સ્પષ્ટ જણાય છે.

(૪) ૨૫ અધ્યયન(૧૦+૮+૭ = ૨૫)નો એક માત્ર સંદેશ– પરિગ્રહની હેયતા અને ભોગવૃત્તિનો ત્યાગ.

(૫) ત્રીજા વર્ગના આઠમા અધ્યયનનો સંદેશ :–(૧) દેવ પણ ભાગ્ય બદલી શકતા નથી (૨) સંતાન પ્રતિ રાગદ્વેષ કર્મબંધનું કારણ બને છે (૩) માતૃભક્તિ (૪) મોટાની મોટાઈ (૫) સાચો પ્રેમ પાત્રના આત્મોત્થાનમાં બાધક બનતો નથી (૬) જે દેખીતી રીતે અહિતકર્તા દેખાય છે તે પણ કર્મક્ષયમાં સહાયક બને છે (૭) સમભાવ અને ક્ષમાથી કર્મક્ષય શક્ય બને છે.

(૬) ત્રીજા વર્ગના પાંચ અધ્યયનો અને ચોથા વર્ગનો સંદેશ– કુળ અને વૈભવનું મમત્વ છોડો.

(૭) પાંચમા વર્ગનો સંદેશ (૧) જગતના બધા જ પદાર્થો વિનશ્વર છે. (૨) નિયાણાનું ફળ અશુભ છે (૩) વૈભવનો નશો કે સત્તાનો નશો બંને અનર્થકારી છે. (૪) જો જાગત હૈ સો પાવત હૈ. (૫) નિરાશા છોડી આત્મોત્થાન માટે શક્ય હોય તે કરી છૂટો. (૬) ધર્મ આરાધકોને સહયોગી બનો. ઉપબૃંહણગુણની વૃદ્ધિ કરો.

(૮) છટ્ઠા વર્ગનો સંદેશ– (૧) લક્ષ્મીના પૂજક(વૈશ્ય) પણ વીતરાગતાના પથિક હોય છે. (૨) સરાગીદેવની પૂજાનું મહા અનર્થકારી ફળ છે. (૩) વીતરાગની ઉપાસનાનું ઉત્તમ ફળ છે. (૪) જનસેવાની વિકૃતિથી ઉત્પન્ન થાય છે ભોગવૃત્તિ. (૫) અપાત્ર–અયોગ્ય વ્યક્તિને મળતી સત્તા કે સહાયતા દુષ્ટમાર્ગે જ વહે છે. (૬) વીતરાગની આરાધના નિર્ભયતાની જનની છે. (૭) નિર્ભય ઉપાસકનું અજેય આત્મતેજ હોય છે. (૮) ઉત્તમ કાર્યમાં પણ માતા પિતાની આજ્ઞા પ્રાપ્ત કરવી, આ આર્ય સંસ્કૃતિની વિલક્ષણતા છે. (૯) અપરાધી પણ આરાધક થઈ શકે છે. (૧૦) બાળકની બુદ્ધિને પણ સમજો. (૧૧) બાળકની તેજસ્વિતાને

જુઓ. (૧૨) સર્વજ્ઞ વયને નહીં આત્માની યોગ્યતાને જુએ છે. (૧૩) રાજ્યવૈભવ અને સત્તાથી પણ મૂલ્યવાન છે આત્મોત્થાન.

(૯) સાતમા વર્ગનો સંદેશ– સુકુમારતામાં બિરાજમાન ધર્મવીર્ય.

(૧૦) આઠમા વર્ગનો સંદેશ– આરાધનાની કસોટી બાહ્યતપ.

**નામ સાદશ્યતા કેમ ? :–** પહેલા વર્ગના ૧૦ અધ્યયન અને બીજાવર્ગના આઠ અધ્યયનના કુલ ૧૮ (અઢાર) ચરિત્ર નાયકોના નામમાં ચાર નામ એક સમાન છે. સમુદ્ર–સાગર–અક્ષોભ અને અચલ. બંને વર્ગના માતાપિતા અંધકવૃષ્ણિ અને ધારિણી છે. એક જ માતા પિતાના સંતાનોના નામ સમાન કેવી રીતે હોય ? કાં તો બંને વર્ગના માતા પિતા અલગ હોવા જોઈએ અગર ભાઈઓના નામ સમાન તો ન જ હોય તો પૂ. જયમલજી મ. સા. ના કહેવા પ્રમાણે આ અઢાર સગા ભ્રાત ન હોવા જોઈએ.

**સમાધાન :–** ટીકાકારે આ બાબતમાં કોઈ સમાધાન કર્યું નથી. સંભવી શકે કે તેઓની સામે અંતગડ સૂત્રની વિસ્તૃત વાચના રહી હોય જેથી આ પ્રકારની સમસ્યા જ ઉદ્‌ભવી ન હોય અથવા તો અનુમાન થાય છે કે પાઠોના સંકોચ કરવાના કારણે આ સમસ્યા ઉત્પન્ન થઈ હોય. જેવી રીતે કાકાનું નામ વિશ્વભૂતિ અને ભત્રીજાનું નામ વિશ્વનંદી, મોટા બાપુજીનું નામ વિશાખાનંદી અને અનુજ(નાનોભાઈ) પુત્રનું નામ વિશાખાભૂતિ આમાં પાછળનું નીકળી જાય તો નામમાં સમાનતા થઈ જાય. અગર એક જ પિતાના પુત્રોના નામ ધનદત્ત, ધનપાલ, ધનકુમાર, ધનદેવ હોઈ શકે છે. અન્ય જગ્યાએ પૂરા નામ હોય પરંતુ સંક્ષિપ્તીકરણમાં પાછળના શબ્દો નીકળી જતાં એક સમાન જ નામ થઈ જાય છે. શોધાર્થીઓ માટે આ વિષય અન્વેષણીય છે. મૂળ પાઠમાં પ્રથમ વર્ગમાં પિતાનું નામ અંધકવૃષ્ણિ છે અને બીજા વર્ગમાં "વૃષ્ણિ" છે. એથી પણ ભિન્ન પિતા હોવાની કલ્પના કરી શકાય છે.

## આઠે ય વર્ગોના વિષયોની વિવિધ છણાવટ :–

**(૧)** અંતગડદશાનો મુખ્ય વિષય છે મોક્ષ અને મોક્ષના સાધનોની ઉપાદેયતા તથા સંસાર અને સંસારના કારણો–અપાયોની હેયતા.

**(૨)** આ સંસાર અને સંસારના તમામ સાંસારિક કાર્યો પુણ્ય અને પાપની ઉદયલીલાનું પરિણામ છે. પુણ્યોદય હોય તો દેવના સહયોગે કાર્ય સિદ્ધ થાય છે અને પાપોદય હોય તો દેવનો યોગ વિનાશનું કારણ બને છે.

આ પૃથ્વી પર દેવાકર્ષણ પાંચ કારણોસર થાય છે. (૧) પુણ્યોદયથી– કૃષ્ણ મહારાજના પુણ્યોદયે દ્વારિકા નિર્માણનું કાર્ય. (૨) પાપોદયથી– કૃષ્ણ મહારાજના પાપોદયના કારણે(દ્વિપાયન ઋષિનો આત્મા) અગ્નિકુમાર દેવ દ્વારા દ્વારિકા વિનાશનું કાર્ય. (૩) સાવદ્ય આરાધનાથી– સુલસાની સાવદ્ય ભક્તિથી હરિણૈગમેષી દેવનું આગમન. (૪) નિરવદ્ય આરાધનાથી– કૃષ્ણ મહારાજના નિરવદ્ય અટ્ઠમ તપની આરાધનાથી હરિણૈગમેષીનું આગમન. (૫) સાવદ્ય આરાધકના રોષથી– અર્જુનમાળીના રોષથી

મુદ્ગરપાણિ યક્ષનું આગમન.

**(૩)** દેવ આરાધનાના ચાર પ્રકાર :– (૧) સુદર્શન શ્રેષ્ઠીવત્. (૨) રાજાઓ દ્વારા તીર્થંકર ભગવાનના દર્શનવત્. (૩) શ્રીકૃષ્ણના અટ્ઠમ પૌષધવત્. (૪) સુલસા, અર્જુનવત્.

**(૪)** આત્મલક્ષ્યથી લોકોત્તર આરાધનાના ભેદ :–(૧) સર્વવિરતિ– ૯૦ પુણ્યાત્માઓના ચરિત્ર ગ્રહણવત્.(૨) દેશવિરતિ– સુદર્શન શ્રેષ્ઠીની વ્રત આરાધનાવત્ અને(૩) અનુમોદના– શ્રી કૃષ્ણ વાસુદેવની ધર્મદલાલીની સમાન.(૪) તપોવિધિ– ૯૦ સાધુ સાધ્વીજીના વિવિધ તપશ્ચરણ, પ્રતિમાઓનું વર્ણન

**(૫)** કર્મોના વિષયમાં :– (૧) શુભ કર્મોના ઉદયથી સંસાર સુખનો ભોગવટો યાદવો સમાન.(૨) સંસારના સુખ ભોગથી પાપકર્મનો બંધ યાદવાધિપતિ સમાન.(૩) પુણ્યફળના ત્યાગથી મોક્ષમાર્ગમાં ગતિ– અર્જુનમાળી સિવાયના ૮૯ આત્માઓ સમાન.(૪) પાપકર્મના ઉદયથી દુઃખ ઉત્પન્ન થાય છે અને સમભાવે ઉપસર્ગ પરિષહ સહન કરવાથી મોક્ષ મળે છે. અર્જુનમાળી, ગજસુકુમાલ મુનિવત્.(૫) વૈરની વસુલાતથી પુનઃ કર્મબંધ–સોમિલબ્રાહ્મણ સમાન.(૬) જલ્દી કર્મ ક્ષય કરવાનો ઉપાય–બારમી ભિક્ષુ પ્રતિમા.

**(૬)** આધ્યાત્મિક શક્તિ સમક્ષ દૈવી શક્તિ પણ હારે છે. (૧) દ્વારિકાના સંયમ આરાધકોને દેવ જલાવી શકતા નથી. (૨) શ્રમણોપાસક શ્રેષ્ઠી સુદર્શનના તેજથી મુદ્ગરપાણિ યક્ષ અભિભૂત થઈ ગયો.

**(૭)** મોહના વિવિધ રૂપ :–(૧) સંતાનના મોહથી આર્તભાવ– દેવકીરાણીની સમાન.(૨) સંતાનના મોહથી રૌદ્રભાવ– સોમિલ બ્રાહ્મણ સમાન.(૩) સ્ત્રીમોહથી અનર્થ– લલિત ગોષ્ઠી સમાન.(૪) દેહાધ્યાસ ત્યાગથી વીતરાગભાવ– ગજસુકુમાલ, અર્જુનમાળી સમાન.

**(૮)** લોકનીતિના ત્રણ રૂપ :– (૧) અસમર્થોને સહયોગ– શ્રીકૃષ્ણ દ્વારા વૃદ્ધને સહાયતા કરવા સમાન. (૨)પ્રજાનું યથાયોગ્ય સંરક્ષણ–શ્રેણિકરાજા સમાન. (૩) ઉપકારકાર્યો કરનારને પ્રોત્સાહન– લલિતગોષ્ઠીને રાજ્યહિત સંબંધી કાર્ય કરવા પર રાજા શ્રેણિક દ્વારા અપાયેલા સ્વતંત્રતાના અધિકાર સમાન.

આ પ્રમાણે અંતગડદશાનો પ્રતિપાદ્ય વિષય છે– સંસાર પક્ષના વિવિધ રૂપો બતાવીને સાધકને ત્યાગની પ્રેરણા દઈ ભવાંતઃક્રિયા તરફ લઈ જવાનો. શ્રી સુધર્મા સ્વામીએ આર્ય જંબૂ અણગારના પ્રશ્નોનું સમાધાન કરવા, વિવિધ ચરિત્રોનું સંયોજન કરી, ભવની અંતક્રિયાનું જ વિવિધ પાસાઓ દ્વારા પ્રતિપાદન કર્યું છે.

## ભક્તિનું પ્રયોગાત્મક સૂત્ર– પ્રણિપાત સૂત્ર :–(નમોત્થુણંનો પાઠ)

જૈન ભક્તિ સાધનામાં પ્રણિપાત સૂત્રનું અત્યધિક મહત્ત્વ છે. શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજીએ 'લલિતવિસ્તરા' નામક ટીકામાં 'નમોત્થુણં' સૂત્રની વ્યાખ્યા કરી છે. શ્રી અંતગડ સૂત્રમાં પણ પ્રણિપાત

સૂત્રમાં પ્રયુક્ત બધા જ વિશેષણોની અનેકવાર પુનરાવૃત્તિ થઈ છે. જ્યારે જ્યારે આર્ય જંબૂસ્વામી પ્રશ્ન કરે છે ત્યારે ત્યારે આ વિશેષણોનો ભગવાન મહાવીર દેવના વિશેષણો રૂપે બે બે વાર પ્રયોગ કરે છે અને આર્ય સુધર્મા સ્વામી પણ ઉત્તર આપતી વખતે બે વખત પ્રયોગ કરે છે. આ પ્રમાણે શાસ્ત્ર, વર્ગ અને અધ્યયનના ઉત્ક્ષેપમાં ત્રણવાર અને ઉપસંહારમાં એકવાર આ વિશેષણોનો પ્રયોગ થયો છે. આમ પ્રણિપાત સૂત્રની સંખ્યા થાય છે ૬૬૬ જે આ પ્રમાણે છે–

| | | | |
|---|---|---|---|
| શાસ્ત્રના ઉત્ક્ષેપ અને ઉપસંહારમાં | | | ૪ |
| આઠવર્ગના ઉત્ક્ષેપ અને ઉપસંહારમાં | ૮ × ૪ | = | ૩૨ |
| ૯૦ અધ્યયનોના ઉત્ક્ષેપ–ઉપસંહારમાં | ૯૦ × ૪ | = | ૩૬૦ |
| કુલ : ૩૯૬ વાર થાય. | | | |

પછી જ્યારે તીર્થંકર પરમાત્મા નગર કે નગરીમાં બહાર ઉદ્યાનોમાં પદાર્પણ કરે છે ત્યારે ઉવવાઈ સૂત્રના સમવસરણ અધિકારમાં આવેલા આ વિશેષણો સહિત શરીર વર્ણનની આવૃત્તિ થાય છે અને સમાચાર જ્ઞાત થવા પર રાજાઓ દ્વારા રાજસભામાં સિંહાસન પરથી નીચે ઉતરીને બે પ્રણિપાત સૂત્રો દ્વારા પ્રણિપાત કરાય છે.

| | | | |
|---|---|---|---|
| સમવસરણ–અધિકારમાં | | | ૯૦ |
| ૮૯ નગરીના રાજાઓ દ્વારા પ્રદત્ત | ૮૯ × ૨ | = | ૧૭૮ |
| સુદર્શન શ્રમણોપાસક દ્વારા પ્રદત્ત | | | ૨ |
| કુલ ૨૭૦ વાર તથા ઉપરના ૩૯૬ વાર મળીને ૬૬૬ વાર થાય. | | | |

જોકે વર્તમાને આ રીતે અંતગડની સ્વાધ્યાય પ્રાયઃ કોઈ કરતું નથી. એક એક અક્ષરને સંક્ષેપ કર્યા વિના સમગ્ર સૂત્રની સ્વાધ્યાય કરવામાં આવે તો ભક્તિ સૂત્રની ૬૬૬ વાર આવૃત્તિ થવી સંભવ છે.

## ॥ અંતગડ સૂત્ર સંપૂર્ણ ॥

## પરિશિષ્ટ–૧

# મુક્તાત્માઓનું વિવરણ કોષ્ટક :–

| વર્ગ | અધ્યયનો (નામ) | માતા અથવા સાસુ | પિતા અથવા સસરા | પતિ પત્ની | શાસન કાળ |
|---|---|---|---|---|---|
| પ્રથમ ૧૦ | ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત,અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસન્નજિત, વિષ્ણુકુમારાદિ ૧૦ | માતા ધારિણી દેવી | પિતા અંધક વૃષ્ણિરાજા | ૮ રાજ કન્યા | અ |
| બીજો ૮ | આક્ષોભ, સાગર, સમુદ્ર, હિમવાન, અચલ, ધરણ, પૂરણ તથા અભિચંદ્ર આદિ–૮ | ધારિણી (સુભદ્રા) | વૃષ્ણિરાજા | ૮ રાજ કન્યા | રિ ષ્ટ |
| ત્રીજો ૧૩ | અનીકસેન, અનંતસેન, અનીહત, વિદ્વત, દેવયશ તથા શત્રુસેને ૬ | સુલસા (પાલક) દેવકી (સગી) | નાગ ગાથાપતિ વસુદેવ (સગા) | ૩૨ શ્રેષ્ઠિ કન્યા | ને |
| | સારણ કુમાર – ૧ | ધારણી | વસુદેવ | ૫૦ કન્યા | |
| | ગજસુકુમાલ – ૧ | દેવકી | વસુદેવ | સોમા (વાગ્દતા) | મિ |
| | સુમુખ, દુમુખ, કૂપદારક – ૩ | ધારિણી | બળદેવ | ૮ રાજકન્યા | |
| | દારૂક, અનાદષ્ટિકુમાર–૨ | ધારિણી | વસુદેવ | " | |
| ચતુર્થ ૧૦ | જાલિ, મયાલિ, ઉવયાલિ પુરિસષેણ વારિષેણ–૫ | ધારિણી | વસુદેવ | ૫૦ રાજકન્યા | પ્ર |
| | પ્રદ્યુમ્ન કુમાર – ૧ | રૂક્ષ્મણી | કૃષ્ણ મહારાજ | ૫૦ રાજકન્યા | |
| | શાંબકુમાર – ૧ | જામ્બવતી | " | " | |
| | અનિરૂદ્ધકુમાર | વૈદર્ભી | પ્રદ્યુમ્નકુમાર | " | |
| | સચનેમિ તથા દઢનેમિ – ૨ | શિવાદેવી | સમુદ્ર વિજયજી | " | |
| પાંચમો ૧૦ | પદ્માવતી, ગૌરી, ગંધારી, લક્ષ્મણા સુસીમા, જામ્બવતી, સત્યભામા અને રૂક્ષ્મણી – ૮ | સાસુજી દેવકીજી | સસરાજી વસુદેવજી | પતિ કૃષ્ણ મહારાજ | જી |
| | મૂલસિરિ તથા મૂલદત્તા – ૨ | સાસુજી જાંબવતી | સસરાજી કૃષ્ણમહારાજ | પતિ શાંબકુમાર | |

| દીક્ષા પર્યાય | અભ્યાસ | નગરી | તપ વિશેષ | સંથારા દિન | નિર્વાણ ભૂમિ |
|---|---|---|---|---|---|
| ૧૨ વર્ષ | ૧૧ અંગ | દ્વારિકા | ૧૨ ભિક્ષુપ્રતિમા<br>ગુણરત્ન સંવત્સર<br>આદિ તપ | ૧ માસ | શે<br>ત્રું<br>જ<br>ય |
| ૧૬ વર્ષ | ૧૧ અંગ | દ્વારિકા | ૧૨ ભિક્ષુ પ્રતિમા<br>ગુણરત્ન સંવત્સર<br>આદિ તપ | ૧ માસ | શેત્રુંજય |
| ૨૦ વર્ષ | ૧૪ વર્ષ | ભદ્દિલપુર (પાલન)<br>મૂળ નગરી દ્વારિકા | ગૌતમ કુમારની જેમ<br>યાવત્ પ્રતિમા તથા<br>છઠના પારણે છઠ | ૧ માસ | શેત્રુંજય |
| " | " | દ્વારિકા | ગૌતમકુમારની જેમ | " | |
| ૧ દિવસ | " | " | બારમી ભિક્ષુ પ્રતિમા | – | મહાકાલ<br>શ્મશાન |
| ૨૦ વર્ષ | ૧૪ પૂર્વ | " | ગૌતમકુમારની જેમ | ૧ માસ | શેત્રુંજય |
| " | " | " | " | " | " |
| ૧૬ વર્ષ | ૧૨ અંગ | " | ગૌતમકુમારની જેમ | ૧ માસ | શેત્રુંજય |
| " | " | " | " | " | " |
| " | " | " | " | " | " |
| " | " | " | " | " | " |
| " | " | " | " | " | " |
| ૨૦ વર્ષ | ૧૧ અંગ | " | ઉપવાસ છઠ, અટ્ઠમ<br>આદિ<br>અનેકવિધ તપ | ૧ માસ | ગ્રામ<br>તથા<br>નગરના<br>ઉદ્યાનો |
| " | " | " | " | " | " |

| | | | | | |
|---|---|---|---|---|---|
| છઠ્ઠો | મકાઈઅને કિંકમ ગાથાપતિ–૨ | – | – | – | પ્ર |
| ૧૬ | મુદ્‌ગરપાણિયક્ષ | | | | |
| | (અર્જુનમાળી)–૧ | – | – | બંધુમતી | ભુ |
| | કાશ્યપ ગાથાપતિ–૧ | – | – | – | |
| | ક્ષેમક તથા ધૃતિધર શેઠ–૨ | – | – | – | |
| | કૈલાસ હરિચંદન શેઠ–૨ | – | – | – | |
| | શ્રી વારતક ગાથાપતિ–૧ | – | – | – | શ્રી |
| | શ્રી સુદર્શન શેઠ–૨ પૂર્ણભદ્ર | – | – | – | |
| | સુમનભદ્ર શેઠ–૧ | – | – | – | મ |
| | સુપ્રતિષ્ઠિત શેઠ – ૧ | | | | |
| | શ્રી મેઘકુમાર ગાથાપતિ – ૧ | – | – | – | હા |
| | અતિમુક્ત રાજકુમાર – ૧ | શ્રીદેવી | વિજય રાજા | – | |
| | અલક્ષ રાજા – ૧ | – | – | – | વી |
| સાતમો | નંદા, નંદવતી, નંદોત્તરા, | – | – | શ્રેણિક | |
| ૧૩ | નંદશ્રેણિકા, | | | મહારાજ | ર |
| | મસતા, સુમસતા, મહામસતા, | – | – | | |
| | મસદેવી | | | " | |
| | ભદ્દા, સુભદ્દા, સુજાતા, | – | – | " | સ્વા |
| | સુમનાયિકા, | | | | |
| | ભૂતદત્તા આદિ મહારાણી–૧૩ | – | – | " | મી |
| આઠમો | કાલી આદિ મહારાણી–૧૦ | – | – | શ્રેણિક | |
| ૧૦ | | | | મહારાજ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬ વર્ષ | ૧૧ અંગ | રાજગૃહી | ૧૨ ભિક્ષુપ્રતિમા<br>ગુણરત્ન સંવત્સરાદિ | ૧ માસ | વિપુલગિરી |
| ૬ માસ | – | રાજગૃહી | છઠના પારણે છઠ | અર્ધ માસ | રાજગૃહી |
| ૧૬ વર્ષ | ૧૧ અંગ | રાજગૃહી | ગૌતમકુમારની જેમ | ૧ માસ | વિપુલગિરી |
| ૧૬ વર્ષ | " | કાકન્દી | " | " | " |
| ૧૨ વર્ષ | " | સાકેત નગર | " | " | " |
| ૧૨ વર્ષ | " | રાજગૃહી | | " | " |
| ૫ વર્ષ | " | વાણિજયગ્રામ | " | " | " |
| અનેક વર્ષ | " | | | | |
| ૨૭ વર્ષ | " | શ્રાવસ્તી | " | " | " |
| અનેક | " | રાજગૃહી | " | " | " |
| " | " | પોલાસપુર | " | " | " |
| " | " | વાણારસી | " | " | " |
| ૨૦<br>વર્ષ | ૧૧<br>અંગ | રાજગૃહી<br>(શ્રેણિક રાજાની હાજરીમાં દીક્ષિત થયા) | ઉપવાસ, છઠ, અટ્ઠમ<br>અનેકવિધ તપશ્ચર્યા | ૧ માસ | ગામ નગર ના ઉદ્યાન |
| જુદી જુદી પાછળના ચાર્ટ પ્રમાણે | ૧૧ અંગ | ચંપાનગરી<br>(શ્રેણિકના મૃત્યુ બાદ દીક્ષિત થયા) | બધા મહારાણીના તપ અલગ–અલગ છે પાછળના ચાર્ટ પ્રમાણે | ૧ માસ | ગામ નગરના ઉદ્યાન |

## પરિશિષ્ટ–૨

# આઠમા વર્ગનો વિશેષ ચાર્ટ :–

| નામ | તપ વિશેષ | તપ દિન એક પરિપાટી★<br>તપ દિન ચાર પરિપાટી | એક પરિપાટી–તપશ્ચર્યા<br>ચાર પરિપાટી–તપશ્ચર્યા | પારણા<br>પારણા | દીક્ષા |
|---|---|---|---|---|---|
| કાલી<br>રાણી | રત્નાવલી | ૧ વર્ષ, ૩ માસ, ૨૨ દિન<br>૫ વર્ષ, ૨ માસ, ૨૮ દિન | ૧ વર્ષ ૨૪ દિન<br>૪ વર્ષ ૩ માસ, ૬ દિન | ૮૮<br>૩૫૨ | ૮<br>વર્ષ |
| સુકાલી<br>રાણી | કનકાવલી | ૧ વર્ષ, ૫ માસ, ૧૨ દિન<br>૫ વર્ષ, ૯ માસ, ૧૮ દિન | ૧ વર્ષ, ૨ માસ, ૧૪ દિન<br>૪ વર્ષ, ૯ માસ, ૨૬ દિન | ૮૮<br>૩૫૨ | ૯<br>વર્ષ |
| મહાકાલી<br>રાણી | લઘુસિંહ નિષ્ક્રિડીત | ૬ માસ, ૭ દિન<br>૨ વર્ષ, ૨૮ દિન | ૫ માસ, ૪ દિન<br>૧ વર્ષ, ૮ માસ, ૧૬ દિન | ૩૩<br>૧૩૨ | ૧૦<br>વર્ષ |
| કૃષ્ણા<br>રાણી | મહાસિંહ નિષ્ક્રિડીત | ૧ વર્ષ, ૬ માસ, ૧૮ દિન<br>૬ વર્ષ, ૨ માસ, ૧૨ દિન | ૧ વર્ષ, ૪ માસ, ૧૬ દિન<br>૫ વર્ષ, ૬ માસ, ૮ દિન | ૬૧<br>૨૪૪ | ૧૧<br>વર્ષ |
| સુકૃષ્ણા<br>રાણી | સપ્ત સપ્તમિકા પ્રતિમા<br>અષ્ટ અષ્ટમિકા પ્રતિમા<br>નવ નવમિકા પ્રતિમા<br>દશ દશમિકા પ્રતિમા<br>કુલ યોગ | ૪૯ દિન<br>૬૪ દિન<br>૮૧ દિન<br>૧૦૦ દિન<br>૨૯૪ દિન | ૧૯૬ દત્તિ<br>૨૮૮ દત્તિ<br>૪૦૫ દત્તિ<br>૫૫૦ દત્તિ<br>૧૪૩૯ દત્તિ | | ૧૨<br>વર્ષ |
| મહાકૃષ્ણા<br>રાણી | લઘુસર્વતોભદ્ર | ૧૦૦ દિન<br>૪૦૦ દિન | ૭૫ દિન<br>૩૦૦ દિન | ૨૫<br>૧૦૦ | ૧૩<br>વર્ષ |
| વીરકૃષ્ણા<br>રાણી | મહાસર્વતોભદ્ર | ૨૪૫ દિન<br>૯૮૦ દિન | ૧૯૬ દિન<br>૭૮૪ દિન | ૪૯<br>૧૯૬ | ૧૪<br>વર્ષ |
| રામકૃષ્ણા<br>રાણી | ભદ્રોત્તર પ્રતિમા | ૬ માસ, ૨૦ દિન<br>૨૬ માસ, ૨૦ દિન | ૧૭૫ દિન<br>૭૦૦ દિન | ૨૫<br>૧૦૦ | ૧૫<br>વર્ષ |
| પિતૃસેન<br>કૃષ્ણા રાણી | મુક્તાવલી | ૧૧ માસ, ૧૫ દિન<br>૩ વર્ષ, ૧૦ માસ | ૨૮૫ દિન<br>૩ વર્ષ, ૨ માસ | ૬૦<br>૨૪૦ | ૧૬<br>વર્ષ |
| મહાસેન<br>કૃષ્ણા રાણી | વર્ધમાન આયંબિલ | ૧૪ વર્ષ,૩ માસ, ૨૦ દિન | ૧૪ વર્ષ, ૧૦ દિન<br>*[પારણા નથી લીધા]* | ૧૦૦<br>ઉપવાસ | ૧૭<br>વર્ષ |

★ 'તપ દિન'માં રત્નાવલી આદિના તપ–પારણાનો સંપૂર્ણ સમય છે અને 'તપશ્ચર્યા'માં કેવળ તપશ્ચર્યા દિન છે.

## પરિશિષ્ટ–૩

શ્રી અંતગડ સૂત્ર ઉપર આઠ દ્વાર ઉતારવામાં આવ્યાં છે.

### (૧) અવસ્થા દ્વાર :–

અહીં અવસ્થા ત્રણ પ્રકારની છે.

| આયુષ્યાનુસાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. બાલ્યાવસ્થા | ૧ | × |
| ૨. કુમારાવસ્થા | ૧ | × |
| ૩. યુવાવસ્થા | ૨૩ | ૨ |
| ૪. પ્રૌઢાવસ્થા | ૧૮ | ૩૧ |
| ૫. વૃદ્ધાવસ્થા | ૧૪ | × |
| કુલ ૯૦ આત્મામાંથી | ૫૭ | ૩૩ |

લિંગ અનુસાર
પુરુષ– ૫૭ + સ્ત્રી – ૩૩ = ૯૦

| વૈવાહિક સ્થિતિ અનુસાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. વિવાહિત | ૫૫ | × |
| ૨. કુમારાવસ્થા | ૨ | × |
| ૩. સૌભાગ્યવંતા | × | ૨૩ |
| ૪. વિધવા | × | ૧૦ |
| મૂલદત્તા, મૂલસિરિના પતિ દિક્ષિત હોવાથી સૌભાગ્યવંતા ગણ્યા છે. | | |
| કુલ–૯૦ | ૫૭ | ૩૩ |

| (૨)નગર દ્વાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. દ્વારિકા | ૩૫ | ૧૦ |
| ૨. રાજગૃહી | ૬ | ૧૩ |
| ૩. ચંપાનગરી | × | ૧૦ |
| ૪. ભદ્દિલપુર ૬(પાલન) | | ૧૦ |
| ૫. કાકંદી | ૨ | × |
| ૬. વાણિજયગ્રામ | ૨ | × |
| ૭. શ્રાવસ્તી | ૨ | × |
| ૮. પોલાસપુર | ૧ | × |
| ૯. વાણારસી | ૧ | × |
| ૧૦ સાકેત | ૨ | ૧ |
| કુલ–૯૦માંથી | ૫૭ | ૩૩ |

| (૩) કુલ દ્વાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. યદુકુળમાં | ૪૧ | ૧૦ |
| ક. અંધક વૃષ્ણિપુત્ર | ૧૮ | × |
| ખ. વસુદેવ પુત્ર | ૧૦ | × |
| ગ. વસુદેવ–નાગપુત્ર | ૬ | × |
| ઘ. કૃષ્ણપુત્ર | ૨ | × |
| ડ. બળદેવપુત્ર | ૩ | × |
| ચ. સમુદ્રવિજયપુત્ર | ૨ | × |
| છ. યદુકુળની મહારાણી | × | ૮ |
| જ. કૃષ્ણ પુત્રવધૂ | × | ૨ |
| ૨. રાજકુળમાં | ૧૬ | ૨૩ |
| ક. શ્રેણિક રાણી | × | ૨૩ |
| વિજયરાજા, શ્રીદેવી | ૧ | × |
| અંગજાત અઈવંતા | | |
| રાજા અલક્ષ | ૧ | × |
| ૩. શ્રેષ્ઠીકુળ ગાથાપતિ | ૧૩ | × |
| ૪. માળીકુળ– અર્જૂનમાળી | ૧ | × |

| (૪)અધ્યયન | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. અષ્ટ પ્રવચન માતા | ૨ | × |
| ૨. ૧૧ અંગ | ૩૩ | ૩૩ |
| ૩. ૧૪ પૂર્વ | ૧૨ | × |
| ૪. દ્વાદશાંગી | ૧૦ | × |
| કુલ ૯૦ માંથી | ૫૭ | ૩૩ |

| (૫) સંથારા દ્વાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. અર્ધમાસ | ૧ અર્જુન | × |
| ૨. એકમાસ | ૫૫ | ૩૩ |
| ૩. સંથારા રહિત | ૧ | × |

| (૬) નિર્વાણભૂમિ દ્વાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. શ્મશાન ભૂમિ | ૧ | × |
| ૨. રાજગૃહમાત્ર | ૧ | × |
| ૩. ઉદ્યાન–ઉપાશ્રયમાં | × | ૩૩ |
| ૪. શેત્રુંજય પર | ૪૦ | × |
| ૫. વિપુલગિરિ | ૧૫ | × |

| (૭) સંયમ દ્વાર | સાધુ | સાધ્વી |
|---|---|---|
| ૧. એક દિવસ | ૧ | × |
| ૨. છ માસ | ૧ | × |
| ૩. પાંચ વર્ષ | ૨ | × |
| ૪. બાર વર્ષ | ૧૩ | × |
| ૫. ૧૬ વર્ષ | ૨૩ | × |
| ૬. ૨૦ વર્ષ | ૧૨ | ૨૩ |
| ૭. ૨૭ વર્ષ | ૨ | × |
| ૮. ક્રમશઃ ૮ થી ૧૭ વર્ષ સુધી | × | ૧૦ |
| ૯. અનેક વર્ષ | ૩ | × |

**(૮) સંકેત દ્વાર :–** અંતગડ સૂત્રના નગર આદિના વર્ણન માટે કયા કયા શાસ્ત્રોનો આધાર લેવામાં આવ્યો છે તે નીચે પ્રમાણે છે.

| વર્ગ કોનું વર્ણન | કયા સૂત્રનો આધાર |
|---|---|
| ૧. નગરી, ઉદ્યાન રાજાદિ | શ્રી ઔપપાતિક સૂત્ર |
| આર્યસુધર્મા, જંબૂ વિ. | શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર |
| રૈવતક, નંદનવન, સુરપ્રિય | શ્રી વૃષ્ણિદશા સૂત્ર |
| મહાબલકુમાર | શ્રી ભગવતી સૂત્ર સૂ. શતક ૧૧, ઉદ્દેશો–૧ |
| અરિષ્ટનેમિ, સમવસરણ | શ્રી જ્ઞાતાધર્મકથા, અ–૫ |
| મેઘકુમાર | શ્રી જ્ઞાતાધર્મકથા, અ–૫ |
| ખંધક સંન્યાસી | શ્રી ભ. સૂત્ર, શતક–૨ ઉદ્દેશો–૧ |
| ૩. ગાથાપતિવર્ણન | શ્રી ઉપાસક દ. અ–૧ |
| દઢ પ્રતિજ્ઞ | શ્રી રાયસેણીય સૂત્ર, |
| પરદેશી રાજાનો આગામી ત્રીજો ભવ એ બે વચ્ચેનો સૂર્યાભ–દેવનો ભવ | |
| ગૌતમ સ્વામી | શ્રી ભ. સૂત્ર, શતક–૨ ઉદ્દેશો–૫ |
| દેવાનંદા | શ્રી ભ. સૂત્ર, શતક–૯ ઉદ્દેશો–૩૩ |
| અભયકુમાર | શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર, અધ્યયન–૧ |
| બ્રાહ્મણ | શ્રી ભ. સૂત્ર, શતક–૨, ઉ–૧. |
| ૬. ગંગદત્ત | શ્રી ભ. સૂ., શતક–૧૬ ઉદ્દેશો–૫ |
| શ્રમણોપાસક | શ્રી ભ. સૂ. શ. ૨, ઉદ્દે. ૫, |
| અભિષેક | શ્રી ભ. સૂ. શ.૧૧, ઉદ્દે.૯ |
| કોણિક | શ્રી ઔપપાતિક |
| ઉદાયન | શ્રી ભ. સૂ. શ. ૧૩, ઉદ્દે.૬ |
| ૮. તપશ્ચર્યાથી શરીરની સ્થિતિ. | શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર વર્ગ–૩ |

## પરિશિષ્ટ–૪ વિષયાનુક્રમ

**આગમમાં વર્ણિત વિશેષ નામ :**


(૧) તીર્થંકર વિશેષ
(૨) આગમમાં વર્ણિત 'જહા' શબ્દથી ગૃહિત વ્યક્તિ વિશેષ.
(૩) આગમ વિશેષ
(૪) વ્યક્તિ વિશેષ–મુનિ આદિ.
(૫) દેવ વિશેષ.
(૬) ક્ષત્રિય વર્ણના વ્યક્તિ વિશેષ.
(૭) વૈશ્યવર્ણના વ્યક્તિ–ગાથાપતિ આદિ.
(૮) બ્રાહ્મણવર્ણના વ્યક્તિવિશેષ.
(૯) ક્ષુદ્રવર્ણના વ્યક્તિ વિશેષ.
(૧૦) મંડળી વિશેષ.
(૧૧) પશુ વિશેષ.
(૧૨) તપ વિશેષ.
(૧૩) સ્વપ્ન વિશેષ.
(૧૪) નગરી વિશેષ.
(૧૫) દ્વીપ વિશેષ.
(૧૬) યક્ષાયતન.
(૧૭) ઉદ્યાન.
(૧૮) પર્વત.
(૧૯) વૃક્ષ વિશેષ.
(૨૦) પુષ્પલતાદિ
(૨૧) ધાતુ વિશેષ
(૨૨) ભવન વિશેષ
(૨૩) બંધન વિશેષ
(૨૪) વસ્તુ વિશેષ
(૨૫) યાન વિશેષ
(૨૬) અલંકાર વિશેષ
(૨૭) પકવાન વિશેષ
(૨૮) ગ્રહ વિશેષ
(૨૯) ક્ષેત્ર વિશેષ


### આગમમાં વર્ણિત વિશેષ નામ :

**૧. તીર્થંકર વિશેષ :–**

(૧) અમમ તીર્થંકર(આગામી)
(૨) અરિષ્ટનેમિ તીર્થંકર વર્ગ ૧ થી ૫
(૩) મહાવીર સ્વામી વર્ગ ૬ થી ૮

**૨. 'જહા' શબ્દની ગ્રહિત વ્યક્તિ વિશેષ :–**

(૧) અભયકુમાર
(૨) ઉદાયન
(૩) ગંગદત્ત
(૪) ગૌતમસ્વામી
(૫) દેવાનંદા બ્રાહ્મણી
(૬) મહાબલકુમાર
(૭) મેઘકુમાર
(૮) સ્કંદકમુનિ

**૩. આગમ વિશેષ :–**

(૧) ઉવાસગદસા(ઉપાસક દશાંગ)
(૨) પણ્ણત્તિ(ભગવતી સૂત્ર)

**૪. પ્રયુક્ત વ્યક્તિ વિશેષ–મુનિ આદિ :–**

(૧) અતિમુક્તકુમારશ્રમણ(કંસના ભાઈ)
(૨) ગૌતમસ્વામી
(૩) ચંદના
(૪) યક્ષિણી આર્યા

**૫. દેવ વિશેષ :–**

(૧) મુદ્ગરપાણિ યક્ષ
(૨) વૈશ્રમણ કુબેર
(૩) હરિણૈગમેષી

**૬. ક્ષત્રિયવર્ગના વ્યક્તિ વિશેષ :– રાજા**

(૧) અંધકવૃષ્ણિ
(૨) અલક્ષ
(૩) કૃષ્ણ વાસુદેવ
(૪) કોણિક રાજા

(૫) જિતશત્રુરાજા
(૬) વિજયરાજા
(૭) વસુદેવરાજા
(૮) બળદેવરાજા
(૯) સમુદ્રવિજયરાજા
(૧૦) શ્રેણિક રાજા

**રાણીઓ :–**

(૧) અંધકવૃષ્ણિ પત્ની ધારિણી
(૨) કાલી રાણી
(૩) કૃષ્ણા રાણી
(૪) ગાંધારી
(૫) ગૌરી દેવી
(૬) ચેલણા
(૭) જાંબવતી
(૮) દેવકી
(૯) ધારિણીદેવી
(૧૦) નંદશ્રેણિકા
(૧૧) નંદા
(૧૨) નંદાવતી
(૧૩) નંદોત્તરા
(૧૪) પદ્માવતી
(૧૫) પિતૃસેનકૃષ્ણા
(૧૬) બળદેવ પત્ની ધારિણી
(૧૭) ભદ્રા
(૧૮) મરુદેવી
(૧૯) મરુતા
(૨૦) મહાકાલી
(૨૧) મહાકૃષ્ણા
(૨૨) મહામરૂતા
(૨૩) મહાસેન કૃષ્ણા
(૨૪) મૂલદત્તા
(૨૫) મૂલશ્રી
(૨૬) રામકૃષ્ણા
(૨૭) રૂક્ષ્મણી
(૨૮) લક્ષ્મણા
(૨૯) વસુદેવ પત્ની ધારિણી
(૩૦) વીરકૃષ્ણા
(૩૧) વૈદર્ભી
(૩૨) સત્યભામા
(૩૩) સુકાલી
(૩૪) સુકૃષ્ણા
(૩૫) સુજાતા
(૩૬) સુભદ્રા
(૩૭) સુમનાયિકા
(૩૮) સુમરૂતા
(૩૯) સુસીમા
(૪૦) શ્રીદેવી

**રાજકુમારો :–**

(૧) અચલકુમાર
(૨) અતિમુક્તકુમાર(અઈવંતા)
(૩) અનંતસેનકુમાર
(૪) અનાદષ્ટિકુમાર
(૫) અનિયસ(અનિકસેન)કુમાર
(૬) અનિરૂદ્ધકુમાર
(૭) અનીહતકુમાર
(૮) અભિચંદ્રકુમાર
(૯) અક્ષોભકુમાર
(૧૦) ઉવયાલિકુમાર
(૧૧) કાંપિલ્યકુમાર
(૧૨) કૂપદારકુમાર
(૧૩) ગજસુકુમાલકુમાર
(૧૪) ગંભીરકુમાર
(૧૫) ગૌતમકુમાર
(૧૬) જાલિકુમાર
(૧૭) દઢનેમિકુમાર
(૧૮) દારૂકકુમાર

(૧૯) દુર્મુખકુમાર
(૨૦) દેવયશકુમાર
(૨૧) ધરણકુમાર
(૨૨) પ્રદ્યુમનકુમાર
(૨૩) પ્રસેનજિતકુમાર
(૨૪) પૂરણકુમાર
(૨૫) પુરિસષેણકુમાર
(૨૬) મયાલિકુમાર
(૨૭) વારિષેણકુમાર
(૨૮) વિદ્ધતકુમાર
(૨૯) વિષ્ણુકુમાર
(૩૦) સત્યનેમિકુમાર
(૩૧) સમુદ્રકુમાર
(૩૨) સાગરકુમાર
(૩૩) સારણકુમાર
(૩૪) સ્તિમિતકુમાર
(૩૫) સુમુખકુમાર
(૩૬) શત્રુસેનકુમાર
(૩૭) શાંબકુમાર
(૩૮) હિમવાનકુમાર

૭. વૈશ્યવર્ણના વ્યક્તિ–ગાથાપતિ આદિ :–

(૧) કાશ્યપગાથાપતિ
(૨) કિંકમગાથાપતિ
(૩) કૈલાસજીગાથાપતિ
(૪) દ્વિપાયનઋષિ
(૫) ધૃતિધરજી
(૬) નાગગાથાપતિ
(૭) પૂર્ણભદ્રજી
(૮) મકાઈ ગાથાપતિ
(૯) શ્રી મેઘકુમારગાથાપતિ
(૧૦) વારત્તગાથાપતિ
(૧૧) સુદર્શનશેઠ(અર્જુનમાળી)
(૧૨) સુદર્શનશેઠ(સ્વતંત્ર)
(૧૩) સુપ્રતિષ્ઠિતજી
(૧૪) સુમનભદ્રજી
(૧૫) સુલસા(નાગગાથાપત્ની)
(૧૬) હરિચંદજી
(૧૭) ક્ષેમકગાથાપતિ

**૮. બ્રાહ્મણવર્ગના વ્યક્તિ વિશેષ :–**

(૧) સોમશ્રી
(૨) સોમા
(૩) સોમિલ બ્રાહ્મણ

**૯. ક્ષુદ્રવર્ણના વ્યક્તિ વિશેષ :–**

(૧) અર્જુનમાળી
(૨) બંધુમતી(અર્જુનપત્ની)

**૧૦. મંડળી વિશેષ :–**

(૧) લલિતમંડળી(ટોળકી)

**૧૧. પશુ વિશેષ :–**

(૧) હસ્તિરત્નવિશેષ

**૧૨. તપ વિશેષ :–**

(૧) અષ્ટ અષ્ટમિકા
(૨) આયંબિલ વર્ધમાન તપ
(૩) એકરાત્રિની મહાપ્રતિમા
(૪) કનકાવલી તપ
(૫) ગુણરત્ન સંવત્સર તપ
(૬) દશદશમિકા તપ
(૭) નવ નવમિકા ત
(૮) બાર ભિક્ષુપ્રતિમા
(૯) ભદ્રોત્તર પ્રતિમા
(૧૦) મહાસર્વતોભદ્ર
(૧૧) મહાસિંહ નિષ્ક્રીડિત
(૧૨) મુક્તાવલી
(૧૩) રત્નાવલી
(૧૪) લઘુ સર્વતોભદ્ર
(૧૫) લઘુસિંહ નિષ્ક્રીડીત
(૧૬) સપ્ત સપ્તમિકા ભિક્ષુપ્રતિમા

**૧૩. સ્વપ્ન વિશેષ :–**
(૧) કુંભ(કળશ)
(૨) ચંદ્ર
(૩) ધ્વજા
(૪) નિર્ધૂમ અગ્નિ
(૫) પદ્મસરોવર
(૬) પુષ્પમાળા
(૭) ભવન
(૮) રત્નરાશિ
(૯) લક્ષ્મી
(૧૦) વિમાન
(૧૧) વૃષભ
(૧૨) સમુદ્ર
(૧૩) સિંહ
(૧૪) સૂર્ય
(૧૫) હસ્તિ

**૧૪. નગરી વિશેષ :–**
(૧) અલ્કાપુરી (કુબેરનગરી)
(૨) કાકંદીનગરી
(૩) ચંપાનગરી
(૪) દ્વારિકાનગરી
(૫) પાંડુમથુરા(પાંડવોની રાજધાની)
(૬) પોલાસપુર
(૭) ભદ્દિલપુર
(૮) રાજગૃહીનગરી
(૯) વાણિજ્યનગરી
(૧૦) વાણારસી(વારાણસી)
(૧૧) સાકેત(અયોધ્યા)
(૧૨) શતદ્વારનગરી
(૧૩) શ્રાવસ્તીનગરી

**૧૫. દ્વીપ નગરી :–**
(૧) જંબૂદ્વીપ

**૧૬. યક્ષાયપન :–**
(૧) પૂર્ણભદ્ર
(૨) સુરપ્રિય

**૧૭. ઉદ્યાન :–**
(૧) કામમહાવન
(૨) ગુણશીલ
(૩) દ્યુતિપલાશ
(૪) નંદનવન
(૫) સહસ્રામ્રવન
(૬) શ્રીવન

**૧૮. પર્વત :–**
(૧) રૈવતક
(૨) વિપુલાચલ
(૩) શત્રુંજય
(૪) હિમવાન

**૧૯. વૃક્ષ વિશેષ :–**
(૧) અશોકવૃક્ષ
(૨) કોરંટ વૃક્ષ
(૩) કોશામ્રવૃક્ષ
(૪) ન્યગ્રોધવૃક્ષ(વટવૃક્ષ)

**૨૦. પુષ્પલતાદિ :–**
(૧) કદમ્બ પુષ્પ
(૨) કિંશુક(પલાશ) પુષ્પ
(૩) કોરંટ પુષ્પ
(૪) ચંપકલતા
(૫) જાસૂના પુષ્પ
(૬) પારિજાત પુષ્પ
(૭) રક્તબંધુ જીવક(વીરવહૂટી)

**૨૧. ધાતુ વિશેષ :–**
(૧) સુવર્ણ

**૨૨. ભવનવિશેષ :–**
(૧) ઈન્દ્રસ્થાન(બાળકોના રમત ગમતનું સ્થાન)
(૨) અંતઃપુર(કન્યા મહેલા)
(૩) ઉપસ્થાનશાળા

(૪) પૌષધશાળા
(૫) વાસગૃહ

**૨૩. બંધન વિશેષ :–**

(૧) અવકોટક બંધન
(૨) કુંચકબંધન

**૨૪. વસ્તુ વિશેષ :–**

(૧) અનેકવિધ ટોપલીઓ
(૨) કોરંટપુષ્પનું છત્ર
(૩) સુવર્ણનો દડો(બંદૂક)
(૪) શ્વેત ચામર
(૫) લોહમુદ્ગર(૧૦૦૦ ભારનું)

**૨૫. યાન વિશેષ :–**

(૧) વૃષભરથ
(૨) હસ્તીસ્કંધ

**૨૬. અલંકાર વિશેષ :–**

(૧) વલયબાહુ(કંકણ)

**૨૭. પકવાન વિશેષ :–**

(૧) સિંહકેસર મોદક

**૨૮. ગ્રહ વિશેષ :–**

(૧) સૂર્ય

**૨૯. ક્ષેત્ર વિશેષ :–**

(૧) ભરત ક્ષેત્ર

## પરિશિષ્ટ–૫ વિષયાનુક્રમ

**વ્યક્તિ અને ભોગૌલિક પરિચય :–**

**૧. વિશિષ્ટ વ્યક્તિ પરિચય**

(૧) અભયકુમાર
(૨) ઈન્દ્રભૂતિ ગૌતમગણધર
(૩) કોણિક
(૪) ચેલણા
(૫) જંબૂસ્વામી
(૬) જમાલી
(૭) જિતશત્રુરાજા
(૮) દ્વિ–દ્વૈપાયમાનઋષિ
(૯) મહાબલકુમાર
(૧૦) મેઘકુમાર
(૧૧) હરિણૈગમેષીદેવ
(૧૨) સ્કંધક મુનિ
(૧૩) સુધર્માસ્વામી
(૧૪) શ્રેણિક રાજા

**૨. ભૌગોલિક પરિચય**

(૧) કાકંદી
(૨) ગુણશીલ
(૩) ચંપા
(૪) જંબૂદ્વીપ
(૫) દ્વારિકા(દ્વારવતી)
(૬) દ્યુતિપલાશ ચૈત્ય
(૭) ભદ્દિલપુર
(૮) ભરતક્ષેત્ર
(૯) રાજગૃહ
(૧૦) રૈવતક
(૧૧) વિપુલગિરિ પર્વત
(૧૨) સહસ્રારમ્રવન ઉદ્યાન
(૧૩) સાકેત
(૧૪) શ્રાવસ્તી

# વ્યક્તિ અને ભૌગોલિક પરિચય

## વિશિષ્ટ વ્યક્તિ પરિચય :–

આ ગ્રંથાગમમાં તીર્થંકરો, ગણધરો, રાજાઓ, રાજકુમાર એવં રાણીઓ આદિનો ઉલ્લેખ છે. આગમ અને ઐતિહાસિક દષ્ટિથી તેનો વિશેષ પરિચય અહીં આપવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે–

ભગવાન અરિષ્ટનેમિ તથા પ્રભુ મહાવીર સ્વામી જેઓ સિદ્ધગતિને પામેલા નેવું આત્માઓના પ્રાણાધાર છે, તેમનું જીવન પ્રસિદ્ધ હોવાથી વિશેષ પરિચય અહીં નથી આપ્યો.

**(૧) અભયકુમાર :– "जहा अभओ"** આ સંકેત દ્વારા જ્ઞાતાસૂત્રમાં મેઘકુમારના અધિકારમાં ચાર બુદ્ધિના ધણી અભયકુમારે પોતાની લઘુમાતા ધારિણીનો દોહદ પૂર્ણ કરવા પોતાના પૂર્વભવના મિત્રદેવ સૌધર્મકલ્પવાસી દેવની પૌષધયુક્ત અઠ્ઠમતપની આરાધનાથી હરિણૈગમેષી દેવનું ધ્યાન કર્યું અને તેમને પ્રસન્ન કર્યા હતા. તે દેવ દ્વારા અકાલે મેઘનો દોહદ પૂર્ણ કરાવી લઘુમાતાને ખુશ કર્યા હતા. તેવી જ રીતે કૃષ્ણ મહારાજે માતા દેવકીનો મનોરથ પૂર્ણ કરવા હરિણૈગમેષી દેવનું ધ્યાન ધર્યું અને માતાની ઈચ્છા પૂર્ણ કરી તેને ખુશ કર્યા હતા.

**(૨) ઈન્દ્રભૂતિ ગૌતમ ગણધર :–** ઈન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરના પ્રધાન શિષ્ય હતા. મગધની રાજધાની રાજગૃહની પાસે ગોબરગામ તેમની જન્મભૂમિ હતી. **मगहा गुब्बरगामे जाया तिन्नेव गोयमस्स गुत्ता** – (આવશ્યકનિર્યુક્તિ ગા. ૬૪૩) જે આજે નાલંદાનો જ એક ભાગ મનાય છે. તેઓશ્રીના પિતાનું નામ વસુભૂતિ તથા માતાનું નામ પૃથ્વી હતું. તેમનું ગોત્ર ગૌતમ હતું. **आद्यानां त्रयाणां, गणभृतां पिता वसुभूतिः । आद्यानां त्रयाणां गणभृतां माता पृथिवि ॥** (આવશ્યક મલય. ૩૩૮)

ગૌતમનો વ્યુત્પત્તિજન્ય અર્થ કરતા જૈનાચાર્યોએ લખ્યું છે કે બુદ્ધિ દ્વારા જેનો અંધકાર નષ્ટ થઈ ગયો છે તે ગૌતમ છે. **गोभिस्तमो ध्वस्तं यस्य स गौतमः** – (અભિધાન રાજેન્દ્ર કોષ ભા. ૩.) આમ તો ગૌતમ શબ્દ કુલ અને વંશનો વાચક છે. સ્થાનાંગ સૂત્રમાં સાત પ્રકારના ગૌતમ બતાવવામાં આવ્યા છે– ગૌતમ, ગાર્ગ્ય, ભારદ્વાજ, આંગિરસ, શર્કરાભ, ભાસ્કરાભ, ઉદકાત્માભ. વૈદિક સાહિત્યમાં ગૌતમ શબ્દ કુળથી પણ સંબંધિત છે અને ઋષિઓથી પણ.– (સ્થાનાંગ સૂત્ર ૭/૫૫૧)

ગૌતમ નામથી અનેક ઋષિ, ધર્મસૂત્રકાર, ન્યાયશાસ્ત્રકાર, ધર્મશાસ્ત્રકાર પ્રભૃતિ વ્યક્તિ થઈ ગયા. અરુણ ઉદ્દાલક, અરુણી આદિ ઋષિઓનું પણ પૈતૃકનામ ગૌતમ હતું. ઈન્દ્રભૂતિ ગૌતમનું ગોત્ર ક્યું હતું અને તેઓ કયા ઋષિવંશથી સંબંધિત હતા તે કહેવું કઠિન છે પરંતુ એટલુ નિર્વિવાદ સત્ય છે કે ગૌતમ ગોત્રના મહાન ગૌરવને અનુરૂપ જ તેમનું વ્યક્તિત્વ વિરાટ અને પ્રભાવશાળી હતું. આગમો તથા આગમેતર સાહિત્યમાં ગૌતમનું ઘણું વર્ણન મળે છે.

એકવાર પાવાપુરીમાં આર્ય સોમિલ બ્રાહ્મણનું નિમંત્રણ મળતાં યજ્ઞોત્સવ માટે ઈન્દ્રભૂતિ ગૌતમ

ત્યાં આવે છે. તે જ સમયે ભગવાન મહાવીર પણ પાવાપુરી બહાર મહાસેન ઉદ્યાનમાં પધાર્યા હતા. ભગવાનનો મહિમા, દેવાતિશય જોઈ તેમનો પરાજય કરવા અહંકારથી ગૌતમ સમવસરણમાં આવ્યા પરંતુ સ્વયં જ પ્રભાવિત થઈ, ૫૦૦ શિષ્યો સાથે પ્રભુના શિષ્ય બની ગયા. પ્રભુની દેશનામાં ગણધર પદવી પામ્યા.

૫૦ વર્ષની ઉંમરે તેઓ દીક્ષિત થયા. ૩૦ વર્ષ છદ્મસ્થ સાધુ પર્યાયમાં અને બાર વર્ષ કેવળી પર્યાયમાં રહ્યા. પોતાના નિર્વાણ સમયે પોતાનો ગણ આર્ય સુધર્મા સ્વામીને સોંપી, ગુણશીલ ઉદ્યાનમાં માસિક અણસણ કરી પ્રભુ મહાવીરના નિર્વાણ બાદ બાર વર્ષ પછી ૯૨ વર્ષની ઉંમરે નિર્વાણપદને પામ્યા.

શાસ્ત્રોમાં ગૌતમ સ્વામીનો પરિચય આ પ્રમાણ મળે છે– ભગવાનના જયેષ્ઠ શિષ્ય હતા. સાત હાથ ઊંચા, ઉત્કૃષ્ટ સંહનન સંસ્થાનના ધણી, સુવર્ણસમા ગૌરવર્ણી, ઉગ્રતપસ્વી, દીપ્તતપસ્વી, મહાતપસ્વી, ઘોરતપસ્વી, ઘોરબ્રહ્મચારી, સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યાના ધણી, અનાસક્ત, ચૌદપૂર્વી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ આદિ ચાર જ્ઞાનના ધારક, સર્વાક્ષર સન્નિપાતી હતા. પ્રભુ મહાવીર સમીપે હંમેશાં ઉત્કટ(ઉકડું) આસને અને નતમસ્તકે બેસનારા હતા. સંયમી અને તપસ્વી આત્મા હતા.

**(૩) કોણિક :–** રાજા શ્રેણિકની રાણી ચેલ્લણાના પુત્ર, અંગદેશની રાજધાની ચંપાનગરીના અધિપતિ, ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા. કોણિક શૌર્યવંતા રાજવી હતા. ભગવતી, ઔપપાતિક અને નિરયાવલિકામાં કોણિકનું વિસ્તૃત વર્ણન છે. રાજ્ય લોભને કારણે પિતા શ્રેણિકને જેલમાં નાંખ્યા હતા. (જો કે પૂર્વ ભવનું વેર હતું) શ્રેણિકના મૃત્યુ પછી પોતાના આ દુષ્કૃત્યને ભૂલી શક્યા નહી અને રાજગૃહીમાંથી તેણે પોતાની રાજધાની ચંપામાં સ્થાપી.

સચેનક હસ્તિનક તથા પૈતૃક સંપત્તિ દિવ્ય હાર પોતાના નાના બે ભાઈ હલ્લ, વિહલ્લ પાસેથી છીનવી લેવા નાના ચેટકરાજા સાથે ભયંકર યુદ્ધ કર્યું હતું. કરોડો વ્યક્તિઓનો સંહાર થયો હતો. કોણિક ચેટકયુક્ત જૈન ઈતિહાસમાં પ્રસિદ્ધ છે.

**(૪) ચેલ્લણા :–** રાજા શ્રેણિકના પ્રિય રાણી તથા વૈશાલીના અધિપતિ ચેટકરાજાના પુત્રી હતાં. ચેટકરાજા જૈનધર્મી શ્રમણોપાસક હતા. ચેલ્લણા સુંદરી, ગુણવતી, બુદ્ધિમતિ, ધર્મપ્રાણ નારી હતાં. શ્રેણિકરાજાને ધર્માનુરક્ત, જૈનધર્મી બનાવવામાં ચેલ્લણાનો બહુ મોટો સહયોગ હતો. ચેલ્લણાનો રાજા શ્રેણિક પ્રતિ કેટલો પ્રગાઢ અનુરાગ હતો તેનું પ્રમાણ "નિરયાવલિકા"માં મળે છે. કોણિક, હલ્લ અને વિહલ્લ આ ત્રણે ય ચેલ્લણાના પુત્રો હતા.

**(૫) જંબૂસ્વામી :–** જંબૂસ્વામી સુધર્મા ગણધરના અત્યંત જિજ્ઞાસુ અંતેવાસી શિષ્ય હતા. રાજગૃહ નગરના સમૃદ્ધ, વૈભવશાળી ઈભ્ય શ્રેષ્ઠીપુત્ર હતા. પિતાનું નામ ઋષભદત્ત તથા માતાનું નામ ધારિણી હતું. જંબૂકુમારના જન્મ પૂર્વે માતાએ સ્વપ્નમાં જંબૂવૃક્ષ જોયું હતું. તે કારણે પુત્રનું નામ જંબૂકુમાર રાખ્યું હતું. માતા પિતાના અત્યંત આગ્રહના કારણે લગ્નની અનુમતિ આપી. માતા પિતાએ આઠ ઈભ્યવર શ્રેષ્ઠી કન્યાઓ સાથે જંબૂકુમારનો વિવાહ કર્યો. લગ્નની પ્રથમ રાત્રિએ જ આઠ નવવિવાહિતા પત્નીઓને

પ્રતિબોધ આપી રહ્યા હતા. તે સમયે વિદ્યાસંપન્ન પ્રભવ ચોર ચોરી કરવા આવ્યો. જંબૂકુમારની વૈરાગ્યપૂર્ણ વાણી સાંભળીને તે પણ પ્રતિબુદ્ધ થઈ ગયો.

પ્રભવાદિ ૫૦૧ ચોર, ૮(આઠ) પત્નીઓ, ૧૬(સોળ) તેના[પત્નીના] માતાપિતા, સ્વયંના માતા પિતા અને સ્વયં જંબૂકુમાર આ પ્રમાણે ૫૨૮ વ્યક્તિઓએ એક સાથે સુધર્મા સ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી. જંબૂસ્વામી ૧૬ વર્ષ ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. ૨૦ વર્ષ છદ્મસ્થ પર્યાયમાં રહ્યા. ૪૪ વર્ષ કેવળી પર્યાયમાં રહ્યા. ૮૦(એંસી) વર્ષનું સર્વાયુષ્ય ભોગવીને પોતાની પાટ આર્ય પ્રભવ સ્વામીને સોંપી, સિદ્ધ, બુદ્ધ, મુક્ત થયા.

**(૬) જમાલી :–** વૈશાલીના ક્ષત્રિય કુંડનો એક રાજકુમાર હતો. પ્રભુ મહાવીર સ્વામીના જમાઈ અને ભાણેજ થતા હતા. એકવાર પ્રભુની વાણી સાંભળી વૈરાગ્ય થયો. માતાપિતાના મનાવવા પર ન માન્યા. આઠ પત્નીઓ છોડી પાંચસો(૫૦૦) ક્ષત્રિયકુમારો સાથે ભગવાન પાસે દીક્ષા ગ્રહણ કરી. સુંદર ચારિત્ર પર્યાયનું પાલન કરતાં હતા, પરંતુ એક દિવસ ગાઢા મિથ્યાત્વનો ઉદય થવા પર, પ્રભુના **''कडमाणे कडे''** ના સિદ્ધાંતથી વિરુદ્ધ પ્રરૂપણા કરવા લાગ્યા. પ્રભુના શાસનમાં સાત નિન્હવ થયા. જમાલી તેમાંના એક થયા.. અંત સુધી વિરુદ્ધ પ્રરૂપણા કરતા નિન્હવના ભાવમાં જ વિચર્યા. કાલ કરી કિલ્વિષી દેવ થયા.

**(૭) જિતશત્રુરાજા :–** શત્રુને જીતનારા રાજા. જે રીતે બૌદ્ધ જાતકોમાં બ્રહ્મદત્તનું નામ આવે છે એવી રીતે જૈન ગ્રંથોમાં પ્રાયઃ જિતશત્રુ રાજાનું નામ આવે છે. જિતશત્રુની સાથે પ્રાયઃ ધારિણીનું નામ પણ આવે છે. કોઈપણ કથાના પ્રારંભમાં કોઈને કોઈ રાજાનું નામ કહેવાની કથાકારોની પુરાતન પદ્ધતિ છે. કોઈપણ રાજા કે રાણીનું નામ અજ્ઞાત હોય તો જિતશત્રુ અને ધારિણી નામ આપવામાં આવે છે. તેથી જિતશત્રુ તથા ધારિણી નામ રૂઢ નામ છે. (ઓઘપાઠની જેમ) નીચેના નગરોના રાજા જિતશત્રુ બતાવવમાં આવ્યા છે.

| | **નગર** | **રાજા** |
|---|---|---|
| ૧. | વાણિજ્યગ્રામ | જિતશત્રુ |
| ૨. | ચંપાનગરી | જિતશત્રુ |
| ૩. | ઉજ્જયની | જિતશત્રુ |
| ૪. | સર્વતોભદ્રનગર | જિતશત્રુ |
| ૫. | મિથિલાનગરી | જિતશત્રુ |
| ૬. | પંચાલદેશ | જિતશત્રુ |
| ૭. | આમલકલ્પાનગરી | જિતશત્રુ |
| ૮. | સાવત્થીનગરી | જિતશત્રુ |
| ૯. | આલંભિયાનગરી | જિતશત્રુ |
| ૧૦. | વાણારસીનગરી | જિતશત્રુ |
| ૧૧. | પોલાસપુર | જિતશત્રુ |

**(૮) દ્વૈપાયનઋષિ :–** દ્વૈપાયન ઋષિ અભવ્ય જીવ હતા. જ્યારે તેણે પોતાના દ્વારા દ્વારકાનો વિનાશ થશે એવું– ભગવદ્દ્વચન સાંભળ્યું તો તે નિમિત્તથી બચવા નગરી બહાર આશ્રમમાં રહેવા લાગ્યા. ભગવાન પાસેથી નગરી નાશના ત્રણ કારણ જાણીને કૃષ્ણ મહારાજે બધી સુરા(મદિરા) ગામ બહાર ફેંકાવી દીધી. એક દિવસ કેટલાક કુમારો નગરી બહાર રમવા ગયા. તરસ લાગવાથી પાણી ગોતતા આશ્રમ પાસે આવ્યા અને ખાડામાં સુરા પડી હતી તે પી લીધી. શરાબના(દારૂના) નશામાં ચકચૂર યાદવ કુમારોએ યજ્ઞ કરતા દ્વૈપાયન ઋષિને જોયા. તેઓએ મરેલા એક સાપને ઉંચકી ઋષિ ઉપર ફેંક્યો તથા તેમને ખૂબ હેરાન પરેશાન કર્યા. ત્યારે ક્રોધિત થઈ દ્વૈપાયન ઋષિએ દ્વારકાના વિનાશનું નિદાન કરી દીધું.

શ્રીકૃષ્ણ અને બળદેવના અનુનય–વિનયથી તે બંનેને ન બાળવાનું ઋષિએ વચન આપ્યું. શ્રીકૃષ્ણે ભગવાનને પૂછી દ્વારકા બચાવવા માટે ઘેર–ઘેર આયંબિલ તપ કરાવવાનો આરંભ કરાવ્યો.

અહીં દ્વૈપાયન ઋષિ અકામ નિર્જરા કરવાના કારણે મરીને અગ્નિકુમાર દેવ થયા. તેણે જ્ઞાનમાં ઉપયોગ લગાવીને પોતાના પૂર્વભવને જોયો તો તેઓ એકદમ ક્રોધિત થઈ ગયા પરંતુ તપના પ્રભાવથી બાર વર્ષ સુધી દ્વારિકાને જલાવી ન શક્યા.

દ્વારકામાં બાર વર્ષ પછી તપનું આંતરું પડ્યું. એક દિવસ સંપૂર્ણ નગરીમાં કોઈએ આયંબિલ તપ કર્યું ન હતું ત્યારે તક જોઈ અગ્નિકુમાર દેવે સંવર્તક વાયરો શરું કરી દીધો જેના કારણે આજુબાજુના ઘાસ–કાષ્ઠાદિ ખેંચાઈ ખેંચાઈને દ્વારકામાં આવવા લાગ્યા અને દેવે અગ્નિ લગાડી. ઘાસ–કાષ્ઠાદિના કારણે દ્વારકા જલ્દીથી બળવા લાગી. આ આગ છ મહિના સુધી ચાલી. બાજુમાં જ રહેલા સમુદ્રની અપાર–અથાગ જલરાશિ પણ આગ શાંત કરવામાં કામ ન આવી.

**(૯) મહાબલકુમાર :–** (શ્રી ભગવતી સૂત્ર–શતક–૧૧, ઉદ્દેશો ૧૧)

બળરાજાના પુત્ર મહાબલકુમાર પૂર્વભવમાં સુદર્શન શેઠ હતા. હસ્તિનાપુર નામનું નગર હતું. બલરાજાના રાણી પ્રભાવતીએ એકવાર રાત્રે અર્ધનિદ્રામાં એક સિંહ આકાશથી ઉતરીને મુખમાં પ્રવેશી રહ્યો છે એવું સ્વપ્ન જોયું. જોઈને જાગ્યાં. બલરાજા પાસે જઈ સ્વપ્ન કહી સંભળાવ્યું. રાજાએ મધુર સ્વરમાં કહ્યું– સ્વપ્ન બહુ સારું છે. તેજસ્વી પુત્રની માતા બનશો.

પ્રાતઃકાલે રાજસભામાં રાજાએ સ્વપ્ન પાઠકોને સ્વપ્નફળ પૂછ્યું. સ્વપ્ન પાઠકોએ કહ્યું– રાજના સ્વપ્ન શાસ્ત્રમાં ૪૨ સામાન્ય અને ૩૦ મહાસ્વપ્ન છે. આ પ્રમાણે કુલ ૭૨ સ્વપ્ન કહ્યા છે.

તીર્થંકરની માતા અને ચક્રવર્તીની માતા ૩૦ મહાસ્વપ્નોમાંથી આ ચૌદ સ્વપ્નોને જુએ છે–

(૧) ગજ (૨) વૃષભ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) પુષ્પમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કુંભ (૧૦) પદ્મસરોવર (૧૧) ક્ષીર સમુદ્ર (૧૨) વિમાન (૧૩) રત્નરાશિ (૧૪) નિર્ધૂમ અગ્નિ.

રાજન્ ! પ્રભાવતી દેવીએ આ મહાસ્વપ્ન જોયું. તેથી તેનું ફળ અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ અને રાજ્યલાભ થશે.

કાલાંતરે પુત્ર જન્મ થયો. જેનું નામ મહાબલકુમાર રાખ્યું. કલાચાર્ય પાસે ૭૨ કળાઓનો અભ્યાસ કરીને મહાબલકુમાર કુશળ થઈ ગયા.

આઠ રાજકન્યા સાથે વિવાહ થયો. એકદા તીર્થંકર વિમલનાથના પ્રશિષ્ય ધર્મઘોષ મુનિ હસ્તિનાપુર પધાર્યા. ઉપદેશ સાંભળી મહાબલને વૈરાગ્ય જાગ્યો. ધર્મદોષ મુનિ પાસે દીક્ષિત થયા. મહાબલ મુનિએ ૧૪ પૂર્વનું અધ્યયન કર્યું. ૧૨ વર્ષની શ્રમણ પર્યાય પાળી, કાળધર્મ પામી બ્રહ્મલોક કલ્પમાં દેવ બન્યા.

**(૧૦) મેઘકુમાર :–** મગધ સમ્રાટ શ્રેણિક અને ધારિણીદેવીનાં પુત્ર હતા. પ્રભુ મહાવીરના સમાગમે દીક્ષાના ભાવ થયા. એક દિવસની રાજ્યશ્રી ગ્રહણ કરી. દીક્ષાની ભવ્ય તૈયારી કરાવી. બે લાખના રજોહરણ પાત્રા મંગાવ્યા અને એક લાખ નાપિત(વાણંદ)ને આપ્યા. અત્યંત ઠાઠમાઠથી દીક્ષા ગ્રહણ કરી. જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તે જ રાતે રત્નાધિક મુનિઓના ગમનાગમનના કારણે તેઓના પગની રજ તથા ઠોકર લાવવાથી મેઘમુનિ વ્યાકુળ થઈ ગયા. મન અશાંત થઈ ગયું. કુલીન–ખાનદાનીની નિશાની છે કે પ્રભુની સમીપે વિદિત કરવા આવ્યા. પરંતુ પ્રભુએ તેમને પૂર્વભવોનું સ્મરણ કરાવ્યું. સંયમમાં ધૃતિ રાખવાનો ઉપદેશ આપ્યો. મેઘમુનિને જાણિ સ્મરણજ્ઞાન થયું અને તેઓ સંયમભાવમાં સ્થિર થઈ ગયા. એક માસની સંલેખના કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધગતિને પામશે.

**(૧૧) હરિણૈગમેષી દેવ :–** હરિણૈગમેષી દેવ સૌધર્મકલ્પવાસી દેવ છે. ગર્ભસંબંધી જે કંઈ પૃચ્છા કે સમસ્યા હોય ત્યારે આ દેવની આરાધના લોકો કરતા. પ્રભુ મહાવીરના ગર્ભ સાહરણ વખતે ઈન્દ્રે મહારાજે આ દેવને જ આજ્ઞા કરી હતી. ભદ્દિલપુર નગરમાં સુબસા બચપણથી આ દેવની ઉપાસિકા હતી. મૃતવંધ્યાના કલંકથી બચવા માટે તેણે અનન્ય ભાવે ઉપાસના કરી, હરિણૈગમેષી દેવને પ્રસન્ન કરેલા અને તેમણે સુલસાની ભક્તિથી પ્રેરાઈને દેવકીના છ દિકરાઓનું સાહરણ કરી સુલસાને ત્યાં મૂકેલા અને સુલસાના મૃત બાળકો દેવકીને ત્યાં મૂકેલા. જોકે આ ઘટનાનો માર્મિક ઈતિહાસ છે. સુલસા અને દેવકી પૂર્વભવમાં દેરાણી જેઠાણી હતા. દેવકીએ સુલસાના છ રત્ન ચોરી ભયના કારણે ઉંદરના બિલમાં નાખી દીધા. બિલમાં સંતાડવાનું કારણ, શોધતા કદાચ રત્નો મળી પણ જાય તો ઉંદરે આમથી તેમ કર્યા હશે એમ સમજી સંતોષ માની લે અને કદાચિત ન મળે તો થોડા દિવસ પછી મારી માલિકીના કરી લઈશ એમ સમજી દેવકીએ ઉંદરના બિલમાં રત્નો નાંખી દીધા. સંયોગવશ તે રત્નો દેરાણીને મળી ગયા અને તેની નજરે ઉંદર ચોર ગણાયો. દેવકી છૂટી ગઈ પરંતુ કહેવાય છે કે તે ઉંદર જ હરિણૈગમેષી દેવ બન્યો. દેરાણી સુલસા બની. જેઠાણી દેવકી બની. પૂર્વભવની રત્નચોરીના ફળ સ્વરૂપે દેવકીના પુત્રરત્નોનું સાહરણ થયું અને દેવકીના કારણે ઉંદર ઉપર ચોરીનો આરોપ થયો હતો તેથી તેણે દેવકીના છ પુત્રોને સુલસાના ઘરે પહોંચાડી દીધા. આમ એક બીજાના કર્મના લેખા જોખા સરભર થઈ ગયા. અભયકુમારે ધારિણી માતાના અકાલે મેઘ–વરસાદના દોહદને પૂર્ણ કરવા આ જ દેવનું અઠ્ઠમ તપની આહ્વાન કરેલ. કૃષ્ણ મહારાજે દેવકી માતાના મનોરથ પૂર્ણ કરવા અને પોતાને નાનોભાઈ ક્યારે થશે એ જાણવા હરિણૈગમૈષી દેવની જ આરાધના કરેલ. આ સર્વનો ફલિતાર્થ નીકળે છે કે સૌધર્મેન્દ્રના આજ્ઞાપાલક હરિણૈગમેષી દેવ ગર્ભ સુરક્ષાનું કામ સંભાળતા હશે. જ્યારે જ્યારે પણ તેઓ મનુષ્ય લોકમાં આવે છે ત્યારે ૧૮ રત્નો જેવા સારભૂત પુદ્ગલોને

ગ્રહે છે અને નિસ્સાર પુદ્‌ગલોને ફેંકી દે છે. સારભૂત તત્ત્વો ગ્રહણ કરી દંડ કપાટ વગેરે બનાવી પોતે ધારેલું રૂપ બનાવી મનુષ્ય લોકમાં આવે છે. તે અઢાર રત્નોના નામ આ પ્રમાણે છે– (૧) અંકરત્ન (૨) અંજન રત્ન (૩) કર્કેતરત્ન (૪) અંજનપુલક (૫) જાતરૂપરત્ન (૬) જ્યોતિરસ (૭) પદ્મરાગરત્ન (૮) પુલકરત્ન (૯) મસારગલ્લ (૧૦) રજતરત્ન (૧૧) રિષ્ટરત્ન (૧૨) લોહિતાક્ષરત્ન (૧૩) વજરત્ન (૧૪) વૈડૂર્યરત્ન (૧૫) સ્ફટિકરત્ન (૧૬) સૌગંધિક રત્ન (૧૭) હંસગર્ભરત્ન (૧૮) ઈન્દ્રનીલરત્ન.

**(૧૨) સ્કંદક મુનિ :–** સ્કંદક સંન્યાસી શ્રાવસ્તી નગરીના રહેવાસી ગર્ભભાલી પરિવ્રાજકના શિષ્ય હતા. તેઓનો ગૌતમ સ્વામી સાથે પૂર્વના પાંચ ભવથી સંબંધ ચાલ્યો આવતો હોઈ પૂર્વના તેઓ પરમ મિત્ર તથા ગૌતમપ્રતિ અનુરાગી હતા. ભગવાન મહાવીરના શિષ્ય પિંગલક નિર્ગ્રંથ શ્રાવકના પ્રશ્નોનો ઉત્તર તેઓ ન આપી શક્યા. પરિણામે શ્રાવસ્તીની જનતા પાસેથી સાંભળ્યું કે ભગવાન કૃતંગલા નગરના છત્ર પલાશ ઉદ્યાનમાં બિરાજે છે. તો તેઓ પણ ભગવાન સમીપે પહોંચ્યા અને પોતાને સમાધાન મળવા પર ત્યાંને ત્યાંજ પ્રભુના શિષ્ય બની ગયા. ૧૧ અંગોનું અધ્યયન કર્યું. ૧૨ ભિક્ષુપ્રતિમાની ક્રમથી આરાધના કરી ગુણ રત્નસંવત્સર તપ કર્યું. એક માસની સંલેખના કરી, કાળધર્મ પામી ૧૨મા(બારમા) દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહમાં જન્મ ધારણ કરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે. બાર વર્ષનો સંયમ પર્યાય પાળ્યો હતો.

**(૧૩) સુધર્મા સ્વામી :–** આર્ય સુધર્મા સ્વામી કોલ્લાક સન્નિવેશના નિવાસી અગ્નિવૈશ્યાયન ગોત્રીય બ્રાહ્મણ હતા. પિતા ધમ્મિલ અને માતા ભદ્દિલાના પુત્ર હતા. પચાસ વર્ષની ઉંમરે ૫૦૦ શિષ્યો સાથે સંયમ ગ્રહણ કર્યો. બેંતાલીસ વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહ્યા. વીર નિર્વાણ પછી બાર વર્ષ વ્યતીત થવા પર કેવળી થયા અર્થાત્ પ્રભુ નિર્વાણ પધાર્યાને ગૌતમસ્વામી કેવળી થયા અને ગૌતમસ્વામી નિર્વાણ પધાર્યાને સુધર્મા સ્વામી કેવળી થયા. આઠ વર્ષ કેવળી પર્યાય મળી. આમ ભગવાનના સર્વ ગણધરોમાં સૌથી વધુ આયુષ્ય સુધર્મા સ્વામીનું હતું. બધા ગણધરોએ નિર્વાણ પૂર્વ સંથારો લેતી વખતે પોતપોતાના ગણ સુધર્મા સ્વામીને સોંપ્યા હતા. આર્ય સુધર્મા સ્વામી ૫૦ વર્ષ દીક્ષા + ૪૨ વર્ષ છદ્મસ્થકાળ + ૮ વર્ષ કેવળી પર્યાય મળી કુલ ૧૦૦(સો) વર્ષનું સર્વાયુ ભોગવી વીરનિર્વાણ સંવત ૨૦માં એક માસનો સંથારો કરી રાજગૃહના ગુણશીલ ઉદ્યાનમાં નિર્વાણ પધાર્યા. પછી તુરંત જ જંબૂસ્વામી છેલ્લા કેવળી થયા.

**(૧૪) શ્રેણિક રાજા :–** મગધ સમ્રાટ શ્રેણિક ચેલ્લણાના સહવાસે તથા અનાથીમુનિથી પ્રતિબોધિત થઈ પ્રભુ મહાવીરના પરમ ભક્ત બની ગયા હતા. આવી એક લોકોક્તિ છે. રાજા શ્રેણિકનું વર્ણન જૈન ગ્રંથો તથા બૌદ્ધગ્રંથોમાં પ્રચુર માત્રામાં મળે છે. ઈતિહાસકાર કહે છે કે શ્રેણિક રાજા હૈહય કુળ અને શિશુનાગ વંશના હતા. બૌદ્ધ ગ્રંથોમાં 'સેત્તિય' અને 'બિંબિંસાર' બે નામ મળે છે.

જૈન ગ્રંથોમાં 'સેણિય', 'ભિંભિસાર' અને 'ભંભાસાર' આ નામ ઉપલબ્ધ છે.

શ્રેણિકના પિતા પ્રસેનજિત કુશાગ્રપુરમાં રાજ્ય કરતા હતા. એક દિવસની વાત છે. રાજપ્રાસાદમાં એકાએક આગ લાગી ગઈ. દરેક રાજુકમાર પોત પોતાની પ્રિય વસ્તુ લઈ બહાર નીકળી ગયા. કોઈએ

હાથી તો કોઈએ ઘોડા તો કોઈએ રત્ન–મણિ. પરંતુ શ્રેણિક એકમાત્ર સંગ્રામ વિજય સૂચક 'ભંભા'(ભેરી) લઈને બહાર નીકળ્યા. બધા રાજકુમાર હસવા લાગ્યા પરંતુ પ્રસેનજિત ખુશ થઈ ગયા કે શ્રેણિકે ભોગસામગ્રી ન લેતા રાજ્યના ચિહ્નની રક્ષા કરી તેથી પ્રસેનજિત રાજાએ તેનું નામ 'ભિંભિસાર' રાખ્યું આગળ જતાં આ જ ભિંભિસાર અપભ્રંશ થતા બિંબિસાર બની ગયું હોય એવું જણાય છે.

## ભૌગોલિક પરિચય :–

અંતગડ સૂત્રમાં જે જે નગરો, પર્વતો તથા નદીઓનો ઉલ્લેખ છે તે ભગવાન અરિષ્ટનેમિ તથા પ્રભુ મહાવીર સ્વામીના યુગના નામો છે. વર્તમાને તેના નામોમાં અત્યધિક પરિવર્તન આવી ગયું છે. તે સમયમાં તે ગામો સમૃદ્ધ હતા. આજે તેમાં કેટલાક તો સાવ નષ્ટ જ થઈ ગયા છે અને કેટલાક ખંડેર માત્ર રહ્યા છે. કેટલા નગરોના વિષયમાં પુરાતત્ત્વોવેત્તાઓએ ઘણું સંશોધન કર્યું છે. અહીં પ્રમુખ સ્થળોનું સંક્ષેપમાં વર્ણન કરી રહ્યા છીએ.

**(૧) કાકંદીનગરી :–** ભગવાન મહાવીરના સમયમાં આ ઉત્તર ભારતની અત્યંત પ્રસિદ્ધ નગરી હતી. તે સમયે ત્યાં જિતશત્રુ રાજાનું રાજ્ય હતું. નગરીની બહાર સહસ્રામ્રવાન હતું. આ નગરીના ભદ્રાસાર્થવાહીના પુત્ર ધન્ય, સુનક્ષત્ર, ક્ષેમક અને ધૃતિધર આદિ અનેક સાધકોએ ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

પંડિત મુનિશ્રી કલ્યાણવિજયજીના અભિમતાનુસાર વર્તમાનમાં લછુઆડથી પૂર્વમાં કાકંદી તીર્થ છે પરંતુ તે પ્રાચીન કાકંદીનું સ્થાન નથી. કાકંદી ઉત્તર ભારતમાં હતી. નૂનખાર સ્ટેશનથી બે માઈલ અને ગોરખપુરથી દક્ષિણ પૂર્વ ત્રીસ માઈલ પર દિગમ્બર જૈન જે સ્થળને કિષ્કિંધા અથવા ખુખુંદોજી નામક તીર્થ માને છે તે જ પ્રાચીન કાકંદી હોવી જોઈએ.

**(૨) ગુણશીલ :–** રાજગૃહનગરની બહાર ગુણશીલ નામનું પ્રસિદ્ધ ઉદ્યાન(બગીચો) હતું. જ્યાં પ્રભુ મહાવીરના શતાધિક વખત સમવસરણ થયા હતા. શતાધિક વ્યક્તિઓએ શ્રાવકધર્મ તથા શ્રમણધર્મરૂપ ચારિત્ર આ ઉદ્યાનમાં ગ્રહણ કર્યા હતા. ગુણશીલ ઉદ્યાન ઐતિહાસિક અને પવિત્ર ભૂમિ રહી છે. પ્રથમ ગણધર પ્રભુ ગૌતમ સ્વામી તથા પંચમ ગણધર આર્ય સુધર્મા સ્વામી, એ સિવાયના બીજા ગણધરો તથા પ્રભુના પ્રમુખ શિષ્યોએ આ જ ઉદ્યાનમાં અનશન ગ્રહણ કરી નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું. વર્તમાનનું ગુણાવા. જે નવાદા સ્ટેશનથી લગભગ ત્રણ માઈલ ઉપર છે ત્યાં જ પ્રભુ મહાવીરના સમયનું ગુણશીલ ઉદ્યાન હતું.

**(૩) ચંપાનગરી :–** ચંપાનગરી અંગદેશની રાજધાની હતી. કનિંઘમે લખ્યું છે– ભાગલપુરથી બરાબર ૨૪ માઈલ ઉપર પત્થરઘાટ છે. આની આસપાસ જ ચંપાની ઉપસ્થિતિ હોવી જોઈએ. આ ક્ષેત્રની બાજુમાં જ પશ્ચિમમાં એક મોટું ગામ છે તેને ચંપાનગર કહે છે અને નાનકડું ગામ છે જેને ચંપાપુર કહે છે. સંભવ છે આ બંને, રાજધાની ચંપાની શક્યતા સૂચક છે.

ફાહિયાને ચંપાને પાટલીપુત્રથી ૧૮ યોજન પૂર્વદિશામાં ગંગાના દક્ષિણ તટ પર હોવાનું માન્યું

છે. મહાભારતની દષ્ટિએ ચંપાનું પ્રાચીન નામ "માલિની" હતું. મહારાજા ચમ્પે તેનું નામ ચંપા પાડ્યું.

સ્થાનાંગમાં જે દશ રાજધાનીઓનો ઉલ્લેખ થયો છે અને દીર્ઘનિકાયમાં જે છ મહાનગરીઓનું વર્ણન છે. તેમાં એક ચંપા પણ છે. ઔપપાતિક સૂત્રમાં વિસ્તારથી નિરૂપણ છે. દશવૈકાલિક સૂત્રની રચના આચાર્ય શય્યંભવે આ ચંપામાં જ કરી હતી.

સમ્રાટ શ્રેણિકના મૃત્યુ બાદ કોણિકને રાજકાલમાં ક્યાંય મન લાગતું નહોતું. પિતા પ્રત્યે પોતે કરેલા અત્યાચારના પશ્ચાતાપે આખો દિવસ ચિંતા અને બેચેનીમાં પસાર કરતો હતો. આખર મંત્રી મંડળે રાજકાજને વ્યવસ્થિત કરવા અને કોણિકનું મન સ્વસ્થ કરવા નવું નગર વસાવવાની વાત કરી. કોણિકની આજ્ઞા થતા ભૂમિશાસ્ત્રવેત્તાઓ એક સ્થાન પર ચંપાવૃક્ષ નીચે વિસામો કરવા બેઠા. એ જગ્યા ઉપર એમનું મન અત્યંત પ્રસન્ન બની ગયું. ઉઠવાનું મન જ ન થાય. તેથી આ જગ્યા નગર માટે યોગ્ય જાણી શકુન પ્રમાણે ભૂમિને ખોદી તો અંદરથી ધન નીકળ્યું. આ રીતે નગરી આખી વસાવી અને ચંપાવૃક્ષના કારણે ચંપાનગરી નામ રાખવામાં આવ્યું. ગણિ કલ્યાણવિજયજીના મતાનુસાર ચંપા પટણાથી પૂર્વ (કાંઈક દક્ષિણ)માં લગભગ સો ગાઉ દૂર ઉપર હતી. આજકાલ એને ચંપા કહે છે. આ સ્થાન ભાગલપુરથી ત્રણ માઈલ દૂર પશ્ચિમમાં છે. ચંપાનગરીના ઉત્તરપૂર્વ(ઈશાનખૂણા)માં પૂર્ણભદ્ર નામનું રમણીય ઉદ્યાન હતું. જ્યાં ભગવાન મહાવીર ઘણીવાર પધાર્યા હતા તથા સમોસર્યા હતા.

ચંપા તે યુગમાં વ્યાપારનું મુખ્ય કેન્દ્ર હતું. જ્યાં માલ લેવા માટે દૂર દૂરથી વ્યાપારી આવતા હતા અને ચંપાનો માલ લઈ મિથિલા, અહિછત્રા અને પિહુંડ(ચિકાકોટ અને કલિંગ પટ્ટમનો એક પ્રદેશ) આદિમાં વ્યાપારાર્થ જતા હતા. ચંપા અને મિથિલામાં સાઠ(૬૦) યોજનનું અંતર હતું.

**(૪) જંબૂદ્વીપ :–** જૈનાગમોની દષ્ટિએ આ વિશાળ ભૂમંડળની મધ્યમાં જંબૂદ્વીપ છે. એનો વિસ્તાર એક લાખ જોજનનો છે અને સૌથી નાનો દ્વીપ છે. તેની ચારે બાજુ લવણ સમુદ્ર છે. લવણસમુદ્રની ચારે તરફ ઘાતકીખંડ છે. આમ એક દ્વીપ અને એક સમુદ્ર આગળ વધતાં વધતાં અસંખ્યાતા દ્વીપ–સમુદ્રો છે. અંતિમ સમુદ્રનું નામ સ્વયંભૂરમણ સમુદ્ર છે. જંબૂદ્વીપથી બમણા વિસ્તારવાળો લવણ સમુદ્ર છે. આમ આગળ આગળના પ્રત્યેક દ્વીપ સમુદ્ર પાછળનાં દ્વીપ સમુદ્ર કરતાં બમણા–બમણા છે. તેમાં વચ્ચે શાશ્વત જંબૂવૃક્ષ હોવાને કારણે આ દ્વીપનું નામ જંબૂદ્વીપ પડ્યું. જંબૂદ્વીપની મધ્યમાં સુમેરૂ નામનો પર્વત છે જે એક લાખ જોજન ઊંચો છે. જંબૂદ્વીપનો વ્યાસ ૧ લાખ યોજનનો છે અને એની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ ૧૩ાા અંગુલ, ૫ યવ અને ૧ યૂકા છે. એનું ક્ષેત્રફળ ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન, ૧ાા ગાઉ, ૧૫ ધનુષ અને ૨ાા હાથ છે.

શ્રીમદ્ ભાગવતમાં સાત દ્વીપોનું વર્ણન છે. જેમાં જંબૂદ્વીપ પ્રથમ છે. બૌદ્ધ દષ્ટિએ ચાર મહાદ્વીપ છે. તે ચારેયનો કેન્દ્રમાં સુમેરૂ છે. સુમેરૂની પૂર્વમાં પુવ્વવિદેહ અને પશ્ચિમમાં અપરગોયાન અથવા અપરગોદાન, ઉત્તરમાં ઉત્તરકુરૂ અને દક્ષિણમાં જંબૂદ્વીપ છે. બૌદ્ધ પરંપરાનુસાર જંબૂદ્વીપ દશ હજાર યોજન મોટો છે. જેમાં ચાર યોજન પાણી ભરેલું હોવાના કારણે સમુદ્ર કહેવાય છે. ૩૦૦૦ યોજનમાં

મનુષ્ય રહે છે. શેષ ત્રણ હજાર યોજનમાં ૮૪૦૦૦ કૂટોથી સુશોભિત ચારે તરફ વહેતી ૫૦૦ નદીઓથી

**(૫) દ્વારકા (દ્વારવતી) :–** ભારતની પ્રાચીન પ્રસિદ્ધ નગરીઓમાં દ્વારકાનું પોતાનું વિશિષ્ટ સ્થાન રહ્યું છે. શ્રમણ અને વૈદિક બંને સંસ્કૃતિના વાઙ્મયમાં દ્વારકા નગરીની વિસ્તારથી ચર્ચા છે.

જ્ઞાતાધર્મકથા ૧/૧૬, સૂત્ર ૧૧૩માં તથા અંતગડ સૂત્ર અનુસાર દ્વારકા સૌરાષ્ટ્રમાં હતી. પૂર્વ પશ્ચિમ બાર યોજન લાંબી તથા ઉત્તર દક્ષિણ નવ યોજન પહોળી, સ્વયં કુબેર દ્વારા નિર્મિત સોનાના પ્રકારવાળી પાંચ પ્રકારના મણિઓના જડતરથી જડિત, દેવલોક સદશ અલ્કાપુરી જેવી હતી. તેની ઉત્તરપૂર્વમાં રૈવત પર્વત હતો. ઋતુ ઋતુના ફળફૂલ સંપન્ન નંદનવન તથા સુરપ્રિય યક્ષનું યક્ષાયતન દ્વારકાની શોભા રૂપ હતું. શ્રી કૃષ્ણ વાસુદેવ પોતાના સંપૂર્ણ રાજ્ય પરિવાર સાથે આ નગરીમાં રહેતા હતા. દ્વાર–ઉપદ્વારોથી યુક્ત હોવાથી તેનું નામ દ્વારવતી પડ્યું. કોઈક મતાનુસાર દ્વારકાના બારપતિ હતા. દશ દશાર્હ તથા કૃષ્ણ અને બળદેવ આ બાર પતિ હોવાથી તે નગરી બારપતિ નગરી કહેવાણી. કાલાંતરે બારપતિમાંથી બારામતિ અને અત્યારે દ્વારિકા પ્રસિદ્ધ છે. વણ્હિદશામાં પણ દ્વારકાનું વર્ણન છે.

આચાર્ય હેમચંદ્રે ત્રિષષ્ટિ પર્વ–૮, સર્ગ–૫માં, આચાર્યશીલાંકે **चउपन्नामहापुरिसचरिय** માં દેવપ્રભ સુરિએ પાંડવ ચરિત્રમાં, આચાર્ય જિનસેને હરિવંશપુરાણ ૪૧/૧૮–૧૯માં, આચાર્ય ગુણભદ્રે ઉત્તર પુરાણ ૭૧/૨૦–૨૩માં તથા વૈદિક હરિવંશપુરાણ, વિષ્ણુપુરાણ, શ્રીમદ્‌ભાગવત આદિમાં દ્વારકાને સમુદ્ર કિનારે  માની છે અને કેટલાય ગ્રંથકારોએ સમુદ્રમાંથી બાર યોજન ધરતી લઈને દ્વારકાનું નિર્માણ કર્યાનું બતાવ્યું છે.

મહાભારતના જનપર્વમાં નીલકંઠે કુશાવર્તનો કુશાવર્તનો અર્થ દ્વારકા કર્યો છે. "વ્રજ"ના સાંસ્કૃતિક ઈતિહાસમાં પ્રભુદયાલ ચિત્તલે લખ્યું છે કે શૂરસેન જનપદથી યાદવોના દ્વારકાના નાનકડા રાજ્યમાં આવી જવાથી રાજ્યની ઘણી ઉન્નતિ થઈ. ત્યાં આગળ દુર્ભેદ્ય દુર્ગ અને વિશાળ નગરનું નિર્માણ કરવામાં આવ્યું. તેને અંધવૃષ્ણિ સંઘના એક શક્તિશાળી યાદવ રાજ્યના રૂપમાં સંગઠિત કરવામાં આવ્યું. સમુદ્રતટનું સુદઢ આ રાજ્ય વિદેશ આક્રમણ સામે ભારતનું સજાગ પ્રહરી બની ગયું હતું.

ગુજરાતી ભાષામાં દ્વારકાનો અર્થ બંદર છે. દ્વારકા બંદરોની નગરી એવો અર્થ થાય છે. બંદરો દ્વારા યાદવોએ સુદૂર–સમુદ્રની યાત્રા કરી વિપુલ સંપત્તિ અર્જિત કરી હતી.

દ્વારકાના સ્થાન બાબત અલગ અલગ મત છે.

(૧) રાયસ ડેવીડસે કમ્બોજને દ્વારકાની રાજધાની લખ્યું છે– (બુધિષ્ટ ઈંડિયા પે. ૨૮).

(૨) પેતવત્થુમાં દ્વારકાને કમ્બોજનું એક નગર માન્યું છે. ડૉકટર સલ્લ શેખરે પ્રસ્તુત કથનનું સ્પષ્ટીકરણ કરતા લખ્યું છે કે સંભવ છે આ કમ્બોજ જ "કંસભોજ" હોય જે અંધકવિષ્ણુના દશપુત્રોનો દેશ હતો. (દી ડિક્શનેરી ઓફ પાલી પ્રૉમર નેમ્સ ભાગ–૧, પૃષ્ઠ ૧૧૨૬).

(૩) ડૉ. મોતીચંદ, કમ્બોજને પામીર પ્રદેશ માને છે અને દ્વારકાને વદરવંશાથી ઉત્તરમાં અવસ્થિત

'દરવાજ' નામનું નગર માને છે. (જ્યોગ્રોફિકલલ એન્ડ ઈકોનોમિક સ્ટડીજ ઈન ધી મહાભારત, પે. ૩૨–૪૦)

(૪) ઘટ જાતકનો એક અભિમત છે કે દ્વારકાની એક બાજુ અગાધ અફાટ સમુદ્ર ઘૂઘવી રહ્યો હતો, તો બીજી બાજુ ગગનચુંબી પર્વત હતો. ડૉ. મલ્લ શેખરનો પણ આ જ મત છે.

(૫) ઉપાધ્યાય ભરતસિંહે દ્વારકાને સૌરાષ્ટ્રનું એક નગર બતાવ્યું છે. સમ્પ્રતિ(વર્તમાનકાલિન) દ્વારકાથી વીસ માઈલ દૂર કચ્છની ખાડી છે. તેમાં એક નાનકડો ટાપુ છે. ત્યાં એક બીજી દ્વારકા છે. જેને 'બેટ દ્વારકા' કહેવાય છે. માન્યતા છે કે અહીં શ્રી કૃષ્ણ પરિભ્રમણ કરવા આવતા હતા. દ્વારકા અને બેટ દ્વારકા બંને સ્થળોમાં રાધા, રુકમણી, સત્યભામાના મંદિર છે. (બૌદ્ધકાલિન ભારતીય ભૂગોળ પૃ. ૪૮૭).

(૬) બોમ્બે ગેજેટીઅરમાં કેટલાક વિદ્વાનોએ લખ્યું છે કે દ્વારકાની અવસ્થિતિ પંજાબમાં માનવાની સંભાવના છે. (બોમ્બે ગેજેટીઅર ભા–૧, પાર્ટ–૧, પૃ–૧૧ની ટિપ્પણ–૧)

(૭) ડૉ. અનંત સદાશિવ અલ્તેકરે લખ્યું છે– પ્રાચીન દ્વારકા સમુદ્રમાં ડૂબી ગઈ છે તેથી દ્વારકાની અવસ્થિતિની નિર્ણય કરવો સંશયાસ્પદ છે. (ઈંડિયન અન્ટિક્વેરી સન–૧૯૨૫, સપ્લીમેંટ. ૨૫)

**(૬) દ્યુતિપલાશ ચૈત્ય :–** દ્યુતિપલાશ નામનું ચૈત્ય વાણિજ્યગ્રામ નગરની બહાર હતું. જ્યાં ભગવાન મહાવીરે આનંદ ગાથાપતિ, સુદર્શન શ્રેષ્ઠિને શ્રાવકધર્મમાં દીક્ષિત કર્યા હતા.

**(૭) ભદ્દિલપુર :–** ભદ્દિલપુર મલયદેશની રાજધાની હતી. મુનિ કલ્યાણ વિજયજીના મતાનુસાર પટણાથી લગભગ સો(૧૦૦) માઈલ અને 'ગયા'થી નૈઋત્ય દક્ષિણમાં અઠ્યાવીસ માઈલ દૂર ઉપર ગયા જિલ્લામાં અવસ્થિત હરરિયા અને દંતારા ગામોની પાસે ભદ્દિલા નગરી હતી. જે ઘણા સમયથી ભદ્દિલપુર નામથી જૈનોનું એક પવિત્ર તીર્થ રહ્યું છે. (શ્રમણ ભગવાન મહાવીર પૃ. ૩૮૦) આવશ્યક સૂત્રના નિર્દેશાનુસાર શ્રમણ ભગવાન મહાવીરે એક ચાતુર્માસ ભદ્દિલપુરમાં કર્યું હતું.

ડૉ. જગદીશચંદ્ર જૈનનું મંતવ્ય છે કે હજારી બાગ જિલ્લામાં ભદિયા નામનું જે ગામ છે તે જ ભદ્દિલપુર હતું. આ સ્થાન હંટરગંજથી છ માઈલના આંતરે કુલુહાક પહાડીની પાસે છે.– (જૈન આગમ સાહિત્યમાં ભારતીય સમાજ. પૃ. ૪૭૭)

**(૮) ભરત ક્ષેત્ર :–** જંબૂદ્વીપના દક્ષિણ છેડાનો ભૂખંડ ભરત ક્ષેત્રના નામથી વિશ્રુત છે. આ અર્ધચંદ્રાકારે છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ અનુસાર તેની પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં લવણ સમુદ્ર છે. ઉત્તર દિશામાં ચુલ્લ હિમવંત પર્વત છે. ઉત્તરથી દક્ષિણ સુધી ભરત ક્ષેત્રની લંબાઈ ૫૨૬ યોજન ૬ કળા છે અને પૂર્વ પશ્ચિમની લંબાઈ ૧૪૪૭૧ યોજન અને કાંઈક ન્યૂન ૬ કળાની છે. એનું ક્ષેત્રફળ ૫૩,૮૦,૬૮૧ યોજન, ૧ કળા અને ૧૭ વિકળા છે. ભરતક્ષેત્રના મધ્યભાગમાં ૫૦ યોજન વિસ્તારનો વૈતાઢ્ય પર્વત છે. જેના કારણે ભરતના બે ભાગ પડે છે અને ચુલ્લહિમવંત પર્વતથી નીકળતી સિંધુ અને ગંગાનદીના કારણે ભરત ક્ષેત્ર છ ભાગમાં વિભાજિત થાય છે. પ્રથમ ખંડ એક આર્ય ખંડ છે. એ સિવાય પાંચ ખંડ (૨,૩,૪,૫,૬) અનાર્ય

ખંડ છે. પ્રથમ ખંડ જેને મધ્યખંડ પણ કહે છે. તેમાં ૨૫ાા આર્યદેશ છે.

**(૯) રાજગૃહ :–** મગધની રાજધાની રાજગૃહ હતી. જેને મગધપુર, ક્ષિતિપ્રતિષ્ઠિત, ચણકપુર, ૠષભપુર અને કુશાગ્રપુર આદિ અનેક નામોથી બોલાવાય છે. આવશ્યકચૂર્ણિ અનુસાર કુશાગ્રપુરમાં પ્રાયઃ આગ લાગતી જતી હતી. તેથી રાજા શ્રેણીકે રાજગૃહ વસાવ્યું. મહાભારત યુગમાં રાજગૃહમાં જરાસંઘ રાજા રાજ્ય કરતા અને રામાયણ કાળમાં વીશમા તીર્થંકર મુનિસુવ્રતનો જન્મ રાજગૃહમાં થયો હતો. અંતિમ કેવળી જંબૂસ્વામીની જન્મ તથા નિવાર્ણભૂમિ, ધનકુબેર જેવા ધન્ના–શાલીભદ્ર, પરમસાહસી અર્જુનમાળી, તેના તારક શેઠ સુદર્શન તથા પ્રતિભામૂર્તિ અભયકુમાર આદિ અનેક મહાન આત્માઓને જન્મ આપવાનું શ્રેય રાજગૃહીના ફાળે છે.

પાંચ પહાડોથી ઘેરાયેલું હોવાથી રાજગૃહને 'ગિરિવ્રજ' પણ કહે છે. તે પાંચ પહાડોના નામ જૈન, બૌધિક, વૈદિક ત્રણે ય પરંપરામાં અલગ અલગ રહ્યા છે.

જૈન પરંપરામાં પાંચ પહાડના નામ– વિપુલ, રત્ન, ઉદય, સ્વર્ગ અને વૈભારગિરિ.

વૈદિક પરંપરામાં પાંચ પહાડના નામ– વૈહાર, બારાહ, વૃષભ, ૠષિગિરિ, ચૈત્યક.

બૌદ્ધ પરંપરામાં પાંચ પહાડના નામ– ચંદન, મિજઝકૂટ, વેભાર, ઈસમિતિ, વેપુન્ન.

આ પહાડો આજ પણ રાજગૃહમાં છે. વૈભાર અને વિપુલગિરિનું વર્ણન જૈન ગ્રંથોમાં વિશેષ રૂપથી આવે છે. આ પહાડો વૃક્ષાદિથી ખૂબ હર્યાભર્યા હતા. અનેક જૈન શ્રમણોએ આ પર્વત પર નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું. વૈભાર પહાડની નીચે જ તપોદા અને મહાતપોપતીરપ્રભ નામનો ઉષ્ણ પાણીનો એક વિશાળ કુંડ હતો. વર્તમાનમાં પણ તે રાજગિરિમાં તપોધન નામથી પ્રસિદ્ધ છે.– (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, બૃહત્કલ્પ ભાષ્ય વૃત્તિ, વાયુપુરાણ). ભગવાન મહાવીરના સૌથી વધુ ચાતુર્માસ તથા વિચરણ રાજગૃહમાં રહ્યું હતું. અહીં ગુણશીલ, મંડિકુક્ષ અને મોગ્ગરપાણિ આ ત્રણ ઉદ્યાન હતા. પ્રભુ પ્રાયઃ ગુણશીલ ઉદ્યાનમાં જ સમોસરતા. વર્તમાને જેને ગુણાવા કહે છે.

આગમ સાહિત્યમાં રાજગૃહને પ્રત્યક્ષ દેવલોક સમાન અને અલકાપુરી સમાન વર્ણવી છે. મહાકવિ પુષ્પદંતે લખ્યું છે. સોના ચાંદીથી બનેલી રાજગૃહ પ્રતિભાસિત એવી થતી હતી કે જાણે સ્વર્ગથી અલકાપુરી જ પૃથ્વીપર આવી ગઈ હોય. – (ણાયકુમાર ચરિઉ–૬)

રવિષેણાચાર્યે રાજગૃહને ધરતીનું યૌવન કહ્યું છે. (પદ્મપુરાણ–૩૩/૨) બૌદ્ધોનો પણ રાજગૃહ સાથે મધુર સંબંધ છે. વિનયપિટકથી સ્પષ્ટ છે કે બુદ્ધ ગૃહત્યાગ કરીને રાજગૃહ આવ્યા ત્યારે રાજા શ્રેણિકે તેને પોતાની સાથે રાજગૃહમાં રહેવાની પ્રેરણા આપી હતી. પરંતુ બુદ્ધે આ વાત માની નહીં. બુદ્ધ પોતાના મતનો પ્રચાર કરવા કેટલીવાર રાજગૃહ આવ્યા હતા. તેઓ પ્રાયઃ ગૃદ્ધકૂટે પર્વત કલંદક નિવાય અને વેણુભવનમાં ઉતરતા હતા. (મજિઝમ નિકાય.)

એકવાર બુદ્ધ જીવક કૌમારભૃત્યના આમ્રવનમાં હતા ત્યારે અભયકુમારે તેની સાથે

હિંસા–અહિંસાના સંબંધમાં ચર્ચા કરી હતી. જ્યારે તેઓ વેણુવનમાં હતા ત્યારે અભયકુમારે તેમની સાથે ચર્ચા વિચારણા કરી હતી. –(મજ્ઝિમકાય, અભયરાજકુમાર સુત્તન્તં પૃ. ૨૩૪)

સાધુ સકલોદાયિનીએ પણ બુદ્ધની સાથે અહીંયા વાર્તાલાપ કર્યો હતો. મહાવીર બુદ્ધના નિર્વાણ બાદ રાજગૃહીની અવનતિ થવા લાગી હતી. જ્યારે ચીની યાત્રી હ્યુએનસાંગ અહીંયા આવ્યા ત્યારે રાજગૃહ પહેલા જેવું રહ્યું નહોતું. આજે પણ ત્યાંના નિવાસી દરિદ્ર અને અભાવગ્રસ્ત છે. આજકાલ રાજગૃહ 'રાજગિર'ના નામથી વિશ્રુત છે. રાજગિર બિહાર પ્રાંતમાં પટણાથી પૂર્વ અને ગયાથી પૂર્વોત્તરમાં અવસ્થિત છે.

**(૧૦) રૈવતક :–** પાર્જિટર રૈવતકની ઓળખાણ કાઠિયાવાડના પશ્ચિમ ભાગમાં વરદાની પહાડીથી કરે છે– (હિસ્ટ્રી ઓવ ધર્મશાસ્ત્ર, જિલ્દ ૪, પૃ. ૭૯૪–૯૫).

જ્ઞાતાસૂત્રાનુસાર દ્વારકાના ઉત્તર પૂર્વમાં રૈવતક નામનો પર્વત હતો. – (જ્ઞાતાધર્મકથા ૧/૫) અંતકૃદશામાં પણ આ જ વર્ણન છે. ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચારિત્રાનુસાર દ્વારકાની સમીપે પૂર્વમાં રૈવતક ગિરિ, દક્ષિણમાં માલ્યવાન શૈલ, પશ્ચિમમાં સોમનસ પર્વત અને ઉત્તરમાં ગંધમાદન ગિરિ છે. મહાભારતની દષ્ટિથી રૈવતક કુશસ્થલીની નજીક હતો. વૈદિક હરિવંશપુરાણ અનુસાર યાદવો મથુરા છોડીને સિંધુમાં ગયા અને સમુદ્ર કિનારે રૈવતક પર્વતથી ન અતિદૂર ન અધિક નિકટ દ્વારકા વસાવી(હરિવંશપુરાણ ૨/૫૫).

ભગવાન અરિષ્ટનેમિ અભિનિષ્ક્રમણને માટે નીકળ્યા. ત્યારે દેવ મનુષ્યોથી પરિવૃત શિબિકારત્ન પર આરૂઢ થઈ રેવતક પર્વત પર અવસ્થિત થયા. – (ઉત્તરાધ્યયન સૂત્ર ૨૨/૨૨). રાજમેતિ પણ સંયમ ગ્રહણ કરી રૈવતક પર્વત પર જઈ રહ્યા હતા. રસ્તામાં વરસાદથી ભીંજાઈ ગયા અને કપડા સૂકવવા માટે એક ગુફામાં રહ્યા. જેની ઓળખાણ આજે પણ "રાજેમતી ગુફા" તરીકે થાય છે. રૈવતક પર્વત આજે પણ વિદ્યમાન છે. સંભવ છે પ્રાચીન દ્વારકા આની તળેટીમાં જ વસી હોય. રૈવતક પર્વતનું નામ ઊજ્જયંત પણ છે– (જૈન આગમ સાહિત્યમાં ભારતીય સમાજ, પૃ. ૪૭૨). રૂદ્રદામ અને સ્કંધગુપ્તના ગિરનાર શિલાલેખોમાં આનો ઉલ્લેખ છે. ત્યાં એક નંદનવન હતું જેમાં સુરપ્રિય યક્ષનું યક્ષાયતન હતું. ત્યાં અનેક પાણીના ઝરણા વહેતા હતા. અનેક પશુ–પક્ષી, લતાઓ, વૃક્ષોથી સુશોભિત હતો. પ્રતિવર્ષ હજારો લોકો એકત્રિત થતા હતા. (આવશ્યકનિર્યુક્તિ, કલ્પસૂત્ર, જ્ઞાતધર્મકથા, અંતગડદશા સૂત્ર, ઉત્તરાધ્યયન ટીકા, આ બધામાં રૈવતકનું આ વર્ણન આવે છે.)

દિગંબર પરંપરા અનુસાર રૈવતક પર્વતની ચંદ્ર ગુફામાં આચાર્ય ધરસેને તપ કર્યું હતું અને અહીં જ ભૂતબલિ અને પુષ્પદંત આચાર્યોએ અવિશષ્ટ શ્રુતજ્ઞાનને લિપિબદ્ધ કરવાનો આદેશ આપ્યો હતો. (જૈનાગમ સાહિત્યમાં ભારતીય સમાજ) મહાભારતમાં પાંડવો અને યાદવોનું રૈવતક પર્વત ઉપર યુદ્ધ થયાનું વર્ણન છે. (આદિપુરાણમાં ભારત, પૃ. ૧૦૯)

જૈનગ્રંથોમાં રૈવતક, ઉજ્જયંત, ઉવલ, ગિરિણાલ અને ગિરનાર આદિ નામ આ પર્વતના આવ્યા છે. (ભગવાન મહાવીરની ધર્મકથાઓ પૃ. ૨૧૯–પંડિત બેચરદાસ)

**(૧૧) વિપુલગિરિ :–** રાજગૃહ નગરીની સમીપનો એક પર્વત. આગમોમાં અનેક સ્થળો પર આનો ઉલ્લેખ છે. સ્થવિરોની દેખરેખ હેઠળ ઘોર તપસ્વી સંતો અહીં આવીને સંથારો કરતા હતા. જૈન ગ્રંથોમાં આ પાંચ પર્વતોના નામોનો ઉલ્લેખ મળે છે. (૧) વૈભારગિરિ (૨) વિપુલગિરિ (૩) ઉદયગિરિ (૪) સુવર્ણગિરિ (૫) રત્નગિરિ. વધુ વર્ણન રાજગૃહના વર્ણનમાંથી જાણી લેવું.

**(૧૨) સહસ્રામ્રવન :–** આગમોમાં આ ઉદ્યાનનો પ્રચુર ઉલ્લેખ મળે છે. નિમ્ન લિખિત નગરોમાં સહસ્રામ્ર વનનો ઉલ્લેખ છે– (૧) કાકંદીની બહાર જ્યાં ધન્નાને સુનક્ષત્રકુમારની દીક્ષા થઈ હતી. (૨) ગિરનાર પર્વત પર. (૩) કામ્પિયલ્ય નગર બહાર (૪) પાંડુ મથુરાની બહાર (૫) મિથિલા નગરીની બહાર (૬) હસ્તિનાપુર નગરની બહાર.

**(૧૩) સાકેત :–** ભારતનું એક પ્રાચીન નગર. આ કોશલદેશની રાજધાની હતી. આચાર્ય હેમચંદ્રે સાકેત, કોશલ અને અયોધ્યા આ ત્રણેયને એક જ કહ્યા છે. સાકેતની સમીપે જ 'ઉત્તરકુરૂ' નામનું સુંદર ઉદ્યાન હતું. એમાં 'પાશામૃગ' નામનું યક્ષાયતન હતુ. સાકેતનગરના રાજાનું નામ મિત્રનંદી અને રાણીનું નામ શ્રીકાંતા હતું.

વર્તમાનમાં ફૈજાબાદ જિલ્લામાં ફૈજાબાદથી પૂર્વોત્તર છ માઈલ પર સરયૂ નદીના દક્ષિણી તટ પર સ્થિત વર્તમાન અયોધ્યાની નજીકમાં જ પ્રાચીન સાકેત હશે.

**(૧૪) શ્રાવસ્તી :–** આ કૌશલ રાજ્યની રાજધાની હતી. આધુનિક વિદ્વાનોએ આની ઓળખાણ સહેર–મહેરથી કરી છે. સહેર ગોંડા જિલ્લામાં છે અને મરે બહરાઈમ જિલ્લામાં. મહેર ઉત્તરમાં છે અને સહેર દક્ષિણમાં– (દી એશિયન્ટ જ્યોગ્રોફી ઓફ ઈન્ડિયા પે. ૪૬૯–૪૭૪) આ સ્થાન ઉત્તર પૂર્વીય રેલ્વેના બલરામપુર સ્ટેશનથી જે રોડ (સડક) જાય છે તેનાથી દશ માઈલ દૂર છે. બહરાઈમથી ૨૫ માઈલ ઉપર અવસ્થિત છે. વિદ્વાન બી સ્મિથના અભિમતાનુસાર શ્રાવસ્તી નેપાલ દેશના ખજૂર પ્રાંતમાં છે અને તે બાલપુરની ઉત્તર દિશામાં અને નેપાલગંજની એકદમ નજીક જ ઉત્તર પૂર્વીય દિશામાં છે. (જર્નલ ઓફ રોયલો એશયાટિક સોસાયટી ભા–૧, જ–૧૯૦૦). યુઆન ચુઆઙ્ગે ટ્રાવેલ્સ ઈન ઈન્ડિયા ભા–૧માં શ્રાવસ્તીને જનપદ (એરિયા) માન્યો છે અને એનો વિસ્તાર છ હજાર લી. નો છે. તેની રાજધાનીને "પ્રાસાદ નગર" કહે છે. જેનો વિસ્તાર ૨૦ લી. (માન્યો છે).

જૈન દષ્ટિએ આ નગરી અચિરાવતી(રાપ્તી) નદીના કિનારે વસી હતી. જેમાં પાણી બહુ ઓછું રહેતું હતું. જેથી તેને પાર કરી જૈન શ્રમણો ભિક્ષાર્થે જતા હતા. (કલ્પસૂત્ર, બૃહત્કલ્પ) શ્રાવસ્તી જૈન અને બૌદ્ધ સંસ્કૃતિના કેન્દ્રસ્થાને રહી છે. કેશી ગૌતમનો ઐતિહાસિક સંવાદ આ નગરીમાં જ થયો હતો. ભગવાન મહાવીરે છદ્મસ્થાવસ્થાનું ૧૦મું ચાતુર્માસ અહીં જ કર્યું. શ્રાવસ્તીના કોષ્ઠકોદ્યાનમાં ગોશાલકે તેજોલેશ્યાથી સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ અણગારોને બાળી નાખ્યા હતા. ભગવાન પર તેજોલેશ્યા પણ આ સ્થાન પર જ પ્રક્ષિપ્ત કરી હતી (છોડી હતી). ગોશાલક, પરમભક્ત ઉપાસક અયંપુલ તથા હાલા હલા કુંભારણ આ નગરીના જ નિવાસી હતા.

❖❖❖❖❖

# પરિશિષ્ટ–૬

## વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પૃષ્ટ | | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|---|---|
| अ | अइमुत्तेणं कुमारसमणेणं | ४० | | દ્વૈપાયન ઋષિ | ૨૧૩ |
| | अकाल चेव जीवियाओ ववरोविए | ८६ | | દ્વારિકા નગરી | ૧૦૯ |
| | अक्कोसंति..... (७) | १३४ | | દ્વારિકા નગરી | ૨૧૯ |
| | अज्जत्थिए, चिंतिए....समुप्पण्णे | ४० | | दरिसणिज्जा | ८ |
| | अज्ज सुहम्मे थेरे | २ | | दसण्हं दसाराणं | ९ |
| | अणंत दंसणे | ८१ | | દ્યુતિપલાશ ચૈત્ય | ૨૧૯ |
| | अप्फोडेइ अप्फोडेता....... | १०३ | પ | पडिरूवा | ८ |
| | अपुव्वकरणं | ८० | | पल्लसहस्स णिप्फणं | ११७ |
| | અભયકુમાર | ૨૧૦ | | પાંચ અભિગમ | ૫૫ |
| | अभिरूवा | ८ | | पासादीया | ८ |
| ઉ | ઉચ્ચ–નિમ્ન–મધ્યમ કુળ | ૩૮ | | पीइदाणं | २९ |
| | उल्लपडसाडया | ४२ | | पुव्वा वरण्हकालसमयंसि | ७७ |
| | उस्सप्पिणीए | १०२ | બ | બારમી ભિક્ષુ પ્રતિમાનો અધિકારી | ૭૭ |
| ક | કાંકદીનગરી | ૨૧૬ | ભ | ભરતક્ષેત્ર | ૨૧૯ |
| | કોણિક | ૨૧૧ | | ભદ્દિલપુર | ૨૧૯ |
| | કૃષ્ણ વાસુદેવની બળ,નગર સંપદા | ૯ | મ | મહાબલકુમાર | ૨૧૩ |
| | कण्णंतेउरंसि | ५२ | | मासियं भिक्खु पडिमं | १५ |
| | कुत्रिकापण | ६३ | | મેઘકુમાર | ૨૧૪ |
| | कम्मरयविकिरणकरं | ८० | | मुहुत्तंतरेणं | १३१ |
| ગ | ગુણશીલ | ૨૧૬ | | રત્નાવલી તપ | ૧૬૦ |
| | ગૌતમ ગણધર | ૨૧૦ | | રાજગૃહ | ૨૨૦ |
| | गुण रयणंपि तव्वो कम्मं | १६ | | રૈવતક | ૨૨૧ |
| ચ | ચંપાનગરી | ૨૧૬ | વ | વિપુલગિરિ | ૨૨૧ |
| | ચેલ્લણા | ૨૧૧ | સ | सकोरंट मल्लदामेणं | ५२ |
| જ | જમાલી | ૨૧૨ | | સહસ્રામ્રવન | ૨૨૨ |
| | जराकुमारेणं........ | ११० | | સાકેત | ૨૨૨ |
| | જંબૂસ્વામી | ૨૧૧ | | सिद्धे बुद्धे | ८१ |
| | જંબૂદ્વીપ | ૨૧૭ | | સુધર્માસ્વામી | ૨૧૫ |
| | જિતશત્રુ રાજા | ૨૧૨ | | सीहं सुमिणे | ५० |
| | जाय सड्ढे | ४ | | સ્કંદકમુનિ | ૨૧૫ |
| ણ | णायमेव,विण्णायमेवं | ८९ | શ | શ્રાવસ્તી | ૨૨૨ |
| | णिंदू | ४२ | | શ્રેણિક રાજા | ૨૧૬ |
| त | तेणं कालेणं तेणं समएणं | २ | હ | હરિણૈગમેષી દેવ | ૨૧૪ |
| द | दब्भे कुसे पत्तामोडे | ७९ | | હરિણૈગમેષી દેવ | ૪૨ |

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,<br>શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી<br>હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM
Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.
www.parasdham.org
www.jainaagam.org